

# કર્મનું કમ્પ્યુટર








ભાગ-૧




પૂ.પં.શ્રી મેઘદર્શન વિજય મ.સા.



| | |
|---|---|
| પરમ પૂજ્ય પિતાશ્રી<br>સ્વ. શાહ સોનમલ સુજાજી<br>ગામ - પાંથાવાડા | પરમ પૂજ્ય માતુશ્રી<br>શાહ કપીલાબેન સોનમલ<br>ગામ - પાંથાવાડા |





જે માતા-પિતાએ
અમને હેતના હિલોળે હિંચાવ્યા છે.
અમને સંસ્કારના પીયુષ પાયા છે.
અમને સ્નેહભીની ઉષ્માથી નવડાવ્યા છે જેમની
વાત્સલ્યધારા સતત અમારા ઉપર વરસતી રહી છે.

## એવા પરમ પૂજ્ય માતા-પિતાના ચરણોમાં
## કોટી કોટી વંદન

| પુત્ર | પુત્રવધુ |
|---|---|
| કાંન્તીલાલ સોનમલ શાહ | સ્વ. સંતોકબેન કાંન્તીલાલ શાહ |
| સ્વ. હેમંતકુમાર સોનમલ શાહ | મફીબેન હેમંતકુમાર શાહ |
| જયેન્દ્રકુમાર સોનમલ શાહ | રમીલાબેન જયેન્દ્રકુમાર શાહ |
| સુરેશકુમાર સોનમલ શાહ | લલીતાબેન સુરેશકુમાર શાહ |

## વર્ધમાન તપોનિધિ, ન્યાય વિશારદ
## પૂજ્ય આચાર્ય ભગવંત વિજયભુવન ભાનુસૂરીશ્વરજી
## મહારાજા ની જન્મશતાબ્દી નિમિત્તે

# સ્વ. સંતોકબેન કાન્તીલાલ શાહ

ગામ-પાંથાવાડા, હાલ-તુલસી ટાવર, ગોરેગામ (વે)

જન્મ તારીખ :
૦૨.૦૨.૧૯૫૨



સ્વંગ તારીખ:
૨૭.૦૮.૨૦૦૮


તમારી ગેરહાજરીમાં, તમારા જેવા ગુણોનું આગમન,
અમારી જીંદગીમાં થાય, એવી પ્રભુ આગળ નમ્ર પ્રાર્થના

માતુશ્રી કપિલાબેન સોનમલ, કાંન્તીલાલ સોનમલ
મિથુન - રોશની - નિખીલ - પીન્કી - મનીષા, ગીરીશ, બિન્દુ - રાકેશ
કુંજ - યુવીન - હર્ષ-શુભ-સ્મીત-હ્રિશીકા

## ઋણ સ્વીકાર

શાસન પ્રભાવક પંન્યાસ શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા ના શિષ્ય પંન્યાસ શ્રી કીર્તિદર્શન વિ.મ.સા. ની પ્રેરણાથી વિશિષ્ટ પાંચ અભિગ્રહ લેનારા ૩૦૦ ભાવુકોને કાયમી દર્શનાર્થે ઓઘા મુહુપતિ અર્પણ-વિતરણ કરવાનો જે અમૂલ્ય લાભ મળ્યો અને આ પુસ્તકનો જે યત્કિંચિત લાભ મળ્યો તે માટે અમારૂ કુટુંબ તમને કોટી-કોટી વંદન કરે છે. સંસાર સાગર તરવા કાયમ માટે અમારા કુટુંબ ઉપર આપ ગુરૂદેવ ઉપકારી બનો તેવી નમ્ર વિનંતી.

**કાન્તીલાલ સોનમલ શાહ - તુલસી ટાવર, ગોરેગામ (વે)**




# કર્મનું કમ્પ્યુટર

## ભાગ-૧

: લેખક :

પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. સાહેબના શિષ્ય

**પૂ. પંન્યાસ શ્રી મેઘદર્શન વિજય મ.સા.**

: પ્રકાશક :

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**

૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન નં. : ૫૩૫ ૫૮ ૨૩, ૫૩૫ ૬૦ ૩૩

મૂલ્ય : રૂા. ૫૦-૦૦

# પૂજ્યપાદ પંન્યાસ શ્રી મેઘદર્શન વિ. મ. સાહેબ લિખિત સંયોજિત સાહિત્ય

૧. જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ - ૧.
૨. જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ - ૨.
૩. સમાધિ પંચક
૪. સમાધિ સોપાન
૫. પર્વાધિરાજ
૬. જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ - પ્રવેશિકા
૭. જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ - પ્રદીપિકા
૮. જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ - પ્રબોધિકા
૯. જ્ઞાન દીપક પ્રગટાવો ભાગ - ૧.
૧૦. જ્ઞાન દીપક પ્રગટાવો ભાગ - ૨.
૧૧. જ્ઞાન દીપક પ્રગટાવો ભાગ - ૩.
૧૨. જ્ઞાન દીપક પ્રગટાવો ભાગ - ૪
૧૩. ચાલો ચાલો સિધ્ધગિરિ જઈએ રે.
૧૪. પ્રભુમિલન.
૧૫. શ્રાવકજન તો તેને રે કહીએ ભાગ - ૧.
૧૬. શ્રાવકજન તો તેને રે કહીએ ભાગ - ૨.
૧૭. તારક તત્ત્વજ્ઞાન
૧૮. કર્મનું કમ્પ્યુટર ભાગ - ૧.
૧૯. કર્મનું કમ્પ્યુટર ભાગ - ૨.
૨૦. કર્મનું કમ્પ્યુટર ભાગ - ૩.
૨૧. સૂત્રોના રહસ્યો ભાગ - ૧.
૨૨. સૂત્રોના રહસ્યો ભાગ - ૨.
૨૩. બાર વ્રત તથા શત્રુંજય આરાધના.
૨૪. પ્રસન્ન રહેતાં શીખો.
૨૫. વ્રત ધરીયે ગુરુ સાખ.
૨૬. આદીશ્વર અલબેલો રે.
૨૭. તત્ત્વઝરણું.
૨૮. કલ્યાણમિત્ર.

# પ્રાપ્તિસ્થાન

**: સુરત :**

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**

ચંદનબેન કેશવલાલ સંસ્કૃતિભવન,
ગોપીપુરા, સુભાષચોક, સુરત.
ફોન નં. : ૪૩૯ ૩૩૭.

**: અમદાવાદ :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન નં. : ૦૭૯-૫૩૫ ૫૮ ૨૩, ૫૩૫ ૬૦ ૩૩

**: મુંબઈ :**

**વર્ધમાન સંસ્કાર ધામ**

ભવાની કૃપા બિલ્ડીંગ, ૧ લે માળે,
ગીરગામ ચર્ચ સામે, ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ફોન : ૦૨૨-૨૩૬૭૦૯૭૪
તથા ધામના તમામ કેન્દ્રો

**: તપોવન સંસ્કારધામ :**

ધારાગિરિ - નવસારી.
ફોન : ૦૨૬૩૭૧-૨૩૬૧૮૩

**: તપોવન સંસ્કારપીઠ :**

અમીયાપુર - ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૭૬૯૦૧

પ્રીન્ટીંગ : શાહ આર્ટ પ્રિન્ટર્સ, મુંબઈ-૪૦૦ ૦૬૪. ફોન : ૦૨૨-૨૮૭૫૫૯૧૨

## મારે કંઈ કહેવું છે

જેના રોમરોમમાં જિનશાસન વસી રહ્યું છે, સંસ્કૃતિરક્ષા, રાષ્ટ્રરક્ષા, તીર્થરક્ષા, ધર્મરક્ષા માટે જેમણે કમર કસી છે, નવી પેઢીના સંસ્કરણ માટે જેમણે ભેખ લીધો છે, હજારો યુવાનો અને યુવતીઓને ભવાલોચના કરાવીને નવું જીવન આપ્યું છે, જિનશાસનનો જય જયકાર કરવા જેઓ સતત પ્રયત્નશીલ છે, તે પરમોપકારી, પરમારાધ્યપાદ ભવોદધિતારક ગુરુદેવશ્રી પં.ચન્દ્રશેખર વિ. મ.સાહેબે અનંતાનંત ઉપકાર કરીને મારા જેવા અધમાધમને સર્વવિરતિ જીવનનું દાન કર્યું વાચના અને વાત્સલ્ય દ્વારા મારા જીવનનું ઘડતર કર્યું. પુષ્કળ સ્વાધ્યાય કરાવીને જિનશાશનના શાસ્ત્રો અને તેની પાછળ ઘૂઘવાટ કરી રહેલાં અઢળક રહસ્યોના દર્શન કરાવ્યા.

તેઓશ્રીએ જ એકવાર પ્રેરણા કરી, ''મેઘદર્શન ! મારી ઈચ્છા છે કે ઘર ઘરમાં જિનશાસનનું તત્ત્વજ્ઞાન પહોંચે. તે માટે તું 'ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન' માસિક શરૂ કર, મારા તને અંતરના આશિષ છે.'' પૂજ્યશ્રીની પ્રેરણા અને આશિષના પ્રભાવે, અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળના વહીવટી પ્રયત્નો દ્વારા- માત્ર ત્રણ વર્ષ માટે શરૂ કરાયેલ– આ ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન માસિકે વાચકોના અતિશય આગ્રહને વશ થઈને પોતાના તૃતીય ત્રિવાર્ષિક કોર્સ (સાતમા વર્ષ)માં પ્રવેશ કર્યો છે.

ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનમાં અત્યંત સરળ અને રોચક શૈલિમાં ગહનતત્ત્વજ્ઞાન પામીને વાચકોએ જ એવો પ્રચાર કર્યો કે જેના કારણે જુના અંકોની પુષ્કળ માંગણીઓ થવા લાગી. અંકો ખલાસ થઈ જવા છતાંય માંગણીઓ ચાલુ રહેતાં, પ્રથમ ત્રણ વર્ષના અંકોમાં આવેલા વિષયોને જુદા જુદા પુસ્તકો રૂપે પ્રગટ કરવાનો નિર્ણય સંસ્કૃતિ રક્ષક દળે કરવો પડયો. તેના અનુસંધાનમાં **'તારક તત્ત્વજ્ઞાન'** અને **'શ્રાવકજન તો તેને રે કહીએ'** પુસ્તકો પ્રગટ કર્યા પછી આજે **'સૂત્રોના રહસ્યો'** અને **'કર્મનું કમ્પ્યુટર'** પુસ્તકો પ્રગટ થઈ રહ્યાં છે.

જિનશાસનની આ વિશ્વને અદ્ભૂત દેન છે : કર્મવિજ્ઞાન. વિશ્વનો એક પણ પ્રશ્ન એવો નથી કે જેનું સમાધાન 'કર્મવિજ્ઞાન'માં ન હોય. જિનશાસનના આ કર્મવિજ્ઞાનને જે બરોબર સમજી લે, તે દુઃખમાં દીન ન હોય, સુખમાં લીન ન હોય. તેના મુખ પર - ગમે તેવી કપરી પરિસ્થિતિમાંય પ્રસન્નતા પ્રસરેલી હોય. જીવન જીવવાની કળા તેને આત્મસાત થયા વિના ન રહે. પોતાના જીવનમાં જેમ જેમ તે આ કર્મવિજ્ઞાનને વણતો રહે તેમ તેમ આત્મિક આનંદની વિશિષ્ટ અનુભૂતિ કર્યા વિના ન રહે.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીની કૃપાથી કર્મગ્રંથો, કમ્મપયડી, પંચસંગ્રહ વગેરે ગ્રંથોના ગહનપદાર્થોને પણ જીવનમાં અમલીકરણ થઈ શકે તે રીતે રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે. પ્રથમ પ્રકરણ તથા અન્ય કેટલુંક પૂજ્યશ્રીના 'કર્મવાદ' વગેરે પુસ્તકોમાંથી પણ લીધેલ છે. તે બદલ તેઓશ્રીનો ઋણી છું.

સૌ કોઈ આ પુસ્તકના વાંચન-મનન દ્વારા જિનશાસનમય બનીને આત્મકલ્યાણ સાધે તેવી શુભભાવના. પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

ભવોદધિતારક ગુરુપાદપદ્મરેણુ
**મેઘદર્શન વિજય**

# પ્રકાશકીય

ઘૂઘવાટ કરી રહ્યો છે જિનાગમરૂપી મહાસાગર. તેના પેટાળમાં છે સુંદર મજાનો દેદીપ્યમાન તત્ત્વજ્ઞાન રૂપી મોતીઓ.

માનવજીવનને સફળ બનાવવા માટે અત્યંત જરૂરી આ તત્ત્વજ્ઞાન રૂપી મોતીઓને ઘેર ઘેર પહોંચાડવા માટે પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. સા.ની પ્રેરણા અને પૂ. મુનિશ્રી મેઘદર્શન વિ. મ. સાહેબના સતત માર્ગદર્શન પ્રમાણે 'અમે ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન' માસિકનું આયોજન કરેલ છે.

અમારી ધારણા કરતાં પણ અમને ઘણો વધારે રીસપોન્સ મળ્યો. પૂજ્યશ્રી દ્વારા અત્યંત સરળ ભાષામાં પીરસાતાં તત્ત્વજ્ઞાનનાં ગહન વિષયોનું જ્ઞાન મેળવીને અનેક આત્માઓનું જીવનપરિવર્તન થયું.

વાચકોએ જ ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનનો એટલો બધો પ્રચાર કર્યો કે જેના કારણે માત્ર ત્રણ વર્ષ માટે જ શરૂ કરાયેલ આ માસિકે વાચકોના અતિશય આગ્રહને કારણે પોતાના તૃતીય ત્રિવાર્ષિક કોર્સમાં (સાતમા વર્ષમાં) પ્રવેશ કરવો પડ્યો છે.

જુના અંકોની પણ પુષ્કળ માંગણીઓ થતી હતી. અંકો ખલાસ થઈ જવા છતાં ય માંગણીઓ ચાલું રહેતાં પહેલાં ત્રણ વર્ષના અંકોમાં આવેલા વિષયોને જુદા જુદા પુસ્તકો રૂપે પ્રગટ કરવાનો અમારે નિર્ણય લેવો પડ્યો. તેના અનુસંધાનમાં **તારક તત્ત્વજ્ઞાન** અને **શ્રાવકજન તો તેને રે કહીએ** પુસ્તકો પ્રગટ કર્યા પછી આજે **સૂત્રોના રહસ્યો** તથા **કર્મનું કમ્પ્યુટર** પુસ્તકો બહાર પાડતાં અમે આનંદ અનુભવીએ છીએ.

સમગ્ર વિશ્વમાં કોઈપણ ધર્મ પાસે આવું કર્મવિજ્ઞાન નથી, જેવું જિનશાસન પાસે છે.

વિશ્વના સમગ્ર પ્રશ્નોનું સુંદર અને સચોટ સમાધાન આપનાર જિનશાસનના કર્મવિજ્ઞાનને પૂજ્ય મુનિશ્રી મેઘદર્શન વિ.મ.સાહેબે પોતાની શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિથી અને પૂ.ગુરુદેવશ્રીની અગાધ કૃપાથી સાવ સાદી અને સરળ ભાષામાં - બધાને સમજાય તે રીતે - ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનના **'કર્મનું કમ્પ્યુટર'** વિભાગમાં રજૂ કરીને અનેક આત્માઓના જીવનમાં નવો પ્રકાશ પાથર્યો હતો. આ વિભાગમાં તેમણે કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ વગેરે શાસ્ત્રોના ગહન વિષયોને આપણા રોજબરોજના જીવનમાં કેવી રીતે આત્મસાત્ કરી શકાય ? તેનું હૃદયંગમ વર્ણન કર્યું છે. આ વિભાગને અમે **'કર્મનું કમ્પ્યુટર'** નામના પુસ્તક રૂપે પૂજ્યશ્રીના આશિષ અને સંમતિથી સકળસંઘના ચરણોમાં રજૂ કરવા ભાગ્યશાળી બન્યા છીએ.

ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનના બીજા (પ્રદીપ) ત્રિવાર્ષિક કોર્સના વિષયોને પણ પુસ્તક રૂપે પ્રગટ કરવાની અમારી ભાવના છે.

સૌ કોઈ આ પુસ્તકના વાંચન દ્વારા કર્મોની ચુંગાલમાંથી છૂટીને જલ્દીથી મોક્ષ પામે તેવી શુભભાવના.

*જીતુભાઈ શાહ*

સંચાલક, સંસ્કૃતિભવન, સુરત



# ક્યાં શું વાંચશો ?




| | | |
|---|---|---|
| ૧ | કર્મ વૈચિત્ર્ય દર્શન | ૧ |
| ૨ | કર્મોનું પ્રથમ પ્રવેશ દ્વાર : મિથ્યાત્વ | ૧૩ |
| ૩ | કર્મોનું બીજું પ્રવેશ દ્વાર : અવિરતિ | ૧૬ |
| ૪ | કર્મોનું ત્રીજું પ્રવેશ દ્વાર : કષાય | ૨૪ |
| ૫ | કર્મોનું ચોથું પ્રવેશ દ્વાર : યોગ | ૩૭ |
| ૬ | કર્મોનું સ્વરૂપ | ૪૪ |
| ૭ | જ્ઞાનાવરણીયકર્મ | ૪૮ |
| ૮ | દર્શનાવરણીયકર્મ | ૭૦ |
| ૯ | વેદનીયકર્મ | ૭૩ |
| ૧૦ | મોહનીયકર્મ | ૭૯ |
| ૧૧ | કર્મોના બે હુમલા | ૯૦ |
| ૧૨ | આયુષ્યકર્મ | ૯૫ |
| ૧૩ | નામકર્મ | ૧૦૬ |
| ૧૪ | ગોત્રકર્મ | ૧૧૩ |
| ૧૫ | અંતરાયકર્મ | ૧૧૭ |
| ૧૬ | કર્મોનો કાળ | ૧૨૬ |
| ૧૭ | આઠ કરણ | ૧૩૪ |
| ૧૮ | ચાર પ્રકારનો કર્મ બંધ | ૧૫૯ |
| ૧૯ | કર્મોનું બળ | ૧૬૬ |
| ૨૦ | ગોલ્ડન પીરીયડ | ૧૭૪ |

# ૧ કર્મવૈચિત્ર્યનું દર્શન

મિત્રો, તમારી સામે હું કેટલાક પ્રસંગો રજૂ કરું છું. તમે તેની ઉપર વિચાર કરો. ''આમ શાથી બન્યું ?'' ''કોણે કર્યું ?''

## પ્રસંગ-૧

એક મોટું શહેર છે. તેના એક શાન્ત વિભાગમાં અત્યંત ધનાઢ્ય લોકોની એક સોસાયટી છે. આ સોસાયટીમાં વસતો દરેક માણસ વૈભવ-વિલાસમાં મસ્ત છે. રે ! સાહેબનો ટોમી કૂતરો પણ ખૂબ મોજથી રહે છે.

અહીં એક વાર એજ શહેરનો ખૂબ ગરીબ માણસ કંઈક મળવાની આશાએ આવી ચડે છે. બિચારો કેટલાય દિવસનો એ ભૂખ્યો હશે, એમ ઊંડું ઉતરી ગયેલું એનું પેટ કહી રહ્યું છે. લોહી અને માંસ તો જાણે ક્યાંય જોવા જ મળતું નથી ! માણસ જેવો માણસ છતાં સાવ જ દીન હીન બની ગયેલો છે. એના પગ ધ્રૂજે છે ! ગળું, માથું ધ્રૂજે છે.

ધીમે પગલે એક કમ્પાઉન્ડના દરવાજે એ પહોંચ્યો, કોઈ હરામખોર અંદર પેસી ન જાય તે માટે સાહેબે એક આરબ રાખ્યો હતો.

**હરામખોરની વ્યાખ્યા આટલી જ હતી : જે શ્રીમંત સ્વજન નહીં તે હરામખોર !**

આરબ તાડૂક્યો : ''ચલે જાઓ યહાં સે ! યહાં કુછ નહીં મિલેગા''

''ક્યાં જાઉં ? ધીરજને ય કોઈ હદ હોય છે. મારી ધીરજ ખૂટી ગઈ છે!'' ભીખારી મનોમન બોલ્યો.

લમણે હાથ દઈ તે બેસી ગયો. આંખે અંધારા આવતાં હતાં. આંખ સામે એને મોત નાચતું દેખાતું હતું. એ હસ્યો : 'જીવન કરતાં આ મૃત્યુમાં અવશ્ય ઓછી કડવાશ હશે. કદાચ કાંઈક મીઠું પણ હોય તો ના નહીં.'

મોતનો પડછાયો જોતાં જ એને જન્મની યાદ આવી. કરોડપતિ પિતાને ત્યાં જન્મ ! બાલ્યવય ! એકલા લાડકોડમાં પસાર થયું બાળપણ ! યૌવન ! અહા ! કેવો વિલાસ ! કેવો વૈભવ ! અને મારું ય કેવું બેહદ સ્વચ્છંદ વર્તન ! કોઈ વાતે અધૂરો નહિ, રોજ નવાં પર્યટનો, રોજ પિક્ચર, રોજ નવી નવી મોજમજા !

પછી એની નજરે આવ્યો પિસ્તાલીસ વર્ષની વયનો કાળ ! એણે નિઃસાસો નાંખી દીધો ! વૈભવનો સૂર્ય અસ્તાચલ તરફ ઢળવાની તૈયારીમાં જોયો !

સુરા-સુંદરી અને સંપત્તિની રસલોલુપતાએ એના જીવનને રફેદફે કરવા માંડ્યું. એનું કૌટુમ્બિક સુખ વેરણ-છેરણ થઈ ગયું ! એનું શારીરિક સુખ લથડિયા ખાવા લાગ્યું.

વૈભવનો સૂર્ય અસ્તાચલને અડી ગયો !

એક કરોડપતિ શ્રીમંત ભિખારી બન્યો !

સહુથી તરછોડાયો !

બધી રીતે નિચોવાઈ ગયેલો એક માનવ પાઉંના કટકા માટે કરુણ સ્વરે યાચનાઓ કરતો નજરે પડવા લાગ્યો.

કોઈનો લાડકવાયો, કેટલાયનો જિગરજાન મિત્ર, ચાર દીકરાનો બાપ, સહુવાળો - સહુવિહોણો બન્યો !

આંખ સામેથી જીવનના સિનેમાની રીલિઅલ પસાર થઈ ગઈ !

ત્યાં એક જોરદાર ફટકો બરડે ઝીંકાણો ! ''હરામખોર કહીંકા, સાહબકા આનેકા સમય હો ચુકા હય ! કમબખ્ત ! તેરે પાપરો હમારા સત્યાનાશ નિકલ જાયેગા ! ઊઠતા હય યા નહિ ?'' ક્રોધથી લાલપીળો થઈ ગયેલો આરબ સત્તાવાહી સૂરે બોલ્યો.

પણ હવે ઊઠે એ બીજા. ઊઠીને જવું ય ક્યાં ?

મોત નાચતું નાચતું નજદીક આવતું હતું.

''બેવકૂફ, તૂ નહિ ઊઠેગા, ક્યોં ? તો લે'' કહીને ચાર ઇંચ જાડો ડંડો માથે ઝીંકી દીધો. ચીસ પાડતો ભિખારી ત્યાં જ ઢળી પડ્યો !

ખોપરી ફાટી ગઈ. લોહીનું ખાબોચિયું થઈ ગયું.

સમડી અને ગીધનાં ટોળાં આકાશમાં ચક્કર દેતાં નીચે ઊતરી પડ્યાં.

આરબ ગાળો દેતો ચાલ્યો ગયો.

પક્ષીઓએ મિજબાની ઊડાવી.

કૂતરાઓને મોજ મળી.

ત્રીજો દિવસ થયો. ત્યાં પડ્યું હતું માત્ર હાડપિંજર !

## પ્રસંગ-૨

બાર વર્ષની એક છોકરી. અત્યંત રૂપવતી; અત્યંત બુદ્ધિમતી; ખૂબ જ વિનીતા; સર્વને પ્રિય.

એક દિવસ મોં ઉપર ચાઠું દેખાયું. એ વધતું ચાલ્યું. હાથ-પગ વગેરે ઉપર પણ એવાં ચાઠાં પડી ગયાં. નદીના પૂરના પાણીની જેમ એકદમ ફેલાઈ ગયાં !

સર્વાંગે કોઢ વ્યાપી ગયો !

કોઈ સામે જોતું નથી, બધા ય વાતવાતમાં તિરસ્કારે છે. કાળની ખીંટીએ ટાંગેલાં સોણલાંઓ ધરતી ઉપર તૂટી પડે છે. ભૂમંડળ ઉપર વૈદ્યો છે, ડૉક્ટરો છે, હોમિઓપથી, નેચરોપથી વગેરે બધી 'પથી'ઓ છે, છોકરીના પિતા પાસે ઘણો પૈસો છે. પણ કશુંય કામ આવતું નથી. રોગ મટતો નથી.

સહુથી ફિટકાર પામતી, સહુને અળખામણી બનતી છોકરી ઘરના એક ખૂણામાં બેસી રહે છે. મરવાના વાંકે જ પોતાનું જીવન પસાર કરી રહી છે.

## પ્રસંગ-૩

પેટે પાટા બાંધીને મજૂરી કરતો પિતા પોતાના પુત્ર માટે કાંઈક બચાવે છે. એમાંથી એકના એક એ પુત્રને ભણાવે છે. વૃદ્ધત્વ પિતાને ભારે ત્રાસ આપે છે, કોઈ રીતે કામ કરવા માટે એનું શરીર તૈયાર નથી, પરન્તુ એમ ઘરમાં બેસી રહે તો ભૂખમરો આખા કુટુંબને ભરખી જાય તેનું શું ? મન મારીને ય તન તોડે છે. જીવને સમજાવીને ય જાતને ઘસડીને રોજ લઈ જાય છે મજૂરીની દુનિયામાં !

આશાના એક પાતળા તંતુએ જ એનું જીવન ટિંગાયું છે : 'કાલે દીકરો કમાતો થઈ જશે. બસ પછી શાન્તિ, શાન્તિ, શાન્તિ. હું ને એની મા...બે ય નિરાંતનો દમ ખેંચીશું.'

પણ ભણવા જતો દીકરો ખોવાય છે. કોઈ શ્રીમંતની છોકરી એના રૂપમાં મુગ્ધ થાય છે. મા-બાપ ઘેરે પૂરું ખાવાનું ય પામતાં નથી. અને દીકરો હોટલોમાં પાર્ટીઓ ઊડાવે છે.

સહશિક્ષણ, સિનેમા અને નવલકથાઓનું વાંચન એના જીવનને, તનને અને મનને બિચકાવે છે. માતાપિતા ગામડિયાં લાગે છે. ઉપકારી પેલી છોકરી જ દેખાય છે. સુખ એના સંગ સિવાય ક્યાંય જોવા મળતું નથી.

એક દિવસ આવ્યો. વૃદ્ધ માબાપને એણે ત્યાગ્યાં. ચિઠ્ઠી મૂકીને ચાલ્યો ગયો ! 'આજ પછી હવે મારું મોં તમને જોવા નહિ મળે. હું ખૂબ સુખી જિંદગી જીવવા જઈ રહ્યો છું. તમે મને પાળ્યો-પોષ્યો તે બદલ ઉપકાર.' ચિઠ્ઠી વાંચતા જ માતાપિતા બેભાન થઈ જાય છે. ભાનમાં લાવનાર પૈસો તો અહીં છે જ નહિ. ભાનમાં લાવે ય કોણ? ગરીબની વહારે દોડે ય કોણ ? ઠંડો પવન દોડતો આવે છે. એમને જગાડે છે. જાગીને ય શું કરવાનું ? છાતીફાટ રુદન કરે છે. હવે જીવવાનું કોની આશાએ ? કોના આધારે ? જીવીને કામ પણ શું છે ? દીકરો તો સુખી થયો ! છેલ્લી અંતરની આશિષ આપતાં માતાપિતા એસિડની બાટલી પી જાય છે...અને મૃત્યુને સ્વીકારે છે !

## પ્રસંગ-૪

એક કોલેજ છે. સ્ત્રીમિત્રોને પોતાના પુરુષમિત્રો છે. પુરુષમિત્રોને પોતાનાં સ્ત્રીમિત્રો છે. એક સ્ત્રી અને એક પુરુષ સૌન્દર્ય અને સંપત્તિના આકર્ષણે પરસ્પર મોહાય છે. બેય પોતાના વડીલોને તિરસ્કારીને લગ્નગ્રંથિથી બંધાય છે. બેયનો સંસાર ચાલ્યો જાય છે. જેમ તેમ કરીને સ્તો.

વર્ષ ઉપર વર્ષ પસાર થાય છે. દશકા ઉપર બીજો દશકો ગયો.

સંપત્તિથી બેય સુખી છે. પણ એક વાતનું ભારે દુઃખ છે. બધાય સુખને ચિનગારી ચાંપે એવું.

હજી સુધી એક પણ બાળક થયું નથી.

મોટામોટા નિષ્ણાત ડૉક્ટરોની સલાહ લીધી. જેણે જે કહ્યું તે કર્યું. પ્રિયતમાને બધું જ કરવાની પ્રિયતમે રજા આપી દીધી. 'હાય વાસના !'

પ્રચંડ પુરુષાર્થ ખેલાઈ ગયો.

પણ છતાંય ધાર્યું ન થયું. બાળકનું મુખ જોવા ન જ મળ્યું. કાળા માથાનો માનવી હતાશ થાય છે.

કલ્પેલા સુખના અત્તરની બાટલીમાં વિષ્ટાનો લોચો પડે છે.

લીલા-સૂકા સંસારમાં સળગતી દીવાસળી પડે છે.

## હજીય એક નાનકડો પ્રસંગ

બે લાખ રૂપિયાનું ભવ્ય મકાન છે. વેચવાનું છે. ઘરાક આવે છે. સોદો થઈ જાય છે. મકાનમાલિક બે લાખ રૂપિયાનો ચેક લઈ તિજોરીમાં મૂકે છે.

રાત પડે છે. આગ લાગે છે. આઠ જ કલાકમાં આખું ય મકાન બળીને

ભડથું થઈ જાય છે.

એક હસે છે. બીજો બાપોકાર રડે છે. ચીસો પાડે છે. જીવનની બધી જ કમાણી - બે લાખ રૂપિયા - આંખ સામે સળગી જતી જોઈને.

મિત્રો, આ પાંચેય પ્રસંગો તમારી નજર સામે રાખો અને કહો કે - ''આ બધું કોણે કર્યું ? આની પાછળ કોનું ચાલક-બળ કામ કરે છે ?''

અવળી મતિનું ? અવળા પુરુષાર્થનું ? ભલે. પણ અવળી મતિ થઈ કેમ? અવળો પુરુષાર્થ કર્યો કેમ ? એની પાછળ કયું અદ્રશ્ય તત્ત્વ કામ કરે છે !

લાકડાં ફાડતો એક છોકરો જર્મનીનો હેરહિટલર શી રીતે થઈ ગયો ? એક વાર બ્રિટન અને અમેરિકા જેવી મહાસત્તાઓને પણ ધ્રુજાવી મૂકવાની આગભરી તાકાત એનામાં ક્યાંથી આવી ગઈ ?

મહાન ચિત્રકાર બનવાની તાલાવેલીવાળો છોકરો સમ્રાટ નેપોલિયન શી રીતે બની ગયો ?

અને આ બે ય વિશ્વના માંધાતાઓની બધી જ બાજી કોણે ધૂળમાં મેળવી નાંખી ? એમના પ્રચંડ સામર્થ્યનો ભુક્કો કોણે કરી નાંખ્યો. ?

સંગીતસમ્રાટ ઓમકારનાથને પૈસાના ફાંફા કેમ ?

અલમસ્ત કુસ્તીબાજ ગામો કેમ સાવ સુકાઈ ગયો ?

ભારતના યશસ્વી વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી વૈજ્ઞાનિકોની દુનિયા-રશિયામાં 'હાર્ટફેઈલ્યોર' કેમ થઈ ગયા ? કોઈ પણ ઉપચાર કેમ કારગત ન નીવડ્યો ?

જેનાં રક્ષણ માટે સંપૂર્ણ તકેદારી રાખવામાં આવતી તે વિશ્વના લાડીલા-અમેરિકાના પ્રેસિડેન્ટ કેનેડીનું ભરબજારે ખૂન કેમ થયું ? પોતાની જ સર્જેલી ગોળીએ પોતાનું જ ખૂન ! એ વખતે ગફલત ક્યાં થઈ ગઈ ?

ગાંધીજીનું ખૂન ગોડસેએ કેમ કર્યું ? શા માટે એને ખૂન કરવાની અવળી મતિ સૂઝી ? કોણે એ અવળી મતિ સુઝાડી ?

સળગાવી મૂકતી એટમ-બોમ્બની આગ અમેરિકાએ શા માટે હિરોશીમા-નાગાસાકી ઉપર ઝીંકી ?

મારીને જીવવાનું, જીવીને મૂડીવાદ ફેલાવવાનું જંગલી વિજ્ઞાન કોણે શીખવ્યું ?

મિત્રો, આ બધા ય પ્રશ્નોના ઉત્તર આપો. જે ઉત્તર આપશો તેની પાછળ પણ એ પ્રશ્ન છે કે એ કેમ થયું ? એ કોણે કર્યું ? એનો પણ ઉત્તર આપો. શું ઈશ્વરે કર્યું ? ના. ના. ઈશ્વર તો પરમકૃપાળુ પરમાત્મા છે. તે આવું ન જ કરે.

જો ઈશ્વરને તેવી દુઃખમય પરિસ્થિતિનું નિર્માણ કરનાર માનશો તો તેને દયા કે શક્તિ વિનાનો માનવો પડશે, કેમકે ઈશ્વર જો દયાળુ હોય તો શા માટે કોઈને દુઃખી કરે ? જો સર્વશક્તિમાન હોય તો તે ઈશ્વર જ શા માટે બીજાને પાપ કરતાં રોકતો નથી ? અરે બધું ઈશ્વર જ કરતો હોય તો લોકો પાસે પાપ પણ તે જ કરાવે છે ને ? જીવોને પાપી બનાવીને તેને નરક વગેરે ગતિમાં મોકલીને ભયંકર દુઃખો આપનાર ઈશ્વરને દયાળુ શી રીતે મનાશે ?

પરંતુ હકીકતમાં તો ઈશ્વર કરૂણાનો મહાસાગર છે. અનંત શક્તિનો સ્વામી છે. તેથી દુઃખમય કે પાપમય અવસ્થાને પેદા કરનાર ઈશ્વર તો ન જ હોય. તો પૂર્વે જણાવેલા પ્રસંગોમાં કારણ કોણ ?

શું કોઈપણ કારણ વિના જ આ બધું બને છે ? ના, ના. કારણ વિના કોઈ જ કાર્ય થતું નથી. સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં માન્ય આ સિદ્ધાન્ત છે. આજ સુધી એમાં કોઈ અપવાદ જોવા મળતો નથી. જે કાર્ય હોય તેનું કોઈને કોઈ કારણ તો હોવું જ જોઈએ. તો આ બધી ઘટનાઓમાં કારણ કોણ ?

સમગ્ર વિશ્વમાં જે કાંઈ ઘટનાઓ બની છે, બને છે કે ભવિષ્યમાં બનવાની છે, તે બધામાં કારણ ઈશ્વર નથી; પણ કર્મ છે. ઈશ્વરે તો આ જગત જેવું છે, તેવું બતાવ્યું છે; પણ બનાવ્યું નથી. જગતનું સંચાલન ઈશ્વર નહિ પણ કર્મ કરે છે. તે કમ્પ્યુટર જેવું છે. કમ્પ્યુટરની જેમ તે કર્મ પોતાનું ગણિત કરે જ રાખે છે. લોકોના તેવા તેવા કાર્ય અનુસાર લોકોને સુખ-દુઃખાદિ આપ્યા કરે છે.

આ કર્મ તો જડ છે. ચેતન નથી. છતાં જડ એવા તેની તાકાત તો અજબ ગજબની છે. જયાં સુધી જડ કર્મ આત્માને ચોંટ્યું હોતું નથી. ત્યાં સુધી તે કાર્મણવર્ગણા (કાર્મણરજકણો) તરીકે ઓળખાય છે. જયારે તે કાર્મણ રજકણો આત્માને ચોંટે છે, ત્યારે તે કર્મ તરીકે ઓળખાય છે. તે કર્મ આત્માને સુખી-દુઃખી, બળવાન-નિર્બળ, બુદ્ધિમાન-મૂર્ખ, રૂપવાન-કદરૂપો બનાવવાનું કાર્ય કરે છે.

આત્મા મૂળસ્વરૂપે તો અત્યંત પવિત્ર છે. શુદ્ધ છે. તેની ઉપર કોઈ ડાઘ

કે કલંક નથી. પણ તેની ઉપર ચોંટેલા કર્મો તેના સ્વરૂપને વિકૃત બનાવે છે. અશુદ્ધ બનાવે છે. આવા અશુદ્ધ આત્માને જીવ કહેવાય છે. આ જીવ જ્યારે વિશિષ્ટ કોટીની સાધના કરીને રાગ-દ્વેષ વિનાનો બને છે, ત્યારે કર્મો તેનાથી અળગા થાય છે. તે પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. તે પરમાત્મા બને છે. તેની ઉપર પછી ક્યારેય કાર્મણ રજકણો ચોંટી શકતી નથી.

આપણો આત્મા લોહચુંબક જેવો બનેલો છે. જે લોખંડમાં ચુંબકીય શક્તિ (મેગ્નેટીક ફોર્સ) પેદા થઈ હોય છે, તે લોહચુંબક પોતાની આસપાસના અમુક ક્ષેત્રમાં રહેલી લોખંડની કરચોને પોતાની તરફ ખેંચે છે. પોતાની ઉપર ચોંટાડે છે. પણ જો તે લોહચુંબકમાં ચુંબકીયશક્તિ નાશ પામી જાય તો તે લોહચુંબક હવે લોખંડનો સામાન્ય ટુકડો જ ગણાય. તે હવે લોખંડની કરચોને પોતાના તરફ ખેંચી ન શકે.

આપણા આત્મામાં જે રાગ-દ્વેષના સ્પંદનો પેદા થાય છે, તે ચુંબકીય શક્તિ રૂપ છે. કાર્મણ રજકણો લોખંડની કરચો જેવી છે. જયાં સુધી આપણા આત્મામાં રાગ-દ્વેષ વગેરે પરિણામો જાગે છે ત્યાં સુધી ચુંબકીય શક્તિ તેનામાં ટકી રહે છે. જે સતત કાર્મણ રજકણોને ખેંચી ખેંચીને પોતાની ઉપર ચોંટાડવાનું કાર્ય કરે છે. તમામ સંસારી જીવોમાં સતત રાગ-દ્વેષના પરિણામો ઊઠ્યા કરે છે. માટે તમામ સંસારી આત્માઓ પ્રત્યેક સમયે અનંતી કાર્મણ રજકણો પોતાની ઉપર ચોંટાડ્યા કરે છે. પરન્તુ જ્યારે આ સંસારી આત્માઓ સાધુજીવનની સાધના કરીને રાગ-દ્વેષના સ્પંદનો કાયમ માટે અટકાવી દે છે, ત્યારે તેમનામાં કાર્મણ રજકણોને ખેંચવાની ચુંબકીય શક્તિ નાશ પામી જવાથી કાર્મણ રજકણો ચોંટી શકતી નથી. પરિણામે તેઓ કર્મરહિત ભગવાન બને છે. કર્મો ચોંટ્યા ન હોવાથી ભગવાન બનેલા તેમને કદીય દુઃખો અનુભવવા પડતા નથી. જન્મ-મરણની ઘટમાળ નડતી નથી. તેઓ સદા પોતાના સ્વરૂપમાં મસ્ત હોય છે. આનંદમાં લીન હોય છે.

પણ જે આત્મા હજુ પરમાત્મા બન્યો નથી, સંસારમાં છે, તે આત્મામાં રાગ-દ્વેષની પરિણતીઓ તો પડેલી છે જ. વળી તે જીવાત્માનો પ્રત્યેક સમય કોઈને કોઈ પ્રવૃત્તિથી યુક્ત હોય છે. મનમાં કાંઈને કાંઈ વિચારો ચાલુ હોય છે. ક્યારેક મુખમાંથી વચનો  પણ સરી પડતા હોય છે. શ્વાસોશ્વાસ રૂપ નાનું કે અન્ય કોઈ મોટું કાર્ય પણ કાયા દ્વારા થતું રહે છે. આ મન-વચન-કાયાની શુભાશુભપ્રવૃત્તિઓ આત્માની અંદર રહેલી રાગ-દ્વેષની પરિણતી સાથે ભળે છે ત્યારે આ બંને (પરિણતી + પ્રવૃત્તિઓ) ચુંબકીય શક્તિ રૂપ બનીને કાર્મણ

વર્ગણાના જથ્થારૂપી રજકણોને ખેંચ્યા કરે છે. મન-વચન-કાયાના કર્મો (કાર્યો, પ્રવૃત્તિઓ)થી આ કાર્મણ રજકણો ચોંટતી હોવાથી, તેને પણ કર્મ તરીકે ઓળખવામાં આવે છે.

આત્મા તો સૂર્ય જેવો તેજસ્વી છે. અનંતાગુણોનો સ્વામી છે. પણ વાદળ જેમ સૂર્યના પ્રકાશને ઢાંકવાનું કામ કરે છે તેમ ચોંટેલા આ કર્મો આત્માના ગુણોને ઢાંકવાનું કામ કરે છે. પરિણામે આત્મા દોષોનો ભંડાર બની ગયેલો અનુભવાય છે.

જીવાત્મામાં જે અનંત જ્ઞાનનો પ્રકાશ છે, અપૂર્વ દર્શન શક્તિ છે, અનહદ સુખની અનુભૂતિ છે, અતુલ પરાક્રમ છે; તે બધું જ દબાઈ જાય છે આ કર્મોથી. ઉદયમાં આવેલા આ કર્મો જીવને સુખી કે દુઃખી, કામી કે ક્રોધી, ક્રૂર કે હિંસક બનાવવાનું કાર્ય કરે છે. કર્મના કારણે જ અનાદિકાળથી આપણો આત્મા આ દુઃખમય-પાપમય સંસારમાં પરિભ્રમણ કરે છે. તેથી આ માનવભવમાં આ કર્મોને ખતમ કરવાની સાધના કરવી અત્યંત જરૂરી છે.

## જીવ, જગત અને કર્મ

ત્રણ વસ્તુઓ અનાદિ છે. (૧) જીવ (૨) જગત અને (૩) જીવ-કર્મનો સંયોગ.

જેની આદિ = શરૂઆત હોય તે આદિ કહેવાય. જેની શરૂઆત જ ન હોય તે અનાદિ કહેવાય. જીવ, જગત અને જીવ-કર્મના સંયોગની શરૂઆત થઈ જ નથી, માટે તે ત્રણેય અનાદિ છે.

જીવાત્મા કદી ઉત્પન્ન થયો નથી. તે સદા હતો જ. જો તે ક્યારેક ઉત્પન્ન થયો છે તેનું માનીએ તો તરત મનમાં સવાલ પેદા થશે કે જીવાત્માને કોણે ઉત્પન્ન કર્યો ? ઘડાને કુંભાર પેદા કરે, કપડું વણકર વણે, મકાનને કડીયા ચણે, વસ્ત્રો દરજી તૈયાર કરે તેમ જો જીવાત્માની શરૂઆત હોય એટલે કે જીવાત્મા ઉત્પન્ન થયો હોય તો તેને ઉત્પન્ન કરનાર કોણ ?

આ સવાલનો જવાબ એમ આપવામાં આવે કે જીવાત્માને ઈશ્વરે ઉત્પન્ન કર્યો છે, તો તરત નવો સવાલ ઉત્પન્ન થશે કે તે ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? જો તે ઈશ્વરને કોઈ બીજા ઈશ્વરે ઉત્પન્ન કર્યો તો તે બીજા ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? ત્રીજા ઈશ્વરે ? તો તે ત્રીજા ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? ચોથા ઈશ્વરે ? તો તે ચોથા ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? આ રીતે નવા નવા સવાલો પૂછાયા જ કરશે. સવાલ-જવાબનો અંત જ આવશે નહિ.

આવી સવાલ-જવાબની પરંપરા ન ચાલે તે માટે જો એવું સમાધાન અપાશે કે

આત્માને સૌ પ્રથમ ઈશ્વરે પેદા કર્યો, પણ તે ઈશ્વરને કોઈએ પેદા કર્યો નથી. તે ઈશ્વર નિત્ય છે, હતો, ને રહેશે. તેને કોઈ પેદા કરતું નથી. તો તે પણ યોગ્ય જણાતું નથી. કારણ કે આ સમાધાનમાં ઈશ્વરના આત્માને તો છેવટે નિત્ય માનવો જ પડ્યો ને? વળી જીવોને ઉત્પન્ન કરનાર તરીકે એક ઈશ્વરાત્માને માનવો પડ્યો, તે વધારામાં ! તેના કરતાં આત્માને કોઈએ ઉત્પન્ન કર્યો જ નથી, આત્મા અનાદિ છે, તેવું માનવું વધારે ઉચિત છે.

જો ઈશ્વરે બધા આત્માઓને ઉત્પન્ન કર્યા છે, તેનું માનશો તો સવાલ પેદા થશે કે ઈશ્વરે આ જીવાત્માને કર્મરહિત શુદ્ધ ઉત્પન્ન કર્યો કે કર્મસહિત અશુદ્ધ ઉત્પન્ન કર્યો ?

ઈશ્વર તો કરૂણાનો મહાસાગર છે. તે શા માટે કોઈ જીવને અશુદ્ધ ઉત્પન્ન કરે ? તે તો શુદ્ધ-આત્માને જ ઉત્પન્ન કરે ને ! ઉત્પન્ન થયેલો શુદ્ધ-આત્મા તો પાપ વિનાનો હોવાથી તેણે ટાઢ-તડકાના, જન્મ-મરણના, ભુખ-તરસના દુઃખો કેમ ભોગવવા પડે ? શુદ્ધ-પવિત્ર-નિષ્પાપ આત્માને દુઃખ શેનું ? જો શુદ્ધ-નિષ્ણાત આત્માએ પણ દુઃખ ભોગવવું પડતું હોય તો ધર્મી આત્માઓ નિષ્પાપ - શુદ્ધ જીવન માટે જે સાધના કરે છે, તે નકામી થઈ જાય ! ધર્મની આરાધના કરવાની કોઈ જરૂર જ ન રહે. કેમકે જન્મ-મરણાદિના દુઃખો કાયમ માટે નિવારવા માટે તો તપ-ત્યાગની સાધના કરાય છે. જો તે સાધના કરીને શુદ્ધાત્મા બન્યા પછી પણ સંસારમાં જન્મ લેવાનો હોય, પરાધીનતા-ઘડપણ-મોતના દુઃખો ભોગવવા પડવાના હોય તો તેવા શુદ્ધાત્મા બનવા માટે - પ્રત્યક્ષ મળતાં આ ભવના સુખોને છોડીને - તપ-ત્યાગના દુઃખો શા માટે વેઠવા જોઈએ ?

આ બધી આપત્તિઓના નિવારણાર્થે માનવું જ જોઈએ કે ઈશ્વરે જો શુદ્ધાત્મા પેદા કર્યો હોય તો તે સંસારના દુઃખોમાં ઝીંકાત જ નહિ. પણ સમગ્ર વિશ્વમાં આપણને જે જીવાત્માઓ દેખાય છે, તે તો દુઃખોમાં શેકાઈ રહેલાં છે. તેથી તે બધા અશુદ્ધ-આત્માઓ છે, તેમ નક્કી થયું. આમ, ઈશ્વરે જો આત્મા પેદા કર્યો હોય તો ય શુદ્ધ-આત્મા તો પેદા ન જ કર્યો હોય, તેમ નક્કી થાય છે.

જો ઈશ્વરે અશુદ્ધ આત્મા ઉત્પન્ન કર્યો છે, એમ માનશો તો ઈશ્વર જેવા કરૂણાના મહાસાગર ઈશ્વરે આવો અશુદ્ધ આત્મા શા માટે ઉત્પન્ન કર્યો ? શું ઈશ્વર હાથે કરીને બધાને સુખ-દુઃખમાં સબડતા જોવા માંગતો હોય તેવું બને ખરું ?

કોઈ કહે છે કે, ''આ વિશ્વમાં સૌ પ્રથમ દરિયામાં એક ઈંડું હતું. તેમાંથી બ્રહ્માજી નીકળ્યા. ઘણા વર્ષો એકલા એકલા રહીને કંટાળી ગયા. તેથી તેમને વિચાર આવ્યો, ''एगोऽहं बहु स्याम् ।'' હું એકલો છું, ઘણો થાઉં. તેમણે સમગ્ર જગતનું સર્જન કર્યું. સુખી, દુઃખી, શેઠ, નોકર, રાજા, ગરીબ, ચોર, પોલીસ વગેરે વિચિત્રવાળું

જગત ઉત્પન્ન કરે તો તેમને આનંદ પ્રાપ્ત થાય, કંટાળો દૂર થાય. તેથી તેમણે આવી વિચિત્રતાવાળી દુનિયા પેદા કરી.''

અહીં પ્રશ્ન થાય કે બ્રહ્માજી જો ભગવાન હોય તો ભગવાનને કંટાળો આવે? તે દૂર કરવા રૂપ પોતાના સ્વાર્થને સાધવા તેઓ ભગવાન બનીને કોઈને દુઃખી, ચોર કે ગરીબ બનાવે? તેને દુઃખના દાવાનળમાં ઝીંકે? વળી તે બ્રહ્માજી ઇંડામાંથી શી રીતે પેદા થયા? ઇંડાને કોણે પેદા કર્યું? દરિયો ક્યાંથી આવ્યો? તેમાં ઇંડું ક્યાંથી આવ્યું? વગેરે અનેક સવાલો ઊભા થાય છે.

વળી, જો બધું ઈશ્વર જ કરે છે, તેવું જો માનવામાં આવે તો સ્વર્ગ અને નરકમાં પણ ઈશ્વર જ મોકલે છે ને? અરે! દયાળુ ઈશ્વરે નરકનું સર્જન જ કેમ કર્યું? વળી જીવોને જયાં ભયંકર દુઃખ પડે છે, તેવી-નરકમાં મોકલે શું કામ? ત્યાં મોકલ્યા પછી તે ઈશ્વર પોતે જ તેમને દુઃખો કેમ અપાવરાવે? શું ઈશ્વર પોતે પક્ષપાતી છે કે એકને સ્વર્ગમાં મોકલે તો બીજા કોઈને નરકમાં મોકલે?

જો એવો જવાબ અપાય કે ઈશ્વર તો ન્યાયાધીશ જેવો છે. તેને કોઈ પ્રત્યે પક્ષપાત નથી. પક્ષપાતના કારણે તે કોઈને સ્વર્ગમાં તો કોઈને નરકમાં મોકલતો નથી, પણ જેના જેવા કર્મો (કાર્યો) હોય તે પ્રમાણે તે જજમેન્ટ આપે છે. અર્થાત્ સારા કર્મોવાળાને તે સ્વર્ગમાં મોકલે છે ને ખરાબ કાર્યો કરનારને તે નરકમાં મોકલે છે.

આ જવાબ સાંભળીને સામે પ્રશ્ન ઊઠશે કે જો ઈશ્વર ન્યાયાધીશ જેવો હોવાથી કર્મો પ્રમાણે સ્વર્ગ કે નરકમાં મોકલે છે, તો નરકમાં જવું પડે તેવા ખરાબ કર્મો કરનારને ઈશ્વર તેવું ખરાબ કામ કરતાં અટકાવતો કેમ નથી? શું ઈશ્વરમાં તેવી શક્તિ નથી? તો તેવા શક્તિહિન ઈશ્વરને માનવાની, તેની ભક્તિ વગેરે કરવાની જરૂર શી?

અને જો ઈશ્વર સર્વશક્તિમાન હોય તો તેણે ખરાબ કામ કરતાં જ તે વ્યક્તિને અટકાવવી જોઈએ. જો તે ન અટકાવે તો હાથે કરીને ખરાબ કામ તેની પાસે કરાવડાવીને નરકમાં મોકલનાર ઈશ્વરને નિર્દય માનવો નહિ પડે?

આમ, ઈશ્વરને જો દયાળુ અને સર્વશક્તિમાન માનવો હોય તો તેણે આ જગતને ઉત્પન્ન કર્યું છે, તેવું માની શકાશે જ નહિ.

વળી, ઈશ્વરે પણ તે તે જીવના કર્મો પ્રમાણે સુખ-દુઃખ કે સ્વર્ગ-નરકાદિ આપવા પડતા હોય તો ઈશ્વર પણ છેવટે કર્મને જ પરાધીન બન્યા ને? પોતાની જાતે સ્વતંત્રપણે તો ઈશ્વર પણ કાંઈ કરી શકે નહિ ને? તો શું ઈશ્વરને પણ પરાધીન માનવો ઉચિત છે?

આમ, ઈશ્વરને જગતકર્તા માનવા છતાં ય કર્મને તો માનવા જ પડે છે. વળી તે

કર્મોને અનુસરીને સુખી-દુઃખી કરતાં ઈશ્વરને ઉપર જણાવ્યા પ્રમાણે શક્તિહીન, નિર્દય કે પરાધીન પણ માનવા પડે છે. આ તો શી રીતે માની શકાય ? તેથી ઈશ્વરે જગતને કે આત્માને ઉત્પન્ન કરેલ નથી પણ અનાદિકાળથી જગત તથા આત્મા છે જ, તેવું માનવું ઉચિત છે.

વળી જે કર્મોના કારણે ઈશ્વર જીવોને સુખ-દુઃખ આપતો હોય તે કર્મો તે જીવે ક્યાં કર્યાં ? જો પૂર્વભવમાં, તો પૂર્વભવમાં પણ તે જીવને જે સુખ-દુઃખો ઈશ્વરે આપ્યા હશે, તે પણ તેના કોઈ કર્મના આધારે જ આપ્યા હશે ને ? તો તે કર્મો તે જીવે ક્યાં કર્યાં ? તેનાય પૂર્વભવમાં જ ને ? આ રીતે તે જીવના દરેક ભવની પૂર્વે પણ તે ભવ અપાવનાર કર્મો માનવા પડશે. અને તે કર્મોને ઉત્પન્ન કરાવનાર પૂર્વભવ પણ માનવો પડશે. આમ, જીવનો પ્રથમભવ કોઈ રીતે સંભવી શકશે નહિ. તેથી જીવને અનાદિ માન્યા વિના ચાલશે નહિ.

જીવને અનાદિ માનવાથી, તે જીવ અનાદિકાળથી જ્યાં પોતાના જન્મ, જીવન અને મરણની પરંપરા ચલાવ્યા કરે છે, તે જગતને પણ અનાદિ માનવું જ પડશે. અને જીવ તથા તેના આ સંસારને ચલાવનાર જે જીવ અને કર્મનો સંયોગ છે, તે પણ અનાદિ માનવો જ પડશે. આમ, (૧) જીવ, (૨) જગત અને (૩) જીવ-કર્મસંયોગ, આ ત્રણેય અનાદિ છે, તેવું સિદ્ધ થાય છે.

જો આ જગત અનાદિથી જ હોય તો આ જગતમાં પહેલા મરઘી હતી કે ઇંડું ? પહેલાં પિતા હતા કે પુત્ર ? પહેલાં માતા કે દીકરી ? શું જવાબ આપશો ? મરઘી વિના ઇંડું જો ન હોઈ શકે તો ઇંડા વિના મરઘી પણ શી રીતે હોઈ શકે ? પિતા વિના પુત્ર જો ન હોઈ શકે તો જે પુત્ર જ ન હોય તે પિતા શી રીતે બની શકે ? મા વિના દીકરી ન હોઈ શકે ને દીકરી વિના મા પણ ન હોઈ શકે. તેથી માનવું પડે કે મરઘી અને ઇંડુ, પિતા અને પુત્ર, માતા અને દીકરી, બધા અનાદિકાળથી છે. તેમાંથી કોઈની પહેલાં શરૂઆત થઈ છે, તેમ ન મનાય. મા-દીકરી, પિતા-પુત્ર, મરઘી-ઇંડુંવાળું આ જગત અનાદિકાળથી છે.

જીવ, જગત અને કર્મસંયોગ અનાદિકાળથી હોવા છતાં ય તેઓ સતત પરિવર્તન પામતાં રહે છે. જીવ પોતે દેવ-મનુષ્ય-તિર્યંચ-નરક વગેરે અવતારો લેવા દ્વારા પરિવર્તન પામે છે. જગતમાં પણ ઘણા પરિવર્તનો જોવા મળે છે. આત્મામાં ચોંટેલા કર્મોમાં પણ પરિવર્તનો થાય છે. છતાંય જીવનો ક્યારેય નાશ તો થતો જ નથી. જગત પણ ક્યારેય નાશ પામવાનું નથી. જીવ અને જગત જેમ અનાદિ છે, તેમ અનંત પણ છે. પરંતુ જીવ અને કર્મનો સંયોગ અનાદિ હોવા છતાંય તેનો અંત આવી શકે છે.

જે જીવો પોતાના જીવનમાં રાગ-દ્વેષને ખતમ કરવાની સાધના કરે તે આત્માઓ ઉપરથી આ કર્મો છૂટા પડી શકે છે. સર્વ કર્મો છૂટા પડતાં આત્મા મોક્ષમાં પહોંચે છે તેનું પરમાત્માસ્વરૂપ પ્રગટ થાય છે.

જો જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી છે, તો તે અનાદિ એવા જીવ અને જગતની જેમ અનંત રહેવો જોઈએ ને ? એવો સવાલ ન કરવો. કારણ કે જે અનાદિ હોય તે અનંતકાળ સુધી રહે જ; તેવો કોઈ નિયમ નથી.

મરઘી-ઈંડું-મરઘીની પરંપરા અનાદિકાળથી ચાલતી હોવા છતાં ય જો કોઈ મરઘી ઈંડું આપ્યા પહેલાં જ મરી જાય તો તે મરઘીની પરંપરા તો બંધ પડી જ જાય. પિતા-પુત્રની ચાલી આવતી વંશપરંપરા પણ તેના તમામ દીકરાઓ બ્રહ્મચારી અવસ્થામાં મૃત્યુ પામે કે દીક્ષા લઈ લે તો અટકી જાય છે. મા-દીકરીની પરંપરા પણ કુંવારિકાવસ્થામાં તમામ દીકરીઓના મોત કે દીક્ષા થતાં અંત પામે છે. જેમ આ બધી અનાદિ પરંપરાનો અંત આવી શકે છે, તેમ અનાદિ એવા જીવ-કર્મના સંયોગનો પણ અંત આવી શકે છે. જ્યારે આ અંત આવે છે ત્યારે આત્માનો મોક્ષ થાય છે. જીવ શિવ બને છે. આપણે સૌએ આવા શિવ બનવાની સાધના કરવાની છે.

ભગવાન ભલે જગત્કર્તા નથી, છતાં ય ભગવાનના દર્શન, વંદન, પૂજન, સત્કાર, સન્માન રોજ અવશ્ય કરવા જ જોઈએ.

પરમાત્મા પ્રત્યેનો સમર્પણભાવ-ભક્તિભાવ-પૂજ્યભાવ પેદા કરવાથી આપણામાં રહેલો અહંભાવ નાશ પામે છે. તે અહંભાવના કારણે બંધાનારા-દુઃખ અને દોષ પેદા કરનારા-કર્મો હવે નહિ બંધાય.

વળી પરમાત્મા પ્રત્યેનો આ વિશિષ્ટભાવ પૂર્વે બંધાયેલા કર્મોનો ઝડપથી પુષ્કળ પ્રમાણમાં નાશ કરશે. પરિણામે જીવનમાં દુઃખો નહિ આવે. પ્રભુભક્તિ નવું પુણ્ય કર્મ બંધાવશે. જેનાથી જીવનમાં સુખ પ્રાપ્ત થશે.

માટે, દુઃખને દૂર કરનારી, સુખને લાવનારી અને પરંપરાએ સર્વે કર્મોનો નાશ કરીને મોક્ષ આપનારી પરમાત્મભક્તિ ભાવવિભોર બનીને રોજ કરવી જોઈએ.

૨

# કર્મોનું પ્રથમ પ્રવેશદ્વાર : મિથ્યાત્વ

ત્રણલોકનાં નાથ, દેવાધિદેવ પરમપિતા પરમાત્મા મહાવીરદેવે તપ-ત્યાગની અસાધારણ સાધના કરીને પોતાના આત્મા ઉપર ચોંટેલી ઘાતીકર્મોની રજકણોને દૂર કરી દીધી હતી. એ કાર્મણરજકણો દૂર થતાં જ તેમના આત્મામાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટ્યો હતો. એ કેવળજ્ઞાનના પ્રકાશમાં પરમાત્મા વિશ્વના સર્વ પદાર્થોને જોવા લાગ્યા.

આ કેવળજ્ઞાનની એવી વિશેષતા છે કે તે એકી સાથે ત્રણે કાળનું બધું જાણી શકે છે. એકી સાથે ત્રણે લોકનું બધું જાણી શકે છે. હાથમાં રહેલો આમળો આપણને જેમ દેખાય તેમ વિશ્વના તમામ ક્ષેત્રના, તમામ કાળના તમામ દ્રવ્યોની, તમામે તમામ અવસ્થાઓને તેઓ અક્રમથી એટલે કે ક્રમ વિના એકી સાથે જોઈ-જાણી શકે.

પરમાત્માએ કેવળજ્ઞાનના પ્રકાશમાં વિશ્વના સર્વ જીવોને જોયા. પોતે જે પરમાત્મતત્ત્વને પ્રગટ કર્યું, તે પરમાત્મતત્ત્વ વિશ્વના સર્વ જીવાત્માઓમાં ઢંકાયેલું જોયું. પરમાત્મસ્વરૂપને ઢાંકનારા કર્મો જોયા. તે કર્મોના ઉદયે જીવને અનુભવવા પડનારા દુઃખો જોયા. તે કર્મોના કારણે જન્મ-જીવન-મરણની ઘટમાળમાં સપડાયેલા તથા કામ-ક્રોધાદિ પાપો કરનારા જીવોને જોયા. આ કર્મો આત્મા ઉપર જે જે હેતુઓથી ચોંટે છે, તે હેતુઓને પણ પરમાત્માએ જોયા. માત્ર જોયા જ નહિ. પણ વિશ્વના સર્વ જીવોના હિતાર્થે તે હેતુઓને ઉપદેશ્યા. જે જાણવાથી આપણે બધા તે હેતુઓથી દૂર રહીએ, અનંતા કર્મો બાંધતા અટકીએ. પરિણામે સંભવિત્ દુઃખો તથા પાપોથી બચી શકીએ.

પરમાત્માએ આપણને જણાવ્યું કે કર્મો બાંધવાના બાહ્ય કારણો અનેક પ્રકારના હોવા છતાં આંતરિક કારણો મુખ્યત્વે ચાર છે.

(૧) **મિથ્યાત્વ** : હૃદયમાં સત્ય પ્રત્યેના પક્ષપાતનો અભાવ.

(૨) **અવિરતિ** : જીવનમાં સત્યના જીવંત આચરણનો અભાવ.

(૩) **કષાય** : જીવાત્મામાં ઉત્પન્ન થતાં અતંદુરસ્ત ખળભળાટો.

(૪) **યોગ** : મન-વચન અને કાયાની પ્રવૃત્તિઓ.

આ જગતમાં સત્ય અને અસત્ય, એ બે તત્ત્વો છે. અનાદિકાળથી આ બે તત્ત્વો

વચ્ચેનું અહિંસક યુદ્ધ ચાલ્યા કરે છે. અસત્ય તત્ત્વ પોતાનું તોફાન સતત મચાવ્યા કરે છે. તેની સામે સત્ય તત્ત્વ પોતાની પ્રતિષ્ઠા કરવાના અહિંસક પ્રયત્નો આદર્યા કરે છે. ક્યારેક સત્યનું બળ વધે છે તો ક્યારેક અસત્યનું બળ વધતું જણાય છે. દરેક જીવાત્મામાં પણ આ જ રીતે એકબીજાનું બળ વધતું-ઘટતું જોવા મળે છે.

આ વિશ્વનું સર્વશ્રેષ્ઠ સ્થાન મોક્ષ છે. આ એક એવું સ્થાન છે કે જ્યાં જન્મ નથી. જ્યાં પાપમય જીવન નથી. જ્યાં રીબામણમય મોત નથી. જ્યાં કોઈ પ્રકારના દુઃખો નથી. રોગોની વેદના નથી તો ઘડપણની પરાધીનતા નથી. કૌટુંમ્બિક સમસ્યાઓ નથી તો સ્ત્રી-પૈસા વગેરેના કારણે થતા ઝગડાઓ નથી. સ્વાર્થ-દગો-પ્રપંચ-કાવાદાવાનું જ્યાં નામનિશાન નથી. જ્યાં પહોંચેલો આત્મા સદા આનંદમાં લીન રહે છે. સર્વ પ્રકારનાં બંધનોથી તેને મુક્તિ મળે છે.

જન્મ-મરણ તો જીવાત્માના બંધનો છે. સંસારના કહેવાતા સુખો વાસ્તવિક સુખ નથી પણ સુખના આભાસો છે. સંસારમાં જે સુખો મળે છે, તે તો નજરકેદની સજા જેવા છે. દુઃખોની ભેળસેળવાળા છે, મોટા દુઃખોને લાવનારા છે, કાયમ નહિ ટકનારા છે.

ઉપરોક્ત સત્યને સ્વીકારવા ક્યારેક જીવાત્મા તૈયાર થતો નથી. તે ઉપરોક્ત વાતોને વિપરીત સમજે છે, જે અસત્ય છે. પણ આ જીવાત્મા અસત્યનો રાગી બને છે.તે મુક્તિને બંધન માને છે તો બંધનને મુક્તિ માનવા લાગે છે. કરોળીયો જેમ પોતાની આસપાસ પોતે જ બંધન ઊભું કરે છે, તેમ આ જીવાત્મા પણ રાગ-દ્વેષ-અજ્ઞાનતાના કારણે જન્મ-જીવન-મરણના બંધનો ઉત્પન્ન કરીને, જાતે જ તેમાં સપડાય છે. પુષ્કળ દુઃખો પામે છે.

અસત્ય તરફનો જીવાત્માનો આ જે ઝોક છે, તે જ મિથ્યાત્વ છે. અસત્યને સત્ય જ માનવું, ખોટાને સાચું જ માનવું, સત્યને અસત્ય ન માનવું, સાચાને ખોટું જ માનવું તે મિથ્યાત્વ છે.

જીવાત્માઓમાં જ્યારે અસત્યનો કારમો પક્ષપાત હોય છે એટલે કે સત્યના પક્ષપાતનો અભાવ હોય છે. ત્યારે તે આત્મા ઢગલાબંધ કાર્મણ રજકણોને ચોંટાડે છે. આમ, આ સત્યના પક્ષપાતના અભાવરૂપ મિથ્યાત્વ કર્મોનું પ્રવેશદ્વાર બને છે.

જો સાત્વિક સુખને પામવું હોય તો તેનો ઉપાય સત્ત્યનો પક્ષપાત છે. અસત્યના પક્ષપાતનો સંપૂર્ણ અભાવ છે. ટૂંકમાં સમ્યક્ત્વ (સત્યનો પક્ષપાત - અસત્યના પક્ષપાતનો અભાવ) એ આત્મિક સુખનું કારણ છે તો મિથ્યાત્વ (અસત્યનો પક્ષપાત-

સત્યના પક્ષપાતનો અભાવ) કર્મોનું પ્રવેશદ્વાર છે, જે અનંતાકર્મોને આત્મામાં લાવી લાવીને તેને સાચું સુખ પામતો અટકાવે છે.

પક્ષપાત એટલે પક્ષપાત. સત્યનો પક્ષપાત એટલે સત્યનો સત્ય તરીકે સ્વીકાર અસત્યનો અસત્ય તરીકેનો સ્વીકાર. કદાચ તેવું આચરણ તેનામાં ન પણ હોય. અર્થાત્ સત્યનું આચરણ ન હોય, અસત્યનો ત્યાગ જીવનમાંથી ન પણ થયો હોય છતાંય જો સત્યનો પક્ષપાત આત્મામાં આવી જાય તો તે આત્માનું મિથ્યાત્વ નામનું પહેલું બાકોરું બંધ થઈ ગયું ગણાય. તે આત્મા મિથ્યાત્વી મટી સમ્યક્ત્વી બન્યો ગણાય. સત્યનું આચરણ તો જીવન સાથે, શરીર સાથે સંબંધ ધરાવે છે, જ્યારે સત્યનો પક્ષપાત એ હૃદય સાથે, મન સાથે સંબંધ ધરાવે છે.

પરંતુ જેના જીવનમાં હજુ સત્યનું આચરણ થતું નથી અરે ! હૃદયથી સ ત્યનો સ્વીકાર કરવાની પણ જેની તૈયારી નથી, તે આત્મા પ્રત્યેક સમયે પુષ્કળ પ્રમાણમાં કર્મોના ઢગલે ઢગલાને પ્રવેશ આપે છે.

પરંતુ જ્યારે તે આત્માને સદ્ગુરુનો સંગ થાય છે. તેનો કાળ પાકે છે. સદ્ગુરુની વાતોને જ્યારે તે શાંતિથી સાંભળે છે. તેની ઉપર વિચારણા કરવા તૈયાર થાય છે ત્યારે તેને સત્ય-અસત્ય વચ્ચેનો ભેદ પરખાય છે. તેનું હૃદય હલબલી ઊઠે છે. અંદર પશ્ચાત્તાપ પેદા થાય છે. તેના આંતરચક્ષુ ઉઘડી જાય છે. અસત્ય પ્રત્યેનો જે કટ્ટર પક્ષપાત હતો, તે ઢીલો પડે છે. ધીમે ધીમે સંપૂર્ણ નાબૂદ થાય છે. સત્ય પ્રત્યેનો પક્ષપાત પેદા થાય છે. તેનું હૃદય શુદ્ધ થાય છે. હૃદયપરિવર્તન પામેલો તે આત્મા હવે સમકિતી કહેવાય છે. અસત્યના પક્ષપાત રૂપી મિથ્યાત્વ દૂર થયું હોવાથી કર્મોના પ્રવેશનું પહેલું બાકોરું બંધ થાય છે. તે બાકોરા દ્વારા પ્રવેશ કરતી કાર્મણ રજકણો હવે અંદર આવતી અટકી જાય છે.

## ૩ કર્મોનું બીજું પ્રવેશદ્વાર - અવિરતિ

પ્રથમ બાકોરું બંધ થવા છતાંય બીજું અવિરતિ નામનું પ્રવેશદ્વાર તો ખુલ્લું જ છે. તેના દ્વારા તો પુષ્કળ કાર્મણ રજકણો પ્રવેશી જ રહી છે. હાલ તો હૃદયપરિવર્તન થયું છે. સત્યનો કટ્ટર પક્ષપાત પેદા થયો છે. સત્યનું આચરણ નથી આવ્યું. જીવનપરિવર્તન નથી થયું. જ્યારે જીવનનું પણ પરિવર્તન થાય, અસત્ય આચરણ દૂર થાય, સત્યનું આચરણ શરૂ થાય ત્યારે બીજા નંબરનું અવિરતિ નામનું પ્રવેશદ્વાર પણ બંધ થાય.

જેનું હૃદયપરિવર્તન થાય તેનું જ જીવનનું સાચું પરિવર્તન થાય. હૃદયપરિવર્તન વિનાનું જીવનપરિવર્તન અશક્ય છે. આ સાચું જીવનપરિવર્તન કરવું હોય તો હૃદયપરિવર્તન અનિવાર્ય છે. એટલે જે જીવાત્મા સત્યનો કટ્ટર પક્ષપાતી બને છે, તેનું હૃદય પરિવર્તન તો થયું, એટલે વહેલામાં વહેલી તકે એની અસર એના જીવન ઉપર પડે છે. એનું જીવન પણ ધીમે ધીમે અસત્યના આચરણથી મુક્ત થતું જાય છે. છેવટે જીવન પણ સત્યમય (સમ્યગ્દર્શન + વિરતિમય) બની રહે છે.

હૃદય પરિવર્તન પછી જીવન-પરિવર્તન તો ઝપાટાબંધ થવા લાગે જ.

પરંતુ મિત્રો ! ક્યારેક એવું પણ બને છે કે હૃદય પરિવર્તન થઈ જાય અને જીવન-પરિવર્તન થયેલું જોવા ન મળે. કેટલાક સંયોગો, કેટલાક સંસ્કારો જીવાત્માનું જીવન-પરિવર્તન શક્ય બનવા દેતા નથી. સત્યનો કટ્ટર પક્ષપાત હૃદયમાં જીવંત બની જવા છતાં આચરણમાં સત્ય ઉતારી શકાતું નથી.

આ એક ખૂબ જ અસહ્ય સ્થિતિ છે. જે જીવાત્માઓ હૃદય અને જીવનની આવી વિસંવાદિતામાં ફસડાય છે તેઓ જીવલેણ મનોવ્યથાનો ભોગ બને છે. સત્યનો પ્રેમ જાગે અને સત્યનું જીવન ન જામે એ ખૂબ દુઃખદ સ્થિતિ બની રહે છે.

પાણી વિના માછલી તરફડે તેમ એ જીવાત્માઓ સત્યના આચરણના અભાવે તરફડતા હોય છે.

તમને એક વાત કહું. એક માણસ છે. ત્રીસ વર્ષની ઉંમરથી રોજ પચાસ સિગારેટ ફૂંકે છે. એંસી વર્ષની બુઝર્ગ વયે એને કોઈ ડૉક્ટર મળે છે. સિગારેટની ભયાનકતા એના હૃદયમાં ઠસાવી દે છે. ભાવીમાં કેન્સરનો ભયાનક રોગ થવાની આગાહી કરે છે. પેલા માણસને આ વાત હૃદયમાં બરાબર જચી જાય છે. પણ અફસોસ કે એ

સિગારેટ છોડી શકતો નથી. કેમ કે વર્ષોની કુટેવનાં સંસ્કારનાં મૂળિયાં ખૂબ જ ઊંડા ઊતરી ગયાં છે. શારીરિક સંયોગો પણ એવા બની ગયા છે કે જો સિગારેટ ન પીએ તો તેનું માથું જ ઘૂમવા લાગે અથવા તો મળશુદ્ધિ થાય જ નહિ.

હવે શું થાય ? આવો માણસ સિગારેટ પીધા વિના રહી શકતો નથી. આંખ સામે કેન્સરનો જીવલેણ વ્યાધિ રમી રહ્યો છે. શારીરિક અસ્વસ્થતાની કલ્પનાઓ તેને બેચેન બનાવે છે. એટલે તે પનામાનું બોક્ષ ઘરમાં તો લાવે છે, પણ ધ્રૂજતા હાથે; બોક્ષમાંથી સિગારેટ કાઢે પણ છે, પણ ધ્રૂજતા હાથે; સળગાવીને મોંમાં મૂકે છે, પણ ધ્રૂજતા હાથે; એનું અંતર ફફડે છે; કેન્સરના રોગની આગાહીથી. એની સાંયોગિક લાચારી એને હતાશ બનાવે છે.

મિત્રો, તમે જોયું ને ! હૃદયનું પરિવર્તન થયા પછી પણ આ માણસનું જીવનપરિવર્તન થઈ જતું નથી, તેથી જ આવી પરિસ્થિતિમાં ફસાયેલા માણસની મનોદશા કેટલી બધી દુઃખદ બને છે તે જુઓ.

સિગારેટ નહિ પીવાના સત્યનો તે કટ્ટર પક્ષપાતી બન્યો; છતાં એ સત્યને આચરણમાં ઉતારી ન શક્યો !

આ રીતે જે જીવાત્માઓ હૃદયથી સત્યના કટ્ટર પક્ષપાતી બને છે તેમને અસુંદર કાર્મિક અણુઓના મેલા પાણીને ધસીને આવવા માટેનું પહેલા નંબરનું મોટું બાકોરું તો બંધ થઈ જ જાય છે અને તેથી તે જીવાત્માના તળાવમાં તેટલાં ગંદાં પાણી આવતાં ઓછા તો થઈ ગયાં; પછી જો સત્ય આચરણમાં ય ઊતર્યું અને એ રીતે જીવનપરિવર્તન પણ થવા લાગ્યું તો તો ખૂબ મજાની વાત.

પછી તો બીજા નંબરનું જે મોટું બાકોરું છે - જેમાંથી સત્યના આચરણના અભાવને કારણે કાર્મિક અણુનાં ગંદા જળ જીવાત્મા ઉપર ધસ્યાં જ આવે છે - તે ય બંધ થવા લાગ્યું. જેટલા અંશમાં સત્યનું આચરણ તેટલા અંશમાં એ બાકોરું બંધ. જો પૂર્ણ સત્યાચરણ તો પૂર્ણ બંધ.

પણ જે જીવાત્માઓ હૃદયથી સત્યના કટ્ટર પક્ષપાતી બન્યા છતાં જીવનમાં સત્યને ઉતારી શક્યા નહિ એમને માટે તો માત્ર પહેલું જ મોટું બાકોરું બંધ થયું. પરંતુ બીજું તો ઉઘાડું જ રહ્યું.

છતાં હૃદય અને જીવન વચ્ચેની આવી વિસંવાદિતા લાંબો સમય ટકતી નથી. જેમ બને તેમ જલદીથી એવો સમય આવી જ લાગે છે કે જ્યારે હૃદયમાં ઊતરેલું સત્ય જીવનમાં પણ ઊતરી જાય છે.

કારણ કે હૃદય પરિવર્તન થવાથી તે આત્મા જાગી ગયો હોય છે. પોતાનાં

પાપો બદલ પશ્ચાત્તાપ કરતો હોય છે. તેવા આત્માને સમ્યગ્દ્રષ્ટિ કહેવાય છે. પરમાત્મા પાસે તે નીચેના શબ્દોમાં પોતાની મનોવ્યથા પ્રગટ કરતો હોય છે.

## જાગેલા આત્માની મનોવ્યથા

હું આ જગતમાં જન્મ્યો અને ૭-૮ વર્ષ જીવ્યો એટલું જ મારું જીવન માફ ! એ આઠ વર્ષમાં મેં કોઈ કાળું કામ કર્યું નથી. કાલિમાને હું સમજ્યો પણ નથી. નિર્દોષ ખિલખિલાટ કરતું એ બાળ-કુસુમ હતું. પાપ શું વસ્તુ છે ? એની એને ગંધ પણ ન હતી.

લાડકોડે જ હું મોટો થતો ગયો. બેશક, માતાપિતાના લાડકોડ નિર્ભેળ હતા; પરંતુ એ લાડકોડમાં જ મારા જીવનની હારાકીરી કરવાનાં બીજ નંખાયાં.

મને કપડાંની અદ્યતન ટાપટીપથી સજાવવામાં આવતો; ખાનપાનની સ્વાદિષ્ટ સામગ્રીઓના ખડકલામાં દાટી દેવામાં આવતો. રમત-ગમતની તમામ સામગ્રીઓ મારી સામે ખડકાતી હતી. આથી જ મારું નાનકડું મિત્રમંડળ ઊભું થયું.

૯-૧૦ વર્ષની ઉંમર થતાં હું સિનેમાની લતે ચડ્યો. મિત્રોના સંગે હું બરાબર ઝડપાતો ગયો અને...અહીંથી જ મારા અધઃપતનની શરૂઆત થઈ. હું સાવ સ્વચ્છંદી બન્યો; ઉદ્ધત થયો, નપાવટ થયો. અને....એક દિવસ એક દુષ્ટ મિત્રે મારા જીવનને કલંકિત કર્યું.

પછી તો એ વિષયમાં કોડ અને કુતૂહલ વધતાં ગયાં અને હું ભોગના તે કાદવમાં ઊંડે ને ઊંડે ગરકાતો ચાલ્યો. વય ધીમે ધીમે વધવા લાગી, પણ મારું પતન રૉકેટ વેગે થવા લાગ્યું.

દુષ્ટ મિત્રો, પ્રણયકથાઓ, સિનેમાઓ અને સહશિક્ષણે મારા જીવન ઉપર ફરી વળવા માટે સ્ટીમ-રોલરનું કામ કર્યું. નિર્દોષ અને પવિત્ર જીવનના ફુરચેફુરચા ઉડાવી દીધા.

બસ...પછી તો મોક્ષના આદર્શ વિનાનો, સદ્ગતિની ચિંતા વિનાનો; જીવનમાં અશાન્ત બન્યો. વાસનાઓની ચળ ફાટી નીકળી; આગ ભભૂકી ઊઠી.

હું વ્યવહારે કદી સારો ન રહ્યો; મારી આંખ સદાય વિકારોથી તગતગતી ! મારું હૈયું સદાય વાસનાઓથી ખદબદતું ! મારા હાથ સદાય જાતીય પાપે ખરડાયેલા !

હે ભગવાન ! જેણે આત્માને જ જાણ્યો ન હોય એની તો બીજી શી દશા થાય ? મેં આત્મા જેવી વસ્તુ જ કાને સાંભળી ન હતી. પછી જડનો રાગ; જડની ભક્તિ; જડની મૈત્રી સિવાય મારી પાસે બીજું શું શેષમાં રહી શકે વારુ ?

કર્ણપ્રિય સંગીતનું શ્રવણ, સુગંધીદાર દ્રવ્યોનું સેવન, ચટાકેદાર ખાદ્યપદાર્થોનું ભક્ષણ વગેરેમાં કોઈને પાપ લાગતું નથી, તેથી જ સહુ હળીમળીને આ સુઘડ અને સુધરેલાં અમાપ-પાપનું સેવન કરતા રહે છે અને એ રીતે દમિત વાસનાઓથી ચળને શાન્ત કરવાનો મિથ્યા યત્ન કરતા હોય છે. મારા જીવનમાં પણ એવું જ બન્યું. સિનેમા અને હૉટેલોના પગથિયે હું ખૂબ ચડ્યો....મેં પગથિયાં ઘસી નાખ્યાં.

કોના નામે ? ક્યા કામ ?

કોની વાતો ? કઈ વાત ?

મારા જીવનનો પ્રત્યેક ખંડ પાપની વિષ્ઠાએ ખરડાયો; ભરાયો...અને અંતે ઊભરાઈ ગયો.

રૂપે જ હું રૂપાળો રહ્યો અને એ રૂપે જ મને કુરૂપ બનાવ્યો.

નારીનાં મેં રૂપ જ જોયાં, માટે હું કુરૂપ બન્યો. જો મેં એ રૂપ નીચે છૂપાયેલી માંસ, વિષ્ઠા અને મૂત્રાદિની કુરૂપતાઓને પ્રીછી લીધી હોત તો મારી આ કુરૂપતા મને કદી જોવા તો ન મળત, પણ મારા બાહ્ય અને આંતર રૂપમાં અનુપમ લાવણ્યની પૂરબહાર ખીલી ઊઠી હોત.

આજે તો પફ-પાઉડરે દાબી છે, મેં મારા અબ્રહ્મચારી અંગમાંથી વછૂટતી બદબૂઓ !

ભાતભાતના 'મેક-અપ'થી અને જાતજાતનાં વસ્ત્રોથી ઢાંક્યાં છે તન-બદનમાં બીભત્સ અંગો !

મારી વાક્છટાઓએ અને મારાં કૃત્રિમ હાસ્યો, લાસ્યો અને તરંગી સ્વપ્નોએ મારી ભીતરની નિસ્તેજતાઓ અને નિર્માલ્યતાઓને છુપાવી રાખી છે.

માતેલો ઉન્માદી આખલો ય મારી ઉન્માદ દશા પાસે બિચારો હતો !

કૃપાલો ! આમ આંતર-જીવનથી હું મરતો ગયો; અને અનેકોને મારતો ગયો. અનેકોનાં શીલ અને સૌભાગ્યોને પણ ચૂંથતો ગયો.

ઓ અશરણશરણ ! હું રૂપની આગનો પતંગ બન્યો, એ આગમાં પડીને ભડથું થતો જ રહ્યો.

ઓ ભગવાન્ ! કેન્સરનાં દર્દીની જેમ વાસનાઓની પીડાથી મરતાં મેં મારાં શત શત મોત મારી સગી આંખે જોયાં છે અને હાય ! કેવી એ ફસામણો ! કેવી એ રિબામણો ! કેવી એ માનસિક તાણ ! અને કેવી એ વાસનાથી પીડાતી, કણસતી, પડખાં ઘસતી, નીંદ હરામ બનાવતી મારી કંગાળ કાયા !

હાય ! કેવાં કેવાં મેં હુકમો કર્યા !

હું દુકાને ગયો, તો લુંટારું બન્યો. મારી ઇચ્છા પૂર્તિ માટે, મારા પફ-પાઉડર, ટોઈલેટો માટે; મિત્રોની મિજબાનીઓ માટે મારે પુષ્કળ પૈસાની જરૂર તો પડે જ. આથીસ્તો હું વગર બુકાનીવાળો લૂંટારું બન્યો. મારા જ ઘરાકોની મેં લૂંટ ચલાવી. ધોળે દહાડે...ઊભી બજારે...શાહુકારીના નાતે...દંભી લેબાશે.

પણ તોય મારી ધનલાલસા તૃપ્ત ન થઈ. રે ! મારે તો દરેક રાતે ૧૦૦-૧૦૦ની એક નોટ પણ ઓછી પડતી. કેમકે મારા રાજશાહી ખર્ચાઓને પૂરાં પાડવાં માટે અંધ બન્યો હતો; બુદ્ધિથી ભ્રષ્ટ થયો હતો; પછી લૂંટ ચલાવીને ધનનાં ઢગલાં કરું તેમાં શી નવાઈ ?

પણ વેપારી લૂંટ – મારી ઇચ્છાપૂર્તિ માટે ક્યારેય પર્યાપ્ત ન હતી.

એવામાં કોકે મને એક દેવમંદિર બતાવ્યું; માનવતાનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું; અને...અને...ઓ મારા નાથ ! મેં એ મંદિરમાં પગ મૂક્યો. હું માગણીઓ બન્યો. મેં વાસનાનાં સાધનો માગ્યાં; ધન માગ્યું; આંકડા માગ્યાં; લૉટરીની ટિકિટોના નંબરો માગ્યાં....માગણીઓ બનીને મેં...અને મારા જેવા લાખોએ-ન જાણે કેટલાંય ધર્મસ્થાનો અભડાવ્યાં.

હું આટલેથી જ ન અટક્યો. એક દિ'કોકે મને ધર્મગુરુઓ બતાવ્યા અને મેં દોટ મૂકી. મે એમના ચરણની રજ લીધી, મેં એમની ભક્તિઓ કરી; એટલે એમાંના કોક રીઝ્યા...મને એક દોરો બાંધી-આપ્યો; કોકે તાવીજ કરી આપ્યું; કોકે પાણી પાયું; કોકે મંત્ર દીધો.

હુંય આ બધું ઊંધું ઘાલીને કરવા માંડ્યો, પણ અક્કર્મીના પડિયાં જ કાણા હોય ત્યાં શું થાય ?

પુણ્યે તો હું પરવારી ગયો હતો ! પાણી જ ન હોય પાતાળમાં, પછી ટ્યૂબવેલ કરવાથી શું વળે ?

ઓ, જગદીશ ? જન્મતાં મળેલી જીવનની આ ચાદર મેં કાળીમેંશ કરી ! રસોડાના મસોતા કરતાં ય કાળી ! અમાસની માઝમ રાતથી ય કાળી !

પ્રશસ્ત અને અપ્રશસ્ત, વચ્ચેની લક્ષ્મણરેખા મેં કદી જોઈ નથી. એ જોતાં મને કદી આવડ્યું નથી, એટલે સારા ગણાતા સંબંધો ખરેખર સારાં હતાં, તેને દુષિત ભાવનાથી સ્પર્શ કર્યો અને અંતે એ ખરાબથી પણ ખરાબ બન્યા; બેય પક્ષનાં જીવન બરબાદ થયાં !

અહા ! કેટકેટલાનાં જીવન મેં બરબાદ કર્યાં હશે ? કેટલાંને મેં ભોળવ્યાં હશે ? કેટલાંને મેં લાલચો આપીને ફસાવ્યાં હશે ? ખરેખર ! મારા અંતરથી હું કદી કોઈનો ભાઈ બન્યો જ નથી ! કદી મેં કોઈને મારી ખરી બહેન બનાવી જ નથી. હું દેખાવમાં

સાવ જુદો જ રહ્યો છું, અને હકીકતમાં સાવ જુદો જ છું.

દંભની કળા મેં એટલી બધી આત્મસાત્ કરી લીધી છે કે હજી આજ સુધી પણ મને કોઈ પકડી શક્યું નથી.

જો ક્યારેક પણ ઉઘાડાં પડી જાય મારાં પાપ, તો એક જ પળમાં આ સમાજમાંથી હું સાફ થઈ જાઉં.

એ તો મહતી કૃપા છે પાપકર્મની; કે પાપકર્મો ઉદયમાં આવે તોય ઝટ-પાપ કરતાંની સાથે જ ઉદયમાં આવતાં નથી; અને જ્યારે પણ ઉદયમાં આવે ત્યારે લલાટ ઉપર એની ભૂતકાલીન એ પાપકથા લખાતી નથી. જો તેમ થતું હોત તો આખું જગત એકબીજાને ફિટકારતું હોત, થૂંકતું હોત, ધિક્કારતું હોત.

ઓ અવિનાશી દેવ ! મને પેલી કાવ્યપંક્તિ મારા જ માટે કવિએ ન બનાવી હોય તેમ લાગે છે, ''મો સમ કૌન કુટિલ ખલ કામી, જીસને યહી તનુ દીઓ, તાહી બિસરાયો; એસો નિમકહરામી....મો સમ-''

ઓ, જગદંબા ! મારા જીવનમાં હંમેશ ખેલાતી હોળીએ મારા તન-મનની તાકાતો ઉપર ચારે બાજુથી ભરડો લીધો અને તમામ શારીરિક શક્તિઓ નષ્ટ કરી નાંખી. પૌષ્ટિક તત્ત્વો, કાયાકલ્પ વગેરે ઔષધની જાહેરાતોનાં પ્રલોભનોના કાવાદાવામાં તો હું પૂરેપૂરો ખૂંપી ગયો. સેંકડો રૂપિયાથી નિચોવાયો. અને તો ય...મારું આરોગ્ય હું કદી પાછું મેળવી શક્યો નથી. ઉલટું એ દિન-પ્રતિદિન ઘસાતું ચાલ્યું છે. અકાળે ઘડપણ મને જણાય છે, થોડુંક ચાલુ ત્યારે હું હાંફી જાઉં છું; શરીરમાં લોહી સાફ થઈ ગયું છે. ઓજ અને તેજની તો મારા મોં ઉપર શક્યતા જ હસી નાખવા જેવી છે. બુદ્ધિ-શક્તિ નષ્ટપ્રાયઃ થઈ છે, વિચારશક્તિ રહી નથી. યાદશક્તિ સંપૂર્ણપણે ખતમ થઈ છે.

માનસિક સત્ત્વો નષ્ટ થયાં છે. 'જેના જીવનમાં અબ્રહ્મની આંધી જાગે તેની વાણી સહુને અપ્રિય બને, એનું ઇચ્છિત કદી ફળે નહિ' - એવી અગમવાણીને મારા જીવનમાં સંપૂર્ણપણે યથાર્થ થતી મેં અનુભવી છે.

હા, મારા પાપે મારી સાથે ઘરનાં બધાં માણસો જંગે ચડ્યાં છે. મારી સાચી પણ વાતો ક્લેશ અને કંકાસનું કારણ બની જાય છે. હા; મારે હવે કોઈ બચાવ કરવા નથી. કેમકે આ મારા જ ભૂતકાળનાં પાપોનું ફળ છે. મારા જ દુરાચારી જીવનની એ સજાઓ છે. એને તો મારે વેઠવી જ રહી. પણ ક્યારેક હિંમત હારી જાઉં છું. બા, બાપુજી, નાનકડો ભાઈ, બધાય મારી સામે એક થઈને લડે છે ત્યારે એમ થઈ જાય છે કે આ 'ધીકતી ધરા'ની સ્થિતિ ક્યાં સુધી બરદાસ્ત કરવી ? સહનશક્તિની પણ મર્યાદા તો હોય જ ને ?

પણ 'સેંકડો' વાર અબ્રહ્મના અનાચારોના સેવનારને હવે સહન કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ શેષ રહેતો નથી...આ પરમ સત્ય મારે સ્વીકારવું જ રહ્યું.

ઓ મા ! જગદંબા ! આ તો મેં મારા કાજળકાળા ભૂતકાળની વાત કરી. તું સર્વજ્ઞ છે. સર્વદર્શી છે. મારા જીવનની રજેરજ તારી જ્ઞાનજ્યોતિની બહાર નથી એટલે હવે વધુ જણાવતો નથી.

હવે હું મુખ્ય વાત ઉપર આવું છું.

મારાં જ પાપોએ મારું જીવન દુઃખોથી ઘેરાઈ ચૂક્યું છે. હું આધિ (માનસિક ચિંતાઓ), વ્યાધિ અને ઉપાધિથી ગ્રસ્ત છું; સંસારના સ્વાર્થ-ચકચૂર સ્વજનો અને સ્નેહી (!) જનોના તાપ અને સંતાપથી બળું બળું થઈ રહ્યો છું. ચોફેરથી ધિક્કાર, તિરસ્કારની લાગણીઓનો ભોગ બન્યો છું. બધેથી જાકારો પામ્યો છું.

પણ...પણ આ લોકનાં આ બધાંય મારા દુઃખોને રડવા માટે હું તારી પાસે આવ્યો નથી. આ દુઃખોને તો હું માંગી-ભીખીને મેળવેલાં જુગજૂનાં પુણ્યો વેચી ખાઈને પણ ભગાડી મૂકીશ; અને કદાચ એ દુઃખો નહિ ભાગે અને મારા જીવનની ધરતી ઉપર ડેરા-તંબૂ નાખીને પડ્યાં જ રહેશે તોય મને તેની ચિંતા નથી; લગીરે વ્યથા નથી, કેમ કે હવે તો હું બરોબર સમજ્યો છું કે પાપીને એના પાપનું ફળ મળવું જ જોઈએ. સજા ન કરે તો પણ એણે જાતે ફાંસીના માંચડે ચડી જવું જોઈએ. જાતને બગાડનાર, અને અનેકોને પાપના ચેપ (વાયરસ) ફેલાવીને બગાડનાર મારા જેવા પાપાત્મા માટે તો કોઈ પણ સજા અપૂરતી જ છે. મારે મરતાં રિબાવું પડે કે પરલોકમાં નરકમાં 'ત્રાહિ-મામ્' પોકારી દેવું પડે : એકવાર...શતશત વાર...તોય તેની મને ચિંતા નથી.

જેણે ઘર આંગણે બાવળિયાનાં બી વાવ્યાં એણે તો કાંટા જ જોવા પડે, રડીનેય એનો કોઈ આરોવારો નહિ.

એટલે જ હું મારા પાપે પ્રગટેલી દુઃખોની હુતાશનીને ઠારવાની વાત કરવા આવ્યો જ નથી.

પણ ઓ અશરણોના શરણ ! ઓ અનાથોના નાથ ! ઓ નોંધારાના આધાર ! ઓ પતિતપાવન ! ઓ મારી વહાલી મા ! જગદંબા ! મારી પાપિષ્ટ વાસનાઓની હુતાશનીને તું ઠારી નાખ....તું જલદી ઠારી નાખ."

પરમાત્માની પાસે વારંવાર પોતાના પાપો બદલ રડતાં આવા આત્મામાં એકવાર જીવન પરિવર્તન આવી જતાં તેઓ સાધુ બની જાય છે. અને ત્યારે અવિરતિ રૂપ કાર્મણ રજકણોને આવવાનું બીજું બાકોરું પણ બંધ થાય છે.

ક્યારેક સંપૂર્ણ જીવનપરિવર્તન ન થાય ત્યારે પણ તે યથાશક્તિ જીવનપરિવર્તન લાવે જ છે. અને ત્યારે તેનું આ બાકોરું થોડા અંશમાં બંધ થયું હોવાથી શાસ્ત્રીય ભાષામાં તે જીવને દેશવિરતિધર (શ્રાવક) કહેવાય છે.

આમ, હૃદયપરિવર્તન થતાં મિથ્યાત્ત્વ રૂપ પહેલું બાકોરું બંધ થાય અને જીવ સમ્યગ્દ્રષ્ટિ (જૈન) બને.

સંપૂર્ણ હૃદય પરિવર્તન થવા સાથે થોડુંક જીવનપરિવર્તન થતાં પહેલું બાકોરું બંધ થાય તથા બીજું બાકોરું થોડું બંધ થાય. ત્યારે તે જીવ દેશવિરતિધર (શ્રાવક) બને.

જયારે સંપૂર્ણ હૃદયપરિવર્તન સાથે સંપૂર્ણ જીવનપરિવર્તન પણ થાય ત્યારે કાર્મણ રજકણોને આવવાના મિથ્યાત્વ અને અવિરતિ રૂપ બંને બાકોરા બંધ થતાં તે જીવ સર્વવિરતિધર (સાધુ) બને.

બંને બાકોરા સંપૂર્ણ બંધ થવા છતાં ય બાકીના બે બાકોરા ખુલ્લા છે. તેના દ્વારા હજુ ય કર્મો તો આવ્યા કરે છે. તેથી માત્ર સાધુ બનવાથી ન ચાલે. સાધુ બન્યા પછી પણ ખુલ્લા રહેલા બે બાકોરાને બંધ કરવાની સાધના કરવી જોઈએ. જયારે બાકીના તે બંને બાકોરા બંધ થાય ત્યારે કર્મો આવતાં બંધ થાય, આત્મા પરમાત્મા બને, મોક્ષમાં કાયમ માટે આત્મરમણતાના આનંદમાં મસ્ત રહે.

## ૪ કર્મોનું ત્રીજું પ્રવેશદ્વાર : કષાય

હવે ત્રીજું કારણ જોઈએ. એ છે જીવાત્મામાં જાગતા કેટલાક અતંદુરસ્ત ખળભળાટો. જેને શાસ્ત્રીય ભાષામાં કષાય કહેવાય છે.

તપ-ત્યાગની ભવ્યતમ સાધનાથી જે જીવાત્માઓ સજ્જ બન્યા નથી, તે તમામ જીવાત્માઓમાં કેટલાક અતંદુરસ્ત ખળભળાટો સતત ઉત્પન્ન થતા જ રહે છે. કેટલીકવાર આ કષાય રૂપી સંઘર્ષો ઉગ્ર સ્વરૂપમાં દેખાઈ જાય છે, બાકી સામાન્ય રીતે મંદ સ્વરૂપે તો હંમેશ હોય છે.

જેણે સંસારનો ત્યાગ કર્યો છે તેવા સંતો કે જેઓ હજી તપ-ત્યાગની પ્રાથમિક કે માધ્યમિક કક્ષામાંથી પસાર થઈ રહ્યા છે, તેમનામાંય આવા કષાય રૂપી સંઘર્ષો સતત ચાલતા હોય છે.

ભગવાન જિને આ કષાય રૂપી સંઘર્ષના ચાર પ્રકાર બતાવ્યા છે : ૧. ક્રોધનો ધમધમાટ, ૨. અહંકાર (માન)ના ફૂંફાડા. ૩. દંભ (માયા)ના પ્રપંચો; અને (૪) સત્તા, સંપત્તિ, સુન્દરી, શરીર વગેરે ઉપરની આસક્તિ (લોભ).

આ ચારેય ખળભળાટો ભયંકરમાં ભયંકર ડાકુમાં હોય છે, બહુ સુખી શ્રીમંતોમાં હોય છે, અત્યન્ત બુદ્ધિમાન ગણાતા માનવોમાં હોય છે, સત્તાના સ્વામીઓમાં હોય છે, એક નાનકડી કીડીમાં ય હોય છે અને સંતોની દુનિયામાં પણ અમુક કક્ષા સુધી હોય છે !

### (૧) ક્રોધ

સંતોમાં ય અણગમતું થતાં ક્રોધની પાતળી લાગણી, વિદ્વત્તાનું કે તપ-ત્યાગનું સાધારણ અભિમાન, અત્યંત ઉન્નત આધ્યાત્મિક અવસ્થા ન પામ્યા છતાં તેવું બતાડવાની લાગણી (માયા) કે શરીર, ભક્તો વગેરેનો મમત્વ ભાવ (લોભ) હોય છે.

જે સંતો બહુ ઊંચી કહી શકાય એવી આધ્યાત્મિક સ્થિતિને પામ્યા હોય તેમનામાં જ આ ખળભળાટોનો અંશ પણ જોવા ન મળે. આ કષાયોનો મંદ સંઘર્ષ પણ ક્યારેક બહુ જ ખતરનાક નીવડતો હોય છે. એમાં જ્યારે ઉગ્રતા આવી જાય છે ત્યારે ઘણી ઉન્નત સ્થિતિ પામેલા સંતને પણ તે એક ક્ષણ નીચે પટકી દે છે.

પરમાત્મા મુનિસુવ્રત સ્વામીજીના એ શિષ્યઃ સ્કદંકસૂરિજી. જબરા જ્ઞાની અને

જબરા પ્રભાવક. પાંચસો શિષ્યોના ગુરુ.

એકદા એવા એક પ્રદેશમાં ચાલ્યા ગયા; જ્યાંનો રાજા જૈનોના ક્રૂર દ્વેષી મંત્રીના કબજામાં હતો. પોતાની રાજ્યહદમાં પાંચસો જૈન સાધુઓના પ્રવેશની વાત જાણીને મંત્રી નખશીખ સળગી ગયો. એક છાકડું ગોઠવીને તેણે તમામ સાધુઓ ઉપર રાજદ્રોહનો આરોપ મૂક્યો. અને તે બદલ તેમને તમામને ઘાણીમાં પીલી નાંખવાની આજ્ઞા ઉપર રાજાની મહોરછાપ લઈ લીધી.

એક પછી એક સાધુને ઘાણીમાં પીલી નાંખવાનું અતિરૌદ્ર કાર્ય શરૂ થયું.

દરેક વડિલની ફરજ છે કે પોતાના આશ્રિતનું કલ્યાણ કરવું. ગુરુ સ્કંદકસૂરિજીને શિષ્યોનાં મરણ સમયે તેમને અપૂર્વ સમાધિમાં લીન રાખવાની પોતાની ફરજ બરાબર ખ્યાલમાં હતી. અને તેથી તેમણે તે ફરજ ૪૯૯ સાધુઓ સુધી તો અતિસુંદર રીતે બજાવી. ના એ કામ એમના માટે અતિમુશ્કેલ હતું. ઘાણીનો પથ્થર ફરતાં જ જ્યાં આખા શરીરનો છૂંદો થઈ જાય; લોહીના તો ફુવારા ઊડે; તમામ હાડકાંની કરચ બની જાય; તેવી શિષ્યની મરણાન્ત સ્થિતિમાં તેના આત્માને પરમાત્માના શરણે મૂકી આપવો; મંત્રી ઉપર લેશ પણ દ્વેષ ન થવા દેવો એ કેટલું બધું કઠણ કામ છે ! પણ સ્કંદકસૂરિજી તો જ્ઞાનનો અગાધ સાગર હતા. મહાન નિર્યામક (સમાધિદાતા) હતા. તેમણે તે બધી શક્તિ કામે લગાડી.

પણ સબૂર....પાંચસોમા નંબરનો જે શિષ્ય હતો, તે બાળ સાધુ હતો. તે આચાર્યશ્રીને ખૂબ જ વ્હાલો હતો. તેના તરફના પ્રેમે આચાર્ય પાસે બોલાવડાવ્યું કે, 'હે મંત્રી ! મને પોતાને પીલી નાંખ્યા બાદ તું આ બાળ સાધુને પીલજે. પણ મંત્રીએ આ વાતનો સ્વીકાર ન કરતાં સૂરિજી આગબબૂલા બની ગયા. પાંચસોમા શિષ્યને સમાધિદાન તો કરી દીધું પણ પોતે અતિક્રોધમાં આવી ગયા. ક્રોધપિશાચ ઘેરો ઘાલે પછી છટકવું ભલભલાને માટે દુષ્કર છે. ગુરુની કૃપા હોય તો જ બચી શકાય. હરિભદ્રસૂરિજી ઉપર પણ જ્યારે આ ક્રોધે હુમલો કરેલો ત્યારે ૧૪૪૪ બૌદ્ધભિક્ષુકને તળી નાંખવાનો વિચાર એકવાર તો તેમને આવી જ ગયેલો. પણ ઉપકારી ગુરુભગવંતે બે ગાથા મોકલી. જેના પ્રભાવે ક્રોધપિશાચના હાથમાંથી તેઓ છટકી શક્યા.

પણ આ સ્કંદકસૂરિજી તો ક્રોધના આવેશમાં ભાન ભૂલ્યા. નિયાણું કરી દીધું. પરિણામે પીલાઈને દેવલોકે જઈને તે રાજા, મંત્રી અને તેની લાખોની રૈયત - તમામને આગ લગાડીને જલાવી દીધા. ત્યારથી તે પ્રદેશનું દંડકારણ્ય નામ પડી ગયું. જ્યાં રામચંદ્રજી વગેરે વનવાસ સમયે પહોંચ્યા હતા.

મિત્રો ! ક્રોધનું ભયંકર સ્વરૂપ નિહાળ્યું ને ! તો આજથી જ આ ક્રોધને દેશવટો

આપવાનો નિર્ણય કરીને ત્રીજા નંબરના બાકોરાને આંશિક બંધ કરવાનો પ્રયત્ન કરજો. નહિ તો કાર્મણ રજકણો રૂપ ગંદુંજળ (પાપ) આવીને આત્મા ઉપર ફરી વળશે.

અહીં ક્યારેક એવું પણ બને છે કે આ ત્રીજા કષાય નામના બાકોરામાંથી કેટલીકવાર નિર્મળ જળ (પુણ્ય) પણ પેસી જાય છે ખરું. કેમકે કેટલીકવાર ક્રોધ વગેરેના ખળભળાટો (કષાયો) સુંદર પરિણામ લાવવા માટે જાણીબુઝીને દેખાડવા પડતાં હોય છે જેમકે વિદ્યાર્થીની આળસ ઊડાડવા સદ્ગુરુ તરફથી માત્ર દેખાડવામાં આવતો ક્રોધ !

દુષ્ટોનું દમન કરવા માટે, ધર્મની રક્ષા કરવા માટે છેવટે સંસાર ત્યાગી મુનિને પણ ક્રોધ કરવો પડે છે. સાધ્વીજી સરસ્વતીશ્રીની રક્ષા માટે કાલકાચાર્યે યુદ્ધ લઈને આવવું પડ્યું હતું. પેલા વિષ્ણુકુમાર મુનિએ પણ ધર્મરક્ષા માટે ક્રોધ કરવો પડ્યો હતો. પ્રસંગ આ પ્રમાણે હતો :

હસ્તિનાપુર નામની એ નગરી હતી. પદ્મોત્તર નામનો ત્યાં રાજા હતો. તેને બે પુત્રો હતા : વિષ્ણુકુમાર તથા મહાપદ્મકુમાર. જૈનધર્મના કટ્ટર દ્વેષી માણસ નમુચીએ મહાપદ્મકુમારના કટ્ટર શત્રુ સિંહબળ રાજાને જોરદાર પરાજય અપાવવામાં ભારે મદદ કરવાથી તે (નમુચિ) મહાપદ્મકુમારનો જિગરી મિત્ર બન્યો. હસ્તિનાપુરના રાજા પદ્મોત્તર તથા મોટાભાઈ વિષ્ણુકુમારે દીક્ષાનો સ્વીકાર કરતાં મહાપદ્મકુમાર રાજા બન્યો. તે વખતે તેણે પેલા જિગરી - અને ભીતરમાં જૈનધર્મ દ્વેષી - નમુચિને પોતાનો મહામંત્રી બનાવ્યો.

આ બાજુ મહાપદ્મ રાજાના સગા મોટાભાઈ વિષ્ણુકુમારે મુનિ બનીને ઘોર તપશ્ચર્યાનો માર્ગ પકડી લીધો. તેથી તેમને અઢળક લબ્ધિઓ પ્રાપ્ત થઈ. તેમાં તેમને આકાશગામિની લબ્ધિ પણ પ્રાપ્ત થઈ હતી. આ લબ્ધિના બળે તેઓ મેરુ પર્વત ઉપર જતા અને ત્યાંના પરમાત્માઓના દર્શન વંદનાદિ કરીને મુનિજીવનને ધન્ય બનાવતા.

એક વખત સુવ્રત નામના જૈનાચાર્ય હસ્તિનાપુર પધાર્યા. રાજા મહાપદ્મ જિનધર્મનો ખૂબ રાગી છે એવી ખ્યાતિથી જ આ જૈનાચાર્ય તેની નગરીમાં પધાર્યા હતા.

દુર્ભાગ્યે નમુચિને ભુતકાળમાં આ જૈનાચાર્ય સાથે વાદ થયો હતો; જેમાં તે હારી ગયો હતો. આ જ જૈનચાર્ય પોતાની નગરીમાં આવ્યાનું તેને જાણવા મળતાં પરાજયનો બદલો લેવાનું તેણે નક્કી કરી લીધું.

નમુચિ મંત્રીએ નગરીની પ્રજા ઉપર તો કબજો મેળવ્યો હતો, પરંતુ રાજા મહાપદ્મ

પણ તેના કબજામાં હતા. નમુચિની વિરુદ્ધમાં તે કાંઈ કરી શકે તેમ ન હતા.

હસ્તિપુરમાં ચાતુર્માસ કરવા માટે પધારેલા જૈનાચાર્યને તાત્કાલિક નગર છોડી જવાનો હુકમ ફરમાવ્યો. જૈનાચાર્યે ચાલુ ચાતુર્માસમાં વિહાર કરવાની અશક્યતા જણાવી એટલે નમુચિ વધુ ઉશ્કેરાયો. તેણે "સાત દિવસમાં નગરીત્યાગ કરો નહિ તો પ્રાણ ત્યાગ કરવા તૈયાર થઈ જાઓ" તેમ જણાવ્યું. મૂંઝવણમાં માર્ગ કાઢવા માટે સુવ્રતાચાર્યે લબ્ધિસંપન્ન મુનિને મેરુપર્વત ઉપર સાધના કરી રહેલા વિષ્ણુકુમાર મુનિ પાસે મોકલ્યા.

ચાલુ ચાતુર્માસે દૂરથી આવતા મુનિને જોતાં જ વિષ્ણુકુમાર મુનિને ખ્યાલ આવી ગયો કે જૈનસંઘ કે તેના શ્રમણસંઘ ઉપર કોઈ મોટી આફત આવી હોય ત્યારે જ આ રીતે ચાલુ ચાતુર્માસમાં કોઈ મુનિને મારી પાસે મોકલવામાં આવ્યા હોય.

મુનિ આવ્યા. બધી વાત જાણીને વિષ્ણુકુમાર તરત જ હસ્તિનાપુર જવાને તૈયાર થઈ ગયા. સ્વની સાધના કરતાં સંઘરક્ષા એ ઘણી મોટી સાધના છે એવાં શાસ્ત્રવચનનો તેમણે આદર કર્યો. આકાશગામિની લબ્ધિ વડે હસ્તિનાપુર પહોંચીને તેઓ નમુચિ મંત્રી પાસે ગયા. નમુચિને તેમણે પૂછ્યું, 'આ બધા મહાત્માઓને તેં સાત દિવસમાં નગરત્યાગ કરવાનું કહ્યું પણ તેઓ ક્યાં જાય ? તું મને ત્રણ ડગલાં જેટલી જગ્યા આપીશ કે નહિ ?' નમુચિએ કહ્યું, હા. તમે મહારાજા મહાપદ્મના મોટાભાઈ છો માટે ત્રણ ડગલાં જમીન આપીશ, પણ જો એથી વધુ જમીન લીધી તો ધડ ઉપરથી માથું ઉતારી લઈશ."

સમતાના સરોવરમાં સદા સ્નાન કરતા આ મુનિરાજને નમુચિ ઉપર ક્રોધાયમાન થવા માટે ખૂબ પ્રયત્ન કરવો પડ્યો પણ અંતે સફળતા મળી. તરત જ તેમણે વિરાટકાય શરીર બનાવ્યું. આથી સર્વત્ર હાહાકાર થઈ ગયો. જંબૂદ્વીપના બે છેડા ઉપર તેમણે બે પગ મૂક્યા. નમુચિને જમીન પર પટકીને મુનિએ તેને પૂછ્યું, " બોલ, તું જ કહે. હવે ત્રીજો પગ મારે ક્યાં મૂકવો ? તારી છાતી પર જ મૂકું ને ?" એમ કહીને તેને ચગદી નાંખ્યો.

મુનિવરનો ભયંકર બનેલો અવાજ સાંભળીને મહાપદ્મ રાજા દોડતો ત્યાં આવ્યો. સઘળી વાત જાણીને તેણે મુનિરાજ પાસે ચરણોમાં પડીને માફી માગી. નાલાયક એવા મંત્રીના હાથમાં અગાધ સત્તા સોંપી દેવા બદલ પોતે જ અપરાધી બનેલ છે તેમ કબૂલ કર્યું.

પણ હવે મુનિનો ક્રોધ કેમેય શાન્ત પડતો નથી. છેવટે મુનિના મસ્તક-ભાગ આગળ સ્વર્ગના દેવોએ ક્ષમાની મહાનતાને વર્ણવતાં ગીતો ગાયાં : રાસ લીધા, તે

સાંભળીને મુનિરાજ શાન્ત પડી ગયા. શરીર તેના મૂળ સ્વરૂપમાં લાવી મૂક્યું.

વિષ્ણુકુમાર મુનિનો આ ક્રોધ ધર્મરક્ષા માટે હતો, તેથી સારો હતો.

મહામંત્રી વસ્તુપાળે પણ બાળ સાધુને તમાચો મારનાર રાજાના સાળાના પાંચેય આંગળા ક્યાં નહોતા કપાવ્યા ? આવા કષાયોને પ્રશસ્ત કષાય કહેવાય છે. તે વખતે પણ બાકોરામાંથી કાર્મણ રજકણો તો આવે જ છે. પણ તે પુણ્યકર્મ બને છે, જેનો ઉદય થતાં સુખાદિ પ્રાપ્ત થાય છે.

પરંતુ આવા સારા કહી શકાય તેવા ક્રોધાદિ ખળભળાટો પ્રમાણમાં અત્યલ્પ હોય છે.

જેમ ક્રોધની બાબતમાં આપણે ખરાબ અને સારા ખળભળાટ જોયા તેમ માન-માયા અને લોભની બાબતમાં પણ બંને પ્રકારના ખળભળાટ જોવા મળે છે. જો સારા ખળભળાટ હોય તો તે ક્રોધાદિ પ્રશસ્ત કહેવાય અને તેનાથી શુભકર્મ બંધાય. જો ખરાબ ક્રોધાદિ હોય તો અપ્રશસ્ત કહેવાય. અને તેનાથી આત્મામાં અશુભકર્મો પ્રવેશે. જેના ઉદયમાં દુઃખી થવું પડે.

કાર્મણ રજકણો જે બાકોરાઓ વડે આપણા આત્મામાં પ્રવેશે છે, તે બાકોરાઓની આપણે વિચારણા કરી રહ્યા છીએ.

જેઓ સમ્યગ્દર્શન પામ્યા છે, પરમાત્માની આજ્ઞા પ્રત્યે જેમને ભારોભાર બહુમાન ભાવ પેદા થયો છે, તે બધાને મિથ્યાત્વ નામનું પહેલું બાકોરું બંધ થઈ જાય છે. જેઓ પરમાત્માની આજ્ઞાનું શક્યતઃ પાલન કરવા લાગ્યા છે અને જે પાલન નથી થઈ શકતું તેનો કટ્ટર પક્ષપાત રાખે છે, તેમનું પહેલું મિથ્યાત્વનું બાકોરું તો સંપૂર્ણ બંધ થયું જ છે પણ સાથે સાથે અવિરતિ નામનું બીજું બાકોરું પણ આંશિક (થોડુંક) બંધ થઈ ગયું છે.

જેમણે પરમાત્માની તમામ આજ્ઞાને કટ્ટરતા પૂર્વક માનવાની સાથે જીવનમાં પાલન કરવાનું શરૂ કરી દીધું છે, સંસારના સર્વ પાપોનો ત્યાગ કરી દીધો છે, તેમણે પહેલા બંને બાકોરાને સંપૂર્ણ બંધ કરી દીધા કહેવાય. સાધુ બન્યા એટલે બંને બાકોરા બંધ.

પણ જે ક્રોધ-માન-માયા-લોભ હજુ પણ ચાલુ છે, તે ત્રીજા ખુલ્લા બાકોરાને જણાવે છે. સાધુના જીવનમાં પણ શાસનરક્ષાના પ્રસંગોએ ક્રોધાદિ દેખાય. તે ક્રોધાદિ દ્વારા જે કાર્મણ રજકણો પ્રવેશે તે પુણ્ય બની જાય. તે ક્રોધાદિને પ્રશસ્ત કષાય કહેવાય. પણ જે કષાય કરવાથી પ્રવેશેલી કાર્મણ રજકણો પાપકર્મ બને, તે અપ્રશસ્ત કષાય કહેવાય.

પ્રશસ્ત અને અપ્રશસ્ત ક્રોધની વિચારણા કરી, હવે, બાકીના કષાયો વિચારીએ.

## (૨) માન

જ્યારે શ્રેયાંસકુમારના હાથે થયેલા પ્રભુ આદિનાથના પારણાં ભૂલાઈ જશે, જ્યારે રામ-રાવણનું થયેલું મહાભયંકર યુદ્ધ પણ વિસરાઈ જશે, જ્યારે યુદ્ધના મેદાનમાં શ્રીકૃષ્ણે અર્જુનને આપેલા ગીતા રૂપ બોધ ઉપર વિસ્મૃતિના પડલ છવાઈ જશે, જ્યારે પ્રભુ મહાવીરને ચંદનબાળાએ આપેલા બાકુળાંનાં દાનની વાર્તા યાદ પણ નહિ હોય તે સમયે પણ કામનાં ઘરમાં જઈને કામનું ખૂન કરી નાંખનાર જે સ્થૂલભદ્રજી યાદ રહેશે; તે સ્થૂલભદ્રજી ઉપર પણ આ માનકષાયે પોતાનો કેવો ઝપાટો બતાવી દીધો !

ગુરુ સંભૂતિવિજયની સેવામાં લીન બનીને પુષ્કળ ગુરુકૃપા પ્રાપ્ત કરી ! જ્યાં બધા થાકી ગયા ત્યાં પોતાને સાત સાત વાચનાઓ પણ ઓછી પડવા લાગી ! આવા પ્રચંડ મેધાના સ્વામી આ સ્થૂલભદ્રજીને પણ એકવાર જ્યારે પોતાની સાત બહેનો વંદન કરવા આવી રહી હતી ત્યારે આ માનકષાય વીંટળાઈ વળ્યો. હું કેટલો બધો જ્ઞાની છું ! તે બતાડવા સિંહનું રૂપ લીધું. બહેનો ગભરાઈને ચાલી ગઈ. ગુરુ મહારાજે કહ્યું : જાઓ, હવે તમને ભાઈ મહારાજ જોવા મળશે. તેઓ ગઈ તો મૂળ રૂપમાં સ્થૂલભદ્રમુનિને જોયા.

પણ આ અહંકારના કારણે ગુરુએ તેમને આગળ ભણાવવાનું બંધ કર્યું. સંઘના અતિ આગ્રહના કારણે શેષ ચાર પૂર્વ સૂત્રથી આપ્યા પણ અર્થથી તો ન જ આપ્યા.

અહંકાર કેવો ભયંકર દોષ છે કે જેના કારણે સમગ્ર ચતુર્વિધ સંઘે અર્થથી ચાર પૂર્વ કાયમ માટે ગુમાવ્યા !

અહંકાર એ તો વાસણમાં રહેલી ખટાશ છે. જ્યાં સુધી વાસણમાં ખટાશ હોય ત્યાં સુધી વાસણમાં દૂધ સલામત શી રીતે રહી શકે ? ફાટી જ જાય. અહંકાર ફૂલ્યોફાલ્યો હોય ત્યાં સુધી તે જીવમાં ગુણો રૂપી દૂધ ટકી શકતું નથી. કરવો છે ગુણવિકાસ ? તો છોડી દો માનકષાય !

પણ જ્યારે અહંકાર પોતે જ મારા ભગવાન, મારા ગુરુ, મારો ધર્મ એ રીતે ખુમારીમાં ફેરવાય છે, ત્યારે તે પ્રશસ્ત બની જાય છે.

જેને ભગવાન ખૂબ ગમી જાય છે; ભગવાનનું દાસત્વ જેને વહાલું લાગી જાય છે એવો કોઈ પણ માણસ એવી અદ્‌ભુત મસ્તીને અનુભવવા લાગે છે કે જેથી તે મગજમાં એ ખુમારીની બે કિલો રાઈ લઈને જાણે ફરતો હોય છે. એ એનામાં જ મસ્તાનો બની રહે છે.

પરમાત્માનું દાસત્વ એને મન એની ઘણી મોટી અને બેજોડ મૂલ્ય ધરાવતી મૂડી બની રહે છે. તે મૂડીનું તેને એટલું બધું અભિમાન (ખુમારી) હોય છે કે જેના જોરે તે જગતના કોઈપણ પદાર્થ ઉપર કે સત્તાની ટોચનાં સિંહાસન ઉપર થૂંકી શકે છે. એ કહી દે છે, ''કદાચ તમારી દ્રષ્ટિએ હું ગરીબ હોઈ શકું, પણ મને ખરીદી શકો તેટલા શ્રીમંતો તો તમે લોકો નથી જ. મહેરબાની કરીને મારી પાસેથી ચાલ્યા જાઓ.''

અલ્લાઉદ્દીને કબીરને રાજદરબારમાં આવવા આમંત્રણ મોકલ્યું. કબીરે કહ્યું, 'અલ્લાહનો દરબાર છોડીને તારા દરબારે શી રીતે આવું ?'

અકબરે તુલસીદાસને પણ આવું જ આમંત્રણ મોકલેલું; તુલસીદાસે ઉત્તર વાળ્યો, 'રામનો દરબાર છોડીને હું ક્યાંય જતો નથી.'

શિવાજીના આમંત્રણ સામે તુકારામે કહ્યું; 'તમને મળીને મારે શું કરવું છે ? નાહક મને ચાલવાનું કષ્ટ પડશે !'

ગંગ કવિએ અકબરને સંભળાવીને મોત મેળવ્યું, પણ અકબરની ખુશામત તો ન જ કરી. તેણે કહ્યું, 'જિસકો હરિપે વિશ્વાસ નહિ, સો હી આશ કરો અકબર કી.' વસ્તુપાળે વીરધવલને કહ્યું, 'તમારી નોકરી કબૂલ પણ તમારો નંબર તો મારા આરાધ્ય દેવ, ગુરુ અને ધર્મ પછી છેલ્લો ચોથો !'

ઉપરોક્ત ઉદાહરણોમાં જે અહંકાર દેખાય છે તે પોતાને પ્રાપ્ત થયેલા પરમાત્મા બદલની ખુમારીમાં રૂપાંતરિત થયેલ છે. તે પ્રશસ્ત અહંકાર કહેવાય. તેનાથી આ બાકોરા વડે નિર્મળ જળ = પુણ્યકર્મ પ્રવેશે.

## (૩) માયા

માયા એટલે કપટ, લુચ્ચાઈ, બદમાસી. અંદર જુદું અને બહાર જુદું, સાચી વાતને છુપાવી દેવી વગેરે પણ માયા છે.

પેલા લક્ષ્મણા સાધ્વીજી ! રસ્તામાં ચાલતાં નીચે જોઈને ચાલવાની ભગવાનની આજ્ઞાનું પાલન ચૂક્યા તો નજર કોઈક ચકલા-ચકલીની ચેષ્ટા તરફ પડી. પરિણામે ભગવાને આની રજા કેમ ન આપી ? એવો અશુભ વિચાર પણ આવી ગયો. પશ્ચાત્તાપ પણ થયો. પરંતુ ભગવાન પાસે પ્રાયશ્ચિત માંગતી વખતે 'મને આવો વિચાર આવ્યો તો તેનું પ્રાયશ્ચિત આપો.' તેવું કહેવાના બદલે 'ભગવાન ! કોકને આવો વિચાર આવે તો તેને શું પ્રાયશ્ચિત આવે ?' એ પ્રમાણે પૂછ્યું. પોતાના પાપનું પ્રાયશ્ચિત બીજાને નામ પૂછ્યું. બસ આટલી જ કરી માયા !

પણ તેનું પરિણામ ? ૮૦ ચોવીસી સુધી તેનો સંસાર વધી ગયો.

આ ચોવીસીમાં થયેલા ઓગણીસમા મલ્લિનાથ ભગવાન ! પૂર્વના ભવમાં તપ કરવાની બાબતમાં તેમણે માયા કરી. આ ત્રીજા બાકોરામાંથી કાર્મણ રજકણો તે સમયે જે પ્રવેશી, તેણે ભગવાન તરીકેના ભવમાં તેમને સ્ત્રી તરીકેનો અવતાર આપ્યો.

સામાન્યતઃ માયા કરવાથી પછીનો અવતાર તિર્યંચગતિનો (કૂતરા-બિલાડા-શિયાળનો) કે સ્ત્રી તરીકેનો મળે તેવા પ્રકારની કાર્મણ રજકણો ત્રીજા બાકોરા દ્વારા આત્મામાં પ્રવેશે છે. માટે કદી પણ, ક્યારે પણ, માયા તો કરવી જ નહિ.

ક્યારેક જૈન શાસનની અવહિલના થઈ જવાનો પ્રસંગ આવે ત્યારે માયા પરાણે પણ કરવી પડે. તે પ્રશસ્ત માયા છે. કારણ કે શાસનહિલના જેવું ભયંકર પાપ કદાચ કોઈ નથી. આ પાપને નિવારવા કરવી પડતી માયા એ પ્રશસ્ત માયા છે. તે વખતે બાકોરા વાટે જે કાર્મણ રજકણો પ્રવેશે તે શુભફળને આપનારી બને છે. તેવી પ્રશસ્ત માયાનું ઉદાહરણ જોઈએ.

## વેશ બાળતા ચકોરમુનિ

રાજા શ્રેણિક શૈવધર્મી હતો ત્યારની આ વાત છે. એક વાર મહાશ્રાવિકા રાણી ચેલ્લણા સાથે તેને મોટો વિવાદ થઈ ગયો. બંનેએ કહ્યું, ''અમારા ધર્મગુરુ બ્રહ્મચારી, બીજા બધા ગોટાળાવાળા.''

રાણી ચેલ્લણાની આ જોરદાર રજૂઆતથી મગધપતિ શ્રેણિક અકળાઈ ગયો. ખાનગીમાં એણે મહાદેવ-મંદિરના પૂજારીને જણાવી દીધું કે કોઈ જૈન-મુનિ મંદિરમાં રાતવાસો કરવા આવે ત્યારે તુરત ખબર આપવી.

મંદિર ગામના સીમાડે હતું.

એક દિવસ એક જૈન મુનિ એ મંદિરમાં સંધ્યા સમયે આવી ચડ્યા.

કોઈ મહાગીતાર્થ એ મુનિ હતા. અન્યથા તેઓ એકાકી અવસ્થામાં સંભવે નહિ. કેટલાક આગાઢ કારણે ગીતાર્થ મુનિને એકાકી પણ વિહરવાની શાસ્ત્રાજ્ઞા છે.

પૂજારી દોડ્યો, મગધના નાથ પાસે.

જૈન સાધુના આગમનના સમાચાર આપીને રવાના થયો.

રાજા શ્રેણિકે તરત જ પોતાના અંગત માણસ દ્વારા રાત્રિનો સમય થતાં જ એ મંદિરમાં એક વેશ્યાને મોકલી આપી. એને સઘળુંય કરી છૂટવાની સત્તા આપી દીધી હતી.

વેશ્યા મંદિરમાં પેઠી. પૂજારીએ બહારથી બારણું બંધ કરી દીધું. મુનિવર સઘળી સ્થિતિ પામી ગયા.

કામરાજે શરસંધાન કર્યું ! ધનુષટંકાર થયો. ભાથામાંથી એક પછી એક બાણ ફેંકાવા લાગ્યાં.

અનંગે અંગના દ્વારા બધું જ કરી લીધું. પણ એ અનંગ પરાજય પામ્યો. મુનિ તો ક્યારના ય યોગનિદ્રામાં પોઢી ગયા હતા.

સમાધિસ્થ મુનિને દેહનું ય ભાન રહ્યું ન હતું.

ચાર વાગ્યાનો સમય થયો. વેશ્યા સાવ જ થાકી ગઈ, હતાશ થઈ ગઈ !

મુનિવર સમાધિભાવથી મુક્ત થયા. એમણે આંખો ખોલી. વેશ્યાએ ભાવભરી વંદના કરીને કહ્યું, ''આજે જ : જિંદગીમાં પ્રથમવાર જ : હું એક પુરુષથી પરાજય પામી છું'' મારું તો એ ગુમાન હતું કે અમારી નજાકત કાયાના સૌન્દર્યના ભડાકામાં ગમે તેવો પુરુષ હોમાઈને ખાખ જ થાય. પુરુષ એટલે ગમે તેમ તો ય પતંગિયું ! સ્ત્રીનાં લાવણ્યનો ભપકો એટલે દૈદીપ્યમાન ભડકો !

પણ...મુનિરાજ, તમે મારા ગુમાનની પ્રતિમાના આજે ટુકડેટુકડા કરી નાંખ્યા છે. મેં આજે જ કામવિજેતા નરવીરનું દર્શન કર્યું ! એ દર્શને મારું જીવન ધન્ય બન્યું ! કહો, મને શી આજ્ઞા છે ?''

આખી રાત્રિના રાગ-વિરાગની સાક્ષી પૂરતો ત્યાં હતો એક માત્ર ટમટમતો દીપ ! હજી ય તે અડીખમ ઊભો રહીને પ્રકાશ પાથરી જ રહ્યો હતો. મુનિવરે કહ્યું, ''વારાંગના ! હું ઇચ્છું છું, તું વીરાંગના બન. ભગવાન વીરની શ્રાવિકા બન. તારા જનમ-જનમના પાપોનું પ્રક્ષાલન કર. અભિજાત જીવનને પામ, મોક્ષનું ધામ પ્રાપ્ત કર.''

હવે મને એક વાત કર કે તેં આ બધું ય તોફાન શાથી કર્યું ? શું એ સ્વપ્રેરિત હતું ? તારા આત્માના જ અવાજે આ નાટકનું સર્જન થયું હતું ?'

ધર્મસન્મુખ બનેલી વેશ્યાએ કહ્યું, 'નહિ, મુનિરાજ ! મહારાજા શ્રેણિકનો મને આદેશ હતો કે મારે તમારું પતન કરવું. પણ પતન તો મારા પાપજીવનનું જ થઈ ગયું ! પતિતાના પતનભાવનું પતન કરીને આપ તો પતિતપાવન બન્યા !'

મુનિરાજની નજરમાં સઘળી પરિસ્થિતિનું ચિત્ર આવી ગયું.

હવે શું કરવું ? કટ્ટર શૈવધર્મી રાજા શ્રેણિક સવારના પહોરમાં મંદિરનાં દ્વાર ઉઘડાવીને જગતની સમક્ષ મારી આ સાધુ વેષની અને શ્રમણસંઘની ફજેતી કરશે ? વેશ્યાની સાથે હું મંદિરમાંથી બહાર નીકળીશ અને રાજા શ્રેણિકના આમંત્રિત નગરજનો અમને જોશે ! મારા સત્યવ્રતની સાક્ષી બનેલો આ દીવો કાંઈ મારો પક્ષકાર બનવાનો છે ?તો કરવું શું ? સ્થૂલદ્રષ્ટિ-લોક કેટલો અધર્મ પામશે ? જગતને ધર્મ કે

અધર્મ પામવાનું માધ્યમ તો એક આત્માનો બાહ્ય વ્યવહાર જ છે ને ? વ્યવહાર સુંદર હોય તો એને જોઈને લોકો ધર્મ પામે; વ્યવહાર બોદો હોય તો એ લોકોને અધર્મ પમાડે.

બેશક મારો નિશ્ચય એકદમ નિર્મળ છે. પણ વેશ્યાની સાથે જૈનમુનિ મંદિરમાંથી બહાર નીકળે એ વ્યવહાર એટલો જ મલિન છે ને ? ચામડાની સેંકડો આંખો તો એને જ જોવાની અને જિનધર્મની બેફામ નિન્દા કરવાની...આહા ! આ તે કેવી આફત ! મારા મલિન વ્યવહારના નિમિત્તે કેવી ભયાનક શાસનહિલના !

થોડીવાર તો મુનિરાજ શૂન્યમનસ્ક થઈ ગયા. શું કરવું ? એની સૂઝ ન પડી, પરંતુ એ તો મહાગીતાર્થ ગુરુકૃપાસંપન્ન મુનિ હતા. એમની એ વિલક્ષણ સ્થિતિ લાંબો વખત ન ટકી.

થોડી જ પળોમાં એમણે એક વિચાર કરી લીધો. એમનું અંતર આનંદિત થઈ ગયું. શાસનહિલના અટકાવવા જરૂરી માયા કરવા તેઓ તૈયાર થયા.

વેશ્યા પણ પેલા દીપની સાથે સાક્ષી બનીને મુનિના મુખ ઉપર ઝડપથી પલટાતા જતા ભાવો જોઈ રહી હતી.

મુનિરાજ એ દીપકની પાસે ગયા. એક વસ્ત્રનો કચ્છો બનાવીને પહેરી લીધો. બાકીનાં બધાં વસ્ત્રોને પેલા દીપકના સ્પર્શે જલાવી દીધાં ! વેશ્યાએ એક તીણી ચીસ નાંખી દીધી ! બધાંય વસ્ત્રોની રાખ થઈ ગઈ. પછી જૈનમુનિનું લિંગ-ધર્મધ્વજ-રજોહરણ-ઓઘાને પણ સળગાવ્યો. બધી રાખ ભેગી કરી લઈને ભભૂતિરૂપે આખા દેહ ઉપર મુનિરાજે લગાડી દીધી.

મહાદેવના મંદિરના એક ખૂણિયે કોઈ ચીપિયો ધૂળ ખાતો પડ્યો હતો. મુનિવરે એને ઉપાડી લીધો.

જૈનમુનિ આબેહૂબ બાવો બની ગયો. સવારના છ વાગ્યા. મંદિરની બહાર કોલાહલ વધી રહ્યો હતો. લોકોની ઠઠ જામી રહી હતી. મહારાજ શ્રેણિક ચેલ્લણાને લઈને હાથી ઉપર આવી રહ્યા હતા. તેઓ ચેલ્લણાને કહેતા હતા, 'પ્રિયે ! તારા ધર્મગુરુના ધતિંગ આજે ઉઘાડા પાડી દઉં છું. થોડી જ વારમાં એ બ્રહ્મચારીને તું વેશ્યા સાથે મંદિરમાંથી બહાર નીકળતો જોઈશ. મેં એ દુષ્ટને ઝડપી લીધો છે. એના કુકર્મને જાહેર કરવા મંદિરના દ્વાર બંધ કરાવી દીધાં છે.'

હાથી સેચનક મંદિરની નજીક આવી ગયો. હજારો લોકોને ગોઠવાયેલા આ છાટકાની ખબર પડી ગઈ હતી. વિધર્મીઓને મન મહોત્સવ બની ગયો હતો. રાણી ચેલ્લણા મંત્રાધિરાજ નવકારનું સ્મરણ કરી રહી હતી.

સત્તાવાહી અવાજથી રાજા શ્રેણિક બોલ્યા, 'પૂજારી ! મંદિરના દ્વાર ઉઘાડી નાંખો.' સર્વત્ર નિઃસ્તબ્ધ શાન્તિ પથરાઈ ગઈ. તાળામાં ફરતી ચાવીનો અવાજ સૌના કાને અથડાયો. અને દ્વાર ખૂલ્યાં....

તરત જ અંદરથી એક ભભૂતિધારી હાથમાં ચીપીયો લઈને બહાર નીકળ્યો. એની પાછળ જ વેશ્યા નીકળી. મોટેથી કાંઈક બોલતો એ બાવો આગળ વધ્યો.

રે ! આ શું ? જૈન મુનિને બદલે કોઈ જોગીને જોઈને રાજા શ્રેણિક તો થીજી જ ગયો ! કાપો તો ય લોહી ન નીકળે !

જૈન ધર્મની ઘોર અવહિલના થતી અટકી ગઈ. આ અવહિલના નિવારવા જૈન સાધુએ બાવાજીનો સ્વાંગ સજવા રૂપ માયા કરવી પડી. પણ તે માયા પ્રશસ્ત કહેવાય.

## (૪) લોભ

ત્રીજા નંબરના આ કષાય રૂપ બાકોરાનો ચોથો પ્રકાર છે લોભ, લોભ એટલે મમતા, મૂર્છા, આસક્તિ.

સર્વ પાપોના બાપ તરીકે આ લોભ કહેવાયો છે. જયાં લોભ આવે છે, ત્યાં કયું પાપ નથી આવતું ? તે સવાલ છે.

આ લોભના પ્રતાપે તો પેલો મમ્મણ શેઠ ન ભોગવી શક્યો કે ન તો દાન દઈ શક્યો ! બિચારો લોભના પાપે અંતે બધું અહીં જ મૂકીને પહોંચી ગયો સાતમી નરકે.

આ લોભ તો સગા મા-બાપને ય યમસદન પહોંચાડાવે ! અરે ! સગા ભાઈને ય મોતને બિછાને પોઢાડે. લોભના કરુણ અંજામને જણાવવા શાસ્ત્રમાં સુંદર દૃષ્ટાંત આવે છે.

નાનકડું એક ગામ હતું.

ત્યાં બે ભાઈઓ વસે : જગમોહન અને મનમોહન.

એકબીજા વિના એક દિવસ પણ ન રહી શકે; આવો એમને પ્રેમ હતો.

બાળ મટીને બેય કિશોર બન્યા.

માતા અને પિતા મૃત્યુ પામ્યાં. બધી જવાબદારી બે ભાઈઓ ઉપર આવી ગઈ. ચાર નાની બહેનોના ભાવિનો વિચાર કરતાં કરતાં ભાઈઓએ નક્કી કર્યું કે, 'આપણે દેશાવર જવું. ત્યાં કોઈ ધંધો કરવો અને એ રીતે કૌટુમ્બિક જવાબદારી પાર ઉતારવી.'

એક દિવસ બંને નીકળ્યા. ઘર છોડ્યું, આંગણું છોડ્યું, પાદર છોડ્યું.

એક ગામથી બીજે ગામ, બીજે ગામથી ત્રીજે ગામ... વિસામો લેતા જાય અને આગળ વધતા જાય છે.

એક દિવસની વાત છે. જગમોહન અને મનમોહન માર્ગ કાપતા હતા ત્યાં સામેથી એક બાવાજી દોડતા-ગભરાતા આવી રહ્યા હતા.

નજીકમાં આવીને હાંફતા હાંફતા જ બાવાજીએ જગમોહનને કહ્યું, 'ઓ ભાઈ ! આ બાજુ આગળ વધશો મા ! રસ્તાની વચમાં જ એક લાલ ડાકણ બેઠી છે !'

નાનો ભાઈ મનમોહન તો આ વાત સાંભળતાં જ હસી પડ્યો. જગમોહને બાવાજીને સસ્મિત કહ્યું, 'ભલે... ડાકણ હશે તો અમે એને ખાઈ જશું. આપ ચિંતા ના કરો.' બાવાજી ફરી દોડવા લાગ્યા.

બે ભાઈઓ આગળ વધ્યા. બેયમાં જુવાનીનું જોર હતું. બાવાજીની આવી વાતને એ શેના ગણકારે ?

થોડે દૂર ગયા ત્યાં રસ્તામાં વચ્ચોવચ્ચ લાલ કોથળી પડેલી જોઈ. ભારે કુતૂહલથી ખોલી. દસ હજાર સોનામહોરો નીકળી.

બેયના આનંદનો પાર ન રહ્યો. હવે આગળ વધવાનું કામ જ શું હતું ? અહીંથી ઘર તરફ પાછા ફરવાનો નિર્ણય લીધો. થાકેલા મોટાભાઈ જગમોહને મનમોહનને કહ્યું, 'ભાઈ ! અહીંથી દૂર કોઈ ગામ દેખાય છે. ત્યાં જઈને થોડી મીઠાઈ ખરીદી લાવ. પેટ ભરીને ખાઈ લઈએ, પછી ઘર ભેગા થઈએ.'

મનમોહને મીઠાઈ લેવા ગામ ભણી પગ માંડ્યો. બેય જુદા પડ્યા.

ધનના લોભે બેયનાં મનમાં એક કાળો વિચાર ઝપાટાબંધ પસાર કરાવી દીધો.

'શા માટે ભાગીદારીમાં ધન લેવું ? એકલો જ હું માલિક કેમ ન બનું ?'

મનમોહને મીઠાઈમાં ઝેર ભેળવ્યું. ભાઈ પાસે આવીને બહાનું કાઢતાં કહ્યું, 'હું ખૂબ થાકી ગયો છું. માટે આરામ કરીને મીઠાઈ ખાઈશ. તમે હમણાં ખાઈ લો. મનમોહને ઝાડ નીચે જ પડખું ફેરવીને લંબાવ્યું. જગમોહને નાનાભાઈના ગળે ધારિયું ઝીંકી દીધું. એક જ ઝાટકે બે કટકા !

પછી જગમોહને આરામથી મીઠાઈ ખાધી. દસ જ મિનિટમાં બેભાન બની ગયો ! થોડી વારમાં એના પણ રામ રમી ગયા !

ધનના લોભે છેવટે બંને મૃત્યુ પામ્યા. ધન મળ્યું કોઈને નહિ પણ બંને દુર્ગતિમાં પહોંચી ગયા ?

આ અપ્રશસ્ત લોભથી જો અશુભકર્મ પ્રવેશે છે, તો પ્રશસ્ત લોભથી શુભકર્મ પણ પ્રવેશે છે.

સ્થૂલભદ્રજી નેપાળમાં ભદ્રબાહુસ્વામીજી પાસે વાચના લેતા હતા. સાથે રહેલા ૪૯૯ જ્યારે વાચના લેતાં થાકી ગયા, ત્યારે પણ સ્થૂલભદ્રજી અણનમ રહ્યા. એક વાર હાથ ઉપર માથું ટેકવીને જ્યારે ઉદાસીન હતા ત્યારે ગુરુએ ઉદાસીનતાનું કારણ પૂછ્યું. ત્યારે સ્થૂલભદ્રજી કહે છે, 'ગુરુદેવ ! ઓછું પડે છે. હજુ વધારે વાચના આપો. આમ તો ક્યારે પૂરું થશે ?'

અહીં સ્થૂલભદ્રજીને જ્ઞાન મેળવવાનો લોભ હતો. પણ તે અપેક્ષાએ સારો કહી શકાય.

તે જ રીતે ગુણો મેળવવાનો લોભ, પુણ્ય મેળવવાનો લોભ વગેરે પ્રશસ્ત લોભ કહી શકાય.

આ થઈ ત્રીજા નંબરના બાકોરાની વાત

# ૫ કર્મોનું ચોથું પ્રવેશદ્વાર : યોગ

અંગારમર્દક આચાર્ય, વિનયરત્ન સાધુ વગેરે અભવ્ય જીવોને સદા મિથ્યાત્વ મોહનીયકર્મનો ઉદય હોવાથી તેઓને ચારે ચાર બાકોરા ખુલ્લા હોય અને તેથી તે દ્વારા સતત કાર્મણવર્ગણા ધસી જઈને તેમના આત્મામાં ચોંટીને કર્મ બન્યા જ કરે છે. પરિણામે તેમનો આત્મા કદી પણ મોક્ષે જઈ શકશે નહિ.

પણ શ્રેણિક, શ્રીકૃષ્ણ વગેરે જે આત્માઓ સમ્યગ્દર્શન પામ્યાં છે, તેમનું મિથ્યાત્વનું ઝેર ઓકાઈ ગયું હોવાથી પહેલું બાકોરું બંધ થઈ ગયું. પણ તેમનાય બાકીના ત્રણ બાકોરાં તો ખુલ્લા જ છે.

છતાંય એક વાત નક્કી કે પહેલું બાકોરું બંધ કરનાર આત્માના બાકીના ત્રણ બાકોરા ક્યારેક ને ક્યારેક બંધ થવાના જ. અને ત્યારે તે આત્મા મોક્ષે પણ પહોંચવાનો જ. માટે જ સમ્યગ્દષ્ટિ આત્માનો નક્કી મોક્ષ કહેવાય છે.

સ્થૂલભદ્રજી, હરિભદ્રસૂરિજી વગેરે ગુરુભગવંતોના પહેલા બંને બાકોરા બંધ કહેવાય. છતાંય હજુ છેલ્લાં બે બાકોરાં તેમના ખુલ્લાં જ છે.

તેમાંનું પૂર્વે જોઈ ગયા તે કષાય નામનું ત્રીજું બાકોરું બંધ થાય ત્યારે તે આત્મા કેવળજ્ઞાન-કેવળદર્શન પામે. તેઓ સર્વજ્ઞ, સર્વદર્શી કહેવાય. હવે કષાય પણ ન હોવાથી તેઓ વીતરાગ કે જિન પણ કહેવાય.

પરમાત્મા મહાવીરદેવ નયસારના ભવમાં સમકિત પામ્યા ત્યારે તેમનું પહેલું બાકોરું બંધ થયું. ૨૭મા ભવમાં ૩૦ વર્ષની ઉંમરે કારતક વદ દસમીએ તેમણે દીક્ષા લીધી, ત્યારે બીજું બાકોરું સંપૂર્ણ બંધ કર્યું.

સાડા બાર વર્ષની ઘોર સાધના કરીને, પ્રભુ વીર ૪૨ વર્ષની ઉંમરે વૈશાખ સુદ-દસમના ઋજુવાલિકા નદીના કિનારે કેવળજ્ઞાન પામ્યા ત્યારે ત્રીજું બાકોરું પણ બંધ થયું.

છતાંય પ્રભુ ત્યાર પછી સંસારમાં ૩૦ વર્ષ રહ્યા. તરત તેમનો મોક્ષ ન થયો. હજું ચોથું બાકોરું ખુલ્લું હતું. જેમાંથી નવી કાર્મણવર્ગણા પ્રવેશતી હતી. પ્રભુ ૭૨ વર્ષની ઉંમરે, અપાપાપુરીમાં (પાવાપુરીમાં) દિવાળીના દિને મોક્ષે ગયા.

૪૨થી ૭૨ વર્ષની વય દરમ્યાન પ્રભુને પ્રથમ ત્રણ બાકોરાં બંધ હોવા છતાં જે છેલ્લું બાકોરું ખુલ્લું હતું, તેનું નામ છે : યોગ.

યોગ એટલે પ્રવૃત્તિ કે ચેષ્ટા. આ પ્રવૃત્તિ મન, વચન અને કાયાથી થતી હોવાથી યોગ પણ મનોયોગ-વચનયોગ-કાયયોગ એમ ત્રણ પ્રકારના છે.

૪૨ થી ૭૨ વર્ષ દરમ્યાન પ્રભુ વીર જે વિહારાદિ કરતા હતા, તે તેમનો કાયયોગ હતો. રોજ પહેલા-છેલ્લા પ્રહરમાં ભવ્ય જીવોને દેશના આપતા હતા, તે તેમનો વચનયોગ હતો.

પ્રભુવીર કેવળજ્ઞાની હોવાથી, તેમણે હવે મનથી વિચારવાની જરૂર જ નહોતી. તેઓ સ્વયં બધું જાણતા હતા. છતાં, અનુત્તર દેવલોકવાસી દેવો પોતાના સ્થાનમાં રહીને જે પ્રશ્નો પૂછતા, તેના જવાબો તે દેવોને પોતાના સ્થાને રહીને મળી શકે તે માટે પ્રભુ મનમાં તે જવાબો વિચારતા હતા. પ્રભુના વિચાર રૂપે રહેલા તે મનઃપુદ્‌ગલોને અવધિજ્ઞાનથી જાણવાથી તે દેવોને યોગ્ય સમાધાન થઈ જતું. આમ દેવોને જવાબ આપવા માટે પ્રભુ ચિંતન કરતા હોવાથી પ્રભુને મનોયોગ પણ ચાલુ હતો.

આ ત્રણે યોગ પ્રશસ્ત કે અપ્રશસ્ત હોઈ શકે છે. જો મન-વચન કે કાયાથી અશુભ પ્રવૃત્તિઓ કરવામાં આવે તો તે અપ્રશસ્ત યોગ બને. તેનાથી આવેલી કાર્મણવર્ગણા પાપકર્મોમાં રૂપાન્તર પામે. પણ જો મન-વચન કે કાયાથી શુભ પ્રવૃત્તિઓ કરવામાં આવે તો તે પ્રશસ્ત યોગ કહેવાય. તેનાથી આવેલી કાર્મણવર્ગણા પુણ્યકર્મમાં રૂપાન્તર પામે.

## મનોયોગ

પેલો તંદુલીયો મત્સ્ય... માત્ર અપ્રશસ્ત મનોયોગના પ્રભાવે ૭મી નરકમાં પહોંચી જાય ! મસમોટા મગરમચ્છની આંખની પાંપણમાં તંદુલ(ચોખા)ની સાઈઝનો તે ઉત્પન્ન થતો હોવાથી, તંદુલીયા મત્સ્ય તરીકે ઓળખાય. તેનું આયુષ્ય પૂરું ૪૮ મિનિટનું પણ નથી. પણ મસમોટા મગરમચ્છના ફાડેલા મુખમાં પ્રવેશતાં અને પછી બહાર નીકળતાં અનેક નાના મોટા જળચર જીવોને જોઈને તેને વિચાર આવે કે, 'આ તો મૂરખનો સરદાર છે ! આની જગ્યાએ હું હોઉં તો એકેયને ન છોડું !' બસ આ એકેયને ન છોડવાનો તેનો અશુભ વિચાર તેણે એક પણ જળચર પ્રાણી પકડયું ન હોવા છતાંય ૭મી નરકમાં તેને ધકેલી દે છે !

માટે જ આપણે આપણા મન ઉપર સતત ચોકી મૂકવાની જરૂર છે. દિવસભરમાં આપણું મન કોણ જાણે કેવા પ્રકારના કેટલાય વિચારો સતત કર્યા જ કરે છે. જો તે વિચારો અશુભ પ્રકારના હશે તો દુર્ગતિમાં ધકેલ્યા વિના નહિ રહે.

પેલો રૂપસેન ! સુનંદા મનમાં વસી ગઈ. હજુ સુનંદાનો સ્પર્શ પણ નથી મળ્યો

પણ સતત સુનંદા-સુનંદાના વિચારોમાં ગરકાવ રહ્યો. સુનંદાના માનસિક રટણે તેને સુનંદાના ગર્ભ તરીકે ઉત્પન્ન કર્યો ! સુનંદાના દ્વારા જ તે ગર્ભ ખલાસ થયો ! ના... માનસિક પાપની વણઝાર અહીં જ ન થંભી. સાપ, કાગડા, હંસ, હરણ અને હાથીના ભવો તેને કરવા પડ્યા. બિચારો માનવ ખોળિયું ગુમાવીને પશુ અવતારમાં પટકાયો. માટે જ આજથી અશુભ વિચારો છોડીને મનમાં સતત શુભવિચારો લાવવાનો સંકલ્પ કરવા જેવો છે.

## વચનયોગ

*કાણાને પણ કાણો નવ કહીએ;*
*ધીરે રહીને પૂછીએ રે*
*શીદને ગુમાવ્યા નેણ રે !*

ઉપરની પંક્તિઓ આપણે કેવા વચનો બોલવા જોઈએ ? તે જણાવે છે. કોઈને આંધળા, બહેરા, લૂલા, લંગડા, તોતડા, બોબડા, મૂંગા વગેરે શબ્દોથી તિરસ્કારીએ તો તેવાં અશુભ વચનયોગથી પ્રવેશેલી કાર્મણવર્ગણાના પ્રભાવે બીજાભવમાં આપણે પણ તેવા બનવું પડે !

કામ કરીને મોડી આવેલી માને દીકરાએ કહ્યું કે, 'કેમ મોડી આવી ? તને કોઈએ શૂળીએ ચડાવેલી ? મારે ખાવાનું જોઈએ છે.' તેના જવાબમાં માએ દીકરાને કહ્યું કે, 'શું તારા કાંડાં કપાઈ ગયા છે ? શીકામાંથી ખાવાનું લેતાં શું થતું હતું ?'

આવા શબ્દો બોલતાં જે કાર્મણવર્ગણા પ્રવેશીને પાપકર્મ બની, તેનો ઉદય થતાં ખરેખર પછીના કોઈ ભવમાં દીકરો પતિ બન્યો અને તેને શૂળીએ ચડવું પડ્યું. તથા જે મા હતી, તે તેની પત્ની બની અને તેના કાંડાં પણ કપાયાં.

ઉપરોક્ત શાસ્ત્રીય દૃષ્ટાંત જાણ્યા પછી હવે મોઢામાંથી ગમે તે શબ્દો નીકાળતાં સો વાર વિચાર કરવો જોઈએ. શબ્દો જ્યાં સુધી મોઢામાંથી નીકળ્યા નથી હોતા; ત્યાં સુધી આપણે શબ્દોના માલિક હોઈએ છીએ. પણ મોઢામાંથી નીકળી ગયા પછી આપણે શબ્દના ગુલામ બન્યા વિના રહેતા નથી.

ઘર-ઘરમાં થતાં સાસુ-વહુના, દેરાણી-જેઠાણીના, પિતા-પુત્રના, મા-દીકરાના, પતિ-પત્નીના, દીયર-ભોજાઈના, ભાઈ-ભાઈના કજિયા-કંકાસનું જો મૂળ શોધશો તો તે હશે આ અશુભવચન યોગ.

આ લોક અને પરલોક; ઉભયલોકમાં સુખ અને શાંતિ મેળવવા આજે જ આ વચનયોગ ઉપર કાબૂ રાખવાનો સંકલ્પ કરવો જોઈએ.

## કાયયોગ

મહારાજા શ્રેણિકના પુત્ર મેઘકુમારે પ્રભુવીરની સુમધુર દેશના સાંભળીને વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. પ્રથમ રાત્રિના સૂવાનો સંથારો કરવાની જગ્યા - સૌથી નાના હોવાના કારણે - છેલ્લે દરવાજા પાસે મળી. ક્યાં રાજમહેલના શયનકક્ષમાં ગુલાબની પાંદડીઓની સુકોમળ શય્યા અને ક્યાં આ જમીન ઉપર કરેલો કઠોર સ્પર્શવાળો સંથારો ! અધૂરામાં પૂરું જતાં-આવતાં સાધુઓના પગની ધૂળ તેમના સંથારામાં ખંખેરાતા, ધૂળિયો સંથારો તેમને કાંટાની જેમ ખૂંચવા લાગ્યો. આખી રાત્રિ ઊંઘ ન આવી. મનમાં સતત દીક્ષા છોડવા સુધીના વિચારો ઊભરાવા લાગ્યા. અરે ! છેલ્લે તો સવાર પડતાં જ પ્રભુવીર પાસે જઈને ઓઘો (સાધુ જીવનનું ચિહ્ન) પાછો આપી દેવાનો નિર્ણય પણ લેવાઈ ગયો.

સવાર પડતાં જ જ્યારે પ્રભુવીર પાસે તેઓ વેશ સુપ્રત કરવા પહોંચ્યા, ત્યારે કેવળજ્ઞાનથી બધું જ જાણતાં પ્રભુવીરે સૌમ્ય ભાષામાં કહ્યું કે, 'હે મેઘ ! આખી રાત્રી તેં કેવું દુર્ધ્યાન કર્યું ? યાદ કર તારા પૂર્વભવને !

પૂર્વે એક વાર હાથીના ભવમાં જંગલમાં પ્રગટેલા દાવાનળમાં તું બળીને ખતમ થઈ ગયેલો. મૃત્યુ પામીને વિન્ધ્યાચલની અટવીમાં ફરી હાથી બન્યો. તે ભવમાં પ્રગટેલા દાવાનળને જોતાં તને જાતિસ્મરણ જ્ઞાન થયું. નાસી છૂટીને જીવ તો બચાવ્યો, પણ ફરી આવી આપત્તિમાં ફસાઈ ન જવાય તે માટે તેં એક માંડલું તૈયાર કર્યું. તેમાં વનસ્પતિનું નાનું તણખલું પણ રહેવા ન દીધું !

ફરી દાવાનળ પ્રગટ્યો. જીવ બચાવવા તું ત્યાં માંડલામાં પહોંચી ગયો. અનેક પશુ-પંખીઓ પણ પોતાના પ્રાણો બચાવવા દોડી દોડી આવીને ત્યાં ભરાયાં. તને આનંદ થયો. આખું માંડલું ખીચોખીચ ભરાઈ ગયું.

ખંજવાળ આવતાં તેં એક પગને ઊંચો કર્યો. ત્યાં તો ખાલી થયેલી-પગની-તે જગ્યામાં એક સસલું આવીને બેઠું. ખંજવાળીને તું પગ પાછો મૂકવા જ્યાં જાય છે, ત્યાં તો આવીને બેઠેલા તે સસલાને તેં નિહાળ્યું. પગ મૂકીશ તો બિચારું ચગદાઈ જશે, તેથી પગ મૂકવો જ નથી તેવો નિશ્ચય કરીને તેં પગને અધ્ધર જ રહેવા દીધો. જીવની અપૂર્વ કરુણા તેં ચિંતવી. તારા હૈયામાં જીવરક્ષાનો અપૂર્વ આનંદ ઊભરાતો હતો. દાવાનળ ઓલવાતા બધાં પશુઓ પોતપોતાના સ્થાને ચાલ્યાં ગયાં. જવા માટે તેં પણ તારો પગ મૂકવા પ્રયત્ન કર્યો, પણ અઢી દિવસ સુધી સતત પગને ઊંચો રાખ્યો હોવાના કારણે લોહી જામ થઈ જવાથી તું નીચે પડી ગયો.

પણ તે વખતેય તને સસલાની કરેલી દયા બદલ પશ્ચાત્તાપ તો થયો જ નહિ,

બલ્કે કરેલી તે દયાનો આનંદ ઊભરાયો.

કરેલા સુંદર કાર્યની અનુમોદનાના શુભભાવમાં સાત દિવસે મૃત્યુ પામીને તું મહારાજા શ્રેણિકનો પુત્ર બન્યો.

હાથીના ભવમાં સસલાની દયાને ચિંતવનાર અને તે માટે સખત દુઃખને સહન કરનાર તું આજે સાધુઓના ચરણની પવિત્ર રજનો સ્પર્શ પામીને અકળાઈ ગયો ! પાંચ મહાવ્રતોની સુંદર આરાધના કરતાં, તપોમય દેહને ધારણ કરતાં, પવિત્રતાના પુંજ સમાન સાધુઓની ચરણરજ તો મસ્તકે ચડાવીને પૂજવા યોગ્ય છે. તેના બદલે આ વિચાર !'

પ્રભુવીરની આ વાત સાંભળીને પશ્ચાત્તાપના પાવક આંસુ પાડતાં મેઘે પ્રભુવીર પાસે ક્ષમા માંગી. સંયમજીવનમાં માત્ર સ્થિર જ બન્યા એમ નહિ, પણ ઈર્યાસમિતિના પાલન માટે જરૂરી બે આંખોને છોડીને પોતાની સમગ્ર કાયા - પોતાનાથી જેમની આશાતના થઈ ગઈ હતી તે - સાધુ ભગવંતોની સેવામાં ગાળવાનો નિર્ણય કર્યો. સમગ્ર જીવન દરમ્યાન સાધુઓની સેવામાં પોતાની કાયાને લીન કરી દીધી. સાધુ વૈયાવચ્ચમાં પ્રવૃત્ત થયેલી તેમની કાયાની તમામ ચેષ્ટાઓને પ્રશસ્ત (શુભ) કાયયોગ કહેવાય. તેનાથી જે રજકણો આત્મામાં પ્રવેશે તે પુણ્યકર્મ બની જાય.

રીઝર્વેશન કરાવીને જતાં હોઈએ, અને ઘરડા માજીને જોઈને પોતાની જગ્યા તેમને આપીને ઊભા થઈ જઈએ, તે પણ શુભકાયયોગ કહેવાય.

ભૂખ્યાને ખવરાવીએ, તરસ્યાને પાણી પાઈએ, શિયાળાના સમયે ઠંડીથી થરથર ધ્રૂજતા ગરીબોને બ્લેન્કેટ જાતે જઈને ઓઢાડીએ, દાન આપીએ, પ્રભુપૂજન કરીએ, ગુરુસેવા કરીએ, તો તે તે સમયે કાયાની આ શુભપ્રવૃત્તિઓ રૂપ શુભકાયયોગ હોવાથી, તે બાકોરા વડે પ્રવેશેલી કાર્મણ રજકણો પુણ્યકર્મ રૂપે બનીને, ઉદયમાં આવતાં તે જીવોને સુખની પ્રાપ્તિ કરાવે.

પરંતુ હવે પછી જણાવાતી કેટલીય પ્રવૃત્તિઓ જાણે-અજાણે પણ જીવનમાં સેવાઈ જાય છે; જે અશુભ કાયયોગ રૂપ હોવાથી તેના વડે પ્રવેશેલી કાર્મણ રજકણોને આત્મા પાપકર્મો રૂપે બનાવે છે, જેના ઉદયે જીવ દુઃખી બન્યા વિના રહેતો નથી.

★ બાથરૂમમાં પાણી ભરાવાને કારણે થતી લીલને (નિગોદને) ઘસી ઘસીને કાઢી નાંખવામાં આવે છે.

★ ચાલતા ચાલતા પણ ઝાડના પાંદડાં તોડીએ છીએ.

★ નીચે જોયા વિના ચાલવાના કારણે કીડી વગેરે અનેક નાના જીવો મરે છે.

★ વિકારો જાગે તેવા દ્રશ્યો ટી.વી.-વીડિયો ઉપર નીરખીએ છીએ કે સેક્સી

ગીતો સાંભળીએ છીએ.

★ અનેકોને વિકારો પેદા થાય તેવી ઉદ્‌ભટ વેશભૂષા ધારણ કરીએ છીએ.

★ બહાર ખુલ્લી જગ્યામાં જવાને બદલે સંડાસ, બાથરૂમ વગેરેનો ઉપયોગ કરીએ છીએ.

★ નવરાત્રી કે લગ્નપ્રસંગો દરમ્યાન નિર્લજ્જ બનીને ડીસ્કોડાન્સ લેતાં હોઈએ છીએ.

★ જન્માષ્ટમી, લોટરી કે ક્રિકેટના નામે જુગાર ખેલતા હોઈએ છીએ.

આંગળીના ટેરવા ઉપર ટાંચણી લગાડવાથી થતું દુઃખ પણ સહન કરવાની જો આપણી તૈયારી ન હોય તો ઉપર જણાવેલી અને તેવી બીજી અનેક અશુભ કાયયોગોની પ્રવૃત્તિઓનો (કાયાની કુચેષ્ટાઓનો) શું સત્વરે ત્યાગ ન કરી દેવો જોઈએ ?

મિત્રો, કાર્મિક રજકણોને આવવાના ચાર કારણો આપણે તપાસ્યા.

જીવાત્મા એ કોરું તળાવ છે તથા મિથ્યાત્વ, અવિરતિ કષાય અને યોગરૂપ ચાર કારણો એ તળાવમાં પાણી આવવા માટેની નળીઓ છે.

કાર્મિક રજકણો એ પાણી છે. ચારેય નળીઓમાંથી એ પાણી અંદર આવે છે. જેમ જેમ જીવાત્મા બંધનમુક્તિની વિકાસયાત્રામાં આગેકૂચ કરતો જાય છે તેમ તેમ નળીઓનાં મોં બંધ થતાં જાય છે. સૌ પ્રથમ પહેલી નળીની લાઈન બંધ થાય છે. પછી ક્રમશઃ બીજી, ત્રીજી વગેરે નળીની લાઈન પણ બંધ થતી જાય છે.

જેમ જેમ નળીઓ બંધ થતી જાય છે તેમ તેમ નવું કાર્મિક રજકણોરૂપ જલ જીવાત્માના તળાવમાં આવી શકતું નથી. જૂનું જલ તપ-ત્યાગના સૂર્યથી શોષાતું જાય છે. અંતે એ તળાવ સાવ ચોખ્ખું થાય છે.

જીવાત્માની આ વિશુદ્ધ સ્થિતિ એ જ એના પરમ આત્મસ્વરૂપનો આવિર્ભાવ છે, તે જ તેનો મોક્ષ છે.

કાર્મિક અણુનાં તમામ આવરણો દૂર થતાં જ વિશ્વજ્ઞાનનો પ્રકાશ પ્રગટી જાય છે.

એટલે મિત્રો, આત્મા ઉપરથી કર્માણુની આખી ફોજ દૂર કરવી હોય, એનો જરા પણ જથ્થો રહેવા દેવો ન હોય તો આપણે બે કામ કરવાં જોઈએ : (૧) કાર્મણ રજકણોનો જે નવો ધસારો ચાલુ છે તેને અટકાવી દેવો જોઈએ. (૨) જે કાર્મણ રજકણોનો જથ્થો આત્મા ઉપર આવી ચૂક્યો છે તેનો ખાત્મો બોલાવી દેવો જોઈએ. જીવાત્માને તળાવની ઉપમા આપીને આપણે આ જ બે વાત વિચારીને ! જે નળીઓ છે. તે કર્માણુના ગંદા જળના ધસારાનું સાધન છે. પણ તે નળીઓનાં મોંને ડટ્ટો મારી

દઈએ તો ? નવો ધસારો જ બંધ થઈ જાય, અને ત્યાર પછી તપ-ત્યાગનો સૂર્ય તપવા લાગે એટલે ધીરે ધીરે તળાવમાં આવી ચૂકેલું ગંદું પાણી પણ સુકાઈ જાય.

એક નગર ઉપર શત્રુસૈન્ય ચડી આવ્યું હોય અને શરૂઆતમાં જ નાગરિકો ગફલતમાં રહી જાય તો અવશ્ય કેટલુંક સૈન્ય અંદર પેસી જાય. પછી ધીંગાણું મચે ત્યારે પ્રથમ જો બહારથી આવતો ધસારો અટકાવવામાં આવે અને પછી અંદર પેસી ગયેલાને ખતમ કરવામાં આવે તો જ વિજય મળે.

આમ બે કામ થાય ત્યારે તમામ કર્માણુનો નાશ થાય.

મિત્રો, ક્યારે આપણે મિથ્યાત્વ ત્યાગીને સત્યના પક્ષપાત રૂપ હૃદયપરિવર્તન કરીશું ? પછી ક્યારે એ સત્યને આચરણમાં ઉતારીને અવિરતિના ત્યાગ રૂપે જીવન પરિવર્તન કરીશું ? પછી ક્યારે પેલા ચારેય ખળભળાટોને (કષાયોને) શાન્ત કરી દઈશું ?

અને પછી મન-વાણી અને કાયાની સર્વહિતકર પ્રવૃત્તિ કરતાં કરતાં એનાથી પણ નિવૃત્ત થઈને શુદ્ધાત્મસ્વરૂપ પ્રગટ કરશું ? ક્યારે આવશે માંગલ્યોથી ખીચોખીચ ભરેલી પરમ પવિત્ર પળો ?

# કર્મોનું સ્વરૂપ

અનંતજ્ઞાની, અનંતદર્શની, અનંત પરાક્રમી, અનંત શક્તિમાન આ આત્મા જ્યારે તેનાથી સાવ જ વિપરીત પરિસ્થિતિમાં જોવા મળે, ત્યારે કોને આશ્ચર્ય ન થાય ?

અનંત જ્ઞાનનો સ્વામી બિચારો બાળમંદિરમાં જઈને એકડો ઘૂંટવા બેસે!

વિશ્વના સર્વ પદાર્થોને નીરખવાની શક્તિવાળો આત્મા પોતાની પાછળ રહેલી વસ્તુને પણ ન જોઈ શકે !

અનંત પરાક્રમનો સ્વામી આ આત્મા લકવાગ્રસ્ત અવસ્થામાં નાનકડી ચમચીને પણ ન ઊંચકી શકે !

અનંતા સુખમાં સદા માટે આળોટવાનું છે જેને, તે આત્મા ખાવા માટે હાથમાં ચપ્પણિયું લઈને ઘેર ઘેર ભીખ માંગતો હોય !

સદા માટે સદાબહારમાં રહેવાની પાત્રતા છે જેનામાં, તે આત્માને જન્મ, જીવન, મરણની ઘટમાળમાં ઘસડાવું પડે !

રૂપ-રસ-ગંધ-સ્પર્શ વિનાના આ અરૂપી આત્માએ ક્યારેક કૂતરાના તો ક્યારેક નારકના રૂપો લેવા પડે !

સદા જે મહાન છે, તેણે ક્યારેક કર્ણની જેમ નીચ તરીકે તિરસ્કાર અને ધિક્કારને પાત્ર બનવું પડે !

સદાના ક્ષમાવાન, નિર્વિકારી આત્મા ક્રોધના ફૂંફાડા મારતો કે કામાવેગમાં ઢસડાતો ઘણી વાર જોવા મળે !

કોણે સર્જ્યાં છે બધા આશ્ચર્યો? એ સવાલનો જવાબ હવે તમારાથી જરાય અજાણ્યો નથી. તે બધા આશ્ચર્યોનું સર્જન કરનાર છે કર્મો. પણ તે કર્મો ઉપરોક્ત જુદાં જુદાં આશ્ચર્યો શી રીતે કરે છે? તે છે હવે આપણો સવાલ. ચાલો.... તેના જવાબ જાણીએ.

આ કર્મો મિથ્યાત્વ અવિરતિ-કષાય અને યોગ નામના ચાર બાકોરા વડે આત્મામાં પ્રવેશેલી કાર્મણ રજકણોમાંથી તૈયાર થાય છે.

જ્યારે આ કાર્મણ રજકણો આત્મામાં પ્રવેશીને કર્મ બને છે; ત્યારે કર્મમાં ચાર વસ્તુઓ નક્કી થાય છે. જીવાત્માને જ્યારે રજકણો ચોંટી, ત્યારે બની ગયેલા તે

કર્મમાં (૧) સ્વભાવ (Nature = નેચર) નક્કી થાય. (૨) તે કાર્મણ રજકણો જીવાત્મા ઉપર જેટલો સમય ચોંટી રહેવાની હોય, તેટલો કાળ (Time - પીરીયડ) તે કર્મનો નક્કી થાય. (૩) તે કર્મો કેટલો બળવાન પરચો બતાવશે ? તે બળ (Power = પાવર) નક્કી થાય અને (૪) તે રજકણોની સંખ્યા (Bulk = ક્વૉન્ટિટિ) નક્કી થાય.

માત્ર કાર્મણ રજકણો કે કર્મ માટે જ નહિ, સામાન્યતઃ દુનિયાની તમામ બાબતો માટે આ ચારે વાત નક્કી થતી આપણે અનુભવીએ છીએ. દા.ત. સૂંઠનો લાડુ-કોઈક બહેને બનાવ્યો. આપણે તે બહેનને ચાર પ્રશ્નો પૂછી શકીએ : (૧) તમે જે સૂંઠનો લાડુ બનાવ્યો તેનો સ્વભાવ શું છે ? (૨) તે સૂંઠનો લાડુ કેટલા સમય સુધી ટકી શકશે? (૩) તે સૂંઠના લાડુનો રસ = સ્વાદ કેવો છે ? અને (૪) તે સૂંઠના લાડુનું વજન કેટલું છે ?

આ ચારે પ્રશ્નોના ક્રમશઃ જવાબ આપણને મળી શકે કે (૧) આ સૂંઠના લાડુનો સ્વભાવ પેટમાં થતા ગેશને દૂર કરવાનો છે. (૨) તે ૧૫ દિવસ (૨૦ દિવસ કે મહિનો) સારો રહી શકે તેમ છે. (૩) તેનો રસ એકદમ તીખો છે. અને (૪) તેનું વજન સો ગ્રામ કે બસો ગ્રામ છે.

જેમ આ સૂંઠના લાડુમાં જે ચાર વાત વિચારી, તેમ કર્મના વિષયમાં પણ તે જ ચાર વાતો વિચારી શકાય છે.

ચાલો ! તો હવે તે ચારે વાતોને ક્રમશઃ વિચારીએ.

**(૧) સ્વભાવ :** જ્યારે કાર્મણ રજકણો જીવાત્મા ઉપર ચોંટે ત્યારે તરત જ તેના સ્વભાવનો નિર્ણય પણ થઈ જાય છે. તે કાર્મણ રજકણો જે કારણથી આત્મામાં પ્રવેશી, તે કારણ જ તે કાર્મણ રજકણોનો સ્વભાવ નક્કી કરે છે.

એક શ્રીમંત માણસ હતો. પૈસાની તેને ત્યાં રેલમછેલ હતી. છતાંય કંજૂસાઈ નામના દોષના કારણે તે ન તો ધનને ભોગવી શકતો કે ન તો ગરીબોને દાન દઈ શકતો.

તે કંજૂસ શ્રીમંતના ત્યાં જ્યારે સાત સાત દિનનો ભૂખ્યો ભિખારી ભીખ માંગવા આવ્યો કે કો'ક ગરીબ માણસ મદદ મેળવવા આવ્યો ત્યારે પેલા શ્રીમંતે તેની વાત તો ન સાંભળી પણ ગુસ્સે થઈને, ગાળો દઈને, ધક્કા મારી મારીને કાઢી મૂક્યો. તે વખતે શું થયું ? તે આપણે જોઈએ.

તેનું આવું વર્તન, તેના હૃદયમાં તે વ્યક્તિ પ્રત્યે પેદા થયેલી દ્વેષવૃત્તિને જણાવે છે. નક્કી તે વખતે તેના મનમાં તે ગરીબ પ્રત્યે ધિક્કાર-અરુચિભાવ વગેરે હશે. વળી વાણીથી તે ગાળો બોલ્યો છે. કાયાથી પણ તેને ધક્કા મારવાનું જ કાર્ય કર્યું છે.

આમ, અહીં અશુભ મનયોગ, અશુભ વચનયોગ અને અશુભ કાયયોગ હાજર છે. આ કષાય અને યોગ રૂપી બાકોરા વડે કાર્મિક રજકણો પ્રવેશીને તે વખતે તેના આત્માને ચોંટી. તે કર્મ બન્યું. તે કર્મનો સ્વભાવ શું નક્કી થાય ?

મિત્રો ! તદ્દન સીધી અને સાદી વાત છે કે, જે બીજાને દુઃખ આપે તે દુઃખી બને, ત્રાસ આપે તે ત્રાસ પામે. સુખ આપે તે સુખ પામે, દુનિયાના આ સનાતન નિયમને કોણ નથી જાણતું ?

કદાચ આજે દુઃખ આપનારો વ્યક્તિ આજે દુઃખી નહિ થાય તો કાલે થશે. આ ભવમાં નહિ તો આવતા ભવે કે ત્યાર પછીના અન્ય કોઈ ભવમાં પણ દુઃખી તો થશે જ.

કોણ તેને દુઃખી કરશે ? આ ભવમાં, પેલા ગરીબને ધક્કો મારીને કાઢી મૂકતાં બાંધેલું કર્મ જ ને ? તેથી નક્કી થયું કે બંધાતા તે કર્મમાં, દુઃખ આપવાનો સ્વભાવ નક્કી થયો છે.

આ જ રીતે જે આત્મા ઉદાર છે. દિલાવર હૃદયનો છે. બીજા જીવોને સુખી કરે છે. તે વ્યક્તિ તે વખતે જે કાર્મણ રજકણોને ગ્રહણ કરે છે તેમાં સુખ આપવાનો સ્વભાવ નક્કી થાય છે.

કાર્મણ રજકણો આત્માને ચોંટે ત્યારે તે કર્મ બનતું હોવાથી, કાર્મણ રજકણો ચોંટવાની ક્રિયાને શાસ્ત્રીય ભાષામાં કર્મનો બંધ થયો તેમ કહેવાય છે.

જ્યારે આ કર્મબંધ થાય છે, ત્યારે તે કર્મબંધ થવામાં જે કારણ હોય તે કારણને અનુરૂપ તે કર્મમાં સ્વભાવ નક્કી થાય છે.

'આ માણસની પ્રકૃતિ સારી નથી.' વાક્યનો અર્થ દુનિયામાં આ માણસનો સ્વભાવ સારો નથી એવો કરવામાં આવે છે. આમ સ્વભાવ માટે પ્રકૃતિ શબ્દ પણ વાપરવામાં આવતો હોવાથી કર્મબંધ થતાં, જે તેનો સ્વભાવ નક્કી થયો, તેને પ્રકૃતિબંધ પણ કહેવામાં આવે છે.

કર્મનો પ્રકૃતિબંધ એટલે કર્મમાં સ્વભાવનું નક્કી થવું.

કર્મબંધ થતાં જુદા જુદા મુખ્યત્વે આઠ પ્રકારના સ્વભાવો નક્કી થાય છે. તેથી આઠ પ્રકારની પ્રકૃતિ નક્કી થાય છે તેમ કહેવાય. તે આઠ પ્રકારના સ્વભાવોને કારણે કર્મોના પણ મુખ્યત્વે આઠ પ્રકારો ગણાય છે. તે આઠ પ્રકારના કર્મોના નામો આ પ્રમાણે છે.

(૧) જ્ઞાનાવરણીયકર્મ: (૨) દર્શનાવરણીયકર્મ (૩) વેદનીયકર્મ (૪) મોહનીયકર્મ

(૫) આયુષ્યકર્મ (૬) નામકર્મ (૭) ગોત્રકર્મ અને (૮) અંતરાયકર્મ.

આઠે કર્મોના નામો જલદી યાદ રહી જાય તે માટે નીચેનો ટૂચકો યાદ રાખી લેવો.

જ્ઞાનચંદ શેઠ **દર્શન** કરવા ગયા. રસ્તામાં તેમને પેટમાં ખૂબ **વેદના** ઊપડી. સામે તેમને તેમના મિત્ર **મોહન**ભાઈ વૈદરાજ મળ્યા. તેમણે મોહનભાઈને કહ્યું કે, જલદી દવા કરો, નહિ તો મારું **આયુષ્ય** હમણાં પૂરું થઈ જશે. મોહનભાઈએ દવાની પડીકી આપીને કહ્યું કે, તમારા ભગવાનનું **નામ** લો અને **ગોત્ર** દેવતાને યાદ કરો. તેથી તમારા તમામ **અંતરાયો** (દુઃખો) દૂર થઈ જશે.

આ નાનકડા ટૂચકામાં ક્રમશઃ આઠે કર્મોના નામો ગોઠવાઈ ગયા છે. આ આઠે કર્મો આપણા આત્માને સંસારમાં અનેક પ્રકારના નાચ નચાવી રહ્યા છે.

આપણો આત્મા તો સૂર્ય સમાન છે. જેમ સૂર્ય પોતાના કિરણો વડે જગતને પ્રકાશિત કરે છે, તેમ આત્મા પણ પોતાના ગુણો વડે પોતાના જીવનને પ્રકાશિત બનાવે છે.

પરંતુ જો ચોમાસાના સમયે સૂર્યની આસપાસ વાદળોના આવરણ આવી જાય તો સૂર્ય વાદળ પાછળ ઢંકાઈ જાય છે. પરિણામે સૂર્યનાં કિરણો ધરતી ઉપર ન પહોંચતા અંધકાર છવાય છે.

બસ, તેજ રીતે સૂર્ય સમાન આત્માની આસપાસ કર્મો રૂપી વાદળો છવાઈ ગયા છે. પરિણામે આત્માના ગુણો ઢંકાઈ જતાં, તેનો પ્રકાશ જીવનમાં આછો થઈ જાય છે અથવા તો ગુણોથી વિપરીત એવા દોષોથી જીવનમાં અંધકાર વ્યાપી જાય છે.

આપણા આત્માના મુખ્ય આઠ ગુણો ગણાયેલા છે. તેને ઢાંકી દેતાં કર્મો આઠ છે. જે આત્માને સંસારમાં રખડાવે છે. હવે પછી આપણે તે આઠે કર્મોનું સ્વરૂપ વિચારીશું.

## ૭ જ્ઞાનાવરણીયકર્મ

આત્મામાં અનંતજ્ઞાન છે. દુનિયાની કોઈપણ વસ્તુ આત્માથી અજ્ઞાત હોઈ શકે નહિ. પરંતુ જ્ઞાનાવરણીયકર્મ રૂપ આ વાદળ આત્મા રૂપ સૂર્યની સામે આવી ગયું હોવાથી આત્મા અજ્ઞાની-જડ કે મૂર્ખ બની જાય છે. તે ગમે તેટલી મહેનત કરે તો પણ તેને કાંઈ યાદ ન રહે; જે યાદ હોય તે પણ આ કર્મના પ્રભાવે ભુલાઈ જાય. તેની સમજણશક્તિ બરાબર ન ખીલે. બુદ્ધિની જડતા રહે.

એક મુનિવરે ઉત્તરાધ્યયન સૂત્રના જોગ શરૂ કર્યા હતા. ત્રણ અધ્યયન પૂર્ણ થયા. ચોથા દિવસે ચોથા અધ્યયનની ૧૩ ગાથા ગોખવાની હતી. મુનિવરે ગોખવાનું શરૂ કર્યું. પણ જ્ઞાનાવરણીયકર્મ એવું આડે આવ્યું કે ખૂબ મહેનત કરવા છતાંય એક પણ ગાથા યાદ ન રહી.

ઉત્તરાધ્યયન સૂત્રના જોગમાં ઉત્સર્ગ માર્ગે (મૂળ વિધિએ) એવો નિયમ છે કે ચોથા અધ્યયનની ૧૩ ગાથા ગોખતાં જેટલા દિવસ થાય, તે બધા જોગના ચોથા દિવસ તરીકે જ ગણાય. ચોથું અધ્યયન સંપૂર્ણ કંઠસ્થ થયા પછી જ જોગનો પાંચમો દિવસ શરૂ થાય.

ચોથું અધ્યયન ગોખતી વખતના તમામ દિવસો આયંબીલ કરવાં પડે. જો ૧૩ ગાથા ચોથા દિને ન થાય તો ખાસ કારણે અપવાદ માર્ગે એક આયંબીલ વધારે કરીને તરત પાંચમો દિવસ શરૂ કરી શકાય.

આ મુનિવરે ઘણી જ મહેનત કરી પણ કેમે કરીને ગાથા થતી જ નથી. અપવાદ માર્ગ લેવાની તૈયારી નથી. તેમને તો ઉત્સર્ગ માર્ગે આરાધના કરવાની લગની લાગી છે.

ભલેને મારો ચોથો દિવસ જ ગણાય....! ભલે ને મારે રોજ આયંબીલ કરવા પડે ! ભલે ને મને ગાથા ન ચડે ! હું તો ગોખવાનો ઉદ્યમ કરીશ જ. ગાથા ચડે કે ન ચડે તે વાત ભલે કદાચ મારા હાથમાં ન હોય પણ ગાથા કરવા માટેનો ઉદ્યમ કરવો; તે તો મારા હાથની વાત છે. હું શા માટે તેમાં પીછેહઠ કરું ?

અને તે મુનિવરે તો જરાય અકળાયા વિના, દીન કે લાચાર બન્યા વિના રોજ ગાથા ગોખવાનો પુષ્કળ પુરુષાર્થ ચાલુ રાખ્યો.

જોતજોતામાં બાર વર્ષ પૂરાં થવા આવ્યાં. રોજ ગોખવાની મહેનત કરે છે પણ

એકેય ગાથા આવડતી નથી. જ્ઞાનાવરણીયકર્મ પોતાનું તીવ્ર જોર બતાવી રહ્યું છે.

એકે ય લીટી ન આવડે છતાંય બાર વર્ષ સુધી લગાતાર ગોખવાનો ઉદ્યમ ! અને આપણે ! મહેનત કરીએ તો ચોક્કસ બે ચાર ગાથા ચડે તો ય ગમે તે બહાના કાઢીને ગોખવામાં આળસ ! ક્યાંય મેળ જામતો દેખાતો નથી. શું થશે આપણું ?

એક રાત્રિના સમયે મુનિવર ચિંતનધારામાં આગળ વધ્યા. પોતાનો સખત ઉદ્યમ છતાં જ્ઞાન ચડતું નથી તેનું કારણ વિચારી રહ્યા છે. મેં ભૂતકાળના ભવમાં કેવું ઘોર જ્ઞાનાવરણીયકર્મ બાંધ્યું છે કે પ્રયત્ન કરું છું છતાંય યાદ નથી રહેતું.

નક્કી મેં જ્ઞાનની ખૂબ ખૂબ આશાતના કરી હશે. કાગળોને બાળ્યા હશે. તેના તાપણાં કર્યાં હશે. કાગળમાં કાંઈક ખાધું હશે. કોઈને ભણવામાં મુશ્કેલી ઊભી કરી હશે. જે ભણેલા હશે, તેમની નિંદા-ટીકા કરી હશે. વગેરે વગેરે વિચારણા કરતાં પોતાના ભૂતકાળના પાપો ઉપર પશ્ચાત્તાપમાં લીન થઈ ગયા. આ પ્રશ્ચાત્તાપે તેમનું જ્ઞાનાવરણીયકર્મ ખતમ કરવા માંડ્યું. ધ્યાનની ધારામાં આગળ વધતાં વધતાં તેમણે સીધું જ કેવળજ્ઞાન મેળવી લીધું.

બાર વર્ષના સતત પરિશ્રમે એક ગાથા પણ જે જ્ઞાનાવરણીયકર્મે ન ચડવા દીધી તે જ્ઞાનાવરણીયકર્મ ખતમ થતાંની સાથે જ સીધું કેવળજ્ઞાન તેમને પ્રાપ્ત થઈ ગયું.

આપણે પણ જ્ઞાનાવરણીયકર્મ ન બંધાય તેની પળે પળે સતત જાગૃતિ રાખવી જોઈએ. જીવનના પ્રત્યેક વ્યવહારોમાં જ્ઞાન - જ્ઞાની પ્રત્યે બહુમાનભાવ હૃદયમાં વહી રહ્યો છે કે ઊંડે ઊંડે પણ જ્ઞાન-જ્ઞાનીની થતી આશાતના વખતે ઉપેક્ષાભાવ છે? તેની ગંભીરતાથી વિચારણા કરવા જેવી છે.

નીચે જણાવેલી કેટલીક બાબતોમાં જો સાવધાની રાખીશું, તો નવું જ્ઞાનાવરણીય કર્મ બંધાતું અટકવા લાગશે.

માત્ર ધાર્મિક પુસ્તકો, મેગેઝિનો કે કંકોત્રીઓને જ જ્ઞાન ન સમજવું. પણ જેમાં એકાદ અક્ષર પણ છાપેલો હોય તેવું સામાજિક પુસ્તક, છાપા, નવલકથા તથા નોટ, પેન, પેન્સીલ વગેરે જ્ઞાનના સાધનોને પણ જ્ઞાન રૂપ જાણવું. અને તેમાંથી કોઈની પણ આશાતના ન થાય તેની કાળજી રાખવી.

★ નોટ-પેન-પેન્સિલ-પુસ્તક-લખેલો કે કોરો કાગળ, છાપા વગેરે જમીન ઉપર મૂકવા નહિ, બગલમાં ભરાવવા નહિ. તેને પસીનો ન લાગે તેની કાળજી લેવી.

★ છાપા-નોટબુક-પુસ્તકો વગેરે પસ્તીમાં વેચવા નહિ.

★ અક્ષરવાળી કોઈપણ વસ્તુ સાથે લઈને ખાવું-પીવું નહિ કે સંડાસ-બાથરૂમમાં જવું નહિ. તે માટે અક્ષરવાળું કાપડ ખરીદવું નહિ. જેની ઉપર અક્ષરો હોય તેવા

તૈયાર કપડા લાવવા નહિ- પહેરવા નહિ. કપડા ઉપર દરજીનું લેબલ હોય તો કપડાં પહેરતાં પહેલા તે કાઢી લેવું. ચશ્માની ફ્રેમ ઉપરના અક્ષર કાઢી લેવા. બૂટ-ચંપલ-સ્લીપર ઉપરના અક્ષર દૂર કરવા. ગજવામાં રહેલી ઘડિયાળ (આંકડા લખેલા હોવાથી) તથા રૂપિયાની નોટો કે પૈસાના સિક્કા દૂર મૂકીને પછી જ ખાવું-પીવું કે સંડાસ-બાથરૂમમાં જવું. વગેરે ધ્યાનમાં રાખવું.

★ કાગળ-પુસ્તકાદિ ઉપર પગ ન મૂકવો.

★ રોડ ઉપર ચાલતી વખતે, ત્યાં જો અક્ષરો લખેલા હોય તો તેની ઉપર પગ ન આવી જાય તેની કાળજી લેવી.

★ જ્ઞાની કે જ્ઞાનના સાધનો ઉપર થૂંક ન લાગે તેનું ધ્યાન રાખવું. તે માટે વાંચતા-બોલતાં મોઢા આગળ રૂમાલ કે હાથ રાખવો. અન્તર્દેશીય પત્ર કે કવરને બીડવા થૂંક ન લગાડતા પાણી કે ગુંદર વાપરવો. પોસ્ટની ટિકિટો ચોડવા પણ થૂંક ન લગાડવું.

★ નોટ કે પુસ્તકના પાના ઝડપથી ફેરવવા કે રૂપિયાની નોટો ઝડપથી ગણવા હાથને થૂંકવાળા ન કરતાં પાણીનો ઉપયોગ કરવો.

★ સંડાસ સાફ કરવા કાગળ (ટોઈલેટ પેપર)નો ઉપયોગ ન કરવો.

★ પેન, પેન્સિલ વગેરે મોઢામાં ન નાંખવા.

★ M. C. ના સમયમાં બહેનોએ સ્કૂલ-કૉલેજના પુસ્તકો કે નવલકથાઓ પણ ન વાંચવી. કાંઈપણ ન લખવું. છાપા પણ ન વાંચવા. સ્કૂલ-કૉલેજમાં પણ ન જતાં, તે ચાર દિવસ ઘરમાં એક ખૂણામાં જ બેસી રહેવું જોઈએ.

★ ભણતી વ્યક્તિને ભણવામાં ડીસ્ટર્બ ન કરવી. તકલીફ ન આપવી. બલ્કે તેમને સહાય કરવી.

★ જ્ઞાનીની આશાતના ન કરવી. પરંતુ તેમની પ્રત્યે હૃદયમાં ભારોભાર બહુમાનભાવ ધારણ કરવો. તેમની નિંદા-ટીકા તો કદી ન કરવી.

★ પૂર્વની પુણ્યાઈથી મળેલી બુદ્ધિનો દુરુપયોગ ન કરવો. કુતર્કો ન કરવા. જ્ઞાનનો સદુપયોગ કરવો.

★ જ્ઞાન અને જ્ઞાનીની ઉપાસના - ભક્તિ કરવી. તે માટે જ્ઞાનપંચમીની આરાધના શરૂ કરવી.

જ્ઞાનપંચમીની આરાધના કારતક સુદ પાંચમથી શરૂ કરવાની હોય છે. પાંચ વર્ષ-પાંચ મહિના સુધી દર સુદ-પાંચમના દિને વિધિસહિત ઉપવાસ કરવો. ઊંચા આસને પુસ્તકાદિ જ્ઞાનને સ્થાપન કરીને તેની સામે સુગંધીદાર ધૂપ કરવો. પાંચ

દીવેટનો દીપક કરવો. પાંચ વર્ણના ધાન્ય, પાંચ પ્રકારના પકવાન અને પાંચ જાતિના ફળો મૂકીને ૫૧ સાથિયા કરવા. પુષ્પ અને વાસક્ષેપથી પૂજા કરવી. ૫૧ ખમાસમણ આપવા. ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. જ્ઞાનનું ચૈત્યવંદન કરવું. ગુરુવંદન કરીને વ્યાખ્યાન (મ.સા.હોય તો) સાંભળવું. બે વખત પ્રતિક્રમણ અને ત્રણ વખત દેવવંદન કરવું. 'ૐ હ્રીં નમો નાણસ્સ' મંત્રની ૨૦ માળા ગણવી. આ રીતે પાંચ વર્ષ-પાંચ મહિને આ તપ પૂર્ણ થતાં યથાશક્તિ પાંચ જ્ઞાનનું ઉજમણું (ઉદ્યાપન) કરવું.

પદ્મપુર નગરમાં અજિતસેન રાજા રાજ્ય કરતો હતો. તેને યશોમતી નામે રાણીથી વરદત્ત નામનો પુત્ર થયો હતો. રાજાના આંખની કીકી સમાન આ વરદત્તકુમાર જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે પિતાએ શુભમુહૂર્ત જોઈને તેને ભણવા માટે પંડિત પાસે મૂક્યો. પણ આશ્ચર્ય ! પંડિતજી ધીર અને ખંતથી ભણાવવા માટે પુષ્કળ પરિશ્રમ કરે તો ય વરદત્તને એક અક્ષર પણ આવડતો નથી. પૂર્વના ભવમાં બાંધેલું જ્ઞાનાવરણીયકર્મ તેને મૂર્ખ શિરોમણિ બનાવવા માંગે છે ! જોતજોતામાં વરસોના વહાણાં વાઈ ગયાં. કુમાર હવે યુવાન બન્યો છતાંય કાંઈ ન ભણી શક્યો. અધૂરામાં પૂરું તેના શરીરે કોઢ રોગ ઘેરી વળ્યો. કોઢિયો અને મૂર્ખ શિરોમણિ તે વરદત્ત દુઃખમાં દિવસો પસાર કરી રહ્યો છે.

બીજી બાજુ તે જ નગરમાં સિંહદાસ શેઠની પુત્રી ગુણમંજરી જન્મથી જ રોગી અને મૂંગી પેદા થઈ છે. અનેક ઉપચારો કરવા છતાંય ફેર ન પડતાં તે પણ દુઃખમાં દિવસો પસાર કરી રહી છે.

એક વાર તે નગરમાં વિજયસેનસૂરીશ્વરજી નામના આચાર્ય ભગવંત પધાર્યા. સપરિવાર રાજા, શેઠ તથા અન્ય પ્રજા પણ ગુરુભગવંતનું પ્રવચન સાંભળવા આવ્યા છે.

ગુરુભગવંતે જ્ઞાનની મહત્તા ઉપર દેશના ફરમાવી : મન-વચન કે કાયાથી કોઈએ કદી પણ જ્ઞાન કે જ્ઞાનીની નિંદા, ટીકા કે આશાતના ન કરવી જોઈએ. જેઓ કાયાથી જ્ઞાનની આશાતના કરે છે તેઓ ભવાન્તરમાં રોગી બને છે. વચનથી આશાતના કરે છે તેઓ મૂંગા-બોબડા કે તોતડા થાય છે. મનથી વિરાધના કરનાર જડ બુદ્ધિવાળા થાય છે. માટે જ્ઞાનની અજાણતા પણ વિરાધના ન થાય તેની દરેક જણે સતત કાળજી રાખવી જોઈએ. વગેરે...

ગુરુભગવંતના પ્રવચનને સાંભળીને, સિંહદાસ શેઠે ગુરુભગવંતને પૂછ્યું કે, 'હે મહાત્મન્ ! આપની વાત સાંભળીને મને મનમાં સંદેહ થાય છે કે, શું મારી પુત્રી ગુણમંજરીએ પૂર્વભવમાં જ્ઞાનની કોઈ આશાતના કરી છે ? કે જેના કારણે તે આ ભવમાં જન્મથી જ મૂંગી અને રોગી બની છે ?'

ગુરુ ભગવંતે કહ્યું કે, 'પૂર્વ ભવમાં કરેલી જ્ઞાનની વિરાધનાના કારણે તેણે

જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું હતું. તે કર્મના ઉદયે આ ભવમાં તે જન્મથી જ મૂંગી અને રોગી થઈ છે.

પૂર્વભવમાં જિનદેવ નામના શેઠની તે સુંદરી નામની પત્ની હતી. તેઓને ચાર પુત્રી અને પાંચ પુત્રો હતા. તે પાંચે પુત્રો બરાબર ભણતા નહિ, પણ ભણાવનાર ગુરુની મશ્કરી-નિંદા વગેરે કરતા. ક્યારેક ગુરુ શિક્ષા કરે તો તે પુત્રો માતા સુંદરીને ફરિયાદ કરતા. તેવા સમયે સુંદરી પુત્રોનો પક્ષ લઈને ગુરુને ઠપકો આપતી. પુત્રોના પુસ્તકો ચૂલામાં બાળી નાંખતી. શિક્ષકની પણ નિંદા-ટીકા કરતી.

શેઠને જયારે આ બધી વાતની ખબર પડી ત્યારે તેમણે સુંદરીને ઠપકો આપ્યો. પણ સુંદરી તો તેમની ઉપર જ તૂટી પડી. બાપ જેવા બેટા હોય તેમાં હું શું કરું ? એવું બહુ લાગતું હોય તો તમે જ તેઓને ભણાવો ને ?

દિવસો વીતતા પુત્રો અભણ રહી ગયા. કોઈ તેમને કન્યા આપવા તૈયાર નથી, ત્યારે શેઠ-શેઠાણીને પોતાના પુત્રો અભણ રહી ગયાનો ત્રાસ થાય છે. બંને જણા પુત્રોને અભણ રાખવાનો દોષ એકબીજા ઉપર ઢોળે છે. પરિણામે થયેલા ઝઘડામાં શેઠના હાથમાંથી ગુસ્સામાં છૂટેલો પથ્થર સુંદરીને વાગે છે. મરણ પામેલી તે સુંદરી તમારી પુત્રી ગુણમંજરી બની છે. જ્ઞાનને બાળવાથી, ગુરુની આશાતનાદિ કરવાથી તેણે જે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું છે, તેના ઉદયે તે આ ભવમાં રોગી-મૂંગી બની છે. કરેલા કર્મો બધાએ ભોગવવાં જ પડે. મસમોટા જીવોને પણ આ કર્મોએ કદી છોડ્યાં નથી.'

આ વાત સાંભળતાં ગુણસુંદરીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ યાદ આવ્યો. ગુરુભગવંતે કહેલી વાત અક્ષરશઃ સાચી જણાઈ. તેણે ઈશારાથી તે વાત જણાવી.

શેઠે ગુરુભગવંતને આ જ્ઞાનાવરણીયકર્મને નાશ કરવાનો, પુત્રીને નિરોગી અને બોલતી કરવાનો ઉપાય પૂછ્યો. જેના જવાબમાં ગુરુભગવંતે જ્ઞાનપાંચમી તપ કરવાની પ્રેરણા કરી. ગુણમંજરીએ આ જ્ઞાનપંચમી તપ કરવાનું વ્રત ગુરુભગવંત પાસે સ્વીકાર્યું.

તે સમયે અજિતસેન રાજાએ પણ ગુરુભગવંતને પૂછ્યું કે, 'મારો પુત્ર વરદત્ત એક અક્ષર પણ ભણી શક્યો નથી. મૂર્ખ શિરોમણિ જણાય છે. વળી બુદ્ધિનો પણ જડ છે. યુવાવસ્થાને પામતાં તેને કોઢ રોગ થયો છે. તો તેનું કારણ શું હશે ? જણાવવા કૃપા કરશોજી.'

હે રાજન્ ! 'તારા પુત્રની આવી પરિસ્થિતિ થવામાં પણ પૂર્વભવમાં તેણે કરેલી જ્ઞાનની વિરાધના જ કારણ છે. સાંભળો તેનો પૂર્વભવ :

શ્રીપુર નામના નગરમાં રહેતા વસુદેવ શેઠના વસુસાર અને વસુદેવ નામના બ પુત્રોએ મુનિસુંદરસૂરીશ્વરની દેશના સાંભળીને વૈરાગ્ય પામી તેમની પાસે સંયમજીવન સ્વીકાર્યું.

મોટાભાઈનો ક્ષયોપશમ તેજ નહોતો. બુદ્ધિ બહુ નહોતી. પણ નાનો ભાઈ તેજસ્વી હોવાથી ટૂંક સમયમાં ખૂબ આગળ નીકળી ગયો. અનેક શાસ્ત્રોનો પારગામી બન્યો. ગુરુદેવે યોગ્યતા જણાતા તેને આચાર્યપદવી આપી. હવે વસુદેવસૂરી પાંચસો સાધુઓને આગમોની વાચના આપે છે.

એક વાર દિવસના પરિશ્રમથી શ્રમિત બનેલા વસુદેવસૂરિજી સંથારામાં આરામ કરવાની તૈયારી કરતા હતા, ત્યારે એક પછી એક સાધુ પોતાને ઉપસ્થિત થતા સવાલો પૂછવા આવવા લાગ્યા. પાંચ-સાત જણને તો ખૂબ જ ધીરજ અને શાંતિથી તેમણે જવાબો આપ્યા. પણ પછી તો જાણે લાઈન લાગી.

અતિશય શ્રમિત હોવાથી, વારંવાર સવાલો પૂછવા આવતા સાધુઓથી તેઓ કંટાળી ગયા. તેમને મનમાં વિચારો આવવા લાગ્યા કે મારો મોટોભાઈ ભણ્યો નથી, તો કેટલો બધો સુખી છે ! તેને છે કોઈ ચિંતા ? આરામથી નિરાંતે ઊંઘી શકે છે. મૂર્ખ હોવાથી તેને કોઈ પૂછવા ય જતું નથી. મરજી મુજબ ખાઈને રાત-દિન ઊંઘ્યા કરે છે. પરિણામે શરીર પણ નીરોગી તથા મજબૂત છે. હું ખૂબ ભણ્યો તો મને શાંતિથી જીવવા કે સૂવા ય મળતું નથી. આના કરતાં ન ભણ્યો હોત તો કેટલું સારું થાત ! મૂર્ખ રહ્યો હોત તો સારું.

આવું મૂર્ખપણું મને પણ મળે તો સારું. હવે તે માટે નક્કી કરું છું કે (૧) હવેથી નવું કાંઈપણ મારે ભણવું નહિ. (૨) જે કાંઈ ભણ્યો છું તે બધું ભૂલી જઈશ; અને (૩) કોઈને પણ હવેથી મારે ભણાવવું નહિ. આવા ત્રણ સંકલ્પ કરીને બાર દિવસ સુધી તેઓ સંપૂર્ણ મૌન રહ્યા.

મનોમન પણ જ્ઞાનની આવી આશાતના કરવાથી તેમણે તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું. પાછળથી પણ તેની આલોચના ન કરી. પ્રાયશ્ચિત્ત ન સ્વીકાર્યું. છેલ્લે કાળધર્મ પામીને - હે રાજન્ ! તમારા પુત્ર વરદત્તકુમાર તરીકે તે વસુદેવસૂરિ ઉત્પન્ન થયા છે. તેમના ભાઈ વસુસારમુનિ કાળધર્મ પામીને માનસરોવરમાં હંસ બન્યો છે. જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી તમારો પુત્ર મૂર્ખ શિરોમણિ બન્યો છે. અને કોઢ રોગ તેના શરીરને ઘેરી વળ્યો છે.

આ સાંભળીને વરદત્તકુમારને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો તેવો જ પૂર્વભવ દેખાયો. તેણે કહ્યું કે - ગુરુભગવંતની બધી વાત તદ્દન સત્ય છે. રાજાએ

ઉપાય પૂછતાં, ગુરુભગવંતે જ્ઞાનપંચમીની આરાધના કરવા જણાવ્યું. વરદત્તકુમારે જ્ઞાનપંચમી તપ કરવાનું નક્કી કર્યું.

વિધિપૂર્વક જ્ઞાનપંચમી તપની આરાધના કરવાથી વરદત્તકુમારના સર્વરોગો નાશ પામ્યા. અનેક કળાઓમાં તે પારંગત બન્યો. રાજા બનીને લાંબા કાળ સુધી પ્રજાનું સુંદર પાલન કરી, છેલ્લે સર્વવિરતિ જીવનની સુંદર આરાધના કરીને વૈજયન્ત નામના અનુત્તરવિમાનમાં દેવ થયા. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં શૂરસેન નામના રાજા બન્યા. છેલ્લે સીમંધરસ્વામી ભગવંત પાસે દીક્ષા લઈને, કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

ગુણમંજરીના રોગો પણ જ્ઞાનપંચમીની આરાધનાના પ્રભાવે નાશ પામ્યા. છેલ્લે ચારિત્રજીવનની આરાધના કરીને દેવ તરીકે ઉત્પન્ન થઈ. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં સુગ્રીવરાજા તરીકેના ભવમાં છેલ્લે દીક્ષા સ્વીકારી, કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પામી મોક્ષ પામ્યા.

આપણે પણ જો જ્ઞાનાવરણીયકર્મને ખતમ કરવું હોય તો આ વરદત્તકુમાર અને ગુણમંજરીની જેમ વિધિપૂર્વક જ્ઞાનપંચમીની આરાધના કરવી જોઈએ. જ્ઞાન કે જ્ઞાનીની મનથી પણ આશાતના ન થઈ જાય તેની પળે પળે કાળજી લેવી જોઈએ.

આ જ્ઞાનાવરણીયકર્મ આંખે બાંધેલા પાટા જેવું છે. માણસની પાસે જોવા માટે આંખો હોય; છતાં ય જો તેની ઉપર પાટો બાંધ્યો હોય તો તે જોઈ શકે ? ના.

તે જ રીતે આત્માની અંદર અનંતજ્ઞાન હોવા છતાંય, આ જ્ઞાનાવરણીયકર્મ રૂપી પાટો વીંટળાયો હોવાથી આપણો આત્મા ભીંત પાછળ રહેલી વસ્તુને ય જાણી શકતો નથી. જેમ આંખે બાંધેલો પાટો આંખ સામે રહેલી વસ્તુનું જ્ઞાન કરતાં અટકાવે છે, તેમ આ જ્ઞાનાવરણીયકર્મ પણ આત્માને અનેક જાતનું જ્ઞાન કરતાં અટકાવે છે. આ જ્ઞાનાવરણીયકર્મના પાંચ પેટા ભેદ છે : (૧) મતિજ્ઞાનાવરણીયકર્મ (૨) શ્રુતજ્ઞાનાવરણીયકર્મ (૩) અવધિજ્ઞાનાવરણીયકર્મ (૪) મનઃપર્યવજ્ઞાનાવરણીયકર્મ; અને (૫) કેવળજ્ઞાનાવરણીયકર્મ.

## મતિજ્ઞાનાવરણીયકર્મ

મતિ = બુદ્ધિ. મતિ = સંજ્ઞા.

પાંચ ઇન્દ્રિયો અને મનથી આપણને જે જુદું જુદું જ્ઞાન થાય છે, તે મતિજ્ઞાન કહેવાય છે. તે મતિજ્ઞાનના જુદા જુદા અનેક પ્રકારો છે. આ મતિજ્ઞાનને અટકાવવાનું કામ જે કર્મ કરે છે, તેને મતિજ્ઞાનાવરણીયકર્મ કહેવાય છે.

આપણને જાણવા મળે છે કે કોઈક વ્યક્તિ અચાનક મૂર્છિત થઈ. પછી ભાનમાં આવતા તેને પૂર્વભવ યાદ આવ્યો. શાસ્ત્રીય પરિભાષામાં તેને જાતિસ્મરણજ્ઞાન થયું તેમ કહેવાય. આ જાતિસ્મરણજ્ઞાન પણ મતિજ્ઞાનનો એક પ્રકાર છે. અમુક પ્રકારના મતિજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થાય તો આપણને પણ જાતિસ્મરણજ્ઞાન થઈ શકે.

રાજસભામાં છીંકની સાથે શેઠના મુખમાંથી સરી પડેલા 'નમો અરિહંતાણં' શબ્દો સાંભળતાં સુદર્શનારાજકુમારીને જાતિસ્મરણજ્ઞાન થયું હતું. પૂર્વભવમાં પોતે સમડી હતી. તીરથી વીંધાઈ નીચે પડી. મરતી વખતે મુનિવરે તેને નવકારમંત્ર સંભળાવ્યો. નવકારમંત્રનો પ્રભાવ અચિન્ત્ય છે. નવકાર સાંભળતાં સાંભળતાં તે મૃત્યુ પામી. મરીને રાજકુમારી થઈ. સમગ્ર પૂર્વભવ તેને યાદ આવી ગયો.

કેટલાકની યાદશક્તિ ખૂબ તીવ્ર હોય છે. ખૂબ જલદી તેને યાદ રહી જાય છે. એક વાર જોયેલું-વાંચેલું કે સાંભળેલું તેને લાંબા સમય સુધી ભુલાતું નથી. તે બધાનું કારણ આ મતિજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ છે. તેનાથી ધારણા શક્તિ વધે છે.

તે જ રીતે કેટલીક વ્યક્તિઓમાં આગવી બુદ્ધિ દેખાય છે. તેઓ જે નિર્ણય આપે તેમાં તેમની દીર્ઘદષ્ટિ છતી થયેલી જણાય છે. પૂછવાની સાથે જ જે જવાબ આપે તે સાચો અને બુદ્ધિપૂર્વકનો હોય છે. તેનું કારણ તેમને પ્રાપ્ત થયેલું તેવા પ્રકારનું મતિજ્ઞાન છે.

રોહક નામનો નાનકડો બાળક પોતાના પિતાની સાથે પ્રથમવાર રાજગૃહી નગરી ગયો. પાછા ફરતાં ભુલાઈ ગયેલી વસ્તુ લેવા પિતા પાછા નગરમાં ગયા. નદી કિનારે બેઠેલા તે રોહકે, નદીની રેતમાં આખી રાજગૃહી નગરીનું મૉડેલ તૈયાર કરી દીધું ! પ્રથમવાર જ જોયેલી નગરીનું તરત જ આબેહૂબ રીતે મોડેલ તૈયાર કરી દેવું તે શું નાનીસૂની વાત ગણાય ?

નગરનો રાજા ઘોડા ઉપર તે તરફ આવી રહ્યો છે, ત્યારે બહાદુર નાનો બાળક કહે છે, 'કોણ છો ? ત્યાં જ ઊભા રહો. અહીં રાજમહેલ છે. રાજમહેલમાં ઘોડો ન આવી શકે !' વગેરે

અને પોતાની રાજગૃહી નગરીને આબેહૂબ રીતે રેતીમાં તૈયાર થયેલી જોઈને રાજા તેની બુદ્ધિ ઉપર વારી ગયો.

પછી તો રાજાએ અનેક રીતે તેની બુદ્ધિની કસોટી કરી.

ગામની બહાર રહેલી પથ્થરની શિલાને જરા પણ ખસેડ્યા વિના તે શિલાનો મંડપ બનાવવા કહ્યું ત્યારે ગામના બધા લોકોની ચિંતા રોહકે દૂર કરી. શિલાની

એકબાજુ નીચે ખાડો કરીને પીલ્લર ઊભો કર્યો. પછી તેની સામેની ત્રાંસી બાજુના છેડે શિલા નીચે ખાડો કરીને પીલ્લર ઊભો કર્યો. બે પીલ્લરના સહારે ટકેલી શિલાની નીચેના બાકીના બે છેડે પણ નીચે ખાડો કરાવીને પીલ્લર કરાવી દીધા. પછી નીચે બધે ખાડો કરાવ્યો. અને એ રીતે શિલા નીચે મંડપ તૈયાર થઈ ગયો.

ત્યાર પછી તો તે રાજાએ તેની બુદ્ધિ-ચાતુરીની અનેક પરીક્ષા કરી. દરેકમાં તરત જ રોહકે પોતાની બુદ્ધિથી ઉકેલ આપી દીધો. રોહકની આ બુદ્ધિ મતિજ્ઞાનનો પ્રકાર ગણાય. પ્રશ્ન પૂછાતાં જ જે બુદ્ધિ તરત સહજ રીતે ઉત્પન્ન થાય તે **ઔત્પાતિકી** બુદ્ધિ કહેવાય.

દિવાળી વખતે ચોપડાપૂજન કરતી વખતે 'અભયકુમારની બુદ્ધિ હોજો' એવું જે લખાય છે, તે અભયકુમારની બુદ્ધિ પણ મતિજ્ઞાનનો પ્રકાર છે. ઊંડા ખાલી કૂવામાં રહેલી વીંટી, અભયકુમારે પોતાની બુદ્ધિના પ્રતાપે કાંઠે ઊભા ઊભા જ બહાર કાઢી દીધી હતી, તે તો ખ્યાલમાં જ હશે.

સૌ પ્રથમ કાંઠે ઊભા રહીને કૂવામાં રહેલી વીંટી ઉપર છાણનો ઘા કર્યો. વીંટી છાણમાં ફીટ થઈ ગઈ. કૂવામાં ઘાસ વગેરે નાખી આગ લગાડી. પરિણામે છાણું સુકાઈ ગયું. પછી તેમાં પાણી ભર્યું તરતું તરતું છાણું ઉપર આવ્યું એટલે હાથમાં લઈને વીંટી કાઢી દીધી.

સુભાષચન્દ્ર બોઝ જયારે પરીક્ષા આપવા ગયેલા ત્યારે તેમના સરે તેમને કહ્યું કે ''આ વીંટીમાંથી સુભાષ બોઝને પસાર કરી દો.'' અને વિશિષ્ટ બુદ્ધિના સ્વામી આ સુભાષચન્દ્ર બોઝે એક કાગળની ચબરખી ઉપર 'સુભાષ બોઝ' લખીને તે ચબરખી વાળીને વીંટીમાંથી પસાર કરી દેવા દ્વારા સુભાષચન્દ્ર બોઝને પણ વીંટીમાંથી પસાર કરી દીધા !

ગુરુનો વિનય કરવાથી પણ આ મતિજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થાય છે. અને વિશિષ્ટ બુદ્ધિ પ્રાપ્ત થાય છે.તે વૈનયિકી બુદ્ધિ કહેવાય છે.

એક જ ગુરુ પાસે બે શિષ્યોએ જ્ઞાન મેળવ્યું. છતાં એક વિદ્યાર્થી ગુરુનો વિનય નહોતો કરતો તો તેને શાસ્ત્રીય પદાર્થોના રહસ્યોનો વિશિષ્ટ બોધ ન થયો. જયારે બીજો શિષ્ય ગુરુનો વિશેષ વિનય કરતો હતો. માત્ર બાહ્ય વિનય જ નહિ, તેના રોમરોમમાં ગુરુ પ્રત્યે વિશિષ્ટ બહુમાનભાવ હતો. પરિણામે શાસ્ત્રોના વિશિષ્ટ રહસ્યોને તે પામી શક્યો. તેની બુદ્ધિ એવી વિશિષ્ટ થઈ ગઈ કે જેના કારણે તે જે કાંઈ કહે તે સત્ય ઠરવા લાગ્યું.

એક વાર એક ડોસીમાએ આ બંને જણને પૂછ્યું કે, ''મારો દીકરો ઘણાં વર્ષોથી

પરદેશ ગયો છે. તેના કોઈ સમાચાર નથી. તે ક્યારે આવશે ?" ત્યાં જ તેની પાસે રહેલો પાણી ભરેલો ઘડો નીચે પડ્યો. ફૂટી ગયો. અવિનયી શિષ્યે કહ્યું કે, "ઘડો ફૂટી ગયો તે એમ સૂચવે છે કે તમારો દીકરો મરી ગયો છે."

અને ડોસીએ પોક મૂકી. પણ વિનયી શિષ્યે આશ્વાસન આપતાં કહ્યું કે, "માજી ! જરાય ચિંતા ન કરો. અરે ! આનંદ પામો. તમારો પુત્ર તમારા ઘરના દરવાજે આવીને ઊભો છે. ઘડો ફૂટતાં માટીમાં માટી મળી ગઈ, તે એ સૂચવે છે કે તમારો દીકરો પાછો તમારી પાસે આવી ગયો. તે રાહ જુએ છે. જલ્દી ઘરે પહોંચો."

ડોસીમા ઘરે પહોંચ્યાં. ખરેખર તેમનો દીકરો પરદેશથી આવીને તેમની રાહ જોતો ઊભો હતો.

ગુરુએ બંને શિષ્યોને જ્ઞાન આપવામાં કોઈ પક્ષપાત કર્યો નહોતો. પણ શિષ્યના હૃદયમાં ગુરુ પ્રત્યે રહેલો વિશિષ્ટ બહુમાનભાવ અને બાહ્ય વિનય જે હતો તેણે તેનામાં આ વિશિષ્ટબુદ્ધિ રૂપ મતિજ્ઞાન પેદા કર્યું હતું. આને **વૈનયિકી બુદ્ધિ** કહેવાય છે.

એકનું એક કાર્ય વારંવાર કરવામાં આવે તો તે કામમાં હથોટી આવી જાય છે. તે કામના આપણે સ્પેશ્યાલીસ્ટ બની જઈએ છીએ. તેને **કાર્મિકી બુદ્ધિ** કહેવાય છે.

ખેડૂત વાતો કરતાં કરતાં ગમે તેમ બીજ નાંખે તો ય સીધા રોપાય. કારણ કે રોજની પ્રેક્ટીશથી તેની તેવી બુદ્ધિ પેદા થયેલી છે.

અનુભવી માણસોની બુદ્ધિનો આપણને વિશિષ્ટ અનુભવ થાય છે. તેઓ દીર્ઘદષ્ટિવાળા હોય છે. બહુ દૂર સુધીનું તેઓ વિચારી શકે છે. તેમને આ બુદ્ધિ મતિજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. તેને **પારિણામિકી બુદ્ધિ** પણ કહેવાય છે.

એક રાજાની પાસે ૫૦૦ મંત્રીઓ હતા, તેમાં કેટલાક વૃદ્ધમંત્રીઓ પણ હતા. યુવાનમંત્રીઓ ભેગા થયા. પોતાને પ્રાપ્ત થયેલી યુવાનીનું તેમને ખૂબ અભિમાન હતું. યૌવનના કેફમાં ચડી ગયેલા તે યુવાનોને વૃદ્ધો નકામા લાગ્યા. રૂઢિચુસ્ત અને જુનવાણી લાગ્યા. વૃદ્ધો પાસે અનુભવનું અમૃત હોય છે; તે વાત તેઓ વિસરી ગયા. 'ઘરડાં ગાડાં વાળે' તે કહેવત ભુલાઈ ગઈ. તેઓએ નક્કી કર્યું કે મંત્રીમંડળમાં બધા યુવાનમંત્રી જ હોવા જોઈએ. એક પણ વૃદ્ધમંત્રી ન જોઈએ. પહોંચ્યા રાજા પાસે. રાજાને વાત કરી. વાત સાંભળીને રાજાને હસવું આવ્યું.

યુવાનમંત્રીઓના અહંકારને રાજા પારખી ગયો. તેમને સાચી સમજણ આપવા રાજાએ યુક્તિ વિચારી રાખી.

તેમણે તે યુવાનમંત્રીઓને કહ્યું કે, "તમારી વાત ચોક્કસ વિચારીશ. પણ મને

એક મૂંઝવણ સતાવે છે, તેનો ઉકેલ તમારે યુવાનમંત્રીઓએ ભેગા થઈને લાવવાનો છે. લાવશો ને ?''

''હા-હા ચોક્કસ ! ફરમાવો રાજન્ !'' યુવાન મંત્રીઓ બોલી ઊઠ્યા.

રાજા કહે છે કે, ''કોઈક વ્યક્તિ તમારા રાજાના (મારા) ગાલ ઉપર લાત મારે તો તે લાત મારનાર વ્યક્તિને શું કરવું જોઈએ ?''

યુવાનમંત્રીઓ કહે છે, ''એમાં વિચારવા જેવું જ શું છે ? આપનું આવું અપમાન ! અમે સહન કરી જ ન શકીએ. પહેલાં તો આવું કરવાની તાકાત ધરાવનાર કોઈ માડીનો જાયો હજુ સુધી પાક્યો જ નથી. છતાં કોઈ આવી અજુગતી પ્રવૃત્તિ કરે તો તેને ફાંસી જ આપવી જોઈએ. તેનાથી ઓછી કોઈ સજા ન ચાલે !''

રાજાએ વાત સાંભળી લીધી. પછી તેમણે વૃદ્ધમંત્રીઓને બોલાવ્યા અને તે જ સવાલ વૃદ્ધમંત્રીઓને પૂછ્યો.

સૌ પ્રથમ તો વૃદ્ધમંત્રીઓએ પરસ્પર વિચાર વિનિમય કર્યો. જવાબ આપવામાં જરાય ઉતાવળ ન કરી. પોતાની જવાબદારીનું તેમને ભાન હતું. યુવાનિયાઓ જેવી છોકરમત તેમનામાં નહોતી. બધી જ બાબતમાં દૂર સુધી વિચારવાની તેમનામાં ક્ષમતા હતી. તેઓ વિચારવા લાગ્યા કે, ''રાજાના ગાલ ઉપર લાત મારવાની હિંમત કોણ કરે ? શત્રુ તો બાણ મારે, તલવાર મારે, ગોળી મારે પણ લાત થોડી મારે ? કદાચ લાત મારે તો પીઠ ઉપર, પગ ઉપર કે માથા ઉપર મારે, પણ ગાલ ઉપર તો મારે જ શી રીતે ?

આ વાત તો ત્યારે જ શક્ય બને કે જ્યારે રાજા પોતાના ખોળામાં લઈને નાના બાળ રાજકુંવરને રમાડતા હોય અને રમતા બાળકુંવરનો પગ ઊછળતો ઊછળતો રાજાના ગાલ ઉપર વાગી જાય. આમ, રાજાના ગાલ ઉપર લાત મારનાર તો રાજકુંવર જ હોય. રાજકુમારને તે વળી ફાંસીની સજા કરાતી હશે ?

ના, નાના રાજકુમારને તો કાંઈ જ સજા ન કરાય. તેને તો ભાવિમાં રાજપાટ આપવું જોઈએ.''

અને તે વૃદ્ધમંત્રીઓએ રાજાને જવાબ આપ્યો કે 'હે રાજન્ ! આપના ગાલ ઉપર લાત મારનારને સજા તો કાંઈ જ ન કરાય, પણ ભાવિમાં તેને રાજપાટ ભેટ આપવું જોઈએ.'

રાજા આ જવાબ સાંભળીને ખુશ થઈ ગયો. યુવાનમંત્રીઓ તો વિચારમાં પડી ગયા. જ્યારે વૃદ્ધમંત્રીઓ પાસેથી આ જવાબનું રહસ્ય જાણ્યું ત્યારે તેમને પોતાની ભૂલનું ભાન થયું. વૃદ્ધો પાસે જે પરિણામિકી દીર્ઘદષ્ટિ હોય છે, તેનો સાક્ષાત્કાર થયો.

રાજાએ પણ યુવાનમંત્રીઓને કહ્યું કે, ''બોલો ! હવે વૃદ્ધમંત્રીઓને મંત્રીમંડળમાં રાખવા જરૂરી કે નહિ ?'' શરમિંદા બની ગયેલા યુવાનમંત્રીઓએ માફી માંગી.

આ વૃદ્ધમંત્રીઓ પાસે જે બુદ્ધિ આવી, તે પણ મતિજ્ઞાનનો પ્રકાર છે. તેને ઢાંકવાનું, અટકાવવાનું કાર્ય મતિજ્ઞાનાવરણીયકર્મ કરે છે.

## શ્રુતજ્ઞાનાવરણીય-કર્મ

જ્ઞાનના જે પાંચ પ્રકારો છે. તેમાંનું બીજા નંબરનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. તેને રોકનારું જે કર્મ તે શ્રુતજ્ઞાનાવરણીયકર્મ.

દુનિયાના વ્યવહારો શ્રુતજ્ઞાનના બળે ચાલે છે. શબ્દો સાંભળતાં, વાંચતા, લખતાં જે જ્ઞાન થાય છે, તે શ્રુતજ્ઞાન.

શાસ્ત્રોનો અભ્યાસ કરીને પ્રાપ્ત થતાં જ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવાય છે. વ્યવહારમાં શાસ્ત્રોને પણ શ્રુતજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે.

વર્તમાન પંચમકાળમાં જ્યારે પરમાત્માનો સાક્ષાત્ વિરહ ચાલે છે, ત્યારે આપણા જેવા જીવોને માટે તરવાનું જો કોઈ સાધન હોય તો તે છે જિનબિંબ અને જિન-આગમ.

જિનબિંબ એટલે પરમાત્માની પ્રતિમા. તેની સ્તવના - વંદના - પૂજા વગેરે દ્વારા જેમ તરી શકાય તેમ પરમાત્માની વાણી જેમાં સંગ્રહિત થાય છે તે જિનાગમ (જૈનશાસ્ત્રો) રૂપ શ્રુતજ્ઞાનની સ્તવના - વંદના - પૂજા દ્વારા પણ તરી શકાય છે.

કેવળજ્ઞાનીના દર્શન જો આપણને જિનબિંબમાં થાય છે, તો કેવળજ્ઞાનના દર્શન આપણને શ્રુતજ્ઞાનમાં થાય. કારણ કે જિનબિંબ જેમ કેવળજ્ઞાની સાથે સંબંધ કરાવીને કેવળજ્ઞાનીને ઓળખાવે છે તેમ શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાન સાથે આપણો સંબંધ કરાવીને કેવળજ્ઞાનને ઓળખાવે છે.

ઉપરોક્ત વાત જાણ્યા પછી, કેવળજ્ઞાનીની ઓળખાણ કરાવતી જિનપ્રતિમાની પૂજા વગેરે માટે જેટલો સમય ફાળવીએ છીએ, તેનો અડધો સમય પણ કેવળજ્ઞાનની ઓળખાણ કરાવનારા શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરવા પાછળ ફાળવવાનું નક્કી કરશું ને ? હવે રોજ પાઠશાળા જઈશું ને ? ઓછામાં ઓછો અડધો કલાક જૈન ધર્મના સૂત્રો ગોખવા છે, એવો નિર્ણય કરીશું ને ? શું આપણને કેવળજ્ઞાન નથી જોઈતું?

પણ ખૂબ દુઃખની વાત છે કે ૧૦૦ રૂ.ની નોટ મૂકીને શ્રુતજ્ઞાનની પૂજા (જ્ઞાનપૂજન) કરનાર વ્યક્તિ ૧૦ મિનિટ પણ શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરવા (ગોખવા માટે) કાઢતો નથી !

સ્કૂલ-કૉલેજ વગેરેમાં મળતા જ્ઞાનને શ્રુતજ્ઞાન નહિ પણ શ્રુત-અજ્ઞાન કહેવાય. કારણ કે તે આત્માના ગુણોને પ્રગટ કરતું નથી. તે સંસારમાં ભ્રમણ વધારનારું છે. તે શિક્ષણ આત્મલક્ષી નહિ પણ ભોગલક્ષી છે. તે મૂલ્યનિષ્ઠ નહિ પણ માહિતીપ્રધાન છે. તે ગુણલક્ષી નહિ પણ અર્થલક્ષી છે.

તેથી તેવા શિક્ષણને પ્રોત્સાહન ન આપી શકાય. માત્ર તે જ શિક્ષણ આપતી સ્કૂલ-કૉલેજોને દાનાદિ ન આપી શકાય.

ખેતરમાં બીજ વાવવામાં આવે તો કેટલાક સમય બાદ તેમાંથી અંકુરો - છોડ - પાંદડાં - ફળાદિ પ્રાપ્ત થાય. તેમાં વિકાસ થયેલો જણાય. આત્માની સાક્ષીએ આપણે જાતને પૂછીએ કે છ વર્ષની ઉંમરનો બાળક જે સંસ્કારો સાથે સ્કૂલાદિનું શિક્ષણ લેવા જાય છે તે બાળક ૧૫ વર્ષ સુધી તે શિક્ષણ મેળવીને કૉલેજમાંથી બહાર નીકળે ત્યારે તેનાથી અનેકગણા વધારે સુસંસ્કારો પામેલો બને છે કે પોતાની પાસે રહેલા સંસ્કારોને ય ગુમાવીને કુસંસ્કારોનો ભંડાર બને છે ? જો આજનું શિક્ષણ - કુસંગ વગેરેની તક આપીને - માનવને પશુથી ય બદતર બનાવતું હોય તો તેને શ્રુતજ્ઞાન શી રીતે કહી શકાય ?

શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવા રોજ પાઠશાળા જવું જોઈએ. અથવા ગુરુભગવંત, પોતાની માતા કે અન્ય ધાર્મિક અભ્યાસ કરેલી વ્યક્તિ પાસે રોજ અભ્યાસ કરવો જોઈએ. સંસ્કૃત પ્રાકૃતનો અભ્યાસ કરીને (જેની ગૃહસ્થને અનુમતી હોય તેવાં) શાસ્ત્રોનું પણ અધ્યયન કરવું જોઈએ.

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવે કારતક વદ દશમના દિને દીક્ષા સ્વીકારી. ૧૨॥ વર્ષ સુધી ઘોર ઉપસર્ગો અને પરિષહો તેમણે સહન કર્યા. વૈશાખ સુદ દશમના દિને પ્રભુવીર ઋજુવાલિકા નદીના કિનારે કેવળજ્ઞાન પામ્યા.

દેવો-ઇન્દ્રો દોડી આવ્યા. સુંદર મજાના સમવસરણનું નિર્માણ કર્યું. ૧૦,૦૦૦ પગથિયા ચડીયે ત્યારે વાહનો પાર્ક કરવા ચાંદીનો ગઢ આવે ! બીજા ૫,૦૦૦ પગથિયા ચડીએ ત્યારે પશુ-પંખીઓને બેસવા માટે સોનાનો ગઢ આવે; પછી નવા ૫,૦૦૦ પગથિયા ઉપર ચડીએ એટલે રત્નોનો ગઢ આવે; જેની મધ્યભાગમાં પરમાત્મા પૂર્વ દિશામાં રહેલા રત્નજડિત સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન થાય. દેવ-દેવી-મનુષ્યો વગેરે આ ગઢમાં આવીને દેશના સાંભળે.

મધ્યભાગમાં પ્રભુથી ૧૨ ગણું ઊંચું અને એક યોજનના સમવસરણને ઢાંકી દેનારું અશોકવૃક્ષ રચાયું. દેવો ફુલોનો વરસાદ વરસાવી રહ્યા હતા. વાંસળી વગેરેના મધુર સૂરો આકાશમાં દેવો વહાવી રહ્યા હતા. ચાર દિશામાં ચાર રત્નજડિત સુવર્ણ સિંહાસનો સ્થાપિત કરાયા હતા.

તમામ દેવો ભેગા થઈને પણ પ્રભુના એક અંગૂઠાને રચી ન શકે. છતાં પ્રભુના વિશિષ્ટ અતિશયના પ્રભાવે પ્રભુનો માત્ર એક અંગૂઠો નહિ પણ આખાને આખા ત્રણ ત્રણ રૂપો દેવોએ તૈયાર કરી દીધા. જે ત્રણ પ્રતિબિંબોને પૂર્વ સિવાયની ત્રણ દિશાના સિંહાસનો ઉપર સ્થાપન કર્યા. પૂર્વ દિશામાં પ્રભુ બિરાજ્યા છે. ચારે દિશામાં રહેલા તમામને એમ જ લાગવા માંડ્યું કે સાચા પ્રભુ મારી સામે છે.

દરેક પ્રભુ પાછળ તેજસ્વી ભામંડલ રચાયા. બે બે દેવો રત્નજડિત સુવર્ણની દાંડીવાળા અને ચમરી ગાયના પૂંછડાના વાળ વડે તૈયાર કરાયેલા બે બે ચામરો વીંઝવા લાગ્યા. પ્રભુની ઉપર ત્રણ ત્રણ છત્રો શોભવા લાગ્યા. આકાશમાં રહીને દેવો દુંદુભી (નગારાં) વગાડીને લોકોને પ્રભુદેશનામાં પધારવા નિમંત્રણ આપવા લાગ્યા.

પ્રભુ વીરની ખળ ખળ વહેતાં નદીના નીરની જેમ માલકૌંસ રાગમાં-અર્ધમાગધી ભાષામાં દેશના વહેવા લાગી. લોકો તરબતર થઈને દેશના સાંભળી રહ્યા હતા.

પણ આ શું ? એકાએક દેશના બંધ કેમ થઈ ગઈ ? અરે ! પ્રભુ તો ઊભા થઈ ગયા ! અરે ! જુઓ તો ખરા....પ્રભુ સડસડાટ ૨૦,૦૦૦ પગથિયા ઊતરવા લાગ્યા ! અને પ્રભુએ વિહાર કર્યો ! બધા સ્તબ્ધ બની ગયા ! સમજાતું નથી કે એકાએક આ શું બન્યું ? ઇન્દ્રો-દેવો વગેરે પણ પ્રભુની પાછળ ચાલવા લગ્યા.

જાણે કે પ્રભુ સંદેશ આપવા માંગે છે કે, હે ભવ્ય જીવો ! મારું શાસન સત્તા કે સંપત્તિથી ચાલનારું નથી. જો સત્તાથી ચાલી શકે તેમ હોત તો હાજર રહેલા ઇન્દ્રો પાસે સત્તા દ્વારા આદેશ કરાવીને બધાને જૈન બનાવી દીધા હોત ! જો સંપત્તિથી ચાલવાનું હોય તો ઈન્દ્ર-દેવો વગેરે દ્વારા લાખો-કરોડો સોનામહોરોની પ્રભાવનાઓ કરાવવા દ્વારા બધાને જૈનધર્મમાં જોડી દીધા હોત. પણ ના....મારું શાસન સત્તા કે સંપત્તિ દ્વારા નહિ, પણ લોકો જેની પાછળ પાગલ છે તેવા આ સત્તા કે સંપત્તિના સંપૂર્ણ ત્યાગ કરવાના ભાવથી ચાલવાનું છે. વિરતિધર્મની આરાધનાથી ચાલવાનું છે.

પ્રથમ દેશનામાં આવેલા જીવોમાં વિરતિધર્મ પામવાની જરાય શક્યતા જણાતી નથી, તેથી ભગવાને દેશના અધૂરી છોડી વિહાર આદર્યો છે.

પ્રભુ વિહાર કરી, અપાપાનગરીની બહાર રહેલા મહાસેન ઉદ્યાનમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. અગિયાર બ્રાહ્મણો પોતાના શિષ્યોની સાથે આવ્યા. પ્રભુના પ્રભાવમાં આવી સર્વે પ્રભુના શિષ્ય બન્યા. ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયારને પ્રભુએ ગણધર પદે સ્થાપવા માટે વાસક્ષેપ કર્યો.

જ્યાં પ્રભુના-વાસક્ષેપ-સહ-આશીર્વાદ મળ્યાં, ત્યાં જ તે અગિયારને

શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો જોરદાર ક્ષયોપશમ થયો. ગુરુની કૃપાની તાકાત અજબગજબની હોય છે. અત્યંત રહસ્યમય પદાર્થોનો પણ તે (ગુરુકૃપા) સહજમાં ઉઘાડ કરી દેતી હોય છે. અગિયારે ગણધરોએ તે ગુરુકૃપા ઝીલીને પ્રાપ્ત થયેલા ક્ષયોપશમથી તરત માત્ર અંતર્મુહૂર્તમાં જ દ્વાદશાંગીની રચના કરી. જે બાર અંગો તરીકે પ્રસિદ્ધિને પામ્યા.

## બાર અંગો

**(૧) આચારાંગ સૂત્ર (૨) સૂયગડાંગ સૂત્ર (૩) ઠાણાંગ સૂત્ર (૪) સમવાયાંગ સૂત્ર (૫) વિવાહપ્રજ્ઞપ્તિ (ભગવતી) સૂત્ર (૬) જ્ઞાતાધર્મકથા સૂત્ર (૭) ઉપાસગદશા સૂત્ર (૮) અંતકૃતદશા સૂત્ર (૯) અનુત્તરોપપાતિક સૂત્ર (૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર (૧૧) વિપાક સૂત્ર અને (૧૨) દૃષ્ટિવાદ સૂત્ર.**

| પૂર્વ | હાથી |
|---|---|
| ૧ | ૧ |
| ૨ | ૨ |
| ૩ | ૪ |
| ૪ | ૮ |
| ૫ | ૧૬ |
| ૬ | ૩૨ |
| ૭ | ૬૪ |
| ૮ | ૧૨૮ |
| ૯ | ૨૫૬ |
| ૧૦ | ૫૧૨ |
| ૧૧ | ૧૦૨૪ |
| ૧૨ | ૨૦૪૮ |
| ૧૩ | ૪૦૯૬ |
| ૧૪ | ૮૧૯૨ |
| **કુલ** | **૧૬૩૮૩** |

આ ચૌદ પૂર્વમાં કેટલું બધું જ્ઞાન આવે ? તે વિચારતાં પણ ચક્કર આવે એવું છે. એક હાથીના વજન જેટલી સૂકી શાહીનો પાઉડર લઈને તેમાં પાણી નાંખીને પ્રવાહી શાહી બનાવવામાં આવે. પછી તે શાહીથી લખવાનું શરૂ કરાય તો કેટલું બધું લખાય ? બધી શાહી ખલાસ થાય ત્યાં સુધી જેટલું લખાય તેટલું પહેલું પૂર્વ છે !

બે હાથીના વજન જેટલી સૂકી શાહીના પાઉડરમાંથી બનાવેલ શાહીથી જેટલું લખાય તે બીજું પૂર્વ.

ત્રીજું પૂર્વ ત્રણ હાથીના પ્રમાણ જેટલી શાહીનું નથી, પણ બેના ડબલ ચાર હાથીના વજન જેટલી સૂકી શાહીમાંથી બનાવેલ શાહીથી જેટલું લખાય તેટલું છે.

આ રીતે ડબલ ડબલ કરતાં જવાથી ચોથા-પાંચમા-છઠ્ઠા-સાતમા-આઠમા-નવમા-દસમા-અગિયારમા-બારમા-તેરમા-ચૌદમા પૂર્વનું પ્રમાણ અનુક્રમે ૮, ૧૬, ૩૨, ૬૪, ૧૨૮, ૨૫૬, ૫૧૨, ૧૦૨૪, ૨૦૪૮, ૪૦૯૬ અને ૮૧૯૨ હાથીના વજન પ્રમાણ સૂકી શાહીના પાઉડરમાંથી બનાવેલ પ્રવાહી શાહીથી જેટલું લખાણ થાય તેટલું હોય.

આમ, ૧૬,૩૮૩ હાથીનું જેટલું વજન થાય, તેટલા સૂકીશાહીના પાઉડરમાંથી જેટલી શાહી બને, તેટલી શાહીથી

લખ્યા જ કરીએ, લખ્યા જ કરીએ તો જે અઢળક સાહિત્યનું સર્જન થાય તે ચૌદપૂર્વ ગણાય. આ ચૌદપૂર્વનું જ્ઞાન મેળવનાર ચૌદ પૂર્વધર તરીકે ઓળખાય.

જંબૂસ્વામી, પ્રભવસ્વામી વગેરે સ્થૂલભદ્રજી સુધીના મહાપુરુષો ચૌદપૂર્વના જ્ઞાનના સ્વામી હતા. તેઓ શ્રુતકેવલી તરીકે પણ ઓળખાય છે.

બાર અંગના સમુદાયને દ્વાદશાંગી કહેવાય. તેમાંના છેલ્લા બારમા અંગ દૃષ્ટિવાદમાં ચૌદપૂર્વનો સમાવેશ થાય છે.

પણ પછી ધીમે ધીમે શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થવા લાગ્યો. પછી પછીના મહાત્માઓને પૂર્વના મહાત્માઓ કરતાં શ્રુતજ્ઞાનાવરણીયકર્મનો વધારે પ્રમાણમાં ઉદય હશે, જેથી શ્રુતજ્ઞાન ઘટવા લાગ્યું.

પહેલા પુરુષના હાથમાં રહેલો બે કિલો બરફનો ટુકડો એકબીજાના હાથમાં પસાર થતાં થતાં સોમા માણસના હાથમાં પહોંચે ત્યારે કેટલો નાનો થઇ ગયો હોય ! એક-બીજા પાસેથી પસાર થતાં વચ્ચે પીગળતો જવાથી ઓછો થયા વિના ન રહે. તેમ શ્રુતજ્ઞાન પણ પસાર થતાં થતાં વચ્ચે વિચ્છેદ પણ થતું ગયું. સ્થૂલભદ્રજી પાસે ૧૪ પૂર્વ સૂત્રથી રહ્યા, પણ અર્થથી તો તેઓ પાસે માત્ર દસ પૂર્વ જ રહ્યા. ચાર પૂર્વોના અર્થો તેઓ અને સકળસંઘ પણ કાયમ માટે તે વખતે ગુમાવી બેઠા !

પૂર્વે શાસ્ત્રો લખાતા નહોતા પણ બધા સાધુઓ યાદ રાખતા હતા. વારંવાર તેનું પુનરાર્વતન કરતાં હતાં. મૌખિકપણે જ શિષ્યને ભણાવતા હતા અને તે રીતે શ્રુતજ્ઞાન આગળ વધતું હતું.

બન્યું એવું કે ૧૨ વર્ષનો દુકાળ પડવાથી, પૂરતા પોષણના અભાવે સ્મરણશક્તિ-ધારણાશક્તિ ઓછી થતાં સાધુઓ ઘણાં સૂત્રો ભૂલી જવા લાગ્યા. બધા સાધુઓ દુકાળ બાદ એક જગ્યાએ ભેગા થયા. જેને જેટલું યાદ હતું તેટલું બોલવા લાગ્યા. એકની ભૂલ થાય ત્યાં બીજો યાદ કરાવે. આ રીતે જેટલું શ્રુતજ્ઞાન ભેગું કરાય તેટલું ભેગું કર્યું. એ રીતે કરવાથી અગિયાર અંગ ભેગા થયા. પરન્તુ બારમું જે દૃષ્ટિવાદ હતું, તે કોઈને ય યાદ નહોતું. શું જૈન સંઘ કાયમ માટે બારમા અંગ વિનાનો બની જશે ? બધાને ચિંતા થઈ.

ત્યાં ખ્યાલ આવ્યો કે, દુકાળ વખતે પૂ. ભદ્રબાહુસ્વામીજી નેપાળ પહોંચી જઇને 'મહાપ્રાણ' નામના ધ્યાનની સાધના કરતા હતા. તેમને દૃષ્ટિવાદ પણ ઉપસ્થિત હતું. જો તેઓ બધાને તેનો પાઠ આપે તો દૃષ્ટિવાદનું જ્ઞાન અનેક સુધી પહોંચે.

સંઘે તેમની પાસે ભણવા માટે તીવ્ર ક્ષયોપશમવાળા મેધાવી ૫૦૦ સાધુઓને મોકલ્યા. બીજા ૧૦૦૦ સાધુઓ તેમની સેવા કરવા સાથે ગયા. નેપાળમાં બધાનું

ભણવાનું શરૂ થયું. દૃષ્ટિવાદના અઘરા પદાર્થોને સમજવું કાંઈ સહેલું થોડું હતું ? એક પછી એક સાધુની વિકેટો ખરવા લાગી. છેવટે એકમાત્ર સ્થૂલભદ્રજી અણનમ રહ્યા. અરે ! રોજ મળતી ૭-૭ વાચનાઓ પણ તેમને ઓછી પડતી, કારણ કે ગુરુની કૃપાના પ્રભાવે તેમને વિશિષ્ટ શક્તિ પ્રાપ્ત થઈ હતી.

લગભગ દસ પૂર્વનું અર્થ સહિત જ્ઞાન તેમણે મેળવી લીધું હતું, ત્યારે એક પ્રસંગ બની ગયો. તેમની સંસારીપણે બહેન થતી સાત સાધ્વીજીઓ તેમને વંદન કરવા આવી. જ્ઞાનના બળે સ્થૂલભદ્રજીને ખ્યાલ આવી ગયો કે મારી બહેન સાધ્વીજીઓ વંદન કરવા આવે છે. પોતે કેટલું બધું જ્ઞાન મેળવ્યું છે ! તે બતાવવાની તેમને બુદ્ધિ થઈ. મળેલા જ્ઞાનનું પાચન ન થયું. અહંકાર આવ્યો. બતાવી દેવા પોતે ત્યાં સિંહનું રૂપ લઈને ગોઠવાઈ ગયાં. બહેન સાધ્વીજીઓ તો ત્યાં સ્થૂલભદ્રજીના બદલે સિંહને જોઈને ગભરાઈ ગયાં. પૂ. ભદ્રબાહુસ્વામીજીને કહે છે કે, ''ત્યાં ભાઈ મહારાજ તો છે નહિ! ત્યાં તો ભયંકર વિકરાળ સિંહ બેઠો છે.!''

ગુરુભગવંતે જ્ઞાનથી જાણી લીધું કે ''આ તો સ્થૂલભદ્રજીના અહંકારનું પરિણામ હતું. હવે સ્થૂલભદ્રજી પાછા મૂળ રૂપમાં આવ્યા છે.'' સાધ્વીજીને કહ્યું, ''હવે ત્યાં તમને પાછા ભાઈમહારાજના દર્શન થશે.''

સાધ્વીજીઓ વંદનાર્થે ગયા. પોતાના ભાઈમહારાજની આવી સિંહ વગેરે બનવાની વિશિષ્ટ શક્તિ તથા જ્ઞાન જાણી આનંદિત થયા. પણ પછી જ્યારે સ્થૂલભદ્રજી વાચના લેવા પૂ. ભદ્રબાહુસ્વામીજી પાસે ગયા ત્યારે ગુરુભગવંતે પાઠ આપવાની ના પાડી.

જેને જે ચીજ પચે નહિ તેને તે ચીજ અપાય નહિ. જેને જેનું અજીર્ણ થાય તે વ્યક્તિ તે ચીજ માટે અપાત્ર ગણાય. અપાત્રને ન અપાય. પાત્રતા વિના આપેલી ચીજ ફળતી નથી પણ ફૂટી નીકળે છે. દરેક જગ્યાએ પાત્રતાનો વિચાર કરવો જરૂરી છે

સ્થૂલભદ્રજીને મેળવેલા જ્ઞાનનું અજીર્ણ થયું. પોતે કેટલું ભણ્યા છે ? તે બતાવી દેવાની બુદ્ધિ થઈ. તેમાં ગુરુદેવને તેમની અપાત્રતા દેખાણી. તેથી પાઠ આપવાની ના પાડી દીધી.

સ્થૂલભદ્રજીને પોતાની થઈ ગયેલી ભૂલનું ભાન થયું. ધ્રુસકે ધ્રુસકે રડીને, પોતાની ભૂલની ક્ષમા માંગી. પણ ગુરુભગવંત મક્કમ છે. છેવટે સકળસંઘે વિનંતી કરી કે, 'ગુરુ ભગવંત ! ક્ષમા કરો, જો આપ હવે બાકીના ચાર પૂર્વનું જ્ઞાન નહિ આપો તો કાયમ માટે તેનો વિચ્છેદ થઈ જશે. કારણ કે આપના સિવાય કોઈની પાસે આ જ્ઞાન નથી. આપના પછી શું ?'

છેવટે જ્ઞાની ગુરુભગવંતે લાભાલાભ જાણી, શેષ ચાર પૂર્વો ભણાવાની હા તો પાડી, પણ તે ય સૂત્રથી; અર્થથી તો નહિ જ. બાકીના ચાર પૂર્વો ભણાવ્યા ખરા, પણ તેના અર્થો સ્થૂલભદ્રજીને ન સમજાવ્યા. પરિણામે સ્થૂલભદ્રજી સૂત્રથી ૧૪ પૂર્વધર થયા પણ અર્થથી તો દસપૂર્વધર જ થયા. સકળસંઘમાં ચાર પૂર્વના અર્થનો વિચ્છેદ થયો.

રૂપકોશાના રૂપભવનમાં ચાતુર્માસ કરવા છતાંય જેની આંખની પાંપણમાં ય ક્ષણ માત્ર વિકાર જાગી શક્યો નહોતો તેવા કામના ઘરમાં જઈને કામનું ખૂન કરનારા સ્થૂલભદ્રજી પણ અહંકારની સામે હારી ગયા ! માટે જ જ્ઞાનીઓ કહે છે કે વિષયવૈરાગ્ય કદાચ સહેલો છે, પણ ગુણવૈરાગ્ય ખૂબ મુશ્કેલ છે. મળેલા ગુણોનું, મળેલી શક્તિનું અજીર્ણ ન થવા દેવું ખૂબ મુશ્કેલ છે.

સ્થૂલભદ્રજી પછી માત્ર અર્થથી ૧૦ પૂર્વ આપણી પાસે રહ્યા. તે પછી થયેલા આર્યરક્ષિતસૂરિજી સાડાનવપૂર્વના ધારક હતા. તેઓ પણ અતિશય જ્ઞાની હતા. પરમાત્મા સીમંધરસ્વામી ભગવંતે ઇન્દ્ર મહારાજાની સામે તેમની પ્રશંસા કરતાં કહેલ કે નિગોદનું જેવું વર્ણન હું કેવળજ્ઞાનના બળે કરું છું, તેવું જ વર્ણન હાલ ભરતક્ષેત્રમાં રહેલા આર્યરક્ષિતસૂરિજી શ્રુતજ્ઞાનના બળે કરવા સમર્થ છે ! અને ઇન્દ્રે સાક્ષાત્ ભરતક્ષેત્રમાં તેમની પાસે આવીને, તેનો અનુભવ પણ કર્યો.

વર્તમાનકાળે જૈનધર્મના જે ચાર ફીરકાઓ જણાય છે, તે ચારે ય ફીરકાને માન્ય હોય તેવો ગ્રન્થ તત્ત્વાર્થાધિગમસૂત્ર છે. તેના રચયિતા પૂ. ઉમાસ્વામીજી એક પૂર્વના ધારક હતા, તેમ કહેવાય છે.

હાલ તો આપણી પાસે ચૌદ પૂર્વમાંથી એક પણ પૂર્વ વિદ્યમાન નથી. અરે ! બારમા દૃષ્ટિવાદ અંગનો પણ વિચ્છેદ થઈ ગયો છે. જોકે નવમા પ્રત્યાખ્યાનપ્રવાદ નામના પૂર્વમાંથી પૂ. ભદ્રબાહુસ્વામીજીએ જેનો ઉદ્ધાર કર્યો છે, તે બારસાસૂત્ર આપણી પાસે વિદ્યમાન છે, જેનું શ્રવણ દર વરસે પર્યુષણમાં આપણે કરીએ છીએ.

અગિયાર અંગ હાલ આપણી પાસે છે, પણ તેય સંપૂર્ણ તો નહિ જ. છતાંય હાલ આપણી પાસે જ કાંઈ શ્રુતજ્ઞાન છે, તે આપણા આત્માનો વિકાસ કરવા સમર્થ છે. જો તેનું બરોબર શરણું સ્વીકારી, તેનું અધ્યયન-શ્રવણ વગેરે કરીએ તો આપણું પણ આત્મકલ્યાણ થયા વિના ન રહે.

દૃષ્ટિવાદ સિવાયના બાકીના અગિયાર અંગ સાથે સંબંધ ધરાવતાં જે અન્ય ગ્રન્થો રચાયા તે ઉપાંગ તરીકે પ્રસિદ્ધ છે. બાર અંગ અને અગિયાર ઉપાંગ થઈને જે ૨૩ શાસ્ત્રો થાય, તે ૨૩ શાસ્ત્રોને જે ભણે-ભણાવે તથા (૨૪) કરણસિત્તરી અને

(૨૫) ચરણસિત્તરીનું પાલન કરે તે ૨૫ ગુણોવાળાને ઉપાધ્યાય ભગવંતો કહેવાય.

## અગિયાર ઉપાંગો

**(૧) ઔપપાતિક સૂત્ર (૨) રાયપસેણીય સૂત્ર (૩) જીવાભિગમ સૂત્ર (૪) પન્નવણા સૂત્ર (૫) સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર (૬) ચન્દ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર (૭) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર (૮) નિરયાવલી સૂત્ર (૯) કલ્પવતંસિકા સૂત્ર (૧૦) પુષ્પચૂલિકા સૂત્ર (૧૧) વહ્નિદશા સૂત્ર**

આ અગિયાર અંગ સિવાય બીજા દસ પ્રકીર્ણક સૂત્રો છે, જે દસ પયન્ના તરીકે ઓળખાય છે.

## દસ પયન્ના

**(૧) ચઉસરણ પયન્ના (૨) આઉર પચ્ચક્ખાણ (૩) મહા પચ્ચક્ખાણ (૪) ભત્તપરિજ્ઞા (૫) તંદુલવેયાલીય (૬) ગણિવિજ્ઝાય (૭) ચંદાવિજ્ઝાય (૮) દેવેન્દ્રસ્તવ (૯) મરણ સમાધિ અને (૧૦) સંથારા પયન્ના.**

સાધુ-સાધ્વીજી ભગવંતોના જીવનના આચારોનું જેમાં સુંદર વર્ણન છે, અવસરે આચરવાના અપવાદો પણ જેમાં જણાવેલ છે, જેમાં વ્રતોનું સેવન કરતાં લાગતાં અતિચારો અને તે અતિચારના પ્રાયશ્ચિત્તો બતાડેલા છે, તે ગ્રન્થોને છેદસૂત્રો કહેવામાં આવે છે. તે ગુપ્ત સૂત્રો છે. ગમે તે વ્યક્તિ તે ગ્રન્થો ન વાંચી શકે. ગીતાર્થ ગુરુ ભગવંતને જેમનામાં વિશિષ્ટ પાત્રતા દેખાય તેમને જ તેઓ આ શાસ્ત્રો વંચાવે છે. પાત્રતા વિના આ ગ્રંથો વાંચનારને પાર વિનાનું નુકસાન થવાની પૂરી શક્યતા છે. આ ગુપ્ત છતાં અત્યંત મહત્ત્વના છ છેદસૂત્રોના નામ આ પ્રમાણે છે :

## છ છેદસૂત્રો

(૧) દશાશ્રુતસ્કંધ સૂત્ર (૨) બૃહત્કલ્પ સૂત્ર (૩) વ્યવહાર સૂત્ર (૪) જિતકલ્પ સૂત્ર (૫) નિશીથ સૂત્ર અને (૬) મહાનિશીથ સૂત્ર

પાંચમા આરાના અંત સુધી જે ચાર આગમો રહેવાના છે, તે મૂળસૂત્રો તરીકે પ્રસિદ્ધ છે. પાંચમો આરો જ્યારે પૂર્ણ થવાનો હશે, ત્યારે છેલ્લા જે દુપ્પસહસૂરિ થવાના છે, તેઓ પણ આ ચાર સૂત્રોના જ્ઞાતા હશે.

## ચાર મૂળ સૂત્રો

**(૧) આવશ્યક સૂત્ર (૨) ઉત્તરાધ્યયન સૂત્ર (૩) દશવૈકાલિક સૂત્ર અને (૪) પિંડ નિર્યુક્તિ સૂત્ર.**

આ ચારમાંથી પોતાની ક્રિયાને ઉપયોગી એવા આવશ્યક સૂત્રો ભણવાની ગૃહસ્થોને પણ રજા છે. પરમપિતા પ્રભુ મહાવીરદેવે છેલ્લી ૧૬ પ્રહર જે દેશના આપી, તે ઉત્તરાધ્યયન સૂત્રમાં સંગ્રહિત થયેલી છે. સાધુ જીવનના આચારોની વાત દશવૈકાલિક સૂત્રમાં છે, જે દીક્ષા લઈને દરેકે તરત ભણવાનું હોય છે. તેના દસ અધ્યયન છે. જેંના અર્થ સહિત ચાર અધ્યયન ભણ્યા પછી વડી દીક્ષા થઈ શકે છે. અર્થ સહિત પાંચમું અધ્યયન ભણનાર ગોચરી વહોરવા જવા માટે યોગ્ય બને છે. અર્થ સહિત સાતમું અધ્યયન ભણનારને બોલવાની - વાતચીત કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પિંડ નિર્યુક્તિ ગ્રંથમાં ગોચરી વહોરવા સંબંધિત ૪૨ દોષો વગેરેનું વર્ણન છે.

જેને પૂર્તિ કે પરિશિષ્ટ કહેવાય, તેવા બે સૂત્રો છે, જે ચૂલિકાસૂત્રો તરીકે પ્રસિદ્ધ છે.

## બે ચૂલિકા સૂત્રો

**(૧) નંદી સૂત્ર; અને (૨) અનુયોગદ્વાર સૂત્ર.**

નંદીસૂત્રમાં શાસ્ત્રોનું વર્ણન છે, તો અનુયોગસૂત્રમાં આગમશાસ્ત્રોને વાંચવાની પરિભાષા સમજાવેલ છે.

ઉપર જણાવેલા પંચાંગી રૂપ ૪૫ આગમોને આપણે માનીએ છીએ. (૧) મૂળસૂત્રો ઉપર (૨) નિર્યુક્તિ રચવામાં આવે છે. તેની ઉપર વિવરણ પ્રાકૃતભાષામાં જે કરવામાં આવે છે તે (૩) ભાષ્ય તરીકે ઓળખાય છે. તેની ઉપર પ્રાકૃત ભાષામાં જે વિસ્તાર કરાય છે તે (૪) ચૂર્ણી તરીકે પ્રસિદ્ધ છે. તથા સંસ્કૃતભાષામાં જે વિસ્તૃત રીતે વર્ણન કરાય છે તે (૫) વૃત્તિ કે ટીકા છે. આ પાંચે આગમના અંગો કહેવાય છે. તેથી આપણા આગમો પંચાંગી તરીકે ઓળખાય છે. આ પાંચે પાંચ અંગોને માનવા જોઈએ. આમાંના એકાદ અંગને પણ ન માનીએ તો ન ચાલે.

૧૧ અંગ + ૧૨ ઉપાંગ + ૧૦ પયન્ના + ૬ છેદ સૂત્રો + ૪ મૂળ સૂત્રો + ૨ ચૂલિકા સૂત્રો મળીને કુલ ૪૫ આગમો થયા. હાલ આ ૪૫ આગમો વિદ્યમાન છે. તેને લહિયા પાસે લખાવવાથી ભાવિની પેઢી સુધી પહોંચી શકે, જ્ઞાન વિચ્છેદ થતું અટકે અને શ્રુતજ્ઞાનાવરણીયકર્મ ખપે.

શ્રુતજ્ઞાનાવરણીયકર્મ ઉપરોક્ત જ્ઞાનને આવતું અટકાવે છે. આપણને તેનો અભ્યાસ થવા દેતું નથી. તેની સમજણ પામવાની શક્તિ પેદા થવા દેતું નથી. જો આ શ્રુતજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થાય તો શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય. શ્રુતજ્ઞાનને

સાંભળવા, સમજવાની શક્તિ-અનુકૂળતા તથા પ્રયત્ન કરવાની ઇચ્છા પેદા થતી અટકાવનાર આ શ્રુતજ્ઞાનાવરણીયકર્મ છે.

## (૩) અવધિજ્ઞાનાવરણીયકર્મ

જે કર્મ અવધિજ્ઞાનને અટકાવે તેનું નામ અવધિજ્ઞાનાવરણીયકર્મ.

અવધિ = મર્યાદા. મર્યાદાયુક્ત જ્ઞાન તે અવધિજ્ઞાન. અર્થાત્ રૂપી-અરૂપી, તમામ વસ્તુઓનું જ્ઞાન જેનાથી ન થાય પણ માત્ર રૂપી (મર્યાદિત) પદાર્થોનો બોધ જેનાથી થાય, તેનું નામ અવધિજ્ઞાન. મર્યાદિત ક્ષેત્રના રૂપી પદાર્થોનો બોધ કરાવે તે અવધિજ્ઞાન.

સમગ્ર વિશ્વમાં રૂપી (રંગ-ગંધ-રસ-સ્પર્શવાળા) અને અરૂપી; બે જાતના પદાર્થો છે. આ અવધિજ્ઞાન તેમાંથી કેટલાક રૂપી પદાર્થોનો બોધ કરાવે છે.

સાંભળવા મળ્યું છે કે એક સાધુ-મહાત્મા કાજો (ઉપાશ્રયમાં જયણાપૂર્વક કચરો) કાઢવાની ક્રિયા કરી રહ્યાં હતા. કાજો લેતાં લેતાં તેમના હૃદયના ભાવો ઊછળવા લાગ્યા. જિનશાસનની આ અદ્ભુત (કાજો લેવાની) ક્રિયા પ્રત્યે બહુમાન વધવા લાગ્યું. તે બહુમાને કર્માનો કડાકો બોલાવ્યો. અવધિજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થયો. તેમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું !

જૈનશાસનના તમામ યોગો અદ્ભુત છે. નાનીથી મોટી, તમામ ક્રિયાઓ કેવળજ્ઞાન અપાવવા સમર્થ છે. તેમાંથી એકેય ક્રિયાની કદીય ઉપેક્ષા કરવા જેવી નથી. કાજો લેવાની ક્રિયા ભલે સામાન્ય જણાતી હોય, પણ તેને સામાન્ય સમજવાની ભૂલ કોઈ કરશો મા ! વિધિ અને જયણાપૂર્વક લેવાય, સુપડીમાં ભરાય, વ્યવસ્થિત રીતે તેને જોવાય અને જયણાપૂર્વક પરઠવાય તો તે સામાન્ય જણાતી ક્રિયા પણ અસામાન્ય બનીને અનંતાકર્મોનો કચ્ચરઘાણ બોલાવી દે !

કાજો લેવાનું કાર્ય કરતાં જ અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. ઉપયોગ મૂકતાં દેવલોક દેખાયો. ઇન્દ્રાણીએ ઇન્દ્રને જોરથી લાત મારી તો ય ઇન્દ્ર પોતાની તે પટરાણીને મસકા મારી રહ્યો હતો. લાત મારનારના ય પગ પંપાળી રહ્યો હતો !!

આ છે સંસારનું નગ્ન સ્વરૂપ ! વાસનાથી પીડાયેલો જીવ શું ન કરે તે સવાલ ? કોની ચાંપલાસી તે ન કરે ? પોતાના સ્વમાનને પણ કચડી નાખનારી બીજાની ઇચ્છાને પૂર્ણ કરતાં ખચકાટ ન અનુભવે !

સાધુને આ દૃશ્ય જોતાં હસવું આવી ગયું ! ગંભીરતા તે ચૂકી ગયા. પરિણામે, આવેલું અવધિજ્ઞાન પાછું ચાલી ગયું. અર્થાત્ અવધિજ્ઞાનાવરણીયકર્મનો ફરી એવો

ઉદય થયો કે જેના કારણે પ્રગટ થયેલી શક્તિ પાછી ઢંકાઈ ગઈ. અવધિજ્ઞાનને પ્રગટ થતું અટકાવવાનું કામ આ અવધિજ્ઞાનાવરણીયકર્મ કરે છે.

## (૪) મનઃપર્યવજ્ઞાનાવરણીયકર્મ

મનવાળા જીવોના મનમાં ચાલતા ભાવો જે જ્ઞાનથી જાણી શકાય, તે જ્ઞાનનું નામ છે મનઃપર્યવજ્ઞાન.

આપણે બીજી વ્યક્તિઓના મનના ભાવ સામાન્યતઃ જાણી શકતા નથી. કારણ કે આપણને મનઃપર્યવજ્ઞાનાવરણીયકર્મનો ઉદય છે. તેણે આપણા મનઃપર્યવજ્ઞાનને ઢાંકી દીધું છે.

મનઃપર્યવજ્ઞાની આત્મા માત્ર પોતાની સામે રહેલી વ્યક્તિના જ મનના ભાવોને જાણી શકે એમ નહિ, કિન્તુ પોતાને જેટલી મર્યાદાવાળું જ્ઞાન થયું હોય તે પ્રમાણે પોતાના ગામ, દેશની બહાર રહેલાં, અરે...જંબૂદ્વીપની ય બહાર રહેલા, અઢી દ્વીપમાં ગમે તે સ્થળે રહેલા મનવાળા જીવોના મનના ભાવોને જાણી શકે છે.

આ મનઃપર્યવજ્ઞાન સાધુવેશ ધારણ કર્યા વિના પ્રાપ્ત થતું નથી. તીર્થંકર ભગવંતો જ્યારે દીક્ષા લે છે, ત્યારે તેમના ખભે દેવો દેવદૂષ્ય નાખે છે અને તે જ વખતે તે તીર્થંકર ભગવંતને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ મનઃપર્યવજ્ઞાનને પ્રગટ થતાં અટકાવવાનું કામ મનઃપર્યવજ્ઞાનાવરણીયકર્મ કરે છે.

## (૫) કેવળજ્ઞાનાવરણીયકર્મ

વિશ્વના સર્વ કાળના સર્વ ક્ષેત્રના સર્વ પદાર્થોને અક્રમપણે હાથમાં રહેલા આંબળાની જેમ એકીસાથે જે જ્ઞાન જણાવી શકે તેનું નામ કેવળજ્ઞાન.

કેવળજ્ઞાન પામેલા આત્મા કેવળજ્ઞાની, સર્વજ્ઞ, વીતરાગ, કેવલી, જિન વગેરે શબ્દોથી ઓળખાય છે. કોઈ ચીજ એવી નથી કે જે એમની જાણ બહાર હોય.

વિશ્વના વર્તમાનના સર્વ પદાર્થોને જ નહિ, ભૂતકાળમાં થયેલા ને ભવિષ્યકાળમાં થનારા સર્વ પદાર્થોને પણ તેઓ એકીસાથે જાણી શકે છે.

અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાનમાં તેનો ઉપયોગ મૂકવામાં આવે તો જ જણાય. જ્યારે વગર ઉપયોગ મૂકે, સહજ રીતે રૂપી કે અરૂપી તમામ પદાર્થો સતત કેવળજ્ઞાનના પ્રકાશમાં તો દેખાતા જ રહે.

સૌથી ચડિયાતું, ઉત્તમોત્તમ, સર્વોત્કૃષ્ટ જ્ઞાન કોઈ પણ હોય તો તે આ કેવળજ્ઞાન છે. તેને પ્રગટ થતાં અટકાવનાર કર્મનું નામ કેવળજ્ઞાનાવરણીયકર્મ છે.

# ૮ દર્શનાવરણીયકર્મ

જ્ઞાન = જાણવું. દર્શન = જોવું.

આત્મામાં રહેલી જાણવાની શક્તિને જે ઢાંકી દે તે જ્ઞાનાવરણીયકર્મ અને આત્મામાં રહેલી જોવાની શક્તિને જે ઢાંકી દે તે દર્શનાવરણીયકર્મ.

આત્મામાં અનંતદર્શન છે. આત્માથી કોઈપણ ચીજ જોયા વિનાની રહી શકે નહિ. છતાંય જયારે આ દર્શનાવરણીયકર્મ રૂપ વાદળ આત્મા રૂપ સૂર્યની આગળ આવી જાય છે, ત્યારે તે આત્મા આંધળો-બહેરો કે લૂલો-લંગડો બની જાય છે. તેની સૂંઘવાની શક્તિ ક્યારેક મંદ થઈ જાય છે. તેની જીભ ખોરાકનો સ્વાદ કરવા માટે કે તેની ચામડી સ્પર્શનો અનુભવ કરવા માટે નકામી બની જાય છે. સદા જાગ્રત એવા આત્માને ઊંઘણશી બનાવવાનું કામ કરે છે.

પેલા ખંધક મુનિવર ! જેમના શરીરની ચામડી ઉતરડાઈ. સખ્ત પીડા થઈ; છતાં ય સમતા રસમાં કેવા લીન ! અરે ! વિશ્વના જીવમાત્ર પ્રત્યે હૃદયમાં કેવો સ્નેહ પરિણામ ઊભરાતો હશે કે જેનાં કારણે ચામડી ઉતારનારને કહી રહ્યા છે કે, 'બાધા રખે તુમ હાથે હોય, કહો તીમ રહીએ ભાયા રે !'

હે ભાઈઓ ! તપશ્ચર્યા કરવાથી સુકલકડી બની ગયેલા આ શરીરમાં હાડકાં ખખડી રહ્યાં છે. ચામડી ઉતારતી વખતે તમને મારાં તે હાડકાં વાગ્યા કરશે. માટે તમને પૂછી રહ્યો છું કે હું કેવી રીતે ઊભો રહું કે જેથી મારાં હાડકા તમને વાગે નહિ. તમારું કાર્ય કરવામાં તમને કોઈ તકલીફ ન પડે.

સમતા ભાવમાં લીન બનેલા તે ખંધક મુનિવરે તો પોતાનું આત્મકલ્યાણ સાધી લીધું. પણ પ્રશ્ન એ છે કે તે ખંધક મુનિવરની ચામડી કેમ ઉતરડાઈ ?

પૂર્વભવમાં ચીભડાને સુધારવાનો અવસર આવ્યો ત્યારે તેમણે ચીભડાની આખીને આખી છાલ (ચામડી) ઉતારી હતી. એટલું જ નહિ છાલ ઉતાર્યા બાદ તેની ભારોભાર પ્રશંસા કરતાં પોતાની પત્નીને કહેલું કે, છે તારી પાસે આ કળા ? એક પણ ટુકડો કર્યા વિના કેવી અખંડ છાલ મેં ઉતારી !

જે બીજાની ચામડી (છાલ) ઉતરડાવે તેની ચામડી દૂર થઈને રહે. જે બીજાને આંધળા કહે તેને બીજા ભવે આંધળા થવું પડે. બીજાને મૂંગા, તોતડા, બોબડા કહેવા કે તેવું કહીને ચીડવવા તે બીજા ભવમાં પોતે મૂંગા-બોબડા કે તોતડા બનવાનું રીઝર્વેશન કરાવવા જેવું છે.

બહેરા આંધળા-તોતડા-બોબડા-મૂંગા-ઊંઘણશી વગેરે બનાવતું આ દર્શનાવરણીય કર્મ ન બંધાય તેની આપણે પણ પ્રતિપળ જાગૃતિ રાખવી જોઈએ. તે માટે -

★ જે ખરેખર આંધળા-બહેરા-મૂંગા-તોતડા વગેરે હોય તેમને પણ - હે અંધા, હે બહેરા... વગેરે શબ્દો કહેવા નહિ. સુરદાસજી, પ્રજ્ઞાચક્ષુ વગેરે શબ્દોનો પ્રયોગ કરી શકાય.

★ આંધળા-કાણા-મૂંગા-તોતડા-બોબડા-બહેરા વગેરેને ધિક્કારવા કે તિરસ્કારવા નહિ. તેમની પ્રત્યે કરુણાભાવ ધારણ કરવો.

★ બધી ઇન્દ્રિયોથી સજ્જ શરીરવાળાને પણ - જ્યારે પોતાનું ધાર્યું ન થતું હોય ત્યારે-કેમ આંધળો છે ? આટલું ય દેખાતું નથી! અરે એ બહેરા ! કેમ કાંઈ સાંભળતો નથી ! તારાં હાડકાં ભાંગી ગયાં છે ? આટલું કામ કરતાં શું થાય છે ? વગેરે વગેરે જે આક્ષેપાત્મક ખોટા પ્રયોગો થઈ જાય છે તે બંધ કરવા જોઈએ. કેમ કે તે વાક્યો બોલવાથી પણ આપણને તેવા બનાવનારું દર્શનાવરણીયકર્મ બંધાઈ જતું હોય છે.

★ આપણને મળેલા કાન, આંખ, નાક, જીભ, ચામડી વગેરેનો દુરુપયોગ કદી ન કરવો. સતત તેનો સદુપયોગ કરવા તરફ લક્ષ્ય આપવું. બીજાની નિંદા કરવી કે સિનેમાના ગીતો સાંભળવા, પરસ્ત્રીને-ટી.વી.-વીડિયો દ્વારા કે અન્ય રીતે ટીકી ટીકીને જોવા વગેરે રીતે ઇન્દ્રિયોનો થતો દુરુપયોગ દર્શનાવરણીયકર્મ બંધાવે છે.

★ જાગતા પડ્યા હોવા છતાં ઊંઘવાનો ડોળ કરીએ તો પણ દર્શનાવરણીયકર્મ બંધાય.

દર્શનાવરણીયકર્મને શાસ્ત્રોમાં દ્વારપાળની ઉપમા આપી છે. જેમ કોઈ પ્રજાજન રાજાને જોવાની ઇચ્છાથી રાજદ્વાર પર જાય ત્યારે દ્વારપાળ જો તેને અટકાવી દે તો તેને રાજાનું દર્શન થઈ શકતું નથી. તેમ આત્મામાં અનંતા પદાર્થો જોવાની શક્તિ હોવા છતાં, આ દ્વારપાળ જેવું દર્શનાવરણીયકર્મ આત્માને અટકાવી દે છે. પરિણામે આપણો આત્મા આ ભવની ઘણી ચીજોને જોઈ શકતો નથી.

આ દર્શનાવરણીયકર્મના નવ પેટા ભેદો શાસ્ત્રમાં જણાવ્યા છે. (૧) ચક્ષુ દર્શનાવરણીયકર્મ (૨) અચક્ષુ દર્શનાવરણીયકર્મ (૩) અવધિ દર્શનાવરણીયકર્મ (૪) કેવળ દર્શનાવરણીયકર્મ (૫) નિદ્રા દર્શનાવરણીયકર્મ (૬) નિદ્રા-નિદ્રા દર્શનાવરણીયકર્મ (૭) પ્રચલા દર્શનાવરણીયકર્મ (૮) પ્રચલા પ્રચલા દર્શનાવરણીયકર્મ અને (૯) થિણદ્ધિ દર્શનાવરણીયકર્મ.

(૧) **ચક્ષુદર્શનાવરણીયકર્મ :** અંધાપો, કાણિયાપણું, મોતિયો, ઝામર વગેરે આંખ સંબંધી તકલીફ લાવવાનું કાર્ય આ કર્મ કરે છે.

(૨) **અચક્ષુદર્શનાવરણીયકર્મ :** બહેરા, મૂંગા બનાવે છે. ઇન્દ્રિયોમાં ખોડખાંપણ પેદા કરે છે.

(૩) **અવધિદર્શનાવરણીય અને (૪) કેવલદર્શનાવરણીયકર્મ :** અવધિજ્ઞાનની સાથે અવધિદર્શન અને કેવળજ્ઞાનની સાથે કેવળદર્શન પેદા થાય છે. તે અવધિદર્શન અને કેવળદર્શનને પ્રગટ થતાં અટકાવવાનું કામ ક્રમશઃ આ બે કર્મો કરે છે.

(૫) **નિદ્રાદર્શનાવરણીયકર્મ :** ખખડાટ થતાં જ ઊઠી જવાય તેવી અલ્પનિદ્રા (ઊંઘ) લાવે.

(૬) **નિદ્રા-નિદ્રાદર્શનાવરણીયકર્મ :** ઢંઢોળીને ઊઠાડો ત્યારે ઊઠે તેવી ઊંઘ લાવનાર કર્મ

(૭) **પ્રચલાદર્શનાવરણીયકર્મ** : બેઠાં બેઠાં કે ઊભા ઊભા ઊંઘ લાવે.

(૮) **પ્રચલા-પ્રચલાદર્શનાવરણીયકર્મ** : ઘોડા-બળદ વગેરેની જેમ ચાલતાં ચાલતાં ઊંઘાડે.

(૯) **થિણદ્ધિદર્શનાવરણીયકર્મ :** આ કર્મના કારણે આવનારી ઊંઘમાં માણસ દિવસે વિચારેલું કાર્ય રાત્રી દરમિયાન કરી દે. તે વખતે તેનું બળ ખૂબ જ વધી જાય. પહેલા સંઘયણવાળાનું બળ પ્રતિવાસુદેવ જેટલું થઈ જાય. વર્તમાનકાળમાં સાત-આઠ ગણું બળ વધી જાય. આ નિદ્રાવાળી વ્યક્તિ દીક્ષા માટે અયોગ્ય છે. દીક્ષા અપાઈ ગઈ હોય તો ફરી તેને ઘરે મોકલવો પડે.

એક વાર એક સાધુ વહોરીને પાછા ફરતા હતા ત્યારે હાથી પાછળ પડ્યો. માંડ માંડ તે છટક્યો. રાત્રે ઉંઘમાં થિણદ્ધિનિદ્રાદર્શનાવરણીય કર્મનો ઉદય થયો. બહાર જઈ, દંતૂશૂળ પકડીને હાથીને ઉછાળીને ફેંક્યો. પછી તે હાથીને મારીને તેના દંતૂશૂળ લાવી ઉપાશ્રય બહાર ફેંક્યા, પાછો સૂઈ ગયો. સવારે આવું કાંઈક પોતે કર્યું હોય તેવું સ્વપ્ન આવ્યાનો ખ્યાલ આવ્યો. ગુરુને વાત કરી. ઉપાશ્રય બહાર તપાસ કરતાં દંતશુળ દેખાયા. તેથી ખબર પડી કે આ કાંઈ સ્વપ્ન નહોતું પણ રાત્રીના સમયે બનેલી સત્ય ઘટના હતી. થિણદ્ધિ નિંદ્રાનો પ્રભાવ હતો. ગુરુએ તે શિષ્યને ઘરે રવાના કરવો પડ્યો.

# ૯ વેદનીયકર્મ

આત્મા કદી પણ દુ:ખી હોઈ શકે નહિ. તેનો પ્રથમ ગુણ અનંતજ્ઞાન છે, બીજો ગુણ અનંતદર્શન છે; તો ત્રીજો ગુણ છે : અવ્યાબાધ સુખ.

આત્મા સદાનો સુખી છે. તેના સુખમાં કદી બાધા આવતી નથી. તેનું સુખ દુ:ખની ભેળસેળવાળું નથી. તેનું સુખ સદા ટકનારું છે. તેનું સુખ કદી પણ દુ:ખ લાવી શકનારું નથી. તેનું સુખ સ્વાધીન છે. તેના પોતાના સુખ મેળવવા તેને કદી પણ કોઈનીય સહાયની જરૂર નથી.

પણ આત્મારૂપી સૂર્યની સામે વેદનીયકર્મ રૂપી વાદળ આવી જવાથી આત્મા રૂપી સૂર્યનો અવ્યાબાધસુખ નામનો ગુણ રૂપી પ્રકાશ ઢંકાઈ ગયો છે. પરિણામે જીવન સુખી કે દુ:ખી બન્યા કરે છે.

આ વેદનીયકર્મના પ્રભાવે જીવને પરાધીન-કૃત્રિમ સુખ-દુ:ખ મળ્યા કરે છે. આ કર્મના ઉદયે જીવ દુ:ખી બને છે. કદાચ જો તેને સુખ મળી જાય તો તે સુખ કાયમ તેની પાસે ટકતું નથી. તે સુખ દુ:ખની ભેળસેળવાળું હોય છે. તે સુખ પાછું નવા દુ:ખને લાવનારું હોય છે. તે સુખ પરાધીન હોય છે. કોઈને કોઈ સાધન-સામગ્રીની સહાયથી જ તે સુખ અનુભવી શકાય છે.

આવી સુખ દુ:ખની ઘટમાળમાં જીવને રખડાવતું કર્મ તે આ વેદનીય કર્મ.

અંજના સુંદરીના જીવનમાં સતત દુ:ખની વણઝાર આવી. મહાસતી સીતાનું જીવન ભારે દુ:ખમય પસાર થયું.

જન્મતા જ ભાઈ ભામંડલનો વિયોગ થયો : કેવી અભાગણી તે બહેન !

મોટી થતાં સગો ભાઈ ભામંડલ જ તેના તરફ મોહિત બન્યો: કેવી અભાગણી તે કુમારિકા !

રાજકુમાર રામચંદ્રજી સાથે લગ્ન થવા છતાં ય વનમાં જવાનો વખત તેનો આવ્યો. કેવી અભાગણી તે પત્ની !

રાવણને હરાવીને, રામચંદ્રજી તેને અયોધ્યા લઈ આવ્યા. છતાંય તેના ઉપર કલંક કો'કે લગાડ્યું. કેવી અભાગણી તે નારી !

અને...પુત્ર લવ-કુશ હજુ તો ગર્ભમાં જ છે; છતાં જેને જંગલમાં હિંસક પશુઓ વચ્ચે છોડી દેવામાં આવી. કેવી અભાગણી તે માતા !

હજુ ય ઓછું હોય તેમ... લવ-કુશનો રામચંદ્રજી સાથે મેળાપ થયા બાદ પણ

તેણે અગ્નિપરીક્ષામાં પસાર થવાનો સમય આવ્યો... મહાસતીની પણ કેવી ક્રૂર અપભ્રાજના !

આટઆટલાં દુઃખો સીતાના જીવનમાં કોણ લાવ્યું ? તે દુઃખો લાવનાર બીજું કોઈ જ નહિ પણ એક માત્ર છે આ વેદનીય કર્મ.

તેની તાકાત અપ્રતિમ છે. તે જીવને ઘડીમાં સુખની રેલમછેલ કરી દે છે; તો ઘડીમાં તે જીવને દુઃખના દરિયામાં ગરકાવ કરી દે છે.

થોડી વાર પહેલા પોતાના રૂપમાં પાગલ બનેલા પેલા સનત્કુમાર ચક્રવર્તીને અનેક રોગોની પીડામાં સબડાવી દે છે; તો કોઢથી કણસતા શ્રીપાળને રાજ્યસુખમાં આળોટતા મહારાજા બનાવે છે !

રાજાને બનાવે છે ભિખારી તો રંકને બનાવે છે તે રાય. કરોડપતિને રોડપતિ બનાવવાની કે રોડપતિને કરોડપતિ બનાવવાની તાકાત આ કર્મમાં છે.

શ્રેણિક મહારાજાને છેલ્લી વયમાં રોજ મીઠા પાયેલા ૧૦૦-૧૦૦ હંટર મરાવનાર આ જ કર્મ હતું ને ?

ખંધક મુનિવરની ચામડી ઉતારનાર કે ગજસુકુમાલ મુનિના મસ્તકે ખેરના અંગારા મુકાવનાર વેદનીયકર્મના ઉદય સિવાય કોણ હતું ?

આ વેદનીયકર્મ માત્ર દુઃખોના દાવાનળ જ પેદા કરે છે, તેવું નથી. ભૌતિક સુખોના સાગરમાં આળોટાવવાનું કાર્ય પણ તે જ કરે છે.

ભરત મહારાજાને છ ખંડની સમૃદ્ધિ અપાવનાર પણ આ જ કર્મ છે. તીર્થંકરોને ચાલવા માટે નવ સુવર્ણ કમળોની રચના, ચાંદી, સુવર્ણ અને રત્નોના ગઢનું સમવસરણ, અષ્ટપ્રાતિહાર્યની સંપદા વગેરેમાં પણ શું તેમનો આ વેદનીયકર્મનો ઉદય પણ એક કારણ છે.

જીવનમાં સુખ-દુઃખ લાવનારું આ વેદનીયકર્મ બીજાને સુખ-દુઃખ દેવાથી બંધાય છે.

બીજાને શાતા આપવાથી, બીજાને સહાય કરવાથી, બીજાને અનુકૂળ બનવાથી, બીજાની સાથે પ્રેમભર્યો વ્યવહાર રાખવાથી, બીજાને તકલીફ ન થાય તેની પળે પળે સાવધાની રાખવાથી, બીજાને સુખી કરવાથી જે વેદનીયકર્મ બંધાય છે, તે શાતાવેદનીય કર્મ કહેવાય છે. તેના ઉદયે જીવ સુખી બને છે.

તેનાથી વિપરીત કરવાથી અર્થાત્ બીજાને અશાતા આપવાથી, બીજાને પ્રતિકૂળ વર્તવાથી, બીજાની સાથે તિરસ્કારભર્યો કે ધિક્કારભર્યો વ્યવહાર કરવાથી બીજાને તકલીફ આપવાથી બીજાનો વિચાર ન કરવાથી, કે કોઈપણ રીતે બીજાને દુઃખી

કરવાથી આ આશાતાવેદનીય કર્મ બંધાય છે, જે કર્મના ઉદયે જીવ પોતે દુઃખી બને છે.

પેલા ગૌશાળાએ પોતાના ગુરુ પરમાત્મા મહાવીરદેવ પ્રત્યે તિરસ્કાર કર્યો. અરે ! પરમાત્માને ખતમ કરી નાંખવા તેજોલેશ્યા છોડી. ગુરુદ્રોહનું આ ભયંકર પાપ અશાતાવેદનીયકર્મ બંધાવ્યા વિના થોડું રહે ? બીજા પાપોનો બદલો તો કદાચ ભવાન્તરમાં મળે, પણ ગુરુદ્રોહ એ એવું હિચકારું કૃત્ય છે કે તેનો પરચો સામાન્યતઃ તે જ ભવમાં મળતો હોય છે. સતત સાત દિવસ તે સંતપ્ત રહ્યો... પીડાતો, કણસતો મૃત્યુને વશ થયો.

ગુરુ પ્રત્યેના તિરસ્કારની જેમ ક્રોધ, નિર્દયતા, વ્રતભંગ, બાધા તોડવી, કૃપણતા, માતા-પિતા પ્રત્યે તિરસ્કાર વગેરે પણ અશાતા વેદનીય કર્મ બંધાવે છે. જીવને અત્યંત દુઃખી બનાવે છે. જ્યારે ગુરુભક્તિ, ક્ષમા, દયા, વ્રત-નિયમનું પાલન, મન-વચન-કાયાના શુભયોગ, નમ્રતા, સરળતા, નિર્લોભિતા, ઉદારતા, ધર્મચુસ્તતા, સહિષ્ણુતા, માતા-પિતા વગેરે વડીલોનું બહુમાન, વિદ્યાગુરુનો વિનય વગેરે શાતાવેદનીયકર્મ બંધાવે છે. જેના ઉદયે જીવ સુખને પામે છે.

ગુરુભગવંત પધારતા હોય ત્યારે સમયસર તેમને લેવા સામે જવું, તેમને વંદન કરવા, તેમને જરૂરી ચીજો પહોંચાડવી, પૌષધશાળામાં કાજો લેવો, ગોચરી-પાણી ભાવપૂર્વક વહોરાવવા, વૈયાવચ્ચ કરવી, માંદગી હોય તો ડૉક્ટર વગેરેની વ્યવસ્થા કરવી, સેવા કરવી વગેરે ગુરુભક્તિમાં ગણાય. ગુરુભગવંત પ્રત્યે હૃદયમાં ઊભરાતો છલોછલ બહુમાનભાવ તે શ્રેષ્ઠ ગુરુભક્તિ છે.

ગૌતમસ્વામી પરમાત્મા મહાવીરદેવના પરમગુરુભક્ત હતા. ચાર જ્ઞાનના સ્વામી હોવા છતાં ય, જ્ઞાનનો ઉપયોગ મૂકીને જાણવાના બદલે પરમાત્માને સવાલો પૂછતા હતા. અને નાનકડા બાળકની જેમ પરમાત્માના જવાબ સાંભળતા હતા. 'હે ગોયમા ! હે ગોયમા !' શબ્દ સાંભળતાં તેમના સાડા ત્રણ કરોડ રૂંવાડા ખડાં થઈ જતાં. રોમરાજી વિકસ્વર બનતી. મુખ ઉપર પ્રસન્નતાનો પમરાટ પ્રસરતો. આવી ગુરુભક્તિ અઢળક શાતાવેદનીયકર્મ બંધાવતી હતી.

કોઈ ગાળો દે, પથ્થર મારે, પ્રહાર કરે, ખીજવે, ખોટું આળ ચઢાવે, ગમે તેવી આક્ષેપબાજી કરે ત્યારે પણ હૃદયમાં સતત ક્ષમા રાખવાથી શાતાવેદનીયકર્મ બંધાય છે.

હતો તો એ રાજકુમાર, પણ કાંઈક વાંકુ પડવાથી બની ગયો તે બહારવટિયો. લલાટ ઉપર તેજ ચમકતું હતું અને હાથમાં હતી જબરી કુશળતા. પરિણામે તેનો પ્રહાર કદી ખાલી ન જતો. પ્રહાર થયો નથી ને સામેની વ્યક્તિ મરી નથી. તેના આવા દૃઢ પ્રહારોના કારણે તેનું નામ જ પડી ગયું : દૃઢપ્રહારી. લુટારાઓનો તે સરદાર બન્યો. અનેક માનવોની નિર્દયતાપૂર્વક હત્યા કરીને લૂંટ કરવામાં તેને આનંદ આવતો.

એક વાર કોક ગામ ઉપર તે ત્રાટક્યો. લોકોમાં નાસભાગ થવા લાગી. તે પહોંચ્યો કોક ગરીબ બ્રાહ્મણના ઘરમાં....તપાસ ઘણી કરી પણ ગરીબના ઘરમાં તેને મળે શું ?

બાળકો માટે બનાવાયેલી ખીર તરફ તેનું ધ્યાન ગયું. ખીરનું પાત્ર લઈને તે ભાગ્યો. રડતાં બાળકો તેની પાછળ દોડવા લાગ્યા. નદીએ સ્નાન કરીને પાછા ફરતાં બ્રાહ્મણે ખીરનું પાત્ર લઈને જતાં દૃઢપ્રહારીને અને તેની પાછળ ખીર વિના રડતાં ટટળતાં પોતાનાં બાળકોને જોયાં. તેનાથી પોતાના પુત્રોનું દુઃખ ન જોઈ શકાયું. તે દૃઢપ્રહારી પાછળ મારવા દોડયો. દૃઢપ્રહારી સામે બિચારા આ બ્રાહ્મણની તાકાત કેટલી ? એક ઘા ને બે ટુકડા ! દૃઢપ્રહારીના પ્રહારે બ્રાહ્મણને લોહીલુહાણ બનાવી દીધો !

તેટલામાં બ્રાહ્મણની ગર્ભવતી પત્નીએ આ દૃશ્ય જોયું.તેનાથી ના રહેવાયું.આક્રોશભર્યા શબ્દો તે દૃઢપ્રહારીને કહેવા લાગી. દૃઢપ્રહારીથી શી રીતે આ કડવા શબ્દો સહન થાય ? માર્યો ઘા અને લોથપોથ થઈ ગઈ બ્રાહ્મણીની કાયા ! પેટ તેનું ફાટી ગયું. દૃઢપ્રહારીના શસ્ત્રે બ્રાહ્મણીના ગર્ભને પણ છોડયો નહોતો. અંદર રહેલ ગર્ભ ચીસાચીસ કરતો બહાર પડયો. ક્ષણમાં ખતમ થઈ ગયો.

દૃઢપ્રહારી હવે નાશી રહ્યો છે, પણ તે બ્રાહ્મણના ત્યાં ઊછરેલી ગાય,તેના રસ્તામાં વચ્ચે આવી. ક્રોધથી આંધળા બનેલા દૃઢપ્રહારીને વળી ગાયની તે દયા આવતી હશે ? તલવારના એક જ ઝાટકે તેણે ગાયના બે ટુકડા કરી નાંખ્યા.

આજે એક જ જગ્યાએ તેનાથી થઈ ગઈ ચારે ચાર પ્રકારની હત્યા (૧) બ્રહ્મહત્યા (૨) ગૌહત્યા (૩) સ્ત્રીહત્યા (૪) ભ્રુણ (ગર્ભ) હત્યા. ક્રૂરતાભરેલી ચાર ચાર હત્યાના આ ભયાનક દૃશ્યને જોઈને બ્રાહણના બાળકો અતિ કરુણ આક્રંદ કરવા લાગ્યાં.

તેમના છાતીફાટ રુદને દૃઢપ્રહારીને અટકાવ્યો. તેણે પાછળ નજર કરી.....ચારેને લોહીલુહાણ હાલતમાં નિહાળ્યાં.....ચાર ચાર હત્યાએ દૃઢપ્રહારીને આજે ઊંડા વિચારમાં ગરકાવ કરી દીધો. પોતે કરેલી આ ચાર હત્યાઓ અને નિર્દોષ તથા માસૂમ બાળકોની પેદા થયેલી દયનીય પરિસ્થિતિએ તેનામાં પશ્ચાત્તાપના પાવક અગ્નિને પ્રદીપ્ત કર્યો.... હૈયામાં પસ્તાવો પુષ્કળ થવા લાગ્યો.

ગામ બહાર પહોંચ્યો તો ખરો.... પણ તેનું મન બેચેન છે.... ઉચાટમાં છે.....ઉદ્વિગ્ન છે. કયાં ય શાંતિ નથી. પસ્તાવાનો પાર નથી. ત્યાં સામે મળ્યા જૈન મુનિરાજ.

મુખ ઉપર પ્રસન્નતા ઊભરાઈ રહી છે. લલાટ ઉપર તેજ ઝગારા મારી રહ્યું છે.

સમતાના સાગર જણાય છે. શાંતિના સમ્રાટ જણાય છે. દુઃખનું નામ નિશાન જણાતું નથી. સુખના સાગરમાં ડૂબેલા જણાય છે. સાક્ષાત શુદ્ધિના સરવરીયાંને સામે જોઈને દઢપ્રહારી તેઓના ચરણોમાં ઝૂકી ગયો. બનેલા પ્રસંગને જણાવીને પોતાનાં પાપો બદલ ચોધાર આંસુએ તે રડવા લાગ્યો. જીવનને શુદ્ધ બનાવવાનો રસ્તો તે પૂછવા લાગ્યો.

મુનિવરે સંયમજીવનનો ઉપદેશ આપ્યો. પાપની શુદ્ધિ માટે ચારિત્ર સહિતના તપની વાત કરી. પ્રતિબોધ પામેલા તેણે મુનિશ્રી પાસે સંયમજીવન સ્વીકાર્યું.

ડાકુ દઢપ્રહારી હવે સાધુ દઢપ્રહારી બન્યો. પાપના ઊભરતા પશ્ચાત્તાપે તેમના હૃદયમાં શુદ્ધિની તલપ લગાડી.

જલદીથી શુદ્ધિ મેળવવા તેમણે પ્રતિજ્ઞા કરી કે, જયાં સુધી મને મારા પાપો યાદ આવ્યા કરે અથવા તો કોક મને મારા પાપો યાદ કરાવે ત્યાં સુધી મારે આહાર-પાણી કરવા નહિ.

પ્રતિજ્ઞા કરીને, ગામની બહાર તેઓ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન બન્યા. રસ્તે જતા-આવતા લોકો તેમને જોઈને ક્રોધથી ગાળો આપતા....

આણે મારી પત્નીને મારી નાંખી છે. પકડો આને, આણે જ મારી મિલકત લૂંટી લીધી છે વગેરે વાક્યો બોલીને દઢપ્રહારી ઉપર પ્રહારો કરતા.

પરંતુ મુનિવર દઢપ્રહારી તો સમતારસનું પાન કરતા હતા. પોતાના પાપો બદલ પશ્ચાત્તાપ કરતા હતા. આવતા દુઃખોને-વચન પરિષહને-સમતાભાવે સહન કરતા હતા. બધાને ક્ષમાના પાણી છાંટતા હતા. ક્રોધનું નામનિશાન નહોતું. બધું જ ક્ષમાથી સહન કરતાં પુષ્કળ શાતાવેદનીયકર્મ બંધાયું.

લગાતાર છ મહિના સુધી ક્ષમાધર્મમાં લીન બનીને તેઓએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પોતાના આત્માનું કલ્યાણ સાધી લીધું.

પેલા મેઘકુમારે પણ પૂર્વના હાથીના ભવમાં સસલાની દયા ચીંતવી. આ જીવદયાના પ્રભાવે પુષ્કળ શાતાવેદનીયકર્મ બાંધ્યું. શ્રેણિક મહારાજાના પુત્ર મેઘકુમાર તરીકે જન્મ્યા. પુષ્કળ શાતા મેળવી. પરમાત્મા મહાવીરદેવના શિષ્ય બનીને સાધુઓના સાચા સેવક બન્યા.

મહાબળરાજા વ્રતનું પાલન કરીને, શાતાવેદનીય બાંધી દેવલોકના સુખના ભોક્તા બન્યા.

ઓલો સંગમ નામનો રબારી !

માસક્ષમણના તપસ્વી મુનિવરને, રડીને પોતાના માટે બનાવરાવેલી ખીરને

ભાવપૂર્વક વહોરાવીને, સુપાત્ર દાનના પ્રભાવે પુષ્કળ શાતાવેદનીયકર્મ ઉપાર્જન કરીને મહાધનાઢ્ય શાલિભદ્ર બન્યા. દેવલોકમાંથી રોજ આવતી ૯૯-૯૯ પેટીઓના સ્વામી બન્યા.

પોતાની ઈચ્છાથી સહન કરીએ ત્યારે સકામનિર્જરા થાય; પણ ઈચ્છા વિનાય જો સહન કરવામાં આવે તો તે વખતે જે નિર્જરા થાય તે અકામ નિર્જરા કહેવાય. આવી અકામ નિર્જરા વખતે પણ શાતાવેદનીયકર્મ બંધાઈ શકે છે. શૂલપાણી યક્ષ પણ પૂર્વભવમાં બળદ હતો. ખૂબ જ ફટકા તેણે ખાધા. સહન કર્યું. શાતાવેદનીય બાંધ્યું. યક્ષભવમાં શાતાની પ્રાપ્તિ તેને થઈ.

જેનો અગણિત ઉપકાર છે, તેવા જન્મ આપનાર માતા-પિતાની સેવા કરવાથી પણ શાતાવેદનીયકર્મ બંધાય છે. રોજ સવારે તથા રાત્રે માતા-પિતાને પગે લાગવું જોઈએ હૃદયમાં તેમના પ્રત્યે ઊછળતો બહુમાનભાવ જોઈએ. એકાદ રૂંવાડામાં પણ તેમની પ્રત્યે ધિક્કાર તિરસ્કાર કે આસુરીભાવ ન જોઈએ.

માતા-પિતાની જેમ સાસુ-સસરા, જેઠ, જેઠાણી મોટા ભાઈ-ભાભી-બહેન વગેરે વડીલો પ્રત્યે આદરભાવ જોઈએ. તેઓના ચરણોમાં પણ પ્રણામ કરવા જોઈએ. આ રીતે કરવાથી શાતાવેદનીયકર્મ બંધાય છે. જેના ઉદયથી જીવનમાં સુખની પ્રાપ્તિ થાય છે.

અશાતા અને શાતાવેદનીય કર્મ કયા કયા કારણે બંધાય છે, તે જાણ્યા પછી, શાતાવેદનીયકર્મ બંધાય તેવા ઉપાયો કરવા જોઈએ અને ભૂલેચુક પણ અશાતાવેદનીયકર્મ ન બંધાય તેની સતત કાળજી રાખવી જોઈએ.

શાસ્ત્રમાં વેદનીયકર્મને મધ લીપેલી તલવાર જેવું કહ્યું છે. મધ લીપેલી તલવારને ચાટતાં મધના સ્વાદે આનંદ તો આવે પણ તલવારની ધારથી જીભ છેદાતા દુઃખ પણ થાય જ. સુખ અને દુઃખ બંનેને લાવ્યા વિના તે ન રહે.

આ વેદનીય કર્મના બે પેટા ભેદ છે.

(૧) **શાતાવેદનીયકર્મ :** સુખની સામગ્રી આપે. અનેક પ્રકારની અનુકૂળતા કરી આપે. શરીરનું, સ્ત્રીનું, મકાનનું, આરોગ્યનું, કુટુંબનું સુખ આપી શકે.

(૨) **અશાતાવેદનીયકર્મ :** દુઃખની પરિસ્થિતિ પેદા કરે. સુખની સામગ્રીઓને ઝુંટવી લે. અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ પેદા કરે. રોગ-ઘડપણ વગેરે લાવે. આર્થિક રીતે બેહાલ કરે વગેરે.....

(૧૦)

# મોહનીયકર્મ

સચીનભાઈ તેમના પુત્રો અજય અને સંજય સાથે ઉનાળાના વેકેશનમાં મુંબઈથી અમદાવાદ ટ્રેનમાં જઈ રહ્યા હતા. ગાડી ફૂલસ્પીડમાં દોડી રહી હતી. વારંવાર બારીમાંથી મોઢું બહાર કાઢીને અજય અને સંજય ગાડીને વળાંક લેતી જોતા હતા અને આનંદથી કિકિયારી પાડતા હતા.

તેઓના કોલાહલથી કંટાળેલા સચીનભાઈએ આંખ લાલ કરીને તેમને ચૂપ બેસાડી દીધા. પણ આ તો નાનાં બાળકો ! શાંત રહે તો બાળકો શાના ?

થોડીવારમાં સંજયને કહે છે, ''અલ્યા સંજુ ! જો તો ખરો ! આ ઝાડ કેવાં દોડી રહ્યા છે ! ઝાડને પગ તો છે નહિ ! છતાં ય કેવા ભાગંભાગ કરે છે !''

સંજયે જવાબ આપ્યો,'' અજીયા ! તું તેને પકડવા દોડતો જાય ને તો ય ના પકડી શકે એટલી ઝડપથી તે ઝાડ દોડી રહ્યાં છે. જો ને ...હવે તો દેખાતા પણ નથી ને !''

આ સાંભળતાં અજયે છણકો કરતાં કહ્યું,'' હું ના પકડી શકું તો શું તું પકડી શકે ? અરે ! આ ડબ્બામાં બેઠેલા કોઈ ના પકડી શકે. મને એકલાને શેનો કહે છે ? એ ઝાડમાં તો ભૂત ભરાયું છે. તે ભૂત જ ઝાડને જોરથી દોડાવી રહ્યું છે. કેમ પપ્પા ! સાચી વાત ને ?'' અજયે સચીનભાઈને પૂછ્યું.

સચીનભાઈએ કહ્યું, ''અજુ ! સંજુ ! મારી વાત સાંભળો... આ ઝાડમાં ભૂત-બૂત કાંઈ છે જ નહિ.''

અજુ : ''હેં પપ્પા ! તો પછી તે કેવી રીતે દોડે છે ?''

સચીનભાઈ : ''બેટા ! ઝાડ દોડતું જ નથી. તે તો તેની જગ્યાએ જ સ્થિર ઊભું છે.''

સંજુ : ''પણ પપ્પા ! હમણાં અમે અમારી આંખે તે ઝાડને મુંબઈ તરફ દોડતું જોયું, તેનું શું?''

સચીનભાઈ : ''જુઓ બાળકો ! ઝાડ તો તેની જગ્યાએ સ્થિર જ ઊભું છે. પણ આપણી આ ગાડી મુંબઈથી અમદાવાદ તરફ દોડી રહી છે.ગાડીની ઝડપ એટલી બધી છે કે આપણને એવું લાગે કે આપણે સ્થિર છીએ અને ઝાડ, મકાન, ખેતર વગેરે

મુંબઈ તરફ જઈ રહ્યાં છે. જુઓ... તમને પેલું મકાન પણ મુંબઈ તરફ દોડતું દેખાય છે ને ?"

બંને બાળકો : "હા પપ્પા !"

"અને બોલો... આપણે સ્થિર બેઠા હોઈએ તેમ પણ લાગે છે ને ?"

પણ હકીકતમાં આપણે તો મુંબઈથી અમદાવાદ જઈએ જ છીએ. પરંતુ ગાડીની ઝડપના કારણે આપણને ભ્રમ થાય છે."

અજુ : "પપ્પા ! ભ્રમ એટલે શું ?"

સચીનભાઈ : "જે જેવું હોય તેના કરતાં ઊલટું જણાય તેને ભ્રમ કહેવાય. અહીં ગાડી ચાલે છે, છતાં સ્થિર લાગે છે અને ઝાડ-મકાન વગેરે સ્થિર ઊભા છે તે દોડતા લાગે છે. આપણને આ જે ઊલટું જ્ઞાન છે, તે ભ્રમ કહેવાય છે."

એટલામાં તો તેમની ગાડી વડોદરા સ્ટેશને આવીને ઊભી રહી ગઈ. સચીનભાઈ નીચે ઊતર્યા. હજુ તો માંડ પાંચ મિનિટ પસાર થઈ હશે, ત્યાં તો બાજુના પાટા ઉપર રહેલી ગાડી મુંબઈ તરફ ચાલવા લાગી.

"પપ્પા ! ગાડી ઊપડી. જલ્દી ચઢો.. રહી જશો...પપ્પા ! જલ્દી, પપ્પા ! જલ્દી." અજય-સંજયે ચીસાચીસ શરૂ કરી.

સચીનભાઈએ પ્લેટફોર્મ ઉપર જ ઊભા રહીને બારીમાંથી અજય-સંજયને કહ્યું, "જુઓ બેટા ! ગભરાવવાની જરૂર નથી. ગાડી ઊપડી જ નથી. આ તો બાજુના પાટા ઉપર ગાડી ચાલી એટલે તમને એવો ભ્રમ થયો કે આપણી ગાડી ઊપડી. જુઓ.. આપણી ગાડીને ઊપડવાની હજુ તો ૧૫ મિનિટની વાર છે. સમજ્યા ?

જેમ ચાલતી ગાડીમાં બેઠા હોઈએ ત્યારે સ્થિર ઝાડ-મકાન વગેરે વિરુદ્ધ દિશામાં દોડતાં હોય તેવો ભ્રમ થાય છે, બાજુની ગાડી ચાલતી હોય ત્યારે પોતાની સ્થિર ગાડી પણ ચાલતી હોય તેવો ભ્રમ થાય છે, તેમ દુનિયામાં પણ જે પદાર્થો જેવા હોય તેના કરતાં ક્યારેક જુદા જણાય છે.

સત્ય પણ અસત્ય લાગે છે. અસત્ય પણ સત્ય લાગે છે. અનેક પદાર્થોમાં ભ્રમણાઓ પેદા થાય છે. સંસાર હકીકતમાં દુઃખમય છે, છતાં તેનામાં સુખની બુદ્ધિ થાય છે. આ ભ્રમણાઓ પેદા કરાવે છે : મોહનીયકર્મ.

કડકાઈ કરીએ નહિ તો ચાલે જ નહિ. આ કાળમાં ક્ષમા ધારણ કરીએ તો બધા આપણી ઉપર જ ચઢી બેસે. જેવા સાથે તેવા થઈએ તો જ જીવાય. વગેરે વિચારણા જણાવે છે કે ક્રોધ ખરાબ હોવા છતાં ય સારો લાગ્યો છે.

અભિમાનને સ્ટેટસનું સુંવાળું નામ આપીને સારું મનાય છે. માયાને સેલ્સમેનશીપ અને લોભને ઇન્વેસ્ટમેન્ટના સુંદર લેબલ લગાડીને તેમને મનથી સારા માનવાના પ્રયત્નો થાય છે. જે ક્રોધ-માન-માયા-લોભાદિ હકીકતમાં ખરાબ છે, દુર્ગતિમાં લઈ જનારા છે, તેમને સારા મનાવડાવવાનું કાર્ય આ મોહનીયકર્મ કરે છે.

આત્માનો ગુણ છે : વીતરાગતા. તેને નથી કોઈ પ્રત્યે રાગ કે નથી કોઈ પ્રત્યે દ્વેષ. પણ આત્મા રૂપી સૂર્યના વીતરાગતા નામના ગુણ રૂપ પ્રકાશની આડે જયારે આ મોહનીયકર્મ રૂપી વાદળ આવે છે, ત્યારે તે આત્મા સિંહ સમાન હોવા છતાં ય માયકાંગલો બની જાય છે. તે ક્યારેક રાગી તો ક્યારેક દ્વેષી બને છે. ઘડીક ક્રોધના ફૂંફાડા મારે છે તો ઘડીકમાં અહંકારમાં અક્કડ બને છે. ક્યારેક માયાની મસ્તી ખેલે છે તો ક્યારેક લોભના મહાસાગરમાં ડૂબકી લગાવે છે. કયારેક ખડખડાટ હસે છે તો કયારેક ધ્રુસકે ધ્રુસકે રડે છે. ઘડીક આનંદમાં મશગૂલ બને છે તો ઘડીકમાં શોકસાગરમાં ડૂબે છે. કયાંક પોતાનું મોઢું મચકોડે છે તો ક્યાંક કોઈની પ્રત્યે કામવાસનામાં ચકચૂર બને છે.

આ બધા તોફાનો છે મોહનીયકર્મના. આ કર્મનો ઉદય થાય એટલે તે જીવની બુદ્ધિ ભ્રષ્ટ થવા લાગે છે. સાચી સમજણ દૂર થાય છે. ખોટાને સાચું અને સાચાને ખોટું માનવા લાગે છે. ''જે સાચું તે મારું'' એવી માન્યતા હોવી જોઈએ તેના બદલે ''જે મારું તે જ સાચું'' તેવો કદાગ્રહી તે બનવા લાગે છે.

અરે ! ત્રણ લોકના નાથ, દેવાધિદેવ પરમપિતા, પરમાત્માની વાતો ઉપર પણ આ મોહનીયકર્મના ઉદયવાળા જીવને શંકા પડવા લાગે છે. આત્મા જેવી ચીજ હશે કે નહિ ? મોક્ષ, દેવલોક અને નરક તો કોઈએ જોયાં નથી, તો પછી ખરેખર તે હશે કે નહિ ? વળી સાંભળ્યું છે કે સોયના ઉપરના તીક્ષ્ણ ભાગ ઉપર બટાકાનો જેટલો અંશ રહે તેમાં અનંતા જીવો છે. બાપ રે બાપ ! છે ને ગપ્પા !! કોણ જોવા ગયું છે તે અનંતા જીવો ને ? પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો છે ! એમ સંભળાય છે, શું કોઈએ સૂક્ષ્મદર્શક યંત્રમાં જોયા ખરા ? કે પછી બસ બધે અસંખ્યાતા અને અનંતાની વાતો જ કરવાની છે ?

આ તો અમારા બધા પાસે ધર્મ કરાવવો હશે એટલે દેવલોક અને દેવોની સુંદર સુંદર વાતો કરી લાગે છે, અને પાપો નહિ કરાવવા હોય એટલે નરકની દુઃખમય વાતો કરી લાગે છે. ધર્મ કરવાથી દેવલોક મળે અને પાપ કરવાથી નરક મળે, એવી બધી વાતો ગપગોળા લાગે છે. બાકી દેવલોક કે નરક જેવી ચીજ હોત તો વૈજ્ઞાનિકોએ દેખી ન હોત !

આવી આવી તો ધર્મની બાબતમાં અનેક પ્રકારની શંકા-કુશંકા પેદા કરાવવાનું કામ આ મોહનીયકર્મનું છે. આઠે કર્મમાં સૌથી ભયંકર આ મોહનીયકર્મ છે. બધા કર્મોનો તે લીડર છે. તેના આધારે જ બાકીનાં કર્મો જીવને ચાર ગતિમાં નચાવે છે, રખડાવે છે.

અરે ! આ મોહનીયકર્મ મદારી જેવું છે. મદારી વાંદરાને જેમ નચાવે, જાત જાતના તેની પાસે ખેલ ખેલાવડાવે, તેમ આ મોહનીયકર્મ પણ આપણા જીવને ક્રોધ-માન-માયા-લોભ, હાસ્ય-શોક વગેરે કરાવવા દ્વારા અનેક નાચ નચાવે છે.

પૂર્વના કાળમાં ગામડાઓમાં ભવૈયા આવતા. તેઓ ભવાઈ કરતા. તેમની ભવાઈમાં અનેક લોકો દોડી દોડીને આવતા. કેટલાક ભવૈયા એટલા બધા નિષ્ણાત હતા કે તે પ્રેક્ષકોને ઘડીકમાં ખડખડાટ હસાવતા, ઘડીકમાં પોસ પોસ આંસુ પડાવતા તો ઘડીકમાં પ્રેક્ષકોને શાન્તરસમાં લીન કરતા.

એક ગામમા એક ભવૈયો પોતાની મંડળી લઈને ભવાઈ કરવા માટે આવ્યો. સમગ્ર ગામડામાં, 'રાત્રે આઠ વાગે ભવાઈ થવાની છે.' એવી બરાબર જાહેરાત થઈ ગઈ હતી.

પણ ભવૈયાએ પોતાનો સામાન તપાસ્યો ત્યારે જ ખબર પડી કે રાજાનો વેશ ભજવવા માટે જરૂરી શેરવાણી જ ભૂલથી પોતાના ગામ રહી ગઈ છે. હવે શું કરવું ? જો ભવાઈ બંધ રાખે તો પહેલા દિને આબરૂનો ફિયાસ્કો થાય. તેથી નવી શેરવાણી સિવડાવવાનું તેણે નક્કી કર્યું.

આખા ગામમાં એક દરજી વસતો હતો. પોતાની મૉનોપોલી હોવાથી તેના મગજમાં અહંકારનો નશો સદા ચડેલો રહેતો. ભવૈયાએ જઈને દરજીને નમ્રભરી ભાષામાં સાંજ સુધીમાં શેરવાણી સીવી આપવાની વિનંતી કરી.

પણ અહંકારી દરજીએ પોતાના રુઆબમાં આવીને કહ્યું કે, ''એ નહિ બની શકે. હું કાંઈ તમારા માટે નવરો થોડો છું ? ભાઈ સાહેબ ! ચાલ્યા આવ્યા ! મારે લગનગાળાની સીઝન છે. ૧૦ દિવસે તૈયાર થશે. આજે તો નહિ જ મળે.''

ભવૈયાએ અત્યંત કાકલૂદી કરતાં કહ્યું કે,''ભાઈ ! તમારી વાત સાચી છે કે લગનગાળો હોવાથી તમને સમય ન હોય. પણ મારે આજે રાત્રે જ ભવાઈમાં વેશ ભજવવાનો હોવાથી રાત્રી સુધીમાં શેરવાણી સિવડાવ્યા વિના ચાલે તેમ નથી. તું કહેશે તેટલી મજૂરી આપીશ. ગામમાં બીજો કોઈ દરજી પણ નથી. તેથી મારી આટલી વિનંતી ધ્યાનમાં રાખીને, ગમે તેમ કરીને આજે રાતના સીવીને આપે તો તારો ઉપકાર કદી નહિ ભૂલું.''

પણ આ દરજીનું તો મગજ ફાટતું હતું. તેણે તો ઘસીને ના સુણાવી દીધી. ''કોઈપણ સંયોગમાં એ નહિ બની શકે. તારા જેવા તો કેટલાય આવ્યા. જા...જા...ચાલ્યો જા.... હું નહિ સીવી આપું.''

હવે ભવૈયાથી ન રહેવાયુ. આવેશમાં આવી જઈને તેણે કહ્યું કે, ''યાદ રાખજે, તું દરજી છે તો હું ભવૈયો છું. જો હજુ ય હા નહિ પાડે તો તને બરાબર દેખાડી દઈશ. મને સદા યાદ કરતો રહીશ.''

દરજી પણ ગાંજ્યો જાય તેમ નહોતો. તેણે પણ આવેશમાં કહી દીધું કે ''તું મને દેખાડી દઈશ એટલે શું કરીશ ? શું તું મને ગામની બહાર કાઢી મૂકીશ ? તારામાં તાકાત શું છે કે મોટી મોટી ડંફાસ હાંકે છે ?'' બસ આવી બન્યું - દરજીના શબ્દો પકડાઈ ગયા. ભવૈયાએ ચેલેંજ ફેંકી કે, ''હે દરજીના બચ્ચા ! યાદ રાખજે. તને હું આ ગામની બહાર એક વાર ન કઢાઉં તો હું ભવૈયો નહિ.'' અને ગુસ્સાથી ધમધમતો તે ચાલ્યો ગયો.

પોતાની મંડળીના તમામ સભ્યોને ભેગા કરીને ભવૈયાએ કહ્યું કે, ''સાંભળો ! આજ દિન સુધી આપણે રામલીલાની ભવાઈ તો ઘણીવાર કરી. આજે આપણે એક નવા પ્રકારની ભવાઈ કરવાની છે. તે ભવાઈનું નામ છે : દરજીલીલા. પછી તે ભવૈયાએ બધા સભ્યોને તેઓએ ભજવવાના પાત્રો તથા એકશનો સમજાવી દીધી. જરૂરી તમામ સામગ્રીઓ પણ બજારમાંથી તે લઈ આવ્યો. દરજીલીલાની બધી તૈયારીઓ બરાબર થઈ ચૂકી.

રાત્રિના સમયે આખું ગામ ભવાઈ જોવા ઊમટયું છે. પેલો દરજી અને દરજણ પણ ભવાઈ જોવા આવી ગયા હતા. બધાની નજર સ્ટેજ તરફ હતી. પડદો ઊંચકાયો...દશ્ય જોઈને લોકો ખડખડાટ હસી રહ્યાં છે. કારણ કે સ્ટેઝ ઉપર ભવૈયાએ અસલ દરજીનો વેશ લીધો છે. ખભા ઉપર મેજરટેપ લટકેલી છે. નાકના ઠેઠ આગળના ટેરવા ઉપર ચશ્મા ખેંચાયેલા છે. કાન ઉપર પન્સિલ છે. હાથમાં મોટી કાતર છે. નાકમાં છીંકણી સૂંઘ્યા કરે છે. બાજુમાં દરજણ ઊભી છે. અરસપરસ ડાયલોગ શરૂ થયા. જેમાં તળપદી ગામઠી ભાષામાં દરજી અને દરજણનો મશ્કરી ભરેલો વાર્તાલાપ ચાલે છે.

ગામના બધા લોકો દશ્ય જુએ છે, હસે છે અને વારંવાર તિરછી નજરે ગામના દરજી અને દરજણ સામે જોયા કરે છે. બધાના આનંદનો કોઈ પાર નથી. આવી રમૂજ કદી નહોતી થઈ.

પણ પેલી બાજુ દરજી અને દરજણના આવેશનો કોઈ પાર નથી. આખું ગામ

પોતાની સામે જોઈ રહ્યું છે ! ભરસભામાં સ્ટેજ ઉપર પોતાની મશ્કરીઓ થઈ રહી છે, છતાં કોઈ અટકાવતું નથી ! અરે ! બધા તેમાં સાદ પુરાવે છે ! ખડખડ હસે છે !!! દરજણને તો બરાબર ખીજ ચડી. દરજીને કહે છે : ''શું જોયા કરો છો ? ઊઠો-ઊભા થાઓ...તમારી ને મારી આ ભવૈયાએ ઇજ્જત લીધી તો ય તમને કાંઈ થયું નથી ! આ લોકો તેનામાં સાદ પુરાવે છે ને આપણી સામે જોયા કરે છે. ચાલો આપણે અહીંથી રવાના થઈએ.''

દરજી પણ ગુસ્સે તો ભરાયેલો હતો જ. પણ શરમનો માર્યો ઊભો થઈ શકતો નહોતો. પત્નીના શબ્દોએ તેનામાં બળ પૂર્યું. ઊભો થઈને પત્નીની સાથે તે ચાલવા લાગ્યો.

પેલો ભવૈયો દરજી-દરજણ તરફ જ જોઈ રહ્યો હતો. જોરથી બોલી ઊઠ્યો, 'અરે ઓ દરજીભાઈ ! આ ચાલુ ભવાઈમાંથી ઊઠીને ક્યાં ચાલ્યા ? આ કાંઈ તમારી ભવાઈ નથી ચાલતી હોં !'

આ શબ્દો સાંભળતાં જ બધાની નજર એકીસાથે દરજી તરફ મંડાઇ...હવે દરજીને-આવી રીતે ભરસભામાં પોતાનું અપમાન થતું જોઈને-વધારે ગુસ્સો ચડ્યો. આવેશમાં તેનાથી બોલાઈ ગયું...તું અને આ ગામના લોકો સમજે છે શું ? હવે તો નથી મારે તમારી ભવાઈ જોવી કે નથી હું હવે આ ગામમાં રહેવાનો ! હું તો આ ચાલ્યો....'

ઘરે જઈને, ગામ છોડવાની તૈયારી તેણે શરૂ કરી દીધી. ગાડું ભરાવા લાગ્યું.

આ બાજુ ભવાઈમાં ભંગ પડ્યો. દરજીની ગામ છોડીને જવાની વાત સાંભળીને સન્નાટો ફેલાયો. આ ગામમાં આ દરજી સિવાય બીજો તો કોઈ દરજી હતો જ ક્યાં ? મુખીએ દરજીને ઘરે જઈને કાલાવાલા કર્યા, પણ આ તો વટનો કટકો ! પકડેલું ગદ્ધાપૂંછ છૂટે શી રીતે ? ''પેલા ભવૈયાએ ગામ વચ્ચે મારું અપમાન કર્યું. તમે બધાએ તમાસો જોયો. મશ્કરીઓ કરી. અને હવે કહો છો કે ગામમાં રહો.. શું કરે તમારા ગામમાં રહીને ? હું તો આ ચાલ્યો.'' મુખીને સંભળાવી દઈને દરજીએ તો ગાડું હંકાર્યું.

મુખી પહોંચ્યો પેલા ભવૈયા પાસે. ''ભાઈ ! તમે તો ગામને મોટું નુકશાન કર્યું. આ દરજી ગામ છોડીને જાય છે. હવે અમે શું કરશું ?''

ભવૈયો મુખીને ધરપત આપીને કહે છે કે,''તમારી ઇચ્છા દરજીને ગામમાં રાખવાની છે ને ? તેમાં ગભરાવાની શી જરૂર ? મને ટૂંકો રસ્તો બતાડો. હું હમણા જ દરજીને પાછો ગામમાં મોકલું છું.''

મુખીએ બતાડેલા ટૂંકા રસ્તે જઈને, ગામના પાદરે રસ્તો રોકી ભવૈયો ઊભો રહી ગયો. થોડી વારમાં ઘરવખરી ભરેલા ગાડામાં બેઠેલો દરજી-દરજણપરિવાર ત્યાં આવી પહોંચ્યો.

તરત જ પેલો ભવૈયો પોતાની આંગળીથી પોતાનું નાક કાપતો હોય તેવી એક્શન કરતો બોલ્યો, ''જોઈને ભવૈયાની તાકાત ! છેવટે નાક કાપ્યું ને ! આ બંદાએ ગામ બહાર કાઢ્યો કે નહિ ? કહ્યું હતું કે સાંજ સુધીમાં શેરવાણી સીવી આપ. આ ભવૈયાને ન સતાવ...ન માન્યું ! ગામ છોડવું પડ્યું ને...જા...જા..ભાગ જલદી. પાછો ગામમાં કદી આવતો નહિ !''

આ સાંભળી અભિમાનમાં આવેલો પેલો દરજી ગાડું ઊભું રાખીને બોલ્યો, ''એટલે શું હું તારા કહેવાથી ગામ છોડું છું; એમ માને છે ? જા...જા...તું મને ગામ બહાર કાઢનાર કોણ ? તારી તે વળી શી તાકાત ? કાઢી તો જો ગામ બહાર ! હું તો આ ગામમાં પાછો ચાલ્યો. હું તો મારા ગામમાં જ હવે રહેવાનો...તું મને શું બહાર કાઢવાનો ?...'' વગેરે બોલતા દરજીએ ગાડાને પોતાના ગામ તરફ પાછું વાળ્યું.

બસ, ભવૈયા જેવું છે આ મોહનીયકર્મ. ભવૈયાની જેમ તે જીવને ગુસ્સો કરાવી શકે છે; તો ઘડીમાં ખડખડાટ હસાવી પણ શકે છે. જીવને અહંકારમાં અક્કડ બનાવી શકે છે તો ક્યારેક કાકલૂદી કરતી નરમ ગાય પણ બનાવી શકે છે.

આ મોહનીયકર્મને ખતમ કરવાનો પુરુષાર્થ આ માનવભવમાં આપણે કરવાનો છે.કેમકે, બંધાયેલું આ મોહનીયકર્મ પરમાત્માના વચન ઉપરની આપણી શ્રદ્ધા ડગમગાવવાનું કાર્ય કરે છે. નવકારશી જેવું નાનકડું પચ્ચક્ખાણ પણ કરવા દેતું નથી. ક્યારેક બાધા-નિયમ લેવાના અવસરે ખોટી ખોટી દલીલો આપણી પાસે કરાવડાવે છે. સાધુ જીવન જ સ્વીકારવા જેવું હોવા છતાં સાધુજીવન લેવાની ભાવના થવા દેતું નથી.

જૂના બંધાયેલા મોહનીયકર્મને ખતમ કરવાનો પુરુષાર્થ આદરવાની સાથે નવું મોહનીયકર્મ પળે પળે બંધાઈ ન જાય, તેની પણ કાળજી રાખવી જોઈએ.

જૈન શાસનની માન્યતા કરતાં વિપરીત દેશના આપવાથી મોહનીયકર્મ બંધાય છે. મરિચીએ ''કવિલા ! ઈહયંપિ ઈત્થંપિ'' હે કપીલ ! ધર્મ અહીં પણ છે ને ત્યાં પણ છે. તેવી વાત કરી તો તેને મોહનીયકર્મ બંધાઈ ગયું. એક કોડાકોડીસાગરોપમ સંસાર વધી ગયો.

'બધા ધર્મ સારા' એવું પણ ન બોલાય. પરધર્મ પ્રત્યે તિરસ્કાર તો ન જ જોઈએ, પણ તેના સિદ્ધાન્તોની પ્રશંસા પણ ન કરાય.

તે જ રીતે માર્ગનો નાશ થાય તેવી પ્રરૂપણા કરવાથી પણ મોહનીયકર્મ બંધાય છે. જેમ કે અજ્જાસાધ્વીએ શિષ્યાઓને કહ્યું કે, 'ઉકાળેલું પાણી પીવાથી મને કોઢ થયો છે' તેનાથી શિષ્યાઓએ (એક સિવાયની) ઉકાળેલું પાણી પીવાનું છોડી દીધું અજ્જાએ મોહનીયકર્મ બાંધ્યું.

ધર્મની આરાધનાઓની પરંપરા બંધ પડે તેવા પ્રકારની વાતો કે વર્તન કદી ન કરવા. તેમ કરવાથી મોહનીયકર્મ બંધાય છે.

દેવદ્રવ્યનો પોતાના માટે ઉપયોગ કરવાથી પણ મોહનીયકર્મ બંધાય છે. દેરાસરની જે કોઈ બોલી વગેરે બોલ્યા હોઈએ, તે તરત જ ભરપાઈ કરી દેવી જોઈએ. ખરેખર તો તે રકમ ચૂકવ્યા પછી જ, જે તે ચડાવાનો લાભ લેવો જોઈએ. છેવટે શક્યતઃ તરત તે રકમ ભરપાઈ કરવી. કદાચ મોડું થાય તો વ્યાજ સાથે તે રકમ ભરપાઈ કરવી જરૂરી છે. 'સંવત્સરી પ્રતિક્રમણ પૂર્વે જ હું મારી બાકી રહેલી તમામે તમામ રકમ પેઢીમાં ચૂકવી દઈશ ! તેવો નિયમ દરેકે કરવો જોઈએ.

ઋષભદત્તશ્રાવક દેવદ્રવ્યમાં ટીપ લખાવ્યા પછી ભરવાનું ભૂલી ગયા. પરિણામે મોહનીયકર્મ બંધાયું. ચોરોએ શેઠના ત્યાં લૂંટ કરીને શેઠનું ખૂન કર્યું. મરીને શેઠ પાડો બન્યા.

નવા બંધાતા દેરાસરના કામ માટે પાણી ઊંચકીને જતા તે પાડાને પરમાત્માની પૂજા થતી જોઈને જાતિસ્મરણ જ્ઞાન થયું. પરમાત્માની ભક્તિ તેણે શરૂ કરી. પોતાની ભૂલનો પશ્ચાત્તાપ પણ કરવા લાગ્યો.

જ્ઞાનીના કહેવાથી શેઠના પુત્રે પાડાને છોડાવ્યો અને જેટલું ટીપમાં લખેલું ભરવાનું બાકી હતું, તેના કરતાં એક હજારગણું દ્રવ્ય જમા કરાવ્યું. પાડો ઋણમુક્ત બન્યો. છેલ્લે અનશન કરીને દેવલોકમાં ગયો. આ દૃષ્ટાંત જાણીને, જે કાંઈ બોલી બોલીએ તે તરત જ ભરપાઈ કરી દેવી છે. તેવો દરેકે નિર્ણય કરવો જોઈએ.

દેરાસરની ચીજ-વસ્તુઓનો પણ પોતાના માટે ઉપયોગ કરવાથી મોહનીયકર્મ બંધાઈ શકે છે.

દેવસેનની માતાએ પરમાત્માને સમર્પિત કરાયેલા દીવાના પ્રકાશમાં પોતાના ઘરનું કામ કર્યું, અને અગરબત્તી વડે પોતાના ઘરનો ચૂલો સળગાવ્યો તો મોહનીય કર્મ બાંધ્યું. મૃત્યુ પામીને ઊંટડીનો અવતાર તેને મળ્યો !

જિનેશ્વર પરમાત્માની નિંદા-ટીકા કે આશાતના કરવાથી પણ મોહનીયકર્મ બંધાય છે. સંગમ દેવે પરમાત્મા મહાવીરદેવ ઉપર ઉપસર્ગો કરીને ઘણું ચીકણું મોહનીયકર્મ બાંધ્યું હતું.

પરમાત્માની પ્રતિમા પણ પરમાત્માતુલ્ય જ જાણવી. તેની પણ આશાતના ન થઈ જાય તેની પળે પળે સાવધાની રાખવી. પરમાત્મા જે જિનાલયમાં વસે છે, તે દેરાસરમાં પણ કોઈ આશાતના ન થાય તેની કાળજી રાખવી.

જૈન શાસનની ધૂરાને વહન કરે છે - શ્રમણ પ્રધાન ચતુર્વિધસંઘ, સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના બનેલા આ સંઘમાં હંમેશા સાધુની જ મુખ્યતા હોય. અને બહુમતી કે સર્વાનુમતિથી નહિ પણ શાસ્ત્રમતિથી જ નિર્ણય થતા હોય. આવા મહાન સંઘની આજ્ઞાની અવહેલના કદી ન કરાય.કોઈપણ ગુરુભગંવતની પણ નિંદા કે ટીકા ભૂલમાં પણ ન થઈ જાય, તેની પળે પળે સાવચેતી લેવાવી જોઈએ.

ચતુર્વિધ સંઘ પણ પરમાત્માના શાસનને જે શાસ્ત્રોના આધારે ચલાવે છે, તે શાસ્ત્રોની પણ નિંદા-ટીકા-આશાતાના ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

તે જ રીતે ક્રોધ-માન-માયા કે લોભ કરવાથી, ખડખડાટ હસવાથી, કરુણ રુદન કરવાથી, શોકમાં ગરકાવ થવાથી, અનુકૂળ સામગ્રી મળતાં આનંદિત બનવાથી અને પ્રતિકૂળતા મળતાં ગમગીન બનવાથી, ભયભીત થવાથી કે ગંદકીને જોતાં ચીતરી ચડવાથી, કામવાસનાનું સેવન કરવાથી કે તેવા ગંદા વિચારો કરવાથી પણ મોહનીયકર્મ બંધાય છે.

આ મોહનીયકર્મ મદિરા (દારૂ) જેવું છે. જેમ દારૂ પીધા પછી તે દારૂડિયાને પત્ની કોને કહેવાય ને માતા કોને કહેવાય ? બહેન કોને કહેવાય ને દીકરી કોને કહેવાય ? તે ભાન રહેતું નથી. તે માતા-દીકરી-પત્ની-બહેન વચ્ચેના ભેદને ભૂલીને ક્યારેક અનિચ્છનીય વ્યવહાર પણ કરવા લાગી જાય છે. સારા-ખરાબ વચ્ચેનો ભેદ તેને નથી સમજાતો. તેના વિવેકચક્ષુ બીડાઈ જાય છે.

અરે ! ક્યારેક તો એવું પણ બને કે તે દારુડિયો માનવ અથડાતો-કુટાતો, ચક્કર ખાતો કોઈ ગટરમાં પડી જાય, મોઢું તેનું ખુલ્લું રહી ગયું હોય ! કોઈ કૂતરો ત્યાં આવીને તેના ખુલ્લા મોઢામાં પેશાબ કરી જાય! અને પેલો બિચારો દારૂડિયો ! તે પેશાબને પણ મધથી ય વધારે મીઠો માને ! કેવી કંગાળ હાલત !

બસ ! મોહનીયકર્મના જામ પીનારાની પણ આ જ હાલત થાય છે. તેને સારા-ખોટા વચ્ચેનો વિવેક રહેતો નથી.

અત્યંત દુ:ખમય સંસાર તેને મધથી ય વધારે મીઠો લાગવા માંડે છે. અને અત્યંત આનંદના ધામ મોક્ષનો તે કંગાળને ક્ષણ માટે ય વિચાર નથી આવતો !

જે વૈષયિક સુખોમાં આનંદ કે સુખ છે જ નહિ ત્યાં તે સુખ મેળવવા દોટ લગાવે

છે ! અને જે સંયમજીવન સુખ અને આનંદની ખાણ છે, તે તરફ તેને પ્રયાણ કરવાનું મન પણ થતુ નથી. તે પ્રભાવ છે દારૂ જેવા આ મોહનીયકર્મનો.

આ મોહનીય કર્મના મુખ્ય બે ભેદ છે : (૧) **દર્શન-મોહનીયકર્મ,** અને (૨) **ચારિત્ર-મોહનીયકર્મ.**

પરમાત્માની વાણી પ્રત્યે શ્રદ્ધાને ઉત્પન્ન ન થવા દેનાર કે ઉત્પન્ન થયેલી શ્રદ્ધાને પણ શંકાઓ દ્વારા તોડી નાખનાર કર્મ તે દર્શન-મોહનીયકર્મ. તેના ત્રણ પેટા પ્રકાર છે.

પરમાત્માની વાણી પ્રત્યે શ્રદ્ધા પેદા થાય તોપણ તે પ્રમાણે આચરણ ન કરવા દે તે ચારિત્ર-મોહનીયકર્મ. તેના ૨૫ પેટા પ્રકારો છે.

આમ, મોહનીયકર્મના કુલ ૩ + ૨૫ = ૨૮ પેટા ભેદ છે.

## * દર્શન-મોહનીયકર્મ

**(૧) મિથ્યાત્વમોહનીયકર્મ :** સાચામાં ખોટાની અને ખોટામાં સાચાની બુદ્ધિ કરાવે.

**(૨) મિશ્રમોહનીયકર્મ :** જિનવચનમાં રુચિ કે અરુચિ, કાંઈ ન થવા દે.
**(૩) સમ્યક્ત્વમોહનીયકર્મ :** આવેલા સમકિતને વારંવાર શંકાઓ પેદા કરી દૂષિત કરે.

આ ત્રણ દર્શન-મોહનીયકર્મ કહેવાય છે. જે સમ્યગ્દર્શન નામના આત્માના ગુણ ઉપર હુમલો કરે છે. તે સિવાયના બીજા ૨૫ પેટાભેદો ચારિત્ર-મોહનીયકર્મના છે, જે આચાર ઉપર અસર કરે છે.

## * ચારિત્ર-મોહનીયકર્મ

**૧૬ કષાયમોહનીયકર્મ** અને **૯ નોકષાય મોહનીય કર્મ**

**૧૬ કષાયમોહનીયકર્મ :** ક્રોધ, માન, માયા કે લોભ ૧૫ દિવસ સુધી ટકે તો તે સંજ્વલન કષાય કહેવાય. ૧૫ દિવસથી વધારે ટકે તો તે પ્રત્યાખ્યાનીય કષાય કહેવાય. ચાર મહિનાથી વધારે ટકે તો અપ્રત્યાખ્યાનીય કષાય કહેવાય અને જો વર્ષથી વધારે ટકે તો તે અનંતાનુબંધી કષાય કહેવાય.

ક્રોધ, માન, માયા, લોભ, આ ચાર કષાય, ઉપર જણાવેલા સંજ્વલન, પ્રત્યાખ્યાનીય, અપ્રત્યાખ્યાનીય અને અનંતાનુબંધી એમ ચાર-ચાર પ્રકારના હોવાથી ૧૬ પ્રકારના કષાય થયા. તેમને પેદા કરનાર સોળ પ્રકારના તે તે નામના કષાય મોહનીય કર્મ છે.

૯ **નોકષાયમોહનીયકર્મ** : (૧) **હાસ્યમોહનીયકર્મ** : કારણે કે કારણ વિના હસાવે. (૨) **શોકમોહનીયકર્મ** : શોક કરાવે. (૩) **રતિમોહનીયકર્મ** : આનંદની અનુભૂતિ કરાવે. (૪) **અરતિમોહનીયકર્મ** : ખેદ-કંટાળાનો અનુભવ કરાવે (૫) **ભયમોહનીય કર્મ** : ભયભીત બનાવે (૬) **દુગંછામોહનીયકર્મ** : દુગંછા-જુગુપ્સા-ચીતરી પેદા કરાવે. (૭) **પુરુષવેદમોહનીયકર્મ** : સ્ત્રી સાથે કામસેવનની ઇચ્છા કરાવે. (૮) **સ્ત્રીવેદમોહનીયકર્મ** : પુરુષ સાથે કામ-સેવનની ઇચ્છા કરાવે. (૯) **નપુંસકવેદમોહનીયકર્મ** : પુરુષ-સ્ત્રી બંનેની સાથે કામ સેવનની ઇચ્છા કરાવે. અત્યંત વાસના પેદા કરાવે.

આ ૧૬ કષાય અને ૯ નોકષાય મળી ૨૫ પ્રકારના ચારિત્ર-મોહનીયકર્મ થયા. તેમાં ત્રણ પ્રકારના દર્શન-મોહનીયકર્મ ઉમેરીએ એટલે ૨૮ પ્રકારના મોહનીયકર્મ થાય.

આ કર્મ જ સૌથી ખતરનાક છે. તે પાપી બનાવે છે. માટે આ કર્મને ખતમ કરવા સતત પ્રયત્નશીલ રહેવા જેવું છે.


પૂ.મુનિશ્રી મેઘદર્શનવિ.મ.સાહેબ લિખિત

**જૈન શાસનના જુદા જુદા અનેક વિષયોને સવાલ-જવાબના માધ્યમ દ્વારા જણાવીને આબાલ-વૃદ્ધને રમતા-રમતા જ્ઞાની બનાવનાર**

**જ્ઞાનદીપક પ્રગટાવો**

ભાગ-૧,૨,૩ની નવી આવૃત્તિઓ બહાર પડી ગઈ છે.

**દરેક ભાગની કિંમત રૂા. ૨૫**

**પ્રાપ્તિસ્થાન : સંસ્કૃતિભવન તથા વર્ધમાન સંસ્કૃતિધામ**

## ૧૧ કર્મોના બે હુમલા

ત્રણ લોકના નાથ, દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવે પોતાના કેવળજ્ઞાનના પ્રકાશમાં જોયું કે આ વિશ્વના સર્વ સંસારી જીવો ઉપર કર્મોના હુમલા થાય છે.

વિશ્વના સર્વ સંસારી જીવોને (૧) સુખી અને (૨) ધર્મી એમ બે વિભાગમાં વહેંચીએ તો આ બંને વિભાગના જીવો ઉપર એ કર્મો એવા તો ત્રાટકે છે કે જેના પ્રભાવે સુખી જીવો સુખભ્રષ્ટ થઈને દુઃખી બને છે. અને ધર્મી જીવો બુદ્ધિભ્રષ્ટ થઈને પાપી બને છે.

આ વિશ્વમાં એવા પણ સંસારી જીવો છે કે જેમને સુખ અત્યંત પ્રિય છે. તેઓ સુખના લાલસુ છે. સુખનો ક્ષણ માટેનો વિરહ પણ તેઓ સહન કરી શકતા નથી. સુખને મેળવવા માટે ગમે તે ચીજનો ભોગ આપતા તેમને કાચી સેકંડની પણ વાર લાગતી નથી.

ધનને ખાતર ધર્મને વેચી નાંખવા તેઓ તૈયાર હોય છે. ધર્મને સળગાવીને પણ તેમને સુખ જ જોઈતું હોય છે. સુખના ભોગે ધર્મ નહિ પણ ધર્મના ભોગે સુખ જ જોઈએ તેવો તેમનો મુદ્રાલેખ હોય છે. અને તેથી જ નીતિ, સદાચાર, પરોપકાર, કરુણા વગેરે ધર્મોને કચડીને પણ તેઓ સુખને મેળવવા દોટ લગાડતા હોય છે. ગમે તેવા ખરાબ બનીને પણ સુખ જ મેળવવામાં તેમને રસ હોય છે. અને આવી કારમી સુખલંપટતાના કારણે ક્યારેક તો તેઓ ધર્મને પણ ધિક્કારતા જોવા મળે છે.

આવા અતિ સુખલંપટ જીવો ઉપર જ્યારે કર્મ (વેદનીયકર્મ) પોતાનો હુમલો કરે છે, ત્યારે તે જીવો ક્ષણમાં જ સુખભ્રષ્ટ બનીને દુઃખી બને છે. પુણ્ય પરવારે પછી શું ન બને ? પોતાની સમુદ્ધિ અને સંપત્તિને ચાલી જતી જોઈને તેઓ દીન અને રાંક બની જતા હોય છે. માથા-પેટ કૂટતા હોય છે. આપઘાત કરવા સુધીના વિચારોમાં અથડાતા હોય છે. દુઃખની કલ્પના માત્રથી તેઓ ચીસાચીસ કરી મૂકતા હોય છે.

કર્મ તો ગમે તે સમયે હુમલો કરી બેસે. જો તેવા સમયે આવી દીન અને રાંકડી દશા ન પામવી હોય તો સુખના કાળમાં છકી ન જવું જોઈએ. સુખના કેફમાં છાટકા ન બનવું, પરમાત્માના તત્ત્વજ્ઞાનને પચાવીને સુખમાં અલીન બનતા શીખવું જોઈએ. ક્ષણ માટે પણ સુખમાં લંપટ ન બની જવાય, તેની કાળજી રાખવી જોઈએ.

સુખીઓને સુખભ્રષ્ટ કરીને દુઃખી બનાવનાર આ (અશાતા) વેદનીયકર્મ છે.

તેને કોઈનીય શરમ નડતી નથી.

પેલી કામલક્ષ્મી ! આ કર્મે હુમલો કર્યો તો બિચારીને એક ભવમાં અનેક ભવો કરવા પડ્યા ! મરવા ઈચ્છ્યું તો ય મરી ન શકી !!! પેલો દુર્યોધન ! હસ્તિનાપુરરાજ્યના સુખનો લંપટ ! શ્રીકૃષ્ણે પાંડવો માટે પાંચ ગામડા માંગ્યા તોય જેણે ન આપ્યા ! અંતે આ કર્મના હુમલાએ ભાઈઓ વિનાનો બનાવ્યો. દીન બનાવીને મોતને ઘાટ ઉતાર્યો !

મહાબળવાન, તે જ ભવમાં મોક્ષે જનારા, શ્રીશત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરનારા પાંચ પાંડવો પણ આ કર્મના હુમલામાંથી છટકી ન શક્યા.

જેવો આ કર્મે હુમલો કર્યો કે યુધિષ્ઠિરાદિએ જંગલની વાટ પકડવી પડી. અરે ! બાર વર્ષ સુધી વનમાં રખડ્યા પછી પણ શાંતિ ન મળી. એક વર્ષ વિરાટનગરમાં ગુપ્તપણે રહેવું પડ્યું અને તે પણ કેવી દયનીય સ્થિતિમાં !

મહાસત્યવાદી યુધિષ્ઠિરને કંક પુરોહિત બનીને રાજાને રીઝવવાનો અવસર આવ્યો ! મહાબળવાન ભીમને રસોઈ પકાવનાર બલ્લવ નામનો રસોઈયો બનવું પડ્યું ! સહદેવ અને નકુળને પણ ઢોરો ચરાવવા પડ્યા કે ઘોડા હાંકવા પડયા ! અને મહાપરાક્રમી અર્જુન ! પરાક્રમનું લીલામ કરવા જ જાણે કે તેણે નપુંસક બનવું પડયું ! રે કર્મ ! તારી કળા ન્યારી છે. ઘડીમાં તું રાજાને રંક બનાવે છે તો ઘડીમાં રંકને રાય !

અને પેલી મહાસતી દ્રૌપદી ! કીચક જેવા અતિતુચ્છ અને કામી માણસની લાત તેણીએ ખાવી પડી !

મહાભારતના યુદ્ધમાં 'પાર્થને કહો ચઢાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ' નો રણકાર કરનાર, પાંડવોને યુદ્ધવિજેતા કરનાર અને જરાસંધને હરાવીને વાસુદેવપદવીને ધારણ કરનાર શ્રીકૃષ્ણ પણ આ કર્મના હુમલામાંથી ક્યાં બચી શક્યા ?

જીવનની સંધ્યાએ બળતી દ્વારિકામાંથી પોતાના માતા-પિતાને બચાવી ન શક્યા ! સાત ઘોડાને યુદ્ધભૂમિમાં એક લગામે કાબૂમાં રાખનારા શ્રીકૃષ્ણ એક ઘોડાની લગામ ખેંચવા ગયા તો તૂટી ગઈ ! દરવાજાને લાત મારવા ગયા તોય ન ખૂલ્યો... જંગલમાં ભૂખે ટળવળવું પડ્યું. પાણીની તરસમાં જ રાજકુમારના બાણથી મૃત્યુ પામ્યા !

મગધપતિ મહારાજા શ્રેણિક ! પરમાત્મા મહાવીરદેવના પરમ ભક્ત ! આવતી ચોવીસીમાં થનારા પ્રથમ તીર્થંકરનો આત્મા !

પણ કર્મે, અચાનક હુમલો કર્યો. એ તો કહે છે કે, 'મારું કામ છે સુખીને સુખ

ભ્રષ્ટ કરીને દુઃખી બનાવવો.'

આ કર્મે હુમલો કરતાં જ સગાપુત્ર કોણીકે બળવો કર્યો. નાંખ્યો શ્રેણીકને જેલમાં. રોજ ૧૦૦-૧૦૦ ફટકા-મીઠું પાયેલા હંટરના - ફટકારવાના શરૂ થયા. પરમાત્માનું તત્ત્વજ્ઞાન પામી શ્રેણીક સુખમાં લીન નહોતો બન્યો માટે જ આવા દુઃખમાં પણ તે દીન ન બન્યો. પ્રત્યેક ફટકે વીર...વીર...વીર... એવો રણકાર તેના મુખમાંથી નીકળતો હતો.

ચક્રવર્તીકાળમાં સુખમાં લીન બનેલા પેલા સુભૂમ ચક્રવર્તી ઉપર જ્યારે આ વેદનીયકર્મે અચાનક હુમલો કર્યો ત્યારે તેની પાલખીને ઊંચકનારા તમામ દેવોને એકી સાથે વિચાર આવ્યો કે, 'બધાએ તો પાલખી ઊંચકી છે. હું એકલો નહિ ઊંચકું તો શું વાંધો છે ?' બધાએ એકી સાથે પાલખી છોડી દીધી... પરિણામ ? સુખી સુખભ્રષ્ટ બન્યો.. દુઃખી બન્યો. દીન બન્યો ! અશુભ ધ્યાનમાં મરણ પામીને સાતમી નરકે ચાલ્યો ગયો. ભયંકર દુઃખમાં તે સબડવા લાગ્યો !

વિશ્વના સુખી માણસો સુખભ્રષ્ટ થઈને કેવા દુઃખી બને છે... રોતા-ચીસો પાડતા-ભીખ માંગતા કેવા અત્યંત દીન અને રાંકડા બને છે તે આપણે જોયું. સુખીઓને સુખભ્રષ્ટ કરીને દુઃખી બનાવવાનું કામ જે કર્મનો હુમલો કરે છે, તે કર્મનું નામ છે : વેદનીયકર્મ. જ્યારે આ વિશ્વના ધર્મી જીવો ઉપર હુમલો કરીને, તે ધર્મીઓને બુદ્ધિભ્રષ્ટ કરીને પાપી બનાવવાનું કામ જે કર્મ કરે છે તેનું નામ છે : મોહનીયકર્મ.

આપણે પૂર્વે જોયું કે આ વિશ્વના સુખલંપટ જીવોને સુખ એટલું બધું પ્રિય હોય છે કે તે સુખને મેળવવા તેઓ ગમે તેટલા મહાન ધર્મને પણ તિલાંજલી આપી દેતા અચકાતા નથી.

તે જ રીતે આ વિશ્વમાં એવા ધર્મી જીવો પણ વસે છે કે જેમને ધર્મ અત્યંત પ્રિય હોય છે. તેઓ ધર્મને સર્વસ્વ માનતા હોય છે. ધર્મના કાજે ધનને પૂંઠ કરતા તેમને વાર લાગતી નથી. ધર્મના ખાતર પોતાના ભોગસુખોને આગ ચાંપી દેવા તેઓ તૈયાર હોય છે. તેમના જીવનના પ્રત્યેક વર્તન, વ્યવહારમાં ધર્મની સુવાસ ફેલાતી જોવા મળે છે. તેઓ સુખને છોડીને પણ ધર્મી તરીકે ટકી જવા ઈચ્છે છે. પાપની કલ્પના કરતા તેઓ રડી ઊઠે છે.

પણ આવા ધર્મી આત્માઓ ઉપર પણ જ્યારે મોહનીયકર્મ હુમલો કરે છે, ત્યારે તેઓએ પાપી બની જવું પડે છે.

જો કે સુખ કરતાં ધર્મ વધારે બળવાન છે. તેથી સુખને દૂર કરવું સહેલું છે પણ ધર્મને દૂર કરવો સહેલો નથી. તેથી વેદનીયકર્મ સુખીઓ ઉપર હુમલો કરીને, તે

સુખીને ખૂબ જ ઝડપથી સુખભ્રષ્ટ કરીને દુઃખી બનાવી શકે છે. પણ મોહનીયકર્મ ધર્મી ઉપર સીધો જ હુમલો કરીને, તે ધર્મીને ધર્મભ્રષ્ટ કરીને પાપી બનાવી શકતો નથી. તેથી મોહનીયકર્મ ધર્મી ઉપર સીધો હુમલો કરવાના બદલે સૌ પ્રથમ ધર્મીની બુદ્ધિ ઉપર હુમલો કરે છે. ધર્મીને બુદ્ધિભ્રષ્ટ કરે છે. બુદ્ધિભ્રષ્ટ થયેલો તે જીવ છેલ્લે સદાચારમયજીવનથી ભ્રષ્ટ બને છે, પાપી બને છે.

મહાબ્રહ્મચારી અને સિંહને પણ અહિંસક બનાવી દેનાર સિંહ ગુફાવાસી મુનિવર ઉપર આ મોહનીયકર્મે હુમલો કરીને - બુદ્ધિને પહેલા ઈર્ષ્યા વડે અને પછી કામવાસના વડે ભ્રષ્ટ કરીને - તેમના જીવનને બદનામ કર્યું હતું.

પરમાત્મા મહાવીરદેવના સમવસરણાદિને જોઈને બોધ પામેલા પરમાત્માના સંસારી પક્ષે જમાઈ એવા મહાજ્ઞાની જમાલી મુનિ ઉપર આ કર્મે કેવો જોરદાર હુમલો કર્યો કે જેથી પરમાત્માના શાસનમાં સૌ પ્રથમ બળવાખોર તેઓ બન્યા !

મોહનીયકર્મનો હુમલો થતાં, ૫૦૦ શિષ્યોના પ્રભાવક ગુરુ સુંમગલાચાર્ય એક પટ્ટા ઉપર આસક્ત થયા ! આલોચના કર્યા વિના મરીને આર્યદેશ-જૈનકુળ-સાધુજીવન; બધું હારી ગયા ! અનાર્યદેશમાં જન્મ પામ્યા.

એક હજાર વર્ષના ઘોર તપસ્વી પેલા કંડરીક મુનિવર ! મોહનીય કર્મે એવો હુમલો કર્યો કે તેમની ખાવાપીવામાં બુદ્ધિ ભ્રષ્ટ થઈ. મરીને સાતમી નરકે ચાલ્યા ગયા !

આ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર પરમાત્મા ઋષભદેવ ભગવાનનો જ આત્મા ! લલિતાંગદેવ તરીકેના તેમના ભવમાં આ કર્મે એવો તો જોરદાર હલ્લો તેમની ઉપર કર્યો કે જેથી બુદ્ધિભ્રષ્ટ થયેલા તેમણે મોક્ષમાર્ગની સાધના કરતી નિર્નામિકાને ધ્યાનભંગ કરીને મોક્ષે જતાં અટકાવી.

અત્યંત ઉપકારી પરમાત્મા મહાવીરદેવના આત્માએ મરીચીના ત્રીજા ભવમાં આ કર્મના હુમલાનો એવો જોરદાર ભોગ બનવું પડયું કે જેથી શરીરમાં આસકત બની સંયમજીવન ગુમાવી બેઠા. માત્ર એટલેથી જ વાત ન પતી. ફરી એવો જોરદાર હુમલો આ કર્મનો થયો કે શિષ્યની લાલચે તેઓ સમ્યગ્દર્શન પણ ગુમાવી બેઠા. અરે ! મિથ્યામતના પ્રવર્તક બની બેઠા !

પેલા મંગુ આચાર્ય ! મરીને બન્યા ખાળના ભૂત ! કાંઈ કારણ ? આ કર્મે હુમલો કરીને તેમની બુદ્ધિ બગાડી નાખી. તેઓ રસનાના ચટકામાં ફસાઈ પડ્યા.

આગમ ગ્રન્થોમાં પરમાત્મા મહાવીરદેવનું જેણે કરેલું સામૈયું વખણાયું છે, તે કોણીક ઉપર પણ આ કર્મે એવો હુમલો કર્યો કે જેથી તેને સાતમી નરકમાં જવાનું મન

થયું. પરમાત્માની વાતને ખોટી પાડવાનો પ્રયત્ન તેણે કર્યો...મળી સરિયામ નિષ્ફળતા.

પરમાત્મા મલ્લિનાથના આત્મા ઉપર પૂર્વના કોઈક ભવમાં આ કર્મે એવો હુમલો કર્યો કે જેથી તેમની સ્વચ્છ બુદ્ધિ માયાથી કલુષિત બની ગઈ. તીર્થંકરના ભવમાં પણ સ્ત્રીનો અવતાર તેમણે લેવો પડ્યો !

આ મોહનીયકર્મનો હુમલો તો ખૂબ ભયંકર. તે તો જીવને બુદ્ધિભ્રષ્ટ કરીને પાપી બનાવે. કામાન્ધ, ક્રોધાન્ધ, મોહાન્ધ કે સત્તાન્ધ બનાવે.

હુમલા તો બંને ય ખરાબ. સુખી જીવને સુખભ્રષ્ટ કરીને દુઃખી બનાવતો વેદનીય કર્મનો હુમલો ય સારો નથી કે ધર્મી જીવને બુદ્ધિભ્રષ્ટ કરીને પાપી બનાવતો મોહનીય કર્મનો હુમલો ય સારો નથી.

પણ હુમલો થવો જ હોય તો પહેલો થાઓ, બીજો તો કદાપિ નહિ; જે આપણને બુદ્ધિભ્રષ્ટ કરે. પહેલા હુમલા દ્વારા સુખીએ સુખભ્રષ્ટ થઈને દુઃખી થવું હજુ સારું; પણ તેણે બુદ્ધિભ્રષ્ટ થઈને પાપી થવું; તે તો ખૂબ ખરાબ ! તે તો કદીય ઈચ્છનીય નહિ.

દુઃખી તો પોતાને જ મુશ્કેલીમાં મૂકે.

પાપી બિચારો ! અનેકોને પાયમાલ કરે.

ધર્મી રહેવા સાથે દુઃખી બનવું હજુય સારું. પણ સુખી રહેવા સાથે પાપી બનવું તો ખૂબ જ ખરાબ.

પાપી પણ છેવટે દુઃખી બન્યા વિના તો રહેવાનો જ નહિ. પાપકર્મનો ઉદય થતાં જ તે જીવ દુર્ગતિના દુઃખોના દાવાનળમાં અથડાવાનો જ.

માટે જ વેદનીયકર્મથી એટલા ગભરાવા જેવું નથી, જેટલું મોહનીયકર્મથી ગભરાવાનું છે.

આઠે કર્મોનો રીંગ માસ્ટર આ મોહનીયકર્મ છે. જેણે મોહનીયને ખતમ કર્યું, તેણે હવે કાંઈ જ ખતમ કરવાનું બાકી રહેતું નથી, એમ કહીએ તો ય ચાલે.

માટે તો તમામ તીર્થંકર દેવોએ કેવળજ્ઞાન મેળવવાની સાધના નથી કરી પણ મોહનીય કર્મને ખતમ કરવાની સાધના કરી છે. ૧૦મા ગુણસ્થાનકે મોહનીયકર્મને ખતમ કરતાં, અંતર્મુહૂર્તમાં ધર્મસત્તાએ તેમને કેવળજ્ઞાનની ભેટ ધરી છે. એક જ ઉપદેશ છે પરમાત્માનો કે, ''મોહનીયકર્મ ખતમ કરો.''

# ૧૨ આયુષ્યકર્મ

અનંતશક્તિસંપન્ન આપણા આ આત્માને સંસારમાં છ-છ કલંકો લાગી ચૂક્યાં છે ! ગમે તેટલી અને ગમે તેવી બડાશ, દુનિયામાં પૈસા કે સત્તાના જોરે, રૂપના કે જ્ઞાનના બળે આપણે મારતા હોઈએ તો પણ આપણી આ કરુણ વાસ્તવિકતા છે કે અનિચ્છાએ પણ આ છ કલંકોને આપણે નિભાવવા જ પડે.

શું તમારી કે મારી, આપણી કોઈની પણ ઇચ્છા અનેક જન્મો લેવાની છે ? માતાના પેટમાં ઊંધા મસ્તકે લટકવાની કે ગર્ભાવાસની કાળી કોટડીમાં મળ-મૂત્ર વચ્ચે પુરાઈ રહેવાની કે પ્રસૂતિ સમયની ભયંકર પીડા સહન કરવાની કોઈની પણ ઇચ્છા ખરી ?

જન્મ ન લેવાની ઇચ્છા હોવા છતાં ય,-જેના સ્વભાવમાં જન્મ જેવી કોઈ ચીજ નથી તે - આત્માએ જન્મ લેવો પડે તે તેના માટે કેવું મહાકલંક ગણાય !

પણ જન્મ લેવો પડે, તેટલા માત્રથી પતી નથી જતું. અનંત શક્તિમાન આ આત્મા ઉપર તરત જ બીજું કલંક ડોકિયું કરી જાય છે. જો આપણે જન્મ લેવો જ પડે તેમ હોય તો આપણી ઇચ્છા ક્યાં જન્મ લેવાની ? દેવ કે માનવભવમાં જ ને ? પરન્તુ, કોઈની પણ ઇચ્છા નરકગતિમાં કે કૂતરા-બિલાડાના જન્મ લેવાની હોય ખરી ? જો ના.

તો શું આપણો આ આત્મા જ્યાં ઇચ્છે ત્યાં આવતા ભવે જન્મ લઈ શકે તેમ છે ખરો ? જો ના.

તો અનંત શક્તિમાન આ આત્માની આ ક્રૂર મશ્કરી ન ગણાય કે જ્યાં ઇચ્છા ન હોય ત્યાં તે બિચારાએ જન્મ લેવા પડે ! આ પણ આત્માનું કેવું ભયંકર કલંક ગણાય !

આત્મા તો સદાકાળ આત્મગુણોમાં રમણ કરતો હોય. તેને વળી કૂતરા-બિલાડા વગેરેનાં જીવન થોડાં જીવવાનાં હોય ? છતાં આત્માએ આવા અનેક જીવનો જીવીને પસાર કરવાં પડે છે. આ છે આત્માના ત્રીજા કલંકની કથા.

જુદાં જુદાં જીવન જીવવાં પડે તેનો ય ખાસ વાંધો નથી, પણ અત્યંત નિષ્પાપી આ આત્માએ તે જીવનો પુષ્કળ પાપમય જીવવાં પડે છે ! જન્મથી માંડીને મરણ સુધીની પ્રત્યેક ક્ષણ પ્રાયઃ તેને પાપોમાં પસાર કરવી પડે છે. નિષ્પાપ આત્માને લમણે ટીચાયેલું આ પાપમય જીવન શું તે આત્માનું ચોથું કલંક ન ગણાય ?

આત્મા તો નિત્ય છે. નથી તેની કદી ઉત્પત્તિ થતી કે નથી કદી તેનો નાશ થતો. છતાંય આ આત્માએ શરીર ધારણ કરીને પછી મરવું પડે. જીવનલીલા સમેટી લેવી પડે. દુનિયામાં મરી ગયો તેવી તેની જાહેરાત થાય તે અવિનાશી એવા આત્માનું પાંચમું કલંક !

અને આ મરણ પણ જો રિબામણભરપૂર હોય, રોગો ઘેરી વળ્યા હોય, પીડાનો પાર ન હોય તો સદાના સાચા આનંદમય આત્માને રિબામણ ભરપૂર મોત મળે તે આત્માનું છઠ્ઠું કલંક !!

આમ (૧) જન્મ અને (૨) તે પણ ઇચ્છા વિનાનો,(૩) જીવન અને (૪) તે પણ પાપમય,(૫) મરણ અને (૬) તે પણ રિબામણમય; એમ છ-છ કલંકો આપણા આત્માને વળગી ચૂક્યાં છે. આ કલંકો લગાડનાર છે કોણ ?

ઇચ્છા વિનાના જન્મો લેવાની આપણને ફરજ પાડે છે આ આયુષ્ય કર્મ.

જન્મ લીધા પછી, ગમે તેટલી મરવાની ઇચ્છા હોય તોપણ તે જ જીવનમાં જકડી રાખવાનું કાર્ય પણ કરે છે આ આયુષ્ય કર્મ.

અને ગમે તેટલી જીવવાની ઇચ્છા હોય તોપણ મરણનું શરણ સ્વીકારવાની ફરજ પણ પાડે છે આ આયુષ્ય કર્મ.

આત્મા રૂપી સૂર્યનો પ્રકાશ જેવો ગુણ છે અક્ષય સ્થિતિ. આત્માએ કદી પણ જન્મ-જીવન-મરણની ઘટમાળમાંથી પસાર થવાનું હોય જ નહિ. પરંતુ આત્મા રૂપી સૂર્યની આગળ આવેલું આ આયુષ્યકર્મ રૂપી વાદળ આત્માને જન્મ-જીવન અને મરણની ઘટમાળમાં પસાર કરે છે. ઇચ્છા વિનાના જન્મો તેના માથે ઝીંકે છે. પાપમય જીવનની ભેટ ધરે છે. અને છેલ્લે ભયંકર રિબામણમય મોતના બિછાને પોઢાવે છે.

આસો વદી અમાવસ્યાનો સમય છે. પરમાત્મા મહાવીરદેવ છેલ્લી સોળ પ્રહરની દેશના વહાવી રહ્યા છે. ઇન્દ્ર મહારાજા પણ પરમાત્માનો નિર્વાણકાળ નજીક જાણીને આવ્યા છે.

ઊભા થઈને બે હાથ જોડીને પ્રભુજીને વિનંતી કરે છે. પ્રભો ! આપનું આયુષ્ય બે ક્ષણ વધારી દો. ભસ્મરાશી ગ્રહનો ઉદય થવાનો છે. જો આપ કૃપાળુની અમીદૃષ્ટિ તેની ઉપર પડે તો જે ખરાબ પરચો જૈન શાસન-સંઘને તે બતાડવાનો છે તેમાં ઘટાડો થઈ જાય.

પણ પરમાત્માએ કહ્યું કે,હે ઇન્દ્ર ! તે કદી ન બની શકે. તીર્થંકરો પણ પોતાનું આયુષ્ય વધારવા સમર્થ નથી.

પ્રભુવીર પણ જયાં સુધી મોક્ષમાં નહોતા પહોંચ્યા, સંસારમાં હતા, ત્યાં સુધી

આયુષ્યકર્મે પોતાનો પરચો તેમને પણ બતાડ્યો. તેઓએ પણ મરવું પડ્યું જ. તે મોત તેમને મોક્ષ અપાવનાર થયું તે વાત જુદી.

આ આયુષ્યકર્મે સગરચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રોને પણ ન છોડ્યા. એકી સાથે બધાને મૃત્યુબિછાને પોઢાડી દીધા !

નહોતું મરવું પેલા વડોદરા નરેશ ગાયકવાડને ! નહિ મરવા માટે રોજના ૧૦૦-૧૦૦ રૂ ના ઈજેક્શન તેઓ લેતા. છતાં ય એક દિન આ આયુષ્યકર્મે પોતાનો દંડો ઝીંક્યો. અનિચ્છાએ પણ તેમણે પરલોકપ્રયાણ કરવું પડ્યું.

પેલો સમ્રાટ સિકંદર ! પોતાને કોઈ કદી ન મારી નાંખે તે માટે અનેકોને મારનારો...! પણ તેની ય સદા અમર રહેવાની ભાવના સાકાર ન થઈ. છેવટે તેણે ય માંદગીના બિછાને પોઢવું પડ્યું. વૈદ્યો અને હકીમોના ઉપચારો નાકામિયાબ નીવડ્યા. તેનું મહાપરાક્રમી સૈન્ય બાઘું બનીને જોતું રહી ગયું. તેની મબલખ સંપત્તિ પણ તેને ઉગારી ન શકી. ખાલી હાથે આવેલા આ સિકંદરે છેવટે આ આયુષ્યકર્મના પ્રભાવે ખાલી હાથે જ આ દુનિયામાંથી પરલોક ભણી પ્રયાણ કરવું પડ્યું. છેલ્લે છેલ્લેય તેને સાચી સમજણ મળી જેથી તેના મુખમાંથી નીચેના શબ્દો સરી પડ્યા.

## સિકંદરનું ફરમાન !

*"મારા મરણ વખતે બધી મિલકત અહીં પધરાવજો,*
*મારી નનામી એ જ કબ્રસ્તાનમાંહે લાવજો.*
*જે બાહુબળથી મેળવ્યું તે ભોગવી પણ ના શક્યો,*
*અબજોની દોલત આપતાં પણ આ સિકંદર ના બચ્યો.* ૧

*મારું મરણ થાતાં બધાં હથીયાર લશ્કર લાવજો.*
*પાછળ રહે મૃતદેહ, આગળ સર્વને દોડાવજો,*
*આખા જગતને જીતનારું સૈન્ય પણ રડતું રહ્યું,*
*વિકરાળ દળ ભૂપાળને, નહિ કાળથી છોડી શકાયું* ૨

*મારા બધા વૈદ્યો અને હકીમોને અહીં બોલાવજો*
*મારો જનાજો એ જ વૈદ્યોને ખભે ઉપડાવજો*
*કહો દર્દીઓના દર્દને, દફનાવનારું કોણ છે ?*
*દોરી તૂટી આયુષ્યની તો સાંધનારું કોણ છે ?*

*બાંધી મુઠ્ઠી રાખીને, જીવો જગતમાં આવતા*
*ને ખાલી હાથે આ જગતથી, જીવો સૌ ચાલ્યા જતા.*

*યૌવન ફના, જીવન ફના, જર ને જગત પણ છે ફના*
*પરલોકમાં પરિણામ મળશે, પુણ્યના ને પાપના.* ૪

આ આયુષ્ય કર્મ ચાર પ્રકારનું છે : (૧) દેવલોકમાં ઉત્પન્ન કરી, દેવજીવન વીતાવરાવી, દેવભવને પૂર્ણ કરાવનારું **દેવઆયુષ્યકર્મ** (૨) માનવના જન્મ-જીવન-મરણને કરનારું **મનુષ્યઆયુષ્યકર્મ** (૩) કૂતરાં-બિલાડાં-વાઘ-સિંહ-વનસ્પતિ વગેરે તિર્યંચ તરીકે જન્મ-જીવન-મરણ કરાવનારું **તિર્યંચઆયુષ્યકર્મ** અને (૪) નરકમાં ઉત્પત્તિ-જીવન-અંત કરનાર **નરકાયુષ્ય કર્મ.**

એક ભવમાં માત્ર એક જ વાર, આવતા એક જ ભવનુ આયુષ્ય બંધાય છે. ચાલુ ભવનું જેટલું આયુષ્ય હોય, તેના ત્રણ ભાગ કરીએ, તો તેમાંના બે ભાગ પસાર થાય અને એક ભાગ બાકી હોય, ત્યારે આવતા ભવનું આયુષ્ય બંધાય.

જો તે વખતે ન બંધાયું તો, બાકી રહેલા એક ભાગના ત્રણ ભાગ કરવા. તેમાંના બે ભાગ પસાર થાય ત્યારે બંધાય.

જો ત્યારે પણ ન બંધાયું, તો બાકી રહેલાના તે જ રીતે ૨/૩ ભાગ પસાર થાય ત્યારે બંધાય. આ રીતે ૨/૩, ૨/૩ ભાગ પસાર થાય ત્યારે બંધાય. છેવટે મૃત્યુ પૂર્વે બંધાય.પણ નવા ભવનું આયુષ્ય બાંધ્યા વિના (કેવળજ્ઞાની સિવાય) કોઈનું પણ મરણ થાય નહિ. કેવળજ્ઞાની તો મોક્ષે જવાના છે, તેમને નવો ભવ લેવાનો નથી માટે તેઓ નવા ભવનું આયુષ્ય બાંધે જ નહિ.

દા.ત. કોઈનું ૮૧ વર્ષનું વર્તમાન જીવનનું આયુષ્ય હોય તો ૮૧ના ત્રણ ભાગ =૨૭, ૨૭, ૨૭. તેમાંના બે ભાગ= ૫૪ વર્ષ પસાર થાય, અને ૨૭ વર્ષ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બંધાશે. જો ત્યારે ન બંધાય તો બાકીના ૨૭ વર્ષના ૨/૩ = ૧૮વર્ષ પસાર થશે,એટલે કે(૫૪+૧૮)૭૨વર્ષની ઉંમર થશે ત્યારે બંધાશે.

ત્યારે ન બંધાયું તો બાકીના ૯ના ૨/૩ = ૬ વર્ષ પસાર થશે, ત્યારે (૭૨+૬) ૭૮ વર્ષની વયે બંધાય. છેવટે ૮૦વર્ષે કે ૮૦વર્ષ +૮ મહિને કે ૮૦ વર્ષ, ૧૦ મહિના ૨૦ દિવસે... એ રીતે કરતાં છેવટે મૃત્યુકાળે બંધાય.

જો પરભવ આયુષ્ય બાંધવાના કાળે આત્માને શુભભાવમાં ન રાખ્યો અને ભૂલેચૂકે બિલાડીનું આયુષ્ય બંધાઈ ગયું તો આપણું શું થશે ? સાધુ જીવનમાં કીડીની પણ રક્ષા કરનારો આત્મા બિલાડીનું ખોળિયું મળતાં ઉંદરો ઉપર તરાપ મારતો થઈ જશે ! શું આ સહન થઈ શકે તેવી વાત છે ? તો આજથી જ પળે પળે સાવધાની કરવાનો સંકલ્પ કરવો જોઈએ.

આ ભવનું આયુષ્ય તો આપણને ખબર નથી. તેથી આવતા ભવનું આયુષ્ય બંધાવાનો નિયત સમય આપણે જાણી શકતા નથી. જીવનના ગમે તે કાળે આયુષ્યકર્મ

બંધાઈ શકે છે.

જેવો ભાવ તેવો ભવ; જેવી મતિ તેવી ગતિ; તે નિયમને ધ્યાનમાં રાખીને પળે પળે શુભ ભાવમાં રહીએ કે જેથી ગમે ત્યારે આયુષ્ય બંધાય તો સારું જ બંધાય !

દર બે બે દિવસ પસાર થાય એટલે મોટી તિથિ આવે. ૨, ૫, ૮, ૧૧, ૧૪ મોટી તિથિઓ છે. સામાન્ય રીતે આ મોટી તિથિએ આયુષ્ય બંધાવાની શક્યતા છે માટે જ મોટી તિથિએ કપડાં ન ધોવાં જોઈએ, લીલોતરી (ફળ પણ લીલોતરી જ ગણાય) ન ખાવી જોઈએ. આરંભ-સમારંભના કાર્યો છોડી દેવા જોઈએ. ધર્મ ધ્યાનમાં વિશેષ લીન બનવું જોઈએ.

નરકનું આયુષ્ય રૌદ્રધ્યાન કરવાથી બંધાય છે. તે રૌદ્રધ્યાન ચાર પ્રકારે છે.

(૧) **હિંસાનુબંધી :** પ્રાણીઓની હિંસા કરવાના તીવ્ર પરિણામ. સતત તેની જ વિચારણા. કાલસૌરિક કસાઈ હિંસાના તીવ્ર ભાવમાં સતત રહેતો હતો, મરીને ૭મી નરકે ચાલ્યો ગયો.

(૨) **મૃષાનુબંધી :** અસત્ય બોલવાનું તીવ્રતાપૂર્વકનું સતત ચિંતન. તેનાથી પણ નરકાયુષ્ય બંધાય છે.

(૩) **સ્તેયાનુબંધી :** ચોરી કરવાની તીવ્ર વિચારણા. સતત તેના જ પરિણામ.

(૪) **સંરક્ષણાનુબંધી :** અમર્યાદિતપણે પરિગ્રહ ભેગો કરવાની, તેની રક્ષા કરવાની સતત ચિંતા. મમ્મણશેઠ ધનમાં તીવ્ર આસકત બન્યો તો નરકનું આયુષ્ય બાંધીને ૭મી નરકે ચાલ્યો ગયો !

નરકગતિમાં ન જવું હોય તો આજથી જ ઉપરોકત બાબતોમાં બ્રેક મારી દેવી જોઈએ.

જો રૌદ્રધ્યાન નરકગતિનું કારણ છે, તો આર્તધ્યાન તિર્યંચગતિનું કારણ છે. તે પણ ચાર પ્રકારે છે :

(૧) **ઈષ્ટવિયોગ આર્તધ્યાન :** આપણને ગમતી ચીજ ચાલી જતાં જે શોક-સંતાપ-આક્રંદ કરવું તે. ધંધામાં ખોટ જતાં, પુત્ર-પત્ની-માતાનું મૃત્યુ થતાં કરુણ ચિત્કારાદિ આર્તધ્યાન છે. રૂપસેન કુમારે પોતાને ઈષ્ટ સુનંદાના વિયોગથી આર્તધ્યાન કરવાના કારણે સર્પ, કાગડો, હંસ, હરણ, હાથી વગેરેના અવતાર લેવા પડ્યા.

(૨) **અનિષ્ટ સંયોગ :** જે ચીજ આપણને પ્રિય ન હોય, ગમતી ન હોય તે વસ્તુ આપણી પાસે આવી જાય, તો ક્યારે તે દૂર થાય ? તેની વિચારણા તે અનિષ્ટ સંયોગ આર્તધ્યાન.

(૩) **ચિંતા :** શરીરમાં રોગ થાય કે તેવા કોઈ પ્રસંગ બને ત્યારે જે ચિંતા થયા

કરે તે પણ આર્તધ્યાન છે.

(૪) **અગ્રશોચ આર્તધ્યાન :** ભવિષ્યના સુખની ચિંતા કરવી કે પોતે કરેલા તપાદિ ધર્મના બદલે સાંસારિક ફળની અપેક્ષા રાખવી, નિયાણું કરવું તે અગ્રશોચ આર્તધ્યાન કહેવાય.

આર્તધ્યાન કરવાથી તિર્યંચાયુ બંધાય. માયા કરવાથી પણ તિર્યંચાયુ બંધાય છે.

જ્યારે દાનરુચિ, અલ્પ પરિગ્રહ, અલ્પ કષાય, વિનય-સરળતા-નમ્રતા વગેરે ગુણોથી મનુષ્યાયુષ્ય બંધાઈ શકે છે તો સમ્યક્ત્વ, શ્રાવક જીવન, સાધુ જીવન વગેરેના પાલનથી દેવલોકનું આયુષ્ય બંધાય છે. અનિચ્છાએ પણ તપશ્ચર્યાદિ કરવાથી કે દુ:ખો સહન કરવાથી દેવાયુ બંધાઈ શકે છે.

નરકમાં રહેલા જીવો કે દેવો, મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધે છે પણ દેવ કે નરકનું આયુષ્ય બાંધતા નથી. જ્યારે મનુષ્ય કે તિર્યંચો તો ચારે ગતિનું આયુષ્ય બાંધી શકે છે.

કોઈપણ જીવ પરભવનું આયુષ્ય જ્યારે બાંધે છે, ત્યારે ગ્રહણ થતી કાર્મણવર્ગણામાં મનુષ્ય-દેવ-નરક કે તિર્યંચભવ અપાવવાનો સ્વભાવ નક્કી થાય છે. કાર્મણવર્ગણાનો જે જથ્થો આત્માને ચોંટ્યો તે જથ્થાને દ્રવ્ય આયુષ્ય કહેવાય છે.

આત્મા ઉપર ચોંટેલા આ કાર્મણ રજકણોના જથ્થા (દ્રવ્ય-આયુષ્ય)ને પછીના ભવમાં, આત્મામાંથી ધીમે ધીમે ક્રમશઃ છૂટો પડતાં જેટલો સમય લાગે તેને કાળ આયુષ્ય કહેવાય છે.

કોઈક જીવે ૭૦ વર્ષનું પરભવનું આયુષ્ય બાંધ્યું છે; તેનો અર્થ એ કે બંધાયેલા આયુષ્યકર્મની રજકણોના જથ્થામાંથી થોડીક થોડીક રજકણો આત્મા ઉપરથી દૂર થતાં થતાં, ૭૦ વર્ષે તમામ રજકણો દૂર થઈ જશે. અને ત્યારે તેનું મરણ થશે. આ ૭૦ વર્ષ તે કાળ આયુષ્ય થયું અને ત્યાં સુધીમાં જે જથ્થો છૂટો પડ્યો તે દ્રવ્ય-આયુષ્ય થયું. આમ, દ્રવ્ય-આયુષ્ય અને કાળ-આયુષ્ય બંને સાથે જ પૂર્ણ થાય.

પરન્તુ, દુનિયામાં આપણે જોઈએ છીએ કે કેટલાંકનું અકાળે મોત થઈ જાય છે. કોઈક સ્ત્રી ક્રૂર ડાકણ બનીને, પોતાના પેટમાં રહેલા પોતાના જ બાળકની કતલ કરાવી નાંખે છે. કોઈક બાળકનું બાળપણમાં જ મોત થઈ જાય છે. તળાવમાં કે નદીમાં ડૂબી જવાથી કે મોટર-ટ્રેનના એક્સિડન્ટમાં પણ કો'ક પરલોક સીધાવી જાય છે. એવું નક્કી નથી કે બધા ઘરડા થઈને પછી જ મરે ! માટે તો પ્રત્યેક સમયે મોત આવવાની શક્યતા નિહાળીને પળે પળે સાવધ રહેવાનું છે. 'ઘરડે ગોવિંદ ગાશું' વાત શી રીતે કરી શકાય ? જો ઘડપણ જ ન આવ્યું તો ગોવિંદને ગાશે કોણ ?

વળી કેરોસીન છાંટીને બળી મરવાના, ગળે ફાંસો ખાઈને ખતમ થવાના, ટ્રેન નીચે કચડાઈને મરી જવાના, સાતમા માળેથી કૂદકો મારીને આપઘાત કરવાના, ઝેરી દવાઓ લઈને પરલોક સીધાવી જવાના પ્રસંગો પણ સાંભળવા મળે છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થાય કે શું આ બધા જીવો આ ભવ માટેનું બાંધેલું આયુષ્ય પૂરેપૂરું ભોગવીને જ મર્યા કે તેમનું કેટલુંક આયુષ્ય ભોગવવાનું બાકી રહી ગયું ?

તે જ રીતે, જે જીવે પૂર્વભવમાં આ ભવ માટે ૭૦ વર્ષનું આયુષ્ય બાંધ્યું છે, તે આ ભવમાં ૭૦ વર્ષ જીવે જ ને ? ૭૦ વર્ષ પૂર્વ તે ઝેર ખાય તો ય જીવે ? પેટમાં છરો હુલાવી દે તો ય જીવે ? તેનું મોત ૭૦ વર્ષ પૂર્વે ન જ થાય ને ? જેણે જે આયુષ્યકર્મ બાંધ્યું હોય તે પૂરેપૂરું ભોગવવું જ પડે ને ?

ઉપરોક્ત તમામ પ્રશ્નોનો જવાબ ટૂંકમાં એ છે કે, દરેક જીવે બાંધેલું દ્રવ્ય-આયુષ્ય પૂરેપૂરું ભોગવવું જ પડે. દ્રવ્ય-આયુષ્ય ભોગવ્યા વિના કોઈનું ય મોત ન થાય. પરન્તુ કાળ-આયુષ્ય પૂરેપૂરું ભોગવાય પણ ખરું અને ક્યારેક પૂરેપૂરું ન પણ ભોગવાય. કાળ-આયુષ્ય પૂર્ણ થયા પહેલાં પણ મોત થઈ શકે.

છગનભાઈને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના છેલ્લા શ્વાસોશ્વાસ ચાલી રહ્યા છે. તે વખતે તેમણે પછીના મનુષ્યભવનું ૭૦ વર્ષનું આયુષ્ય બાંધ્યું એટલે કે તેમણે તે વખતે આયુષ્યકર્મરૂપે કાર્મણ રજકણોનો જે જથ્થો ગ્રહણ કર્યો તે પછીના ભવમાં આત્મામાંથી ક્રમશઃ છૂટો પડતાં ૭૦ વર્ષ લાગશે. આ ૭૦ વર્ષ તે કાળ-આયુષ્ય અને ૭૦ વર્ષ સુધી ધીમે ધીમે છૂટો પાડનારો જે કાર્મણરજકણોનો જથ્થો તે દ્રવ્ય - આયુષ્ય.

છગનભાઈ મૃત્યુ પામ્યા. અમદાવાદમાં ગર્ભશ્રીમંતના ત્યાં તેમનો જન્મ થયો. ૭૦ વર્ષનું કાળ-આયુષ્ય તેમણે પસાર કરવાનું છે. અભય નામ પડ્યું છે. લાડકોડમાં ઊછરી રહ્યો છે. સમય વહી રહ્યો છે. પ્રત્યેક સમયે દ્રવ્ય આયુષ્ય (કાર્મણ રજકણોનો જથ્થો) ઘટી રહ્યું છે....

જો આ રીતે જ ચાલશે તો અભયની ઉંમર ૭૦ વર્ષની જ્યારે થશે ત્યારે દ્રવ્ય આયુષ્ય અને કાળ આયુષ્ય બંને પૂર્ણ થતાં તેનું મૃત્યુ થશે.

પણ જો વચ્ચે જ તેને કેન્સર થઈ જાય, હાર્ટ-એટેક આવી જાય, તે આપઘાત કરવાનો પ્રયત્ન કરે તો તેવા વખતે તેના આત્મા ઉપર રહેલા આયુષ્ય-કર્મની રજકણોના જથ્થા ઉપર ધક્કો લાગે અને તે ધક્કો લાગતાં, જે રજકણો ધીમે ધીમે ખરીને છૂટી પડવાની હતી, તે એક સાથે છૂટી પડી જાય. અને તેમ થતાં ૩૫ વર્ષની ઉંમરે જ તમામ જથ્થો છૂટો પડી જવાથી, દ્રવ્ય આયુષ્ય પૂર્ણ થાય અને તે મરી જાય. આવા પ્રસંગે પણ દ્રવ્ય આયુષ્ય તો પૂર્ણ કર્યું જ, પરન્તુ ૭૦ વર્ષ રૂપ કાળ આયુષ્ય

પૂર્ણ ન થયું. તે પહેલાં જ તેનું મરણ થઈ ગયું.

ક્યારેક આપઘાત કરવા છતાં ય બચી જવાય છે, કારણ કે તે વખતે દ્રવ્ય આયુષ્ય રૂપ પૂર્ણ જથ્થો આત્માથી છૂટો પડી ગયો હોતો નથી. ક્યારેક બે એટેક આવી ગયા પછી ત્રીજો એટેક આવતાં મૃત્યુ થાય છે, કારણ કે પહેલો એટેક આવતાં ઘણો જથ્થો ખરી ગયો છતાં થોડો રહી ગયેલો. બીજા એટેકે બાકી રહેલામાંથી પણ ઘણો જથ્થો ખેરવી દીધો. છતાં થોડો રહી ગયેલો. છેલ્લા એટેકે બાકી રહેલા જથ્થાને પણ એકી સાથે દૂર કરી દીધો. પરિણામે તે વ્યક્તિનું મોત થઈ ગયું.

આયુષ્યકર્મના જથ્થાને આત્માથી છૂટો પડતાં સમય ઓછો-વત્તો લાગવાથી વહેલા-મોડા મોત થઈ શકે છે, પણ સંપૂર્ણ જથ્થો આત્મા ઉપરથી દૂર થયા વિના તો મોત થતું નથી, તેથી કહ્યું કે દરેક જીવે દ્રવ્ય-આયુષ્ય તો અવશ્ય પૂર્ણ કરવું પડે છે.

પરન્તુ, આપઘાત વગેરે કોઈક તેવા કારણો જો ન આવે તો જીવ કાળ-આયુષ્ય પણ બરોબર પૂર્ણ કરે છે. પછી જ તેનું મૃત્યુ થાય છે. પણ જ્યારે આપઘાત વગેરે તેવાં કારણો ઉપસ્થિત થાય ત્યારે કાળ આયુષ્ય પૂર્ણ થયા પહેલાં જ આત્મા ઉપરથી દ્રવ્ય-આયુષ્ય (કર્મજથ્થો) ખરી જતાં મૃત્યુ થઈ જાય છે.

એક લાંબી દોરીને એક છેડેથી સળગાવવામાં આવે તો ધીમે ધીમે સળગતાં લગભગ ચાર કલાકમાં તે દોરી સંપૂર્ણ સળગીને ખતમ થઈ જતી હોય છે.

હવે જો કોઈક વ્યક્તિ આ લાંબી દોરીનું નાનું ગુંચળું વાળી દઈને, ઉપર કેરોસીન છાંટીને સળગાવે તો ? કદાચ દસેક મિનિટમાં જ આખી દોરી સળગી જાય ને ? બસ, આવું જ છે આયુષ્યકર્મનું.

પરન્તુ, ગૂંચળું વાળીને, કરોસીન છાંટીને સળગાવી તો તરત દસેક મિનિટમાં જ ખતમ થઈ ગઈ. તેમ અમુક પ્રકારના આઘાતો લાગે તો બાકીનું દ્રવ્ય-આયુષ્ય તરત જ પૂરું થઈ જતાં વહેલાં મૃત્યુ થઈ જાય.

દોરી ધીમે ધીમે બળે કે ગૂંચળું વળીને એકીસાથે બળે; દોરી તો સંપૂર્ણ બળે જ; ભલે બળવાનો સમય વધારે-ઓછો થાય. તે જ રીતે આઘાત વિનાનું મૃત્યુ આવે કે અકાળે મોત આવે; દ્રવ્ય-આયુષ્ય તો પૂરું થાય જ. ભલે પછી જીવન જીવવાનો (કાળ-આયુષ્યનો) સમય ઓછો-વધારે રહે.

કાળ-આયુષ્ય પૂર્ણ થતાં પહેલાં અકાળે મોત લાવનાર જે કારણો છે, તેને શાસ્ત્રોમાં ઉપક્રમ શબ્દથી ઓળખાવ્યાં છે. આ ઉપક્રમ સાત પ્રકારે છે : (૧) અધ્યવસાય (૨) નિમિત્ત (૩) આહાર (૪) વેદના (૫) પરાઘાત (૬) સ્પર્શ અને (૭) આણપ્રાણ.

**અધ્યવસાય** : આત્મામાં ઉત્પન્ન થયેલ વિકલ્પ. તે ત્રણ કારણે ઉત્પન્ન થાય - (૧) રાગથી (૨) સ્નેહથી અને (૩) ભયથી.

(૧) **રાગથી :** ઉનાળામાં ધોમધખતા તાપમાં મુસાફરી કરી રહેલા યુવાનને સખ્ત તરસ લાગી. ત્યાં થોડે દૂર પરબ દેખાઈ. રૂપવાન તે યુવાનને પાણી આપતી વખતે પરબે બેઠેલી સ્ત્રી તે યુવાન તરફ આકર્ષાઈ. પણ પોતાનામાં ઉત્પન્ન થયેલા તેના પ્રત્યેના રાગને જણાવી શકી નહિ.

પાણી પીને યુવાન તો પોતાના રસ્તે આગળ વધ્યો. પણ યુવાન પ્રત્યેના અતિરાગમાં આસક્ત થયેલી તે સ્ત્રી એકીટસે તે યુવાન તરફ જોઈ જ રહી. થોડીક વારમાં તો યુવાન દૃષ્ટિપથને પેલે પાર પહોંચી ગયો. એકીટસે તે તરફ જોઈ રહેલી, તે સ્ત્રી હવે યુવાનનું દર્શન ન થતાં, મારો પ્રેમી પુરુષ મને પાછો નહિ મળે ? તેવા અધ્યવસાયથી ત્યાં ને ત્યાં મૃત્યુ પામી ગઈ. આ અધ્યવસાયે એકી સાથે દ્રવ્ય-આયુષ્યને (કર્મના જથ્થાને) ખેરવી નાંખ્યું. આમ, રાગથી ઉત્પન્ન થયેલો અધ્યવસાય મોતને વહેલું લાવી દે છે.

(૨) **સ્નેહથી :** રામ-લક્ષ્મણ વચ્ચે અતિતિવ્ર સ્નેહ હતો. તે સ્નેહની પરીક્ષા કરવા આવેલાએ લક્ષ્મણજીને સમાચાર આપ્યા કે રામચન્દ્રજીનું મૃત્યુ થયું છે. આ સમાચાર સાંભળતાં જ, રામચંદ્રજી વિના હું શી રીતે જીવી શકીશ ?' એવા સ્નેહથી ઉત્પન્ન થયેલા અધ્યવસાયથી લક્ષ્મણજીને આઘાત લાગ્યો. દ્રવ્ય-આયુષ્ય ખરી જતાં તેમનું અકાળે મૃત્યુ થઈ ગયું.

(૩) **ભયથી :** શ્રીકૃષ્ણના પુત્ર ગજસુકુમાલે પરમાત્મા નેમીનાથ પાસે દીક્ષા લીધી. મોક્ષ મેળવવાની ઉત્કંઠા એટલી બધી જોરદાર હતી કે પ્રભુની આજ્ઞા લઈને તે જ દિને સ્મશાને કાઉસ્સગ્ગધ્યાનમાં લીન રહ્યા. પોતાની દીકરીને રખડતી મૂકીને આ સાધુ બની ગયો છે, એવો વિચાર આવતાં તેમના સસરા સોમીલ બ્રાહ્મણે ગજસુકુમાલ મુનિના મસ્તક ઉપર માટીની પાળ બાંધી. તેમાં ખેરનાં અંગારા ભર્યાં. મુનિવર સમભાવમાં લીન બન્યા. સસરાએ મને મોક્ષની પાઘડી બાંધી છે, તે રીતે તેમના ઉપકારને ધ્યાનમાં લેવા લાગ્યા. ઘાતી-અઘાતી કર્મો ખપાવીને, તેઓ મોક્ષે ચાલ્યા ગયા.

સોમીલ સસરો નગરમાં પ્રવેશ કરી રહ્યો છે ત્યાં જ સામે કૃષ્ણ વાસુદેવને આવતા જોયા અને ભય લાગ્યો. હાય ! હવે મારું આવી બન્યું ! કૃષ્ણ મને મારી જ નાંખશે. એવો અધ્યવસાય ભયના કારણે પેદા થતાં જ તેને આઘાત લાગ્યો. દ્રવ્ય-આયુષ્ય રૂપ જથ્થો ખરી પડ્યો. કાળ આયુષ્ય પૂર્ણ કર્યા પહેલાં જ તે મૃત્યુ પામ્યો.

(૨) **નિમિત્ત :** દંડ-ચાબુક-દોરડા વગેરેનો માર પડવાના નિમિત્તથી કે ઝેર પી જવાના નિમિત્તથી પણ દ્રવ્ય-આયુષ્ય વહેલાં પૂરું થઈ જાય છે અને અકાળે મોત આવે છે.

**(૩) આહાર :** અત્યંત ઓછું ખાવાના કારણે શરીર નબળું પડતાં અકાળે મોત થાય. વધુ પડતો ભારે આહાર વાપરવાથી, વારંવાર ખા-ખા કરવાથી, અતિસ્નિગ્ધ આહાર કરવાના કારણે રોગ થવાથી, શરીરને પ્રતિકૂળ આહાર કરવાથી પણ દ્રવ્ય-આયુષ્ય વહેલાં ખરી પડે છે અને તેથી અકાળે મોત થાય છે.

કંડરિકમુનિ ખાવામાં લુબ્ધ બનીને, દીક્ષા છોડીને ફરી રાજા બન્યા. અકરાંતિયા બનીને ખાધું. અકાળે મૃત્યુ પામીને ૭મી નરકે ચાલ્યા ગયા.

**(૪) વેદના :** શૂલ વગેરે ભયંકર વ્યાધિઓની વેદનાથી પણ ક્યારેક અકાળે મોત થાય છે.

**(૫) પરાઘાત :** ઊંડા ખાડામાં ગબડી પડવાથી, સાતમા માળેથી ભૂસકો મારવાથી, પર્વતાદિ ઉપરથી ઝંપાપાત કરવાથી, ગાડી નીચે પડતું મૂકવાથી લાગતા આઘાતથી દ્રવ્યાયુષ્ય ખરી જતાં અકાળે મોત થાય છે.

**(૬) સ્પર્શ :** ચામડીને તાલપુટ ઝેરનો સ્પર્શ થવાથી, અગ્નિ, ભયંકર સર્પાદિ કે વિષકન્યાનો સ્પર્શ થવાથી પણ અકાળે મોત થાય છે.

**(૭) આણપ્રાણ :** આણપ્રાણ = શ્વાસોશ્વાસ, દમ, વગેરે વ્યાધિના કારણે શ્વાસોશ્વાસ ખૂબ જ ઝડપી ચાલવાથી કે ક્યારેક શ્વાસોશ્વાસ રૂંધાઈ જવાથી અકાળે મોત આવે છે.

ઉપરોક્ત સાત પ્રકારના ઉપક્રમોના કારણે આયુષ્યકર્મના પુદ્ગલો પ્રતિસમયે વધુ ને વધુ ખરી પડવા લાગે અને તેથી તે જીવનું આયુષ્ય અકાળે પૂર્ણ થઈ જાય છે.

જન્મ થયો ત્યારથી જ આયુષ્ય કર્મના પુદ્ગલો પ્રતિસમય ખરતાં જાય છે. પણ ઉપક્રમ લાગે તો એકીસાથે વધુ પ્રમાણમાં તે પુદ્ગલો ખરી પડે. જોરદાર ઉપક્રમ લાગે તો એક અંતર્મુહૂર્તમાં જ (ગૂંચળું વાળેલી દોરીની જેમ) તમામ પુદ્ગલો નાશ પામતાં મરણ થઈ જાય છે. પણ જો ઉપક્રમ બાદ યોગ્ય ઉપાયો અજમાવવામાં આવે અને બધા પુદ્ગલો ખરી પડ્યા ન હોય તો તે જીવ બચી જાય છે.

ચોવીસ તીર્થંકરો, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ બળદેવ એ ત્રેસઠ શલાકાપુરુષો, તે જ ભવમાં મોક્ષે જનારા ચરમશરીરી જીવો, દેવો, નારકો, યુગલિક મનુષ્ય અને તિર્યંચો તથા નિકાચિતઆયુષ્યકર્મ બાંધેલા જીવોનું ઉપરોક્ત ઉપક્રમોથી અકાળે મરણ થતું નથી. તેઓએ કાળ આયુષ્ય પણ સંપૂર્ણપણે ભોગવવું પડે છે. જ્યારે તે સિવાયના જીવોને ઉપક્રમ લાગે કે ન પણ લાગે.

પરમાત્મા મહાવીરદેવ જ્યારે પોતાની માતા ત્રિશલાદેવીના ગર્ભમાં હતા ત્યારે માતા પ્રત્યેની ભક્તિને વશ થઈને, તેમણે હલનચલન બંધ કરી દીધું હતું. પરન્તુ

હલનચલન બંધ થતાં માતાને તો ગર્ભનું કાંઈક અશુભ થયાનો વિચાર આવ્યો. પરિણામે તે કરુણ આક્રંદ અને ચિત્કાર કરતી વારંવાર મૂર્છિત થવા લાગી.

પોતે માતાનું હિત કરવા ગયા છતાં માતાને દુઃખ કરાવવામાં નિમિત્ત બન્યા છે, એવું અવધિજ્ઞાનથી જાણીને પરમાત્માએ ફરી હલનચલન શરૂ કર્યું. ગર્ભની સલામતી જાણીને માતા આનંદવિભોર બની ગઈ.

હજુ તો જેણે પુત્રનું મુખ પણ જોયું નથી, તે માતાના પુત્ર પ્રત્યેના કારમા મોહનું દર્શન થતાં, પરમાત્માએ માતા-પિતાનાં આયુષ્યકર્મને અવધિજ્ઞાનથી જોયું તો તે સોપક્રમ (ઉપક્રમ લાગે તેવું) હતું. ભગવાને વિચાર્યું કે મારો વૈરાગ્ય માઝા મુકશે તો દીક્ષા તો તરત લઈ શકીશ, પણ તેમ થતાં, માતા-પિતાના આયુષ્યકર્મને ઉપક્રમ લાગશે. તેઓ અકાળે મોત પામશે. સર્વ જીવોનું હિત કરનારી આ સર્વવિરતિ જીવનની પ્રાપ્તિ માતા-પિતાના મરણમાં નિમિત્ત બનશે.વળી માતા-પિતાનું મરણ દીક્ષાજીવન માટે અમંગળ રૂપ બનશે.

તેવું ન બને તે માટે પરમાત્માએ અભિગ્રહ કર્યો કે માતા-પિતા જીવતાં હશે ત્યાં સુધી દીક્ષા નહિ લઉં.

જો માતા-પિતાનું આયુષ્ય સોપક્રમ ન હોત તો પરમાત્માને આવો અભિગ્રહ લેવાની જરૂર પડત નહિ.

તેથી જેઓની પાસે પોતાના માતા-પિતાનું આયુષ્ય કેટલું છે ? તેનું જ્ઞાન નથી તેઓ પરમાત્માનું ઉદાહરણ લઈને, માતા-પિતા જીવતાં હોય ત્યાં સુધી દીક્ષા ન લેવાનું શી રીતે વિચારી શકે ?

અને જો બધે ભગવાનનું ઉદાહરણ જ લેવાતું હોય તો માતા-પિતાનું મત્યુ થતાં, ભગવાને દીક્ષા લીધી હોવાથી, જેમનાં પણ માતા-પિતાનું મૃત્યુ થયું હોય તે દરેકે દીક્ષા જ લઈ લેવી જોઈએ ને ?

અને નેમિનાથ ભગવાનનું દૃષ્ટાંત લઈને લગ્ન પૂર્વે જ દીક્ષા લઈ લેવી જોઈએ ને ?

તથા ઋષભદેવ ભગવાનનું દૃષ્ટાંત લઈને માતાને રડતી મૂકીને પણ દીક્ષા લઈ લેવી જોઈએ ને ?

### આયુષ્યકર્મના ચાર પેટાભેદો

(૧) દેવ-આયુષ્યકર્મ (૨) નરક-આયુષ્યકર્મ (૩) મનુષ્ય-આયુષ્યકર્મ (૪) તિર્યંચ-આયુષ્યકર્મ

## ૧૩

## નામકર્મ

દુનિયામાં અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર ઘટનાઓ બનતી અવાર નવાર સંભળાયા કરે છે. ભલે તે ઘટનાઓ વાંચવા-સાંભળવાથી આપણને આશ્ચર્ય થતું હોય, પણ હકીકતમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ હોતું નથી; કારણ કે એ બધું કર્મના ગણિત પ્રમાણે જ થાય છે.

કદાચ બ્રહ્મા ભૂલ કરી બેસે, કદાચ વિષ્ણુજી થાપ ખાઈ જાય, કદાચ શંકરજીને કોઈક ભ્રમ થાય તેવું બને, પરન્તુ કર્મસત્તાની કદીપણ કોઈ ભૂલ થતી જ નથી. તે તો છે કમ્પ્યુટર જેવી. જે પ્રમાણે ઇનપુટ ફીડ કરવામાં આવે તે પ્રમાણે જ ગણિત થઈને આઉટપુટ મળે.

ત્રણ શીંગડાંવાળી ગાય જોવા મળે, એક ધડ અને બે માથાંવાળો બાળક જન્મ્યો તેવું સાંભળવા મળે, વિચિત્ર અવયવોવાળી છોકરીનું અસ્તિત્વ જાણવા મળે તો તેમાં નામકર્મની કરામત છે તેમ સમજી લેવું.

આ દુનિયાની રંગભૂમિ ઉપર જુદા જુદા વેશમાં આપણને આ નામકર્મ નચાવી રહ્યું છે.

અંગ્રેજોને ગોરી ચામડીવાળા, ચીનાઓને પીળી ચામડીવાળા કે હબસીઓને કાળી ચામડીવાળા બનાવવામાં આ નામકર્મનો હિસ્સો છે.

કોયલને મીઠો કંઠ આપવામાં તો કાગડાને કર્કશ વાણી આપવામાં પણ નામકર્મ ભાગ ભજવે છે.

લીંબું ખાટું જ કેમ ? કેરી મીઠી કેમ ? કારેલાંને કડવાં કોણે કર્યાં ? અને નામ 'મીઠું' હોવા છતાં તે ખારું શાને ? શું આ બધામાં ભગવાનની ઇચ્છા કારણ છે ? ના, જરાય નહિ ! કર્મરાજની આ કરામત છે. નામકર્મે પડદા પાછળ રહીને આ બધી વિલક્ષણતાઓને સર્જી છે.

હાથીનું શરીર આટલું બધું મોટું અને કીડીનું શરીર આટલું બધું નાનું કેમ ? પોતાના કોમળ અવયવોનું રક્ષણ કરી શકાય તેવું સુંદર ઢાળવાળું શરીર કાચબાને કોણે આપ્યું ? આકાશમાં ઊડી શકાય તે માટે પક્ષીઓનું પાંખવાળું શરીર કોણે બનાવ્યું ? હિંસક પ્રાણીઓનાં શરીરમાં નહોર અને પંજા કોની દેન છે ? કોઈને આંખો મળી ને કોઈને ન મળી, તેમાં કોનો પ્રભાવ ? આવા શરીર અને તેના ગુણધર્મો

સંબંધિત આપણને થતા અનેક સવાલોનો જવાબ છે : નામકર્મ.

બાંધેલા આયુષ્ય પ્રમાણે આત્માને મનુષ્ય વગેરે ગતિ આપવાનું અને તે ગતિ તરફ લઈ જવાનું કામ કરે છે આ નામકર્મ.

કોઈને એક તો કોઈને બે, કોઈને ત્રણ તો કોઈને ચાર, તો વળી કોઈને પાંચેપાંચ ઇન્દ્રિયો આપવાનું કાર્ય પણ આ નામકર્મનું જ છે.

કોઈને કુકડાનું તો કોઈને મોરનું, કોઈને દેવનું તો કોઈને દાનવનું, કોઈને નારકનું તો કોઈકને માનવનું, કોઈને પશુનું તો કોઈને પક્ષીનું; જુદા જુદા પ્રકારનું શરીર આપવામાં પણ આ નામકર્મનો હિસ્સો છે !

કોઈને હાથ તો કોઈને પાંખ, કોઈને પગ તો કોઈને ચાંચ, કોઈને પંજા તો કોઈને પૂંછડી આપવાનું કામ છે આ નામકર્મનું !

પશુ-પંખી-માનવ વગેરેની ચામડીના જુદા જુદા કલર. જુદાં જુદાં ફળ વગેરેનો જુદો જુદો સ્વાદ. જુદા જુદા ફૂલોની જે જુદી જુદી વાસ. અને જુદા જુદા જીવોનો જે ઠંડો કે ગરમ, સુંવાળો કે બરછટ, ચીકણો કે રુક્ષ સ્પર્શ અનુભવાય છે, તેમાં પણ નામકર્મ જ ભાગ ભજવે છે.

લબ્ધિધારી ચૌદપૂર્વધરમહાત્માને મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા સીમંધરસ્વામી વગેરેની ઋદ્ધિ જોવાનું મન થાય કે ઉપસ્થિત થયેલા કોઈ પ્રશ્નનો જવાબ મેળવવો હોય તો તેઓ આહારકશરીરનામકર્મના પ્રભાવે મુઠ્ઠી વાળેલા હાથ જેટલું અત્યંત દેદીપ્યમાન આહારકશરીર બનાવીને, તેને મહાવિદેહ ક્ષેત્રમાં મોકલે છે, અને તે શરીર વડે ત્યાંની ઋદ્ધિ જુએ છે અને શંકાનો જવાબ પણ મેળવે છે.

નંદન રાજર્ષિ તરીકેના પચીસમા ભવમાં વિશ્વના સર્વ જીવો પ્રત્યે અસીમ કરુણા ચિંતવતા પરમાત્મા મહાવીરદેવના આત્માએ પોતાને તીર્થંકર બનાવનારું જે તીર્થંકરનામકર્મ બાંધ્યું તે પણ આ નામકર્મનો જ પેટા ભેદ છે. તેના પ્રભાવે તીર્થંકર તરીકેના ભવમાં, પાંચે કલ્યાણક પ્રસંગોએ ચૌદે રાજલોકમાં અજવાળા-શાતા થાય છે. દેવો સમવસરણ રચે છે વગેરે....

પુત્ર-પુત્રી વગેરેને તેના હિતની વાત કરવા છતાંય તેઓને તે વાત ઊંધી પડતી જણાય, તે વાતથી આદર વધવાને બદલે પોતાના પ્રત્યે અસદ્ભાવ વધી રહેલો જણાય તો તેમાં પુત્ર કે પુત્રી પ્રત્યે તિરસ્કાર પેદા કરવાની જરૂર નથી. સારી પણ વાત, તેના હિતની વાત, નિઃસ્વાર્થપણે કહેવાયેલી વાત પણ તેઓ સ્વીકારતા નથી તેમાં આપણા પોતાનું અનાદેય નામકર્મ કારણ છે.

ક્યારેક એવું પણ બને છે કે તેના કહેવાતા મિત્રો તેનું અહિત થાય તેવી વાત

કરે તોપણ તે સ્વીકારી લે છે, સાચી માને છે, તેમાં તેના મિત્રોનું આદેય નામકર્મ કારણ છે.

તેથી જો આપણી વાતો સર્વગ્રાહ્ય બને તેવી આપણી ભાવના હોય તો આપણે અનાદેય નામકર્મનો નાશ કરવો જોઈએ અને આદેય કર્મને ઉત્પન્ન કરવું જોઈએ. પરન્તુ આપણી સારી સલાહને પણ ન સ્વીકારનાર આશ્રિત વર્ગ ઉપર ગુસ્સો તો ન જ કરાય.

કોઈકનો કંઠ ઘોઘરો હોવા છતાં સાંભળવો ગમે તો તેનું સુસ્વર નામકર્મ, અને જો સૂરીલો કંઠ હોવા છતાં બીજાને અપ્રિય બનતો હોય તો તેનું દુસ્વર નામકર્મ ઉદયમાં છે તેમ સમજવું.

ક્યારેક કોઈક વ્યક્તિ ફરિયાદ કરે છે કે, હું મારા આખા કુટુંબ માટે ઘસાઉં છું, બધાનાં કામો કરી છૂટું છું, મારી જાતનું ખોઈને કુટુંબનું, જ્ઞાતિનું, સમાજનું, ગામનું કે સંઘનું કામ કરું છું. તે માટે મારા શરીરની, ધનની કે કુટુંબની સામે પણ જોતો નથી, છતાં મને યશ નથી મળતો. બધા અપયશ જ આપે છે. જશના બદલે જુતિયાં મળે છે. શું કરું ? સમજાતું નથી...વગેરે...

જો નિઃસ્વાર્થપણે બીજાનું કામ કરી છૂટવા છતાંય યશના બદલે અપયશ મળતો હોય તો તેમાં કોઈને ય ગાળ દીધા વિના પોતાના અપયશનામકર્મને દૂર કરવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

જ્યારે, કેટલીક વ્યક્તિઓને ચારે બાજુથી યશ મળ્યા કરતો જણાય છે. કામ કોઈ બીજા કરે અને યશ પોતાને મળે ! આવું થવા પાછળ તે વ્યક્તિનું યશનામકર્મ જવાબદાર છે.

જૈન માત્ર કંદમૂળનું કદી સેવન ન કરે. બટાકા, કાંદા, લસણ, શક્કરિયાં, ગાજર, આદું, સૂરણ, બીટ કે મૂળાને કદી મુખમાં ન નાખે, કારણ કે સોયના ઉપરના ભાગમાં આ બધી વસ્તુઓનો જેટલો ભાગ રહે તેમાં અનંતા જીવો છે. તે અનંતાજીવો એક શરીરમાં એકી સાથે રહે છે. તેમને એક શરીરમાં એકી સાથે રાખનારું કર્મ છે સાધારણ નામકર્મ.

કાચા પાણીના એક ટીપામાં પાણીના જીવોના અસંખ્યાતા શરીરો છે. દરેક શરીરમાં એકેક જીવ છે. એક શરીરમાં એક જીવને રાખનાર પ્રત્યેક નામકર્મ છે. કાચા પાણીના એક ટીપાનો ઉપયોગ કર્યો એટલે અસંખ્યાતા જીવોનો કચ્ચરઘાણ બોલાઈ ગયો. તેથી તો પાણીના જીવોની રક્ષા કરવા માટે રોજ ઉકાળેલું પાણી જ વાપરવું જોઈએ.

કદાચ અન્ય કાર્યો માટે કાચા પાણીનો ના છૂટકે ઉપયોગ કરવો પડે તોપણ ઓછામાં ઓછું પાણી વાપરવું જોઈએ. જરૂર કરતાં સહેજ પણ વધારે પાણી વપરાઈ ન જાય તેની કાળજી રાખવી જોઈએ.

કાચા પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો શી રીતે રહી શકે ? સોયની ઉપરના તીક્ષ્ણ નાના ભાગમાં અનંતા જીવો શી રીતે રહી શકે ? તેવી શંકા કરવાની જરાય જરૂર નથી.

કોઈ એક ટાંકીમાં પાણી ભરેલું છે. તેમાં જુદા જુદા દસ પ્રકારની દવાઓ નાખી પાણીને હલાવી દીધું. હવે તેમાં એક સોય ઝબોળી. સોયની ઉપરના ભાગને અડેલા પાણીના ટીપામાં કેટલા પ્રકારની દવા છે ? તેવા સવાલનો જવાબ દસ આપશો ને ?

પણ જો તે પાણીમાં અનંત પ્રકારની દવાઓ મીક્ષ કરીને, તેમાં સોય ઝબોળવામાં આવે તો સોયના અગ્રભાગે લાગેલા પાણીના ટીપામાં કેટલા પ્રકારની દવાઓ હોય ? અનંતા પ્રકારની જ ને ?

જો સોયના અગ્રભાગે રહેલા પાણીના ટીપામાં અનંતી દવા રહી શકે તો સોયના અગ્રભાગે રહેલા બટાકા વગેરે કંદમૂળના ભાગમાં અનંતા જીવો કેમ ન રહી શકે ? સોયના અગ્રભાગે રહેલા પાણીના ટીપામાં અસંખ્યાતા જીવો કેમ ના રહી શકે ?

એક બીજું ઉદાહરણ જણાવું. એક રૂમમાં એક બલ્બ ચાલું છે. તેનો પ્રકાશ આખા રૂમમાં ફેલાય ને ?

હવે જો તે રૂમમાં નાના નાના ૫૦ બલ્બ ચાલુ કરવામાં આવે તો તે રૂમના પ્રત્યેક ભાગમાં જે પ્રકાશ ફેલાયો છે, તે પચાસે ય બલ્બનો છે, એમ કહી શકાય ને ?

અને ધારોકે અનંતા બલ્બોને તે રૂમમાં ગોઠવીને ચાલુ કરવામાં આવે તો તે અનંતા બલ્બોનો પ્રકાશ પણ તે રૂમમાં સર્વત્ર છવાઈ જાય ને ?

તે વખતે એક નાની છોકરી હાથમાં સોય લઈને તે રૂમમાં પ્રવેશ કરે તો તે છોકરીના હાથમાં રહેલી સોયના અગ્રભાગ ઉપર જે પ્રકાશ છે, તે પ્રકાશ કેટલા બલ્બનો ગણાય ?

અનંતા બલ્બોનો જ ને ?

જો સોયના અગ્રભાગ ઉપર અનંતા બલ્બોનો પ્રકાશ રહી શકે તો અનંતા જીવો કેમ ના રહી શકે ?

તેથી પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો છે અને સોયના અગ્રભાગે રહેલા બટાકા વગેરે કંદમૂળના નાનકડા અંશમાં પણ અનંતા જીવો છે, તે વાત માનવી જ

જોઈએ. અને સત્વરે કંદમૂળના ત્યાગનો અને ઉકાળેલું પાણી પીવાનો નિયમ ગ્રહણ કરવો જોઈએ.

નામકર્મ ચિતારા જેવું છે. તે મુખ્યતઃ શરીર ઉપર પોતાની અસર બતાવે છે. તેથી તેના પેટાભેદોની સંખ્યા સૌથી વધારે ૧૦૩ છે.

કોઇને દેવગતિમાં, તો કોઈને માનવગતિમાં, કોઈને કૂતરા-બિલાડાના અવતારવાળી તિર્યંચગતિમાં તો કો'કને ભયાનક દુઃખોવાળી નરકગતિમાં લઈ જાય છે : તે તે પ્રકારનું **ગતિનામ કર્મ** (૧થી ૪)

કોઈક એકેન્દ્રિય બને છે તો કો'ક બેઇન્દ્રિય, કો'ક તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય બને છે, તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે : તે તે પ્રકારનાં **જાતિનામકર્મ** (૫થી ૯)

મનુષ્ય-તિર્યંચને ઔદારિકશરીર પ્રાપ્ત થાય છે, તો અનેક રૂપો ધારણ કરી શકાય તેવું વૈક્રિય શરીર દેવ-નારકને મળે છે. આમર્ષોષધીવાળા ચૌદ પૂર્વધર મહાત્માઓ મહાવિદેહમાં સીમંધરસ્વામી ભગવાનની પાસે ઋદ્ધિ જોવા કે પ્રશ્ન પૂછવા આહારક શરીર બનાવે છે તો તૈજસશરીર ખાધેલું ભોજન પકવે છે. આત્મા ઉપર જે કર્મો ચોંટે તેનાથી કાર્મણશરીર તૈયાર થાય છે. આ પાંચે શરીરમાંથી ઓછા-વત્તા શરીર જીવને પ્રાપ્ત કરાવે છે તે તે નામના **શરીરનામકર્મ** (૧૦થી ૧૪).

તૈજસ અને કાર્મણ શરીરમાં આંગોપાંગ હોતાં જ નથી. બાકીના ત્રણ શરીરમાં જુદા જુદા આંગોપાંગ તૈયાર કરવાનું કામ કરે છે તે તે નામનું **આંગોપાંગનામકર્મ** (૧૫થી ૧૭)

પાંચે શરીર માટે કાચો માલ ભેગો કરવાનું કાર્ય પાંચ **સંઘાતનનામકર્મ** (૧૮થી ૨૨) કરે છે. તો તે શરીરો સાથે તે તે કાચામાલને જોડવાનું કામ કરે છે : **બંધનનામ કર્મ.** તે (૨૩થી ૩૭) પંદર પ્રકારનું છે.

દુનિયામાં દરેક વ્યક્તિના શરીરના હાડકાનો બાંધો સરખો નથી હોતો. કોકનો બાંધો ખૂબ મજબૂત હોય છે તો કો'કનો ખૂબ નબળો. ઓછીવત્તી મજબૂતી ધરાવતા જુદા જુદા છ પ્રકારના બાંધાને પેદા કરે છે : છ પ્રકારના **સંઘયણનામકર્મ** (૩૮થી ૪૩)

દુનિયામાં કોક ઠીંગુજી હોય છે તો કો'કને ખૂંધ નીકળી હોય છે. કોકનું શરીર બેડોળ હોય છે તો કોકનું શરીર સમપ્રમાણ હોય છે. આવી જુદી જુદી છ પ્રકારની શારીરિક આકૃતિ અપાવનાર છ પ્રકારના કર્મોના નામ છે : **સંસ્થાનનામકર્મ** (૪૪થી ૪૯).

આપણે જોઈએ છીએ કે કો'કની હંસ જેવી સુંદર ચાલ છે તો કો'કની કાગડા જેવી ચાલ છે. આવી સારી કે ખરાબ ગતિ કરવાની શક્તિ આપે છે (૫૦) **શુભવિહાયોગતિનામકર્મ** અને (૫૧) **અશુભવિહાયોગતિનામકર્મ.**

કોઈકનું શરીર ઘઉંવર્ણું છે તો કો'ક કાળો હબસી જેવો છે. કેરીમાં સુગંધ છે તો લસણ દુર્ગંધી છે. શેરડી મીઠી છે તો મરચું તીખું છે. કોઈનું શરીર સુકોમળ છે તો કો'કનું બરછટ. આવા જુદા જુદા પાંચ પ્રકારના રંગ, પાંચ પ્રકારના રસ, બે પ્રકારની ગંધ અને આઠ પ્રકારના સ્પર્શ આપનાર ૨૦ પ્રકારના તે તે નામના **વર્ણ-ગંધ રસ-સ્પર્શ-નામકર્મો** છે (૫૨થી ૭૧).

જીવ સીધો ઉપર જતો હોય, ત્યારે તેને વાળીને-ખેંચીને જરૂરી તે તે ગતિમાં-જરૂરી સ્થાને લઈ જનારા તે તે ગતિના નામના (૭૨થી ૭૫) ચાર **આનુપૂર્વી નામકર્મો** છે.

(૧) કોઈક જીવ ઇચ્છા પ્રમાણે હાલી-ચાલી શકે છે તો (૨) વનસ્પતિ વગેરેને સ્થિર જ રહેવું પડે છે. (૩) કો'ક સૂક્ષ્મ તો (૪) કો'ક સ્થૂલ શરીર ધરાવે છે. (૫) કોઈક બધી શક્તિ મેળવે છે તો (૬) કો'ક ઓછી શક્તિ. (૭) કોઈકને એક શરીરમાં સ્વતંત્રપણે રહેવા મળે છે તો (૮) કો'કને એક શરીરમાં (કંદમૂળ વગેરેમાં) અનંતા જીવોની સાથે સંકડાશમાં રહેવું પડે છે. (૯) કો'ક અવયવો સ્થિર મળે છે તો (૧૦) કો'ક અવયવો અસ્થિર મળે છે. (૧૧) કોઈક અવયવો સારા મળે છે. તો (૧૨) કો'ક અવયવો ખરાબ મળે છે (૧૩) કો'ક સૌભાગ્ય પામે છે તો (૧૪) કોઈક ઠેરઠેર દુર્ભાગ્ય પામે છે. (૧૫) કોઈકનું કડવું વચન પણ બીજાને મીઠું લાગે છે તો (૧૬) કોઈકનું હિતકારી વચન પણ બીજાને ત્રાસજનક બને છે. (૧૭) કોઈને કોયલ જેવો મધુર કંઠ મળે છે તો (૧૮) કો'ક ભેંસાસુર કાઢે છે. (૧૯) કોઈક કાંઈપણ ન કરે તો ય બધે યશ મેળવે છે. તો (૨૦) કો'કને ડગલે ને પગલે જશને બદલે જૂતિયાં જ મળે છે. આમાં સારું કરનારા દસ સારા **ત્રસ દશક નામકર્મો** અને ખરાબ કરનારા દસ ખરાબ **સ્થાવર દશક નામકર્મો** જ જવાબદાર છે. (૭૬થી ૯૫)

કોઈક વ્યક્તિ એવો પ્રભાવશાળી હોય છે કે તેનું અસ્તિત્વ માત્ર બીજામાં ધાક પેદા કરે છે, તેમાં તેનું (૯૭) **પરાઘાતનામકર્મ** કારણ છે.

આપણે શ્વાસોચ્છ્વાસ સારી રીતે લઈ શકીએ છીએ તે (૯૮) **શ્વાસોચ્છ્વાસ નામકર્મ**ને આભારી છે અને આપણા શરીરના જુદા જુદા અવયવો જે યથાસ્થાને વ્યવસ્થિત ગોઠવાયા છે તેમાં **નિર્માણનામકર્મ**નો ઉપકાર છે.

ચાલતાં ચાલતાં આપણે આકાશમાં ઊડી જતાં નથી કે ધરતી પર ઢળી જતાં

નથી. તેમાં (૧૦૦) **અગુરુલઘુ નામકર્મ**નો પ્રભાવ છે.

સૂર્યકાન્તમણિ વગેરે પોતે ઠંડા હોવા છતાં ગરમ પ્રકાશ (૧૦૧) **આતપનામકર્મના** કારણે આપે છે, તો ચન્દ્રકાન્તમણિ ઠંડો હોવા છતાં (૧૦૨) **ઉદ્યોતનામકર્મના** કારણે ઠંડક આપે છે.

સાંભળવા મળે છે કે રાવણ રાજા અષ્ટાપદ પર્વત ઉપર ભક્તિ કરવા ગયેલા, ત્યારે મંદોદરી નૃત્ય કરતી હતી અને તેઓ તંબૂરો વગાડતા હતા. વચ્ચે તંબૂરાનો તાર તૂટી ગયો. પણ ભક્તિમાં ખલેલ ન પડે તે માટે રાવણે પોતાની સાથળ ચીરી તેની નસનો તાર તરીકે ઉપયોગ કરી સંગીત ચાલુ રાખ્યું. તેના હૃદયમાં ઊભરાતી આ ભક્તિએ (૧૦૩) **તીર્થંકર નામકર્મ** બંધાવ્યું, જેના પ્રભાવે તેઓ ભગવાન બનશે.

શ્રેણિક મહારાજાએ પણ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે. તેઓ હાલ ભલે નરકમાં ગયા, પણ ત્યાંનું ૮૪૦૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયા બાદ પદ્મનાભસ્વામી નામના તીર્થંકર તરીકે પેદા થશે. તેમના પાંચેય કલ્યાણકોની ઉજવણી, સમવસરણ મંડાણ, તીર્થસ્થાપના વગેરેમાં આ બંધાયેલા **તીર્થંકરનામકર્મ**નો પ્રભાવ કામ કરશે.

આમ, નામકર્મના ૧૦૩ ભેદો ઉપર પ્રમાણેના છે.

# ૧૪ ગોત્રકર્મ

પરમપિતા પરમાત્મા મહાવીરદેવનો આત્મા સત્તાવીસમા ભવમાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવ્યો. ૮૨ દિવસ સુધી પરમાત્માને ત્યાં રહેવું પડ્યું. ત્યાર પછી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતા ઇન્દ્ર મહારાજાને જાણ થઈ કે પરમાત્મા તો બ્રાહ્મણકુળમાં પધાર્યા છે !

તીર્થંકર પરમાત્માએ કર્મશત્રુ સામે જે શૂરવીરતા બતાવવાની છે તે શૂરવીરતા બ્રાહ્મણકુળમાં શી રીતે હોય ?

વિદ્યા-અભ્યાસમાં ભલે બ્રાહ્મણકુળ સર્વશ્રેષ્ઠ ગણાતું હોય પણ શૂરવીરતાની અપેક્ષાએ તો ક્ષત્રિયકુળ જ ઉચ્ચ ગણાય ને ? બ્રાહ્મણકુળ શૂરવીરતાની અપેક્ષાએ કાંઈ ઉચ્ચ ન ગણાય. સ્ત્રી ભલે પુત્રની અપેક્ષાએ ઊંચી ગણાતી હોય પણ પતિની અપેક્ષાએ તો તે નીચી જ છે ને ! તે જ રીતે બ્રાહ્મણકુળ પણ શૂરવીરતાની અપેક્ષાએ તો નીચું કુળ જ ગણાય ને !

તો પછી વીર પરમાત્મા ક્ષત્રિયકુળમાં આવવાના બદલે બ્રાહ્મણકુળમાં કેમ આવ્યા હશે ? તેવો વિચાર કરતાં ઇન્દ્રમહારાજાને જાણવા મળ્યું કે, 'પ્રભુવીરના આત્માએ ત્રીજા મરિચી તરીકેના ભવમાં નીચગોત્રકર્મ બાંધ્યું હતું. તે નીચગોત્રકર્મ સાધના દ્વારા ઘણુંબધું ખપી ગયું છે. પણ જે બાકી રહી ગયું છે, તે કર્મ ભોગવવા માટે પ્રભુવીરે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવવું પડ્યું છે.

૮૨ દિવસ પૂર્ણ થતાં, હવે આ બાકી રહેલું નીચગોત્રકર્મ પણ ખપી ગયું છે. તેથી હવે મારે તેમને ઉચ્ચકુળમાં લઈ આવવા જોઈએ.' તેવું વિચારીને ઇન્દ્ર મહારાજાએ હરિણીગમૈષીદેવને બોલાવીને, તેના દ્વારા પરમાત્માને દેવાનંદાબ્રાહ્મણીની કુક્ષીમાંથી મહારાજાસિદ્ધાર્થના મહારાણી ત્રિશલાક્ષત્રિયાણીની કુક્ષીમાં સ્થાપન કરાવ્યા.

આ નીચગોત્રકર્મે પરમાત્મામહાવીરની પણ શરમ ન રાખી. પરમાત્માએ જો નીચગોત્રકર્મ બાંધ્યું તો તેમણે તે કર્મ ભોગવવું પણ પડ્યું જ.

કર્મ મહાસત્તા કહે છે કે હું મસમોટા રુસ્તમોની પણ શરમ રાખતી નથી. જે પોતે પોતાના આત્મસ્વભાવમાંથી સ્હેજ પણ સરક્યો, તેને તેની તે ભૂલનું પરિણામ બતાવ્યા વિના મને ચેન પડતું નથી.

તમામે તમામ તીર્થંકર પરમાત્માના ચ્યવન (માતાના ગર્ભમાં આવવું), જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક સમયે ચૌદે રાજલોકમાં અજવાળાં પથરાય છે અને ઇન્દ્ર મહારાજાના સિંહાસન કંપાયમાન થાય છે. તેથી તેઓ પરમાત્માના તે તે કલ્યાણકની ઉજવણી કરે છે. પરન્તુ પરમાત્મા મહાવીરદેવના આ નિકાચિત નીચગોત્રકર્મે કમાલ કરી ! ધર્મમહાસત્તાના ચાલી આવતા ઉપરના કાયદાને થંભાવી દીધો ! પ્રભુવીરનું ચ્યવનકલ્યાણક જ્યારે થયું ત્યારે ઇન્દ્રમહારાજાનું સિંહાસન કંપાયમાન ન થયું !

પ્રભુવીરના ચ્યવનકલ્યાણક (અષાઢ સુદ છઠ)ના દિને ઇન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું હોત તો ઇન્દ્ર મહારાજા તે જ દિને તેમને ત્રિશલાની કુક્ષીએ સ્થાપન કરાવત.

પરન્તુ કર્મસત્તાની કરામત વિચિત્ર હોય છે. તેણે સિંહાસન ન કંપવા દીધું. પરિણામે પ્રભુએ ૮૨ દિવસ સુધી દેવાનંદાની કુક્ષીમાં રહેવું જ પડ્યું.

અને જ્યાં તે નીચગોત્રકર્મનો ઉદય પૂર્ણ થવાની તૈયારી થઈ, ત્યાં ઇન્દ્ર મહારાજાએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો.

આમ, એક વાર તો કર્મસત્તાએ પોતાની વિજયપતાકા ગગનમાં લહેરાવી દીધી. આ વાત જાણ્યા પછી, પળે પળે સાવધ રહેવાની જરૂર છે કે જેથી કોઈ કર્મ નિકાચિત બંધાઈ ન જાય. જો કર્મના બંધ સમયે જરાક ચૂકી જઈશું, જરાક પ્રમાદી બનીશું, જરાક વિભાવ દશામાં જઈશું તો અત્યાર સુધી જે કાંઈ મેળવ્યું છે, તે ગુમાવીને ક્ષણમાત્રમાં વિનાશની ઊંડી ખીણમાં ધકેલાઈ જઈશું.

પરમાત્મા વીરને ૮૨ દિવસ દેવાનંદાની કુક્ષિમાં જકડી રાખનાર આ નીચગોત્રકર્મ એ સાતમા નંબરના ગોત્રકર્મનો પ્રકાર છે.

આ ગોત્રકર્મના કુલ બે પ્રકાર છે.

**(૧) ઉચ્ચગોત્રકર્મ અને (૨) નીચગોત્રકર્મ.**

ઉચ્ચગોત્રકર્મના પ્રભાવે ઊંચાકુળમાં જન્મ મળે છે. જીવન પણ માન સન્માનભર્યું પસાર થાય છે.

જ્યારે નીચગોત્રકર્મનો ઉદય થતાં હલકા કુળમાં જન્મ મળે છે. જીવનમાં તિરસ્કાર મળે છે.

પેલો કર્ણ ! કુંતીના પેટે જન્મ લીધો હોવા છતાંય, નીચગોત્રકર્મના ઉદયે સારથિના ત્યાં ઊછર્યો ! નીચગોત્રકર્મના ઉદયે ડગલે ને પગલે તેને તિરસ્કાર અને ધિક્કાર પ્રાપ્ત થયો.

નરકગતિના જીવોને તથા કૂતરાં-બિલાડાં વગેરે પશુ-પંખી રૂપ તિર્યંચજીવોને સદા નીચગોત્રકર્મનો ઉદય હોય છે, જ્યારે દેવોને સદા ઉચ્ચગોત્રકર્મનો ઉદય મનાયેલો છે. કેટલાક મનુષ્યોને ઉચ્ચગોત્રકર્મનો તો કેટલાક મનુષ્યોને નીચગોત્રકર્મનો ઉદય હોય છે. પણ કોઈ જીવને બંને ગોત્રકર્મનો ઉદય એકીસાથે હોઈ શકતો નથી. નામકર્મના કુલ ૧૦૩ પેટા પ્રકારો છે, જ્યારે ગોત્રકર્મના માત્ર બે જ પ્રકાર છે.

આઠે કર્મોમાં સૌથી વધારે પેટા પ્રકારો નામકર્મના છે. જુદા જુદા જીવોની શરીરની રચનામાં જે અનેક પ્રકારની વિવિધતાઓ જોવા મળે છે, તે આ નામકર્મને આભારી હોવાથી, આ નામકર્મના પેટાભેદ સૌથી વધારે છે. જ્યારે જીવો ઊંચા કે નીચા તરીકે દુનિયામાં પ્રસિદ્ધ થતા હોવાથી આ ગોત્રકર્મના માત્ર બે જ પેટાભેદ છે.

નામકર્મ ચિતારા જેવું છે. પેઈન્ટર (ચિતારા)ને જેવી ઇચ્છા થાય તેવું ચિત્ર તે બનાવે. તે જ રીતે નામકર્મને અનુસરનારું જ શરીર મળે.

પણ ગોત્રકર્મ કુંભારના ઘડા જેવું છે. કુંભારે બનાવેલો સારો ઘડો ઘી, દૂધ-મધ વગેરે ભરવાના ઉપયોગમાં આવે તો દુનિયામાં તે વખણાય છે, પણ જો દારૂ ભરવાના કામમાં આવે તો વગોવાય છે. તેમ જે કર્મના ઉદયે જીવ પ્રશંસા પમાય તેવા ઊંચા કુળને પ્રાપ્ત કરે તે ઉચ્ચગોત્રકર્મનો ઉદય અને જે કર્મના ઉદયે જીવ અપમાન-તિરસ્કાર પમાય તેવા હલકાકુળને પામે તે નીચગોત્રકર્મનો ઉદય.

પોતાને મળેલી જાતિ કે કુળનો મદ કરવાથી નીચગોત્રકર્મ બંધાય છે.

(૧) **જાતિ મદ :** મારી જાતિ કેટલી બધી મહાન ! આવી રીતે પોતાને પ્રાપ્ત થયેલી ઉત્તમ જાતિનું અભિમાન કરવાથી નીચગોત્રકર્મનો બંધ થાય છે. હરિકેશીએ પૂર્વભવમાં પોતાની જાતિનો મદ કર્યો તો પછીના ભવમાં તેણે ચંડાળ તરીકે જન્મ લેવો પડ્યો હતો.

(૨) **કુળમદ :** માતાના કુળને જાતિ કહેવાય, જ્યારે પિતાના કુળને કુળ કહેવાય. મરિચી (પ્રભુવીરના આત્મા) પોતાના કુળનો મદ કરતાં નાચ્યો હતો અને બોલતો હતો કે મારું કુળ કેટલું બધું મહાન્ ! મારા દાદા (ઋષભદેવ) પ્રથમ તીર્થંકર !, મારા પિતા ભરત પ્રથમ ચક્રવર્તી અને હું (મરિચી) બનવાનો પ્રથમ (ત્રિપૃષ્ઠ) વાસુદેવ. આ રીતે કુળમદ કરવાના કારણે બંધાયેલા નીચગોત્રકર્મનો ઉદય થતાં તેમણે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં બ્યાસી દિન રહેવું પડ્યું !

(૩) **બીજાની નિંદા :** બીજી વ્યક્તિઓના દોષો જોવાથી, તેની નિંદા-ટીકા કરવાથી, ખોટાં આળ દેવાથી કે આક્ષેપ કરવાથી નીચગોત્રકર્મ બંધાય છે.

(૪) **સ્વપ્રશંસા :** પોતાની પ્રશંસા કરવાથી પણ નીચગોત્રકર્મ બંધાઈ શકે છે.

જીવનમાં કરેલી સુંદર મજાની આરાધના સ્વપ્રશંસાના કારણે ધોવાઈને સાફ થઈ જાય છે.

**(૫) ધર્મીજનોની હાંસી :** ધર્મની આરાધના કરનારા જીવોની મશ્કરી કરવાથી, કે તેમને ભગત, વેદિયા, ઢોંગી, ધરમના પૂંછડા વગેરે શબ્દોથી બોલાવીએ તોપણ નીચગોત્રકર્મ બંધાય.

**(૬) દુગંછા કરવાથી :** સાધુ-સાધ્વીના મલમલિન વસ્ત્રો કે શરીરના અવયવો જોઈને ચીતરી ચડવાથી, તેની હાંસી કરવાથી, થૂથૂ કરવાથી, નીચગોત્રકર્મ બંધાય છે. દુગંછા કરવાથી પૂર્વભવમાં મેતારજ મુનિએ નીચગોત્રકર્મ બાંધ્યું હતું. જેના ઉદયે તેમણે ચાંડાલકુળમાં ઊપજવું પડ્યું !

જો નીચ કૂળમાં જન્મ ન લેવો હોય તો ઉપરની વાતો ઉપર મનન-ચિંતન કરીને, સત્વરે તેનો સદંતર ત્યાગ કરવાનો નિશ્ચય કરી દેવો જોઈએ.

**ઉચ્ચગોત્રકર્મ બંધાવનારા હેતુઓ :**

**(૧) દેવ-ગુરુની ભક્તિ :** પરમાત્માની અને પરમાત્માની સારી ઓળખાણ કરાવનારા ગુરુભગવંતની ભક્તિ કરવાથી ઉચ્ચગોત્રકર્મ બંધાય છે.

**(૨) વિનય-વૈયાવચ્ચ :** ગુરુભગવંતનો વિનય સાચવવાથી તથા તેમની સેવા-શુશ્રૂષાદિ વૈયાવચ્ચ કરવાથી પણ ઉચ્ચગોત્રકર્મ બંધાઇ શકે છે.

**(૩) ભણવું - ભણાવવું :** ધાર્મિક સૂત્રાદિ ભણવાથી તથા અન્યને તેના પાઠાદિ આપવાથી, તીવ્ર લગનપૂર્વક ભણાવવાથી ઉચ્ચગોત્રકર્મ બંધાય છે.

**(૪) પ્રાયશ્ચિત્તાદિ :** થઈ ગયેલી ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરવાથી થયેલાં પાપો તો નાશ પામે છે, પણ સાથે ઉચ્ચગોત્રકર્મ પણ બંધાઈ શકે છે.

આ ઉચ્ચગોત્રકર્મના ઉદયથી ઐશ્વર્ય અને સત્કારાદિથી યુક્ત ઉત્તમજાતિ અને ઉત્તમકુળમાં જન્મ મળે છે.

# ૧૫ અંતરાયકર્મ

સવારથી સાંજ સુધી કાળી મજૂરી કરવા છતાંય ધનાદિનો લાભ કેમ થતો નથી ? જમવા માટે પોતાને મનભાવતાં ઘેબર બનાવ્યાં પણ જ્યારે જમવાનો સમય થયો ત્યારે જ મહેમાન આવી જતાં, તે ઘેબર મહેમાનની થાળીમાં પીરસવાં પડ્યાં અને પોતે ઘેબર વિના જ રહેવું પડ્યું. ઘેબર ખાવાની તીવ્ર-ઇચ્છા પૂર્ણ ન થઈ તેમાં ખરેખર કારણ કોણ ?

સુંદર મજાનાં ફેશનેબલ વસ્ત્ર તૈયાર કરાવ્યાં અને તે પહેરીને પિકનિક પર જવાની જ્યાં તૈયારી કરતાં હતાં, ત્યાં જ કોક સંબંધીના મરણના સમાચાર મળતાં નવાં કપડાં એક બાજુ મૂકીને સાદાં કપડાં પહેરીને જવું પડ્યું. ઇચ્છા હોવા છતાં પણ, નવાં કપડાં પહેરવા જતાં જ આવા સમાચાર કેમ મળ્યા ? કપડાં પહેરવાનું તે સમયનું નસીબ કોણે ઝૂંટવી લીધું ?

આવા અનેક સવાલોના જવાબ રૂપે આપણી સામે રજૂ થાય છે આઠમા નંબરનું અંતરાયકર્મ. અંતરાયકર્મ કહે છે કે, ''મારું કામ અંતરાય કરવાનું - અટકાવવાનું છે. બહારની દુનિયામાં ભલે તમને લાગતું હોય કે મહેમાને ઘેબર ખાતાં અટકાવ્યા, સંબંધીના મરણે નવાં કપડાં પહેરતાં અટકાવ્યા, પણ તેઓ તો માત્ર નિમિત્ત છે. હકીકતમાં તે બધું કાર્ય પડદા પાછળ રહીને મેં જ કર્યું છે.''

આત્મા રૂપી સૂર્યમાં તો અનંતી શક્તિ છે. તે ધારે તે કાર્ય કરવા સમર્થ છે. તેના માટે કાંઈ જ અશક્ય નથી. આત્માના આ અનંતવીર્ય (શક્તિ) નામના ગુણને ઢાંકનારું જે વાદળ આવે છે, તેનું નામ અંતરાયકર્મ. તે આત્માની આ શક્તિને અનેક રીતે ઢાંકવાનું કાર્ય કરે છે. તેના કારણે અનંતશક્તિનો સ્વામી આપણો આત્મા બિચારો સાવ ગળિયા બળદ જેવો બની જાય છે.

રાત્રિભોજન કે કંદમૂળ છોડવાની, નવકારશી વગેરે પચ્ચક્ખાણ કરવાની ક્ષમતા પણ ગુમાવી બેસે છે. ૫૦ કિલો વજન ઊંચકવાની ક્ષમતા ધરાવનારો યુવાન નાનકડી ચમચી ઉપાડી શકતો નથી ! કરોડો રૂપિયા ક્ષણ વારમાં કમાઈ જનારો પાકો વેપારી પાંચ રૂપિયા પણ મેળવવામાં લાચારી અનુભવતો થઈ જાય છે. ૨૦ ગુલાબજાંબુ ખાઈ જનારો કિશોર ઇચ્છા હોવા છતાંય અડધી રોટલી પણ ન ખાઈ શકે તેવી સ્થિતિમાં મુકાઈ જાય છે. રોજ નવી નવી ફેશનના વસ્ત્રોથી પોતાના દેહને શણગારતા તે નટખટ યુવાનને આ કર્મના પ્રભાવે વસ્ત્રો વિના જ ભાગી છૂટવું પડે છે !

આ અંતરાયકર્મ પેલા રાજભંડારી (ખજાનચી) જેવું છે. રાજા રાજસભા ભરીને બેઠા છે. રાજકારભાર ચાલુ છે. ગામડાના પ્રતિનિધિ આવીને પોતાના ગામમાં પડેલા દુકાળનું વર્ણન કરે છે. ''અનાજ વિના માનવો ટળવળી રહ્યાં છે. પાણી વિના ઢોર તરફડી રહ્યાં છે. તાત્કાલિક હજારો રૂપિયાની સહાયની જરૂર છે.''

માનવ તે કહેવાય કે જે બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી હોય. દુઃખીઓને જોઈને જેની આંખમાં કરુણાના આંસુ ઊભરાતાં હોય. છતી શક્તિએ તેનાં દુઃખોને દૂર કરવા જે દોડી જતો હોય, શક્તિ ન હોય તો ય તેનાં દુઃખો સાંભળીને તેને બે શબ્દો સહાનુભૂતિના કહેતો હોય. પોતાના જીવનમાં આવતાં દુઃખોને દૂર કરવાનો પ્રયત્ન કરતી વખતે પણ, 'તે દુઃખથી દુઃખી જે જે જીવો આ વિશ્વમાં છે તે લોકોનું શું થતું હશે ?' તેવા વિચારો કરતો હોય.

આ રાજા પહેલાં માનવ હતો, પછી રાજા હતો. ગામડાના દુકાળની વાત સાંભળી તેની આંખમાં કરુણાનાં આંસુ છલકાયાં. બિચારા આ ગ્રામજનોનું શું થતું હશે ? લાવ, તેમને કાંઈ મદદ કરું. તેવી કરુણાથી પ્રેરાઈને તેણે મોટી રકમ તે પ્રતિનિધિમંડળને આપવા માટે ખજાનચીને અનુરોધ કર્યો....

પણ....

ખજાનચી રાજાને કહે છે કે, રાજન્ ! તિજોરીમાં જે પૈસા છે, તેના કરતાં વધુ રકમ આપણે જુદી જુદી જગ્યાએ વાપરવાની પૂર્વે નક્કી કરેલ છે. તેથી આપે જણાવેલી રકમ ફાળવી શકાય તેમ લાગતું નથી.'

રાજાની ઊંચી ભાવના હોવા છતાંય રકમ ઘટાડવી પડી. ગ્રામજનોને સામાન્ય રકમ આપીને રવાના કરવા પડયા.

અહીં રાજાની ઇચ્છા હોવા છતાંય ખજાનચીએ તેમાં અવરોધ કર્યો. પરિણામસ્વરૂપે રાજાની તે ભાવના સાકાર ન થઈ શકી.

બસ ! આ ખજાનચી જેવું જ છે આ અંતરાયકર્મ, જે આત્માની અનેક પ્રકારની પેદા થયેલી ઇચ્છાઓ ઉપર બ્રેક મારવાનું કાર્ય કરે છે. ઇચ્છાઓને પરિપૂર્ણ થવા દેતી નથી. એવા પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે જેથી સ્વાધીન ચીજ પણ તેના હાથમાંથી ઝૂંટવાઈ જાય.

આ અંતરાયકર્મના પાંચ પેટા પ્રકાર છે :

(૧) **દાનાન્તરાયકર્મ :** દાન આપવાની તીવ્ર ભાવના હોય, દાન આપવા માટે પૂરતી રકમ પણ પાસે હોય, સામેની સંસ્થા/વ્યક્તિને તે દાન સ્વીકારવાની ભાવના પણ હોય, છતાંય દાન ન કરી શકતા હોઈએ તો સમજવું કે આ દાનાન્તરાય કર્મ પોતાનો પરચો બતાવી રહ્યું છે !

એક શહેરમાં શ્રાવકોની આરાધના માટે સુંદર પૌષધશાળાનું નિર્માણ થઈ રહ્યું છે. તેના માટેના મુખ્યદાતા પાસેથી પંદર લાખ રૂપિયાનું દાન લેવાની સ્કીમ જાહેર થઈ છે. રમણભાઈ શેઠની ભાવના મુખ્યદાતા બનવાની છે. કાલે સવારે સંઘના ટ્રસ્ટીઓને જાણ કરીને મારે લાભ લેવો છે, તેવો સાંજે નિશ્ચય કર્યો, પણ રાત્રે ફોન આવતાં, અચાનક કો'કના મરણ પ્રસંગે તાત્કાલિક રાત્રે જ બીજા ગામ તેમને જવું પડ્યું. પાછા ફરીને તપાસ કરી ત્યારે ખબર પડી કે તે દાન અન્ય વ્યક્તિનું સ્વીકારાઈ ગયું છે. તેઓ પોતે દાન ન કરી શક્યા તેમાં દાનાન્તરાયકર્મ તેમને નડ્યું.

(૨) **લાભાન્તરાયકર્મ :** કોઈપણ ચીજની પ્રાપ્તિ કરવાની ઇચ્છા હોય, તે ચીજ આપનાર પણ આપણા માટે તૈયાર હોય છતાંય તે ચીજ જો આપણે પ્રાપ્ત કરી શકતા ન હોઈએ તો તેમાં લાભાન્તરાયકર્મને જવાબદાર ગણી શકાય.

શ્રીકૃષ્ણના ભાઈ ઢંઢણરાજકુમારે દીક્ષા લીધી. તેમને આ લાભાન્તરાયકર્મનો ઉદય હતો, તેથી તેમને ગોચરી મળી શકતી નહોતી. તેમની સાથે જો અન્ય કોઈ મુનિ પણ ગોચરી જાય તો તેમને પણ ગોચરી ન મળે !

પોતાની લબ્ધિથી ગોચરી મળે તો જ વાપરવી તેવો તેમણે નિશ્ચય કર્યો હતો. પણ આડે આવતું આ લાભાન્તરાયકર્મ તેમને ગોચરી પ્રાપ્ત થવા દેતું નહોતું. દાતાની આપવાની ઇચ્છા હોય, તેમની લેવાની ઇચ્છા હોય, વસ્તુ પણ હાજર હોય પણ ઢંઢણ મુનિ વહોરવા જાય ત્યારે તેમના લાભાન્તરાયકર્મના કારણે કોઈ ને કોઈ દોષ લાગી જતો. જેથી ગોચરી લીધા વિના જ તેમને પાછા ફરવું પડતું હતું.

એક વાર તેઓ વહોરવા જતા હતા, ત્યારે રસ્તામાં શ્રીકૃષ્ણે તેમને જોયા. નીચે ઊતરીને તેમણે ઢંઢણમુનિને વંદન કર્યાં. ''આ મુનિને શ્રીકૃષ્ણ પણ નમે છે, માટે મારે તેમને દાન આપવું જોઈએ'' તેવી ભાવના આ દૃશ્ય નિહાળનારને થઈ. તેણે ઢંઢણમુનિને બોલાવીને લાડવા વહોરાવ્યા.

વહોરીને આવ્યા બાદ, તેમણે પ્રભુને પૂછ્યું કે આજની ગોચરી તો મારી લબ્ધિથી મળી છે ને ? જવાબ મળ્યો - ના, શ્રીકૃષ્ણ ની લબ્ધિથી તમને લાડવા મળ્યા છે, તમારી લબ્ધિથી નહિ.

અને તે મુનિવર પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા તે લાડવા લઈને પરઠવવા જંગલમાં ગયા. પરઠવતી વખતે પણ પોતાના લાભાન્તરાયકર્મને અને તે કર્મ બંધાવનારા પોતાના દોષોને ધિક્કારવા લાગ્યા. પશ્ચાત્તાપનો પાવક અગ્નિ પ્રગટ્યો, જેમાં કાતિલ કર્મો બળીને ખાખ થવા લાગ્યાં. લાડવાનો ચૂરો કરતાં કરતાં તેમણે પશ્ચાત્તાપ દ્વારા કર્મોનો પણ એવો ચૂરો કરી દીધો કે જેનાથી કેવળજ્ઞાનની તેમને પ્રાપ્તિ થઈ. અનેક જીવોને પ્રતિબોધ કરીને છેલ્લે તેઓ મોક્ષે ગયા.

(૩) ભોગાન્તરાય કર્મ : જે ચીજને એક જ વાર ભોગવી શકાય તે ભોગ કહેવાય. એક વાર ભોગવ્યા પછી આ ભોગની ચીજ બીજી વાર ભોગવી શકાય નહિ. ભોજન, પાણી વગેરેનો ભોગમાં સમાવેશ થાય છે. પણ વસ્ત્ર, ધન, પત્ની, બંગલા વગેરેને ભોગની ચીજ ન કહેતાં ઉપભોગની ચીજ કહેવાય, કારણ કે આ બધી ચીજોનો એક વાર ઉપયોગ કર્યા પછી પણ અનેક વાર તેમનો ઉપયોગ કરી શકાય છે.

આવી ભોગની ચીજોનો ભોગવટો કરવાની પૂરી ઇચ્છા હોય, તે ચીજો પણ હાજર હોય છતાં પણ તે ચીજોને ભોગવી ન શકીએ તો તેમાં આ ભોગાન્તરાયકર્મ કારણ છે, તેમ સમજવું.

ડાયાબિટીસ થઈ જતાં, ગળપણવાળી ચીજો જાતે બનાવી હોય, સામે પડેલી હોય, સ્વાધીન હોય છતાં ય નથી ખાઈ શકાતી ને ? માંદા પડ્યા હોય ત્યારે ડૉક્ટર લાંઘણ કરવાનું કહે ત્યારે ખાવાની તીવ્ર ઇચ્છા હોવા છતાયં ભૂખ્યા રહેવું પડે છે ને !

હાર્ટ-એટેકના દરદીને દૂધ-ઘીવાળા ચરબી વધારનારા પદાર્થો અનિચ્છાએ પણ છોડવા પડે છે ને ? આ બધો પેલા ભોગાન્તરાય કર્મનો પ્રભાવ છે !!

મહારાણાપ્રતાપ જંગલમાં રખડી રહ્યા છે. ખાવાના ફાંફાં છે. પત્ની તથા બે દીકરાઓ સાથે તેઓ પણ ભૂખથી ટળવળે છે. પોતાને પણ કકડીને ભૂખ લાગી છે.

ત્યાં કોઈક ભિખારી પસાર થાય છે. તેની પાસે બે રોટલા છે. એક વખતનો રાજા આજે ભિખારી પાસે રોટલાની ભીખ માંગે છે. કર્મરાજે એક વખતના રાજાને આજે ભિખારી બનાવ્યો છે ! પેલો ભિખારી મહારાણાપ્રતાપને પોતાના બે રોટલામાંથી એક રોટલો આપીને આગળ વધે છે. એક રોટલાના ચાર ભાગ થાય છે. પત્ની અને બે દીકરાઓ પોતાના ભાગનો ટુકડો ખાઈ રહ્યાં છે. રાણા પ્રતાપ જ્યાં પોતાના ભાગનો ટુકડો ખાવા મોઢામાં મૂકવા જાય છે ત્યાં જ એક પક્ષી ચીલ ઝડપે આવીને, રાણાના હાથમાંથી તે ટૂકડો ઝૂંટવીને ચાલ્યું જાય છે. રાણો દૂરથી તેને જતું, લાચાર બનીને જોઈ રહે છે. ભોગાન્તરાયકર્મનો ઉદય હોવાથી રાણાપ્રતાપ; રોટલો ખાવાની ઇચ્છા હોવા છતાંય, હાથમાં રોટલો હોવા છતાંય તે રોટલાને ખાવાના સદ્ભાગ્યથી વંચિત રહી જાય છે !

દૂધપાક-પૂરીનું ભાવતું ભોજન તૈયાર છે. ભાણામાં પીરસાયું છે. ભૂખ પણ કકડીને લાગી છે. હાથમાં કોળિયો લીધો છે. ત્યાં જ દૂરથી બૂમ સંભળાઈ – ભાગો રે ભાઈ ભાગો ! નદીના ડેમમાં ગાબડું પડ્યું છે. પૂર ઝડપે પાણી આવી રહ્યું છે. જેની પાસે જે હોય તે લઈને પ્રાણ બચાવવા ભાગો" અને આ શબ્દો સાંભળતાં જ દૂધપાક-પૂરી હાજર હોવા છતાં, ખાવાની ઇચ્છા હોવા છતાં ય નાશી જવું પડ્યું. તેથી તેનો ભોગવટો કરી ન શક્યા, કારણ કે ભોગાન્તરાયકર્મ પોતાનો પરચો દેખાડી રહ્યું હતું.

(૪) **ઉપભોગાન્તરાયકર્મ :** જે વસ્તુને વારંવાર ભોગવી શકાય તે ઉપભોગ કહેવાય.

પૈસા, સ્ત્રી, વસ્ત્રો, મકાન, દાગીના વગેરે ઉપભોગની વસ્તુઓ ગણાય. જે એક વાર વાપર્યા પછી પણ નકામી બનતી નથી. તેનો વારંવાર ઉપયોગ કરી શકાય છે.

આવી ઉપભોગની વસ્તુનો ભોગવટો કરવાની પૂરેપૂરી ઇચ્છા હોય, તે વસ્તુ પણ હાજર હોય છતાં તેનો ઉપભોગ કરી ન શકીએ તો ઉપભોગાન્તરાય કર્મનો ઉદય સમજવો.

ભવદેવના નાગીલાની સાથે હજુ તો લગ્ન થયાં છે. ભવદેવ નાગીલાના શણગાર સજી રહ્યો છે. ત્યાં જ ભવદત્તમુનિ (ભાઈ મહારાજ) ગોચરી વહોરવા પધાર્યા. નાગીલાના શણગાર અધૂરા મૂકીને ભવદેવ વહોરાવવા ગયો. વહોરાવ્યા બાદ પાત્ર ઊંચકીને સાથે વિદાય આપવા ચાલ્યો. બધાં વળાવીને પાછાં ફર્યાં છતાં તે દાક્ષિણ્યથી પાછો ફરી શકતો નથી. અને ગુરુ પાસે પહોંચ્યા બાદ દાક્ષિણ્યના કારણે જ અનિચ્છાએ પણ દીક્ષા સ્વીકારે છે. બાર વર્ષ સુધી 'નાગીલા...નાગીલા'નો અજપાજપ ચાલે છે.

ભવદેવની ઇચ્છા નાગીલાને ભોગવવાની પૂરેપૂરી છે. લગ્ન તે માટે જ લેવાયાં છે. ઉપભોગની ચીજ નાગીલા પણ તે માટે તૈયાર છે. છતાંય ભવદેવ તેનો ઉપભોગ ન કરી શક્યો તેમાં તે સમયે ઉદયમાં આવેલું તેનું ઉપભોગાન્તરાય કર્મ પણ કારણ છે.

બહાર ફરવા જવું છે. સોળે શણગાર સજવાના શરૂ થયા છે. આભૂષણો પહેરાઈ રહ્યાં છે. ત્યાં જ નજીકના સગાના મૃત્યુના સમાચાર આવ્યા. પરિણામે રંગીન વસ્ત્રો કબાટમાં મૂળસ્થાને ગોઠવાઈ જાય છે. આભૂષણો લોકરમાં પાછાં મુકાઈ જાય છે. સાદાં વસ્ત્રો કમને પણ પહેરવાં પડે છે. અહીં સારાં કપડાં, આભૂષણો પહેરવાની ઇચ્છા હોવા છતાં, તે ચીજો પાસે હોવા છતાંય જે તેનો ઉપભોગ કરી શકાતો નથી, તેમાં ઉપભોગાન્તરાય કર્મનો ઉદય કારણ છે.

(૫) **વીર્યાન્તરાયકર્મ :** વીર્ય = પરાક્રમ, શક્તિ, બળ. તેનો ઉપયોગ કરવાનો અવસર આવે, ઉપયોગ કરવાની ઇચ્છા પણ હોય છતાં ય તેનો ઉપયોગ ન કરી શકીએ તેમાં કારણ આ કર્મ છે.

પર્યુષણ મહાપર્વમાં અઠ્ઠાઈ કરવાની ભાવના છે. શરીરમાં તાકાત પણ પૂરેપૂરી છે. ઘરનાં વડીલોની સંમતિ પણ મળી ગઈ છે. પરન્તુ પર્યુષણના આગલા દિવસે જ અચાનક તબિયત બગડી અને અઠ્ઠાઈ ન કરી શકાઈ અથવા તો ઘરના કોઈ સભ્યને એક્સીડન્ટ થતાં હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા અને તેની બધી જવાબદારી પોતાના માથે હોવાથી સતત ત્યાં જ રહેવું પડે તેમ હોવાથી અઠ્ઠાઈ ન થઈ શકી તેમાં કારણ વીર્યાન્તરાયકર્મનો ઉદય પણ છે

આ અંતરાયો જો જોઈતા ન હોય તો અંતરાયકર્મ બંધાવનારાં કાર્યો આજથી જ બંધ કરી દેવા.

જે બીજાને અંતરાય કરે છે, તે અંતરાયકર્મ બાંધે છે, જેના ઉદયે તેના પોતાના જીવનમાં અંતરાયો આવે છે

સાંભળવા પ્રમાણે ઋષભદેવ પરમાત્માના આત્માએ પૂર્વે કો'ક ભવમાં બળદિયાને ખાવામાં અંતરાય કરેલો. તે અંતરાય દરમ્યાન પેલા બળદિયાએ ૪૦૦ નિસાસા નાખેલા. તે વખતે પરમાત્માના આત્માને ભોગાન્તરાય કર્મ બંધાયું હતું.

પરમાત્માનો આત્મા છેલ્લા ભવમાં આ અવસર્પણીકાળના પ્રથમ રાજા બન્યા. પછી પ્રમત સાધુ બન્યા. લોકોના ઘરે ઘરે ભિક્ષા માટે ફરે છે. પણ ભિક્ષા મળતી નથી. ૪૦૦ દિનના ઉપવાસ તેમને થઈ ગયા. કાંઈ કારણ ? પૂર્વભવે બાંધેલ તે ભોગાન્તરાય કર્મ ઉદયમાં આવ્યું. પરિણામે લોકો પોતાના સ્વામીની સામે હીરા, માણેક, રત્નો, સોનામહોરો, અરે ! પોતાની દીકરીઓ ધરે છે ને સ્વીકારવાની વિનંતી કરે છે, પણ ભોજન ધરવાનો વિચાર પણ કોઈને આવતો નથી ! પરિણામે ભગવાનને પણ ૪૦૦-૪૦૦ દિવસના ઉપવાસ થઈ ગયા. ૪૦૦ દિવસ પસાર થતાં શ્રેયાંસકુમાર દ્વારા હસ્તિનાપુરમાં શેરડીના રસથી પારણું થયું.

કર્મ કહે છે કે, 'હું તો કોઈની ય શરમ રાખતું નથી. તીર્થંકરનો આત્મા પણ કેમ ન હોય ? તેના કર્મોનો પરચો તેણે પણ ભોગવવો જ પડે. મારા ત્યાં દેર ચોક્કસ છે, પણ અંધેર તો કદી નથી.'

જે કર્મે તીર્થંકરને પણ છોડ્યા નથી, તે આપણને તો છોડે જ શી રીતે ? માટે પ્રત્યેક સમયે સાવધ રહેવા જેવું છે. પાપકર્મ બંધાઈ ન જાય તેની સતત કાળજી લેવા જેવી છે. બંધાઈ ગયેલા પાપને ખતમ કરવા ધર્મારાધનામાં વધુ ને વધુ લીન બનવાની જરૂર છે.

આઠે કર્મોના નીચે પ્રમાણે ૧૫૮ પેટાભેદો આપણે વિચાર્યા.

**કર્મોના પેટાભેદો**

| ઘાતીકર્મો : – | ૪૭ | અઘાતીકર્મો – | ૧૧૧ |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય કર્મ | ૫ | વેદનીય કર્મ | ૨ |
| દર્શનાવરણીય કર્મ | ૯ | આયુષ્ય કર્મ | ૪ |
| મોહનીય કર્મ | ૨૮ | નામકર્મ | ૧૦૩ |
| અંતરાય કર્મ | ૫ | ગોત્ર કર્મ | ૨ |

સનત્કુમાર ચક્રવર્તી !

પૂર્વભવોની આરાધનાના પ્રતાપે વિશિષ્ટ પુણ્ય બંધાયેલું, જેના કારણે પુષ્કળ રૂપને તેઓ પામ્યા હતા.

દેવલોકની સભામાં એક વાર ઇન્દ્રમહારાજએ સનત્કુમારના દેદીપ્યમાન રૂપની જોરદાર પ્રશંસા કરી.

પણ બે દેવોથી આ પ્રશંસા સહન ન થઈ. ''દેવલોકના દેવો કે ઇન્દ્ર કરતાંય ચડિયાતું રૂપ કહેવાતા માનવમગતરાનું કદીય હોઈ શકે ખરું ?''

છતાં જ્યારે ઇન્દ્રમહારાજા પ્રશંસા કરે છે, તો જઈને મનુષ્યલોકમાં, જાતે જ નીરખીએ અને ખાતરી કરી લઈએ ઇન્દ્રની વાતની !''

અને તે બે દેવો, બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા આ ધરતી ઉપર. સનત્કુમારના ભવન તરફ આગળ વધ્યા. સ્નાન કરીને સનત્કુમાર હજુ હમણાં બહાર નીકળી રહ્યા હતા. દૂરથી અદ્ભુત અને આકર્ષક રૂપ નિહાળીને બંને બ્રાહ્મણો મોંઢામાં આંગળાં નાંખી ગયા ! આંખો વિસ્ફારિત થઈ ગઈ. હાથના હાવભાવ પલટાઈ ગયા.

વિકસ્વર નજરે પોતાની સામે ટીકી ટીકીને જોતાં તે બ્રાહ્મણોને જોઈને સનત્કુમારને નવાઈ લાગી. કારણ પૂછ્યું. બ્રાહ્મણોએ રૂપ જોઈને તાજ્જુબ થયાની વાત જણાવી અને રૂપના અહંકારના નશામાં ભાન ભૂલેલા સનત્કુમારે કહ્યું, ''આ રૂપ તો કાંઈ જ નથી. હજુ તો મેં સ્નાન જ કર્યું છે. જ્યારે આભૂષણોથી સજ્જ થઈને રાજસભામાં રાજ્યસિંહાસન ઉપર હું આરૂઢ થયો હોઉં ત્યારે મારું રૂપ, સૌંદર્ય જે ખીલી ઊઠશે, તે જોવા જેવું હશે. આ તો કાંઈ જ નથી !''

અને ઇન્દ્રમહારાજાએ વર્ણવેલા રૂપ-સૌંદર્ય કરતાંય અધિક રૂપ સૌંદર્ય જોઈને, મનમાં આશ્ચર્યથી હરખ પામતાં તે દેવો રાજસભાના સમયે, ખીલી ઊઠનારા વિશિષ્ટ રૂપને નિહાળવા ફરી પહોંચ્યા.

પણ અફસોસ ! રાજસભામાં બ્રાહ્મણ રૂપે આવેલા તે દેવોએ પોતાના જ્ઞાનના બળે સનત્કુમારના શરીરમાં સોળ સોળ મહારોગોને પેદા થયેલા નિહાળ્યા. જાણે કે રૂપના કરેલા અહંકારનો સાક્ષાત્ પરચો નિહાળ્યો. અહંકાર કેટલો ભયંકર છે; તેનું આબેહૂબ દર્શન થયું.

અને જે રૂપને નિરખવા આતુરતાથી આવ્યા હતા તે રૂપને રોગથી મિશ્રિત થતું નિહાળી તેઓ થૂ થૂ કરવા લાગ્યા.

પોતાના રૂપના અહંકારના નશામાં મસ્ત થઈને રાજસિંહાસન ઉપર આરૂઢ થયેલા તે સનત્કુમારે પેલા બ્રાહ્મણોને જોવા નજર જ્યારે રાજસભામાં ફેરવી ત્યારે

તે બ્રાહ્મણોને થૂ થૂ કરતાં જોઈ નવાઈ લાગી.

પાસે બોલાવીને પૂછે છે કે, ''કેમ ? મારું રૂપ હવે કેવું લાગે છે ? થૂ થૂ કેમ કરો છો ?''

ત્યારે બ્રાહ્મણોએ કહ્યું ''રાજન્ ! આપના શરીરમાં અનેક રોગોએ પ્રવેશ કરી લીધો છે. ખાતરી કરવી હોય તો કરી લો.'' અને થૂંકદાનીમાં થૂંકતાં જ પોતાને થયેલા રોગોનું રાજા સનત્‌ને ભાન થયું. અને વિચારધારા પલટાઈ.

''આ શરીર ! ક્યારે દગો દઈ દે તેની ખબર ન પડે ! ગમે તેટલું સાચવો, ગમે તેટલી કાળજી લો, પણ તેનો સ્વભાવ જ નશ્વર ! તે એક દિવસ નાશ પામવાનું. તેનામાં ફેરફારો થયા જ કરવાના અને રોગોનું તો તે ઘર છે. આવા શરીરમાં આસક્ત હવે શી રીતે બનાય ?''

એને અત્તર છાંટો તોય તે કલાકો બાદ પસીનાના રેલા નીકાળે. એને સારામાં સારાં ભોજન આપો તોય તે બદબૂભરેલી વિષ્ઠા જ બહાર કાઢે. આ કાયા પાછળની માયા અનંતા પાપો બંધાવનારી છે.

અરે ! હું ભૂલ્યો. અત્યાર સુધી મારા રૂપ પાછળ પાગલ બન્યો. તેને જ શણગારવાના મેં પ્રયત્નો કર્યા. પણ આ કાયાની અંદર રહેલા આત્માના રૂપને જોવાનું વિસરી ગયો. લાવ ! આત્માના રૂપને નિહાળું. તેને શણગારું. જે રૂપ શાશ્વત છે. સદા ટકવાનું છે. પરિવર્તન નહિ પામવાના સ્વભાવવાળું છે. સદા સુગંધી ફેલાવનારું છે...!

અને વૈરાગ્યની ધારાઓ ઉછળવા માંડી તેમના આત્મપ્રદેશોમાં. હવે આ સંસારમાં નથી રહેવું. હવે તો કર્મોને ખતમ કરવા છે.

અને સનત્કુમારે દીક્ષા સ્વીકારી. ત્યાગના કાંટાળા માર્ગે રંગીલારાણા ચાલી નીકળ્યા. કહે છે કે લગાતાર છ મહિના સુધી તેમનો પરિવાર તેમની પાછળ ભટક્યો છે, તેમને સમજાવવા ને મનાવવા. ગમે તે રીતે માની જાય અને ફરી રાજ્ય સંભાળે તે માટેસ્તો.

પણ આ કાંઈ વૈરાગ્યનો હળદરીયો રંગ નહોતો. અંદરનો આતમ જાગ્યો હતો. વૈરાગ્યની ધૂણી ધખી ગઈ હતી. સતત સંસારીઓ દ્વારા કાકલૂદીઓ અને વિનંતિઓ થવા છતાંય સનત્કુમાર પોતાના નિર્ધારમાં મક્કમ રહ્યા. અને આત્મસાધનામાં લીન બન્યા.

આરાધનાની તાકાત જ વિશિષ્ટ પ્રકારની હોય છે. અનેક પ્રકારની લબ્ધિઓ આરાધનાના પ્રભાવે પેદા થયા વિના રહેતી નથી. સનત્મુનિમાં પણ અનેક લબ્ધિઓ

પેદા થઈ છે. છતાં શરીરને વળગીને રહેલા ૧૬-૧૬ મહારોગોને તેઓ સમતાથી સહન કરી રહ્યા છે.

તેમાં એકવાર પેલા બે દેવો વૈદરાજનું રૂપ કરીને સનત્‌મુનિ પાસે આવ્યા. અને વિનંતી કરી કે, ''મુનિવર ! આપના શરીરમાં અનેકરોગો છે. તે રોગોને મટાડવા માટે ઔષધ કરવા આવ્યા છીએ. કૃપા કરીને આપ રજા આપો તો આપના શરીરમાં રહેલા રોગોને દૂર કરીને આપની કાયા નીરોગી બનાવી દઈએ. જેથી ધર્મારાધના કરવામાં આપને ખૂબ અનુકૂળતા રહે.''

તે વખતે સનત્‌મુનિએ પોતાની આંગળી મોઢામાં નાંખીને બહાર કાઢી. પોતાના થૂંકના સ્પર્શે કોઢથી ભરેલી તે આંગળી કંચનવર્ણી બની ગઈ.

કંચનવર્ણી બની ગયેલી તે આંગળી વૈદરાજને બતાડીને સનત્‌મુનિ કહે છે કે, ''હે વૈદરાજો ! શરીરના રોગોને દૂર કરવાની તાકાત તો મારા થૂંકમાંય - આરાધનાના પ્રતાપે - પેદા થઈ છે. પણ મારે આ શરીરના રોગોને મટાડવા નથી. તે તો ઉપકારી છે. તેને સમતાથી સહન કરવાથી મારા અનંતા કર્મો ખપી રહ્યા છે.

પણ ઓ વૈદરાજ ! મારા આત્માને જે ૧૫૮ રોગો લાગુ પડ્યા છે, તે ૧૫૮ રોગોને તમે મટાડી શકો તેમ છો ? મારે તો આ ૧૫૮ રોગોને મટાડવા છે ! તે મટાડી શકતા હો તો તે માટે તમારે જે કાંઈ કરવું પડે તેમાં મારી સંમતિ છે.

આત્માના ૧૫૮ રોગો મટાડવાની તાકાત પેલા વૈદરાજ બનીને આવેલા દેવોની થોડી હતી કે તેઓ હા પાડી શકે ? વિલખા પડી ગયેલા મુખવાળા તેઓ સનત્‌મુનિની સહનશક્તિ તથા આત્માના ૧૫૮ રોગમાંથી મુક્તિ મેળવવાની ભાવનાને અનંતશઃ વંદના કરતાં પોતાના સ્થાને ચાલ્યા ગયા.

૭૦૦ વર્ષ સુધી લગાતાર ભયંકર ૧૬ રોગોને સહન કરીને સનત્‌મુનિએ આત્માનું કલ્યાણ સાધી લીધું.

આત્માને લાગેલા ૧૫૮ રોગો ક્યા ? તેવો સવાલ અહીં કદાચ આપણને થાય.

આ ૧૫૮ રોગો એટલે ૧૫૮ પ્રકારનાં કર્મો. પૂર્વે પ્રકૃતિબંધમાં આપણે જે આઠ કર્મો વિષે વિગતથી વિચારી ગયા તે આઠ કર્મોના પેટા ભેદો ૧૫૮ થાય છે. તે ૧૫૮ કર્મોને ખતમ કરીએ તો જ આત્મા નીરોગી બને. તેનો મોક્ષ થઈ શકે.

આપણે આ ૧૫૮ રોગોને એક પછી એક ઓળખ્યા છે. તેની વિગતથી માહિતી મેળવી છે. હવે તેને ખતમ કરવા માટે આરાધનાનો જોરદાર યજ્ઞ માંડવાનો સંકલ્પ કરવાનો છે.

# ૧૬ કર્મોનો કાળ

આત્મા પ્રત્યેક સમયે જે જે કાર્મણ રજકણોને ગ્રહણ કરે છે, તે તે રજકણો ત્યારથી કર્મ તરીકે ઓળખાય છે. તે વખતે જેમ તેમનો સ્વભાવ (પ્રકૃતિ) નક્કી થાય છે, તેમ તેમની સ્થિતિ (કાળ)નો પણ નિર્ણય થાય છે. એટલે કે આ કર્માણુઓનો જથ્થો કેટલા સમય સુધી આત્માની સાથે ચોંટીને રહેશે ? તે પણ નક્કી થાય છે.

આપણા આત્માને જે જે કાર્મણ રજકણો ચોંટે છે, તે દરેક રજકણ કાંઈ અનંતકાળ સુધી આત્મા ઉપર રહી શકતી નથી.

કેટલીક રજકણો આત્માથી છૂટી પડે છે તો કેટલીક નવી રજકણો ચોંટે છે. આમ પ્રવાહથી વિચારીએ તો કોઈ સમય એવો નથી હોતો કે જ્યારે સંસારી આત્મા ઉપર કાર્મણ રજકણો ચોંટેલી ન હોય.

કોઈ રજકણો આંખના પલકારાથી ય ઓછો સમય આત્મા ઉપર રહે તો કોઈ બે-પાંચ તો કોઈ પાંચસો-હજાર વર્ષ સુધી પણ રહે. કોઈ કરોડો વર્ષ સુધી રહે, તો કોઈ રજકણો પલ્યોપમો અને સાગરોપમો (અસંખ્યાત કાળ) સુધી આત્માને ચોંટીને રહે છે. તે રજકણો જેટલો સમય આત્માની સાથે ચોંટીને રહેવાની હોય તે સમયનો નિશ્ચય તે રજકણો ચોંટે ત્યારે જ થઈ જાય છે.

પરન્તુ સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે પરસ્ત્રી સામે ટીકી ટીકીને વિકારી નજરે જોનારાને તે વખતે ચોંટેલી કાર્મણ રજકણો તરત જ તેનો આંખે આંધળા બનાવવાનો સ્વભાવ બતાડતી નથી !

અનેકોની નિંદા-ટીકાને સાંભળવાનો રસ ધરાવનારી વ્યક્તિઓના કાનોને બહેરા કરવાનો પોતાનો સ્વભાવ તે નિંદા સાંભળતી વખતે બંધાયેલાં કર્મો તરત જ બતાવતા નથી !

અનંતા જીવોનો ખાત્મો બોલાવી દેતા કંદમૂળભક્ષણના સમયે બંધાતાં કર્મો તરત જ જીભનો પેરાલીસીસ કરી દેતા દેખાતા નથી. આમ કેમ ? શું બંધાયેલાં કર્મો તરત જ પોતાનો સ્વભાવ ન બતાવે? બતાવે તો ક્યારે બતાવે ? કેટલા સમય સુધી બતાવે ? તેવા સવાલો આપણા મનમાં કદાચ ઉપસ્થિત થાય; તે સ્વાભાવિક છે. તેનો જવાબ જાણવો આપણા માટે ખૂબ જ ઉપયોગી છે. કર્મોથી ઘેરાયેલા આપણા જેવા માટે આ જવાબ ઉપરનું ચિંતન ખૂબ જ આશ્વાસનપ્રદ છે. આશાપ્રદ છે. નિરાશા

અને લાચારીને દૂર કરીને પુરુષાર્થનું શૂરાતન જગાડનાર છે.

આપણા આત્માને જ્યારે જ્યારે કાર્મણ રજકણો ચોંટે છે, ત્યારે ત્યારે તરત જ તે કાર્મણ રજકણો પોતાનો સ્વભાવ બતાડવાનું શરૂ નથી કરતી.

ધારો કે બીજા જીવોને ત્રાસ આપતાં આપણે જે કાર્મણ રજકણો બાંધી તે કાર્મણ રજકણોનો સ્વભાવ કેન્સરની ગાંઠ કરવાનો નક્કી થયો હોય અને તે રજકણો ૧૦૦ વર્ષ સુધી આત્માની સાથે રહેવાની છે તેવો તેનો કાળનિશ્ચય થયો હોય તોપણ તે રજકણો બંધાતાંની સાથે તરત જ કેન્સરની ગાંઠ ન કરે. થોડોક સમય તે રજકણો પોતાનો સ્વભાવ બતાવ્યા વિના શાન્ત બેસી રહે. ત્યાર બાદ જ તે પોતાના પરચા બતાડવા શરૂ કરે.

બે મિત્રો વચ્ચે, (કેરીનો) વધારે રસ કોણ પી શકે ? તેની સ્પર્ધા લાગી. એક મિત્રે પોતાના શરીરની ય દરકાર કર્યા વિના ઉપરાઉપરી રસ ગટગટાવવા માંડ્યો અને પ્રથમ નંબરે આવ્યો.

રસ પીવામાં અતિરેક કર્યો હોવાના કારણે તેના પેટમાં વાયુ અવશ્ય પેદા થવાનો છે. પણ શું તે વાયુ તરત જ પેદા થાય ખરો ?

ના, બે-અઢી કલાક તો તે રસ પેટમાં એમને એમ પડી રહે છે. ત્યાર પછી જ વાયુનું અજીર્ણ થાય છે.

કો'ક માણસે અન્ય કોઈનું ખૂન કરી દીધું. શું તેને તરત તેની સજા મળી જાય છે ? ના, કોર્ટમાં કેસ ચાલે, હીયરિંગ થાય, પછી જજમેન્ટ મળે. જ્યાં સુધી જજમેન્ટ ના આવે ત્યાં સુધી તેના તે ગુનાની સજા તેને મળતી નથી.

બસ, આપણે બાંધેલાં કર્મોનું પણ તેવું જ છે. જે ક્ષણે બાંધ્યા તે જ ક્ષણે તેઓ પોતાનો સ્વભાવ બતાડવા માંડતાં નથી. થોડોક સમય તો શાન્ત પડ્યાં રહે છે. પછી જ પોતાનો પ્રભાવ બતાડે છે.

આ કર્મોને ટાઈમબોમ્બ જ સમજી લો ને ! સવારના સાત વાગે કોઈક ટાઈમબોમ્બ ગોઠવ્યો, પણ તેમાં દસ વાગ્યાના સમયે તે ફૂટે તેવું એડ્જસ્ટમેન્ટ કરેલું. તો હવે શું થાય ? શું ગોઠવતાંની સાથે તરત જ તે ટાઈમબોમ્બ ફૂટે ? ના. ત્રણ કલાક તો તે બોમ્બ એમ ને એમ જ પડ્યો રહેશે. જ્યારે બરોબર દસ વાગશે ત્યારે જ ફૂટશે. બરોબર ને ?

આમ, ટાઈમબોમ્બ થોડો સમય શાન્ત પડી રહે, ત્યારબાદ તે પોતાનો પ્રભાવ બતાડે. તે રીતે કાર્મણ રજકણો પણ થોડો સમય આત્માની સાથે શાન્તપણે ચોંટેલી રહે. ત્યારપછી તે પ્રભાવ બતાડે.

(૧) જેટલા સમય સુધી તે કાર્મણરજકણો પોતાનો સ્વભાવ બતાવ્યા વિના શાન્તપણે આત્માને ચોંટેલી રહેવાની છે, તેને શાન્તિકાળ કહેવાય છે, શાસ્ત્રીય પરિભાષામાં તે અબાધાકાળ તરીકે ઓળખાય છે. કારણ કે તેટલા કાળ દરમ્યાન તે રજકણો આત્માને કોઈપણ પ્રકારની બાધા પહોંચાડવાની નથી.

(૨) અબાધાકાળ પૂર્ણ થયા પછી તે કાર્મણરજકણો તરત પોતાનો સ્વભાવ બતાડવા લાગશે. પોતાનો સ્વભાવ બતાડવાનું કામ તે રજકણો જેટલા સમય સુધી કરવાની છે, તે કાળને શાસ્ત્રીય પરિભષામાં વિપાકકાળ કહેવાય છે, કારણ કે તે સમય દરમ્યાન તે કાર્મણરજકણો પોતાનો વિપાક = પરચો બતાડવાની છે.

આમ તમામ કાર્મણરજકણો થોડો સમય શાંત રહીને ત્યાર પછી જ પોતાનો સ્વભાવ બતાડવાનું નક્કી કરે છે.

પણ તેમાં ય કેટલીક વિશેષતા છે. શાન્તિકાળ પૂર્ણ થતાં વિપાકકાળ શરૂ થાય ત્યારે કર્મનો ઉદય થયો, તેમ કહેવાય છે.

પરન્તુ જે કર્મનો બાંધતી વખતે જે પરચો બતાડવાનો સ્વભાવ હતો, તે જ સ્વભાવ તે કર્મ પોતાના ઉદયકાળમાં બતાવે, તેવું દરેક વખતે બનતું નથી. શાંતિકાળમાં તે કર્મના સ્વભાવ, સ્થિતિ વગેરેમાં ઘણા મોટા ધરખમ ફેરફારો પણ થાય છે. બાંધતી વખતે જે કાર્મણ રજકણોમાં સુખ આપવાનો સ્વભાવ નક્કી થયો હતો, તે જ રજકણોનો સ્વભાવ દુઃખ આપવામાં ટ્રાન્સફર પણ થઈ શકે છે. દુઃખ દેવાના સ્વભાવવાળી કાર્મણરજકણો એકાએક સુખ આપવાના સ્વભાવવાળી પણ બની શકે છે. આ રીતે તદ્દન વિરુદ્ધ સ્વભાવ પણ તે રજકણોમાં, તેના શાંતિકાળ દરમ્યાન આત્માના પોતાના પુરુષાર્થ વડે કરી શકાય છે અને તેથી જ આપણા ત્યાં પ્રારબ્ધ કરતાં ય પુરુષાર્થનું મહત્ત્વ વિશેષ છે.

જેમ સ્વભાવમાં પલટો થઈ શકે છે તેમ તેનો કાળ પણ ઓછો કે વધારે થઈ શકે છે. તેની તીવ્રતા કે મંદતામાં (રસમાં) પણ ધરમૂળથી ફેરફાર પુરુષાર્થના જોરે થઈ શકે છે.

જ્યાં સુધી કાર્મણ રજકણોનો શાંતિકાળ ચાલે છે, ત્યાં સુધી આત્મા પોતે પોતાના સારા કે નરસા પુરુષાર્થ વડે તેમાં સુધારો કે બગાડો, વધારો કે ઘટાડો કરી શકે છે.

એટલે હવે એવો કોઈ નિયમ રહેતો નથી કે, કાર્મણ રજકણોના ચોંટતી વખતે - જે સ્વભાવ, જે સ્થિતિ અને જે રસ નક્કી થયા, તે કાયમ જ રહે. ના, બિલકુલ નહિ, એ બધામાં ધરખમ ફેરફારો શાંતિકાળ દરમ્યાન થઈ શકે છે.

બીજા જીવોને રિબાઈરિબાઈને મારી નાંખવાની ક્ષણે, કેન્સરના ભયંકર દુઃખોને

લાવે તેવું ૧૦૦૦ વર્ષનું (૧૦૦ વર્ષ શાંતિકાળ અને ૯૦૦ વર્ષ વિપાકકાળવાળું) અશાતા વેદનીયકર્મ બાંધ્યું. પરંતુ ૧૦૦ વર્ષના શાન્તિકાળ દરમ્યાન જો તે આત્મા તેનો ભારોભાર પશ્ચાત્તાપ કરે, જીવદયાના સુંદર કાર્યો કરે, અનેકોની દુઆ મેળવે તો તે કેન્સર કરનારી અશાતાવેદનીયકર્મની રજકણોનો સ્વભાવ સુખ આપવાનો બની જાય, એટલે કે તે કર્મ અશાતાવેદનીય મટીને શાતાવેદનીય બની જાય. તેનો જ્યારે શાંતિકાળ પૂર્ણ થશે ત્યારે તે દુઃખ આપવાના બદલે સુખ આપશે.

કર્મનો ઉદય જ્યાં સુધી નથી થયો ત્યાં સુધીમાં કરાતા સાચા પુરુષાર્થથી ખરાબ કર્મો સારા કર્મોમાં ફેરવાઈ જાય છે, તે વાત સમજવા રોકફેલરના જીવનનો પ્રસંગ ઉપયોગી બનશે.

અમેરિકાના સૌથી વધારે શ્રીમંત ગણાતા રોકફેલરે પોતાની આત્મકથામાં, પોતાની પુખ્તવયમાં આવેલી માંદગીની વાત લખી છે.

એ માંદગી એમને ખૂબ જ અસહ્ય થઈ પડી હતી. રાત્રે ઊંઘ આવતી નહોતી. દિવસે પણ આંખ મીંચાતી નહોતી. નિદ્રાદેવીએ જાણે કે તેમની સાથે અબોલા લીધા હતા.

શ્રીમંતાઈના જોરે અનેક ડૉક્ટરોની દવા ચાલતી હતી, પણ કોઈ રીતે માંદગી દૂર થતી નહોતી. અનેક રાત્રિઓના ઉજાગરા થઈ ગયા. તેઓ ત્રાહિમામ્ પોકારી ગયા. અતિ ત્રાસેલા તેમણે ડૉક્ટરોનો પણ ઊધડો લઈ નાંખ્યો, જે અડફેટમાં આવ્યા તે બધાને ધમકાવી નાંખ્યા, 'પ્રેમ'ની વાતો કરનારાનો પ્રેમ ક્યાં ગયો ? મારા દુઃખમાં કેમ કોઈ ભાગીદાર થતાં નથી ? તમારી લાગણી ભરેલી મીઠી મીઠી વાતો ક્યાં ગઈ ? શું મારું સાચું સગું કોઈ જ નથી ? મારા આત્માને શાંતિ કોઈ નહિ આપે ?

એક રાત્રિની વાત છે. ભયંકર પીડા ચાલુ છે. બધા સૂઈ ગયા છે, પણ તેને ઊંઘ આવતી નથી. પડખાં ફેરવવાનું ચાલુ છે. વિચારોએ મન ઉપર કબજો જમાવ્યો છે. 'આટઆટલી સંપત્તિ મારી પાસે હોવા છતાંય, સારામાં સારા ડૉક્ટરો મારી તહેનાતમાં હોવા છતાંય, આટલા બધા સ્વજનો સેવા કરતાં હોવા છતાંય, ભૌતિક દૃષ્ટિએ કોઈ વાતની કમી ન હોવા છતાંય મારું દુઃખ કેમ દૂર થતું નથી ? શું કારણ ?

આજ સુધી હું એમ જ માનું છું પૈસો એ જ સર્વસ્વ છે. પૈસાથી જ બધું થાય. આ દુનિયામાં કોઈ ચીજ એવી નથી કે જે પૈસા વડે ન મેળવી શકાય ! જગતમાં પૈસા જેવી મૂલ્યવાન ચીજ કોઈ નથી. જેની પાસે પૈસો છે, તેની પાસે સ્વર્ગનાં તમામ સુખો છે. તેની પાસે એકાદ નાનકડું દુઃખ પણ ટકી શકતું નથી.

પૈસાથી ખાવા-પીવાનું મળે. પહેરવા-ઓઢવાનું મળે. માન-સન્માન મળે.

દુનિયાની તમામ ચીજો મળે. પૈસાથી ધારીએ તે ચીજ ખરીદી શકીએ.

હું એકલો જ નહિ, દુનિયાના બધા લોકો આ માન્યતા ધરાવે છે; અને તેવી માન્યતાના કારણે જ એકમાત્ર પૈસાને લક્ષ્ય બનાવીને જીવે છે. એ પૈસો મેળવવા ભીષણ પુરુષાર્થ કરે છે. રાત-દિવસ પણ જોતાં નથી.

પણ...પણ...આજે હું આ શું અનુભવું છું ? મારી માન્યતાનો મહેલ આજે કીચુડ કીચુડ અવાજ કરીને સરી પડતો કેમ દેખાય છે? મારી પાસે તો પુષ્કળ પૈસો છે. તો તેના વડે મારું દુઃખ દૂર કેમ થતું નથી ? તેના વડે નિદ્રા કેમ મળતી નથી ?

હું પૈસા વડે શાંતિને કેમ ખરીદી શકતો નથી ?

શું આ પૈસાથી મને એકલાને પણ ઊંઘ ન મળી શકે ? મારા એકલાના દુઃખ પણ દૂર ન થઈ શકે ? શું હું એકલો પણ શાન્તિ ન અનુભવી શકું ?

તો...તો....આ પૈસો મારે શા કામનો ? તેની પાછળનું મારું પાગલપન શા કાજે ?

અરરરર....! આ પૈસાને મેળવવા મેં રાત-દિન એક કર્યા. કાવાદાવા અને પ્રપંચો કર્યા. અનીતિ અને વિશ્વાસઘાત કર્યા.

વળી, પૈસાનો સંગ્રહ કરવા મારા જીવનમાં પણ હું ખાસ ભોગ-વિલાસ ભોગવી શક્યો નહિ. શાંતિથી જંપીને બેસી શક્યો નહિ. દાનાદિ પણ મેં કાંઈ ન કર્યા. કંજૂસ માણસ તરીકે પ્રસિદ્ધ થયો.

અનેકોના પસીના ઉતારીને, લોહી નીચોવીને જે પૈસો મેં ભેગો કર્યો, તે બધો પૈસો ભેગો મળીને ય મારું આજનું દુઃખ દૂર કરી શકતો નથી; માટે લાગે છે કે આ પૈસા પાછળની મારી દોટ મારા જીવનની ગંભીરમાં ગંભીર ભૂલ છે.

ખેર ! જે બન્યું તે ખરું. હવે મારે મારી ભૂલ ચાલુ રાખવાની ભૂલ કરવી નથી. મારે મારી ભૂલ સુધારવી છે. તેનું પ્રાયશ્ચિત્ત કરવું છે અને તેથી આજે હમણાં જ હું પરમેશ્વરને યાદ કરીને, તેમના ચરણોમાં વંદના કરીને, સંકલ્પ કરું છું કે જો હું આ દુઃખમાંથી મુક્ત થઈશ તો મારી આ સંપત્તિનું છૂટે હાથે દાન દઈશ.

મારા જેવો શ્રીમંત માણસ જો છતે ડૉક્ટરે, છતી દવાએ આટલું બધું દુઃખ સહન કરે તો બિચારા ગરીબોનું તો શું થતું હશે ? તેમની પાસે ડૉક્ટરને કોણ લાવતું હશે ? તેને દવા જોવા પણ મળતી હશે ખરી ?

ના, બસ જાગ્યા ત્યારથી સવાર. હવે ઊંઘવું નથી. હવે પૈસા પાછળ દોટ મૂકવી નથી. હવે તો આ પૈસો તે દુઃખીઓ પાછળ ફના કરવો છે.'

અને.....રોકફેલરના આ સંકલ્પે જબરું કામણ કર્યું. તેના આત્મા ઉપર-માંદગીનું આ દુઃખ હજુ ઘણા સમય સુધી ચાલુ રાખનારી - જે કાર્મણ રજકણો પડેલી હતી, તેમાં આ સંકલ્પના જોરે જાણે કે ફેરફાર થવા લાગ્યો. દુઃખ આપવાનો તેમનો સ્વભાવ સુખ આપવાના સ્વભાવમાં જાણે કે પલટાઈ ગયો.

પળો જેમ જેમ પસાર થાય છે, તેમ તેમ તે તે કાર્મણ રજકણો ઉદયમાં તો આવે છે; ટાઈમબૉમ્બ ફૂટે પણ છે; પરન્તુ તેના ધડાકા રોકફેલરને દુઃખી કરી શકતા નથી. ચીસો પડાવતા નથી. બલકે શાન્તિ અને પ્રસન્નતા આપે છે. શૂળ મટવા માંડ્યું. ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. નજીકમાં રહેલા બધા ઘસઘસાટ ઊંઘતા રોકફેલરને જોઈને આશ્ચર્યમાં મુકાઈ ગયા; કેમ કે ઘણા દિવસોના અંતે આજે રોકફેલર આવી શાંતિથી ઘસઘસાટ સૂતો છે !

માંદગીના બિછાનેથી રોકફેલર ઝડપથી ઊભો થઈ ગયો અને તેની સાથે જ તેનું જીવન પણ અંધકારમાંથી પ્રકાશ તરફ આગેકૂચ કરવા લાગ્યું. કંજૂસ મટીને તે દાતા બન્યો. મહાન દાનવીર તરીકે જગતમાં પ્રસિદ્ધ થયો.

આમ જ્યાં સુધી કર્મ રૂપી ટાઈમબૉમ્બ ફૂટતો નથી ત્યાં સુધી તો તેનો આખોને આખો સ્વભાવ, એની સ્થિતિનો નિર્ણય કે એનું નક્કી થયેલું બળ ! એ ત્રણેયમાં મોટા ફેરફાર થઈ શકે છે.

ધારો કે એક દયાળુ માણસ છે. પરમાત્માની રોજ સુંદર રીતે, ભાવવિભોર બનીને અષ્ટપ્રકારી પૂજા કરે છે. નાનો જીવ પણ મરી ન જાય તેની પળે પળે કાળજી રાખે છે. અળગણ પાણી કદી વાપરતો નથી. રસોડામાં પૂંજાણી હાજર છે. પૂંજ્યા વિના તેના ત્યાં અગ્નિ પ્રગટતો નથી. આવો આ દયાળુ માણસ જ્યારે પરમાત્માની પૂજા કરી રહ્યો છે, ત્યારે જે કાર્મણ રજકણો બંધાઈ, તેનો સ્વભાવ તેને પુષ્કળ સુખ આપવાનો નક્કી થયો છે.

પછી, તે રજકણોનો શાન્તિકાળ શરૂ થયો છે. હજુ તેનો ટાઈમબૉમ્બ ફૂટ્યો નથી. આ શાન્તિકાળ દરમિયાન ધારો કે તે માણસને ખરાબ મિત્રોની સોબત થઈ. જેવી સોબત તેવી અસર. સારાના સંગે સારા બનાય ને ખરાબના સંગે ખરાબ. તેથી તો કહ્યું છે ને કે મિત્ર વિનાના રહેજો પણ ખરાબ મિત્રોની સોબત તો સ્વપ્નમાંય ન કરજો.

કુસંગના ફંદે ફસાયેલો આ માનવ હવે હિંસક અને ક્રૂર બન્યો, કઠોર ને નઠોર બન્યો. ગંદા પુસ્તકો વાંચવા લાગ્યો. ગંદા ફોટા જોવા લાગ્યો. બ્લ્યૂફિલ્મ જોવાનો શોખીન બન્યો. દારૂડિયો બન્યો, દુરાચારી બન્યો.

તેના જીવનમાં આવેલું આ વિપરીત પરિવર્તન, પૂર્વે તેણે બાંધેલી સુખ આપવાના સ્વભાવવાળી કાર્મણ રજકણોના સ્વભાવ વગેરેમાં પણ પરિવર્તન લાવ્યા વિના ન રહે. એ જ કર્માણુઓ હવે દુષ્ટ સ્વભાવવાળા બની જાય. એટલે કે હવે જ્યારે તે ટાઈમબૉમ્બ ફૂટશે ત્યારે તે માણસને સુખના બદલે મહાત્રાસ મળશે. તે દુઃખી દુઃખી બનશે. તે કર્મ તેને હાયવોય કરાવશે. રડારોળમાં સમય પસાર કરાવશે.

વળી, તે પૂર્વે તે કર્માણુમાં દસ વર્ષ સુધી પોતાનો પરચો બતાવવાનું (વિપાકકાળ) નક્કી થયું હશે તો હવે તે કાળ કદાચ પચાસ વર્ષનો થઈ જશે. એટલે કે પૂર્વે જે કર્માણુઓ શાન્તિકાળ પૂર્ણ થયા બાદ દસ વર્ષ સુધી પુષ્કળ સુખ આપનારા તરીકે નિયત થયા હતા, તે હવે શાન્તિકાળ પછી પચાસ વર્ષ સુધી ભયંકર વેદના આપીને દુઃખી બનાવનારા થશે.

દારૂ અને દુરાચારની અવસ્થામાં તે કર્માણુનો શાન્તિકાળ ચાલે છે. તેથી તેને હાલ તો તે કર્માણુના બદલાઈ ગયેલા સ્વભાવ અને સ્થિતિનો ખ્યાલ નહિ આવે, પણ ટાઈમબૉમ્બ ફૂટે એટલી વાર ! શાન્તિકાળ પૂર્ણ થતાં રડી રડીને મરી જાય તેવી તેની હાલત આ દારૂ, દુરાચાર વગેરેના પ્રભાવે થવાની છે.

તે જ રીતે, ધારો કે એક માણસ કુસંગના નાતે જીવન બરબાદ કરી બેઠો છે તેના જીવનમાં અનેક પ્રકારની દુષ્ટતા પ્રવેશી ગઈ છે. અત્યંત સ્વાર્થી તે બન્યો છે. પોતાના નજીવા સ્વાર્થને સાધવા બીજાનો જાન જોખમમાં મૂકતા પણ તેને કાચી સેકંડની વાર લાગતી નથી. આ લોક મીઠા તો પરલોક કોણે દીઠા ? તેવું તે માને છે. તેથી ધર્મ જેવી ચીજ તેના જીવનમાં જોવા ય મળતી નથી. 'ખાઓ, પીઓ ને મજા કરો.' તે જ તેનું જીવનસૂત્ર બન્યું છે. પોતાના નજીવા સુખ ખાતર તે બીજા જીવોને દુઃખના દાવાનળમાં ઝીંકી રહ્યો છે. તેવા સમયે તે જે કાર્મણ રજકણોને ખેંચે છે, તેમાં દુઃખ આપવાનો સ્વભાવ નક્કી થાય છે. પરન્તુ તે કાર્મણ રજકણો તરત તો તેને દુઃખ આપવા લાગતી જ નથી. તેનો શાન્તિકાળ પસાર થઈ રહ્યો છે.

પરન્તુ ધારો કે તે શાન્તિકાળ દરમ્યાન તેના હાથમાં ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનના અંકો આવે છે. તેનું વાંચન કરતાં તે ચિંતનમાં ગરકાવ બને છે. જીવનમાં પરિવર્તન લાવે છે. અથવા તો મારા ગુરુદેવશ્રી જેવા કોઈ વિશિષ્ટ જ્ઞાની પ્રભાવક ગુરુના પ્રવચન સાંભળે છે. જે તેના હૃદયમાં સંવેદનો પેદા કરે છે. તેના જીવનમાં ટર્નિંગ પોઈન્ટ આવે છે.

પરિણામે તે પોતાના જીવનના દોષોની કાળી કિતાબ લખે છે. તે લખતી વખતે ક્યાંય જરાય માયા-કપટ ન થઈ જાય તેની પૂર્ણ તકેદારી રાખે છે. લખતી વખતે

હૃદયમાં ભારોભાર પશ્ચાત્તાપ કરે છે.

ક્યાં ? કોની સાથે ? ક્યારે ? કેટલીવાર ? ક્યા ક્યા ભાવો સાથે ? શું શું ? ભૂલો પોતે કરી બેઠો છે, તે બધું જ એન્લાર્જ કરી કરીને, લખી દે છે. બેશરમ બનીને જે ભૂલો કરી છે, તે બધી જ બેશરમ બનીને પ્રાયશ્ચિત્ત મેળવવા લખી લે છે.

અને સાચી શુદ્ધિ મેળવવા ગુરુ ભગવંતના ચરણોમાં પોતાના જીવનની કાળી ડાયરી સુપ્રત કરે છે. આ દુનિયામાં મારા જેવો ભયંકરમાં ભયંકર પાપી કોઈ નથી, મને બચાવો....મને બચાવો...તેવા હૃદયના ઉદ્ગારો તેના નીકળી રહ્યા છે અને જીવનશુદ્ધ બનીને નવું સદાચારભર્યું જીવન જીવવાનો સંકલ્પ કરે છે. જૂની ભૂલોને કાયમ માટે દફનાવી દે છે. પવિત્રતાને પોતાનો પ્રાણ બનાવે છે. શુદ્ધિ તેનું ધ્યેય બને છે. જીવનમાં નવું તેજ, નવી કાંતિ, નવી રોનક આવે છે.

તેના તન-મન-જીવનના આ પરિવર્તન સાથે જ, પૂર્વના તેના દુષ્ટ સ્વભાવ સમયે બંધાયેલી કાર્મણ રજકણોના સ્વભાવ-સ્થિતિમાં પણ પરિવર્તન આવે છે.

હવે પેલા દુ:ખ દેવાના સ્વભાવવાળા કર્માણુઓ દુ:ખના બદલે સુખ દેવાના સ્વભાવવાળા બની જશે. તેની સ્થિતિ પણ વધી જશે. પરિણામે શાન્તિકાળ પૂર્ણ થતાં, જ્યારે તે કર્માણુનો ટાઈમબૉમ્બ ફૂટશે ત્યારે તે દુ:ખી બનવાના બદલે સુખી સુખી બનશે.


**પૂજ્ય મુનિશ્રી મેઘદર્શનવિ.મ.સા. લિખિત**

જીવનપરિવર્તક પુસ્તકો અવશ્ય વસાવો.

**★ શ્રાવકજન તો તેને રે કહીએ.**

**★ તારક તત્ત્વજ્ઞાન**

**★ સૂત્રોના રહસ્યો**

**★ કર્મનું કમ્પ્યુટર**

દરેક પુસ્તકનું મૂલ્ય : રૂા. ૩૦

પ્રાપ્તિસ્થાન : સંસ્કૃતિભવન તથા વર્ધમાન સંસ્કૃતિધામ

# ૧૭ આઠ કરણ

પ્રત્યેક સમયે આપણા આત્મામાં જુદા જુદા પ્રકારના ભાવો પેદા થાય છે. અને તે ભાવોને અનુસરતાં કર્મો પણ બંધાયાં કરે છે.

વળી બંધાયેલાં તે કર્મોનો જ્યાં સુધી શાંતિકાળ ચાલે છે ત્યાં સુધી તેમાં કેટલાક પ્રકારના ફેરફારો પણ થયા કરે છે.

આત્મા ઉપર કર્મો ચોંટવાં, તેમાં ફેરફાર થવો વગેરેનાં કારણ જે ભાવો = અધ્યવસાયો છે, તેને કરણ કહેવામાં આવે છે.

આવા આઠ કરણોનું વર્ણન આપણાં શાસ્ત્રોમાં આવે છે. પરમપિતા પરમાત્માએ પોતાના કેવળજ્ઞાનમાં જે જોયું; તે આપણને બતાવ્યું છે. તેમણે જોયું છે કે કોઈપણ આત્મા જે કર્મ જેવા સ્વભાવવાળું બાંધે તેવા સ્વભાવે પ્રાયઃ ઉદયમાં આવતું નથી. લાખે એકાદ કર્મ જ તે રીતે ઉદયમાં આવે છે. બાકીના ૯૯,૯૯૯ કર્મોમાં તો આ આઠ કરણોમાંના કોઈ ને કોઈ કરણો લાગવાથી ફેરફાર થઈ જાય છે. પરિણામે બાંધ્યા કરતા અન્ય રીતે તે કર્મો ઉદયમાં આવે છે.

પરમાત્મા પોતે તો જે દેખાય છે તે જ કહે છે. તેમને મત, મમત કે મમતા નહોતી પછી તેઓ શા માટે અસત્ય કહે? તેમનામાં રાગ-દ્વેષ કે અજ્ઞાન રહ્યાં નહોતાં. સાધના દ્વારા તેઓએ ખોટું બોલવાના આ ત્રણેય કારણોને ખતમ કરી દીધા હતા પછી તેઓ શા માટે ખોટું બોલે ?

ક્રિકેટ મેચમાં કોમેન્ટેટરની જવાબદારી કેટલી ? જે દેખાય તે જ રજૂ કરવાની ને ? બેટ્સમેન સિક્સર ન મારે તો કોમેન્ટેટર બોલી શકે ખરો કે બેટ્સમેને સિક્સર મારી ? અને જે ખેલાડી આઉટ થયો નથી, તેને કોમેન્ટેટર આઉટ થયેલો શી રીતે જણાવી શકે ?

કોમેન્ટેટર રમાતી મેચને પરાધીન છે. પોતે સ્વતંત્ર નથી. પોતાની ઇચ્છા પ્રમાણે તે બોલી શકતો નથી. જે રીતે સામે મેદાનમાં બની રહ્યું હોય તે રીતે જ તે કહી શકે. તેમાં જરાય ગરબડ કરે તો ન ચાલી શકે.

બસ, તે જ રીતે પરમાત્મા પણ આ જગત્સ્થિતિએ પરાધીન છે. આ જગત જેવું છે, તેમાં જેવી રીતે ફેરફારો થઈ રહ્યા છે, થયા છે કે થવાના છે તે બધું તેમણે કેવળજ્ઞાનના પ્રકાશમાં જેવું દેખાય છે; તેવું જ તેઓ કહે છે. પોતાના ઘરનું તેઓ

કાંઈ જ કહેતા નથી.

માટે પરમાત્માની તમામ વાતોને પૂર્ણ આદર-બહુમાનભાવથી સ્વીકારવી જોઈએ. પરમાત્માની કોઈપણ વાતમાં કદી શંકા કરવી જોઈએ નહિ. પરમાત્માની વાતોમાં તો સદા પૂર્ણ શ્રદ્ધા જોઈએ.

પરમાત્માએ જોયું છે કે આ આત્મા અનંત જ્ઞાનમય-દર્શનમય-ચારિત્રમય-શક્તિમય હોવા છતાંય આ વિશ્વમાં એક કર્મ નામનું તત્ત્વ છે કે જે આ આત્માને અજ્ઞાની, આંધળો, દુરાચારી કે પરાધીન બનાવે છે.

હસતાં હસતાં બાંધેલાં કર્મો જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે તે આત્મા રડી રડીને હેરાન થઈ જાય છે છતાંય તેના કરુણ અંજામોને સહન કર્યા વિના તેને ચાલવાનું નથી.

પરન્તુ છતાંય આત્માને માટે આશ્વસ્ત બાબત એ છે કે આ આત્મા ખરાબ કાર્યો કરીને જ્યારે જ્યારે તેની ખાનાખરાબી કરી દે તેવા કાળા કર્મો બાંધે છે ત્યારે ત્યારે તે કાળાં કર્મો તરત ઉદયમાં આવીને તેને એક ગોલ્ડન ચાન્સ રૂપ શાન્તિકાળ આપે છે. જેમાં તે આત્મા પોતાની બગડી ગયેલી બાજીને સુધારવાનો જ્વલંત પુરુષાર્થ આદરી શકે છે.

સામાન્યતઃ પ્રત્યેક સમયે આપણા દ્વારા સારો કે નરસો પુરુષાર્થ તો થતો જ હોય છે. જો શાન્તિકાળ દરમ્યાન ખરાબ પુરુષાર્થ ચાલુ રહે તો બંધાયેલું તે કર્મ વધારે ભયાનક પરિણામ બતાવે તેવા ફેરફાર તેમાં થાય છે. અને જો ધર્મમયજીવંન જીવવા રૂપ સુંદર પુરુષાર્થ આદરાય તો તેમાં સુંદર ફળ આપી શકે તેવા અકલ્પનીય ફેરફાર થઈ જાય છે.

કર્મ બંધાવાથી માંડીને તે કર્મ ઉદયમાં આવે ત્યાં સુધી આપણા આત્માના જુદા જુદા પુરુષાર્થો દ્વારા તે કર્મ સંબંધમાં જે જે પરિસ્થિતિનું નિર્માણ થાય છે; આઠ કરણો પોતાનો જે ભાગ ભજવે છે તે હવે આપણે અહી વિચારીએ.

## (૧) બંધનકરણ

આત્મા પોતે રાગ કે દ્વેષ, વિષય કે કષાય, મત કે મમતા, નિંદા કે ઈર્ષા વગેરે દોષોના સેવન દ્વારા આકાશમાં ફેલાયેલી કાર્મણ રજકણોને ખેંચીને પોતાની ઉપર ચોંટાડવાનું કાર્ય કરે છે. પોતે કર્મોથી બંધાય છે ત્યારે આ કર્મબંધમાં બંધનકરણે ભાગ ભજવ્યો છે તેમ કહેવાય. થયેલા આ કર્મબંધમાં જે અધ્યવસાયો (ભાવો) કારણ હતા, તે બંધનકરણ કહેવાય.

આ બંધનકરણ પ્રવર્તતા આત્મામાં જે કાર્મણ રજકણો ચોંટી, તેમાં પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ નક્કી થાય છે.

ધારો કે એક માણસે, કરડતા મચ્છરથી કંટાળીને, મચ્છર ઉપર જોરથી હાથ ઘસ્યો. મચ્છર તરફડીને મરી ગયો. તે વખતે બંધનકરણ પ્રવર્ત્યું. પરિણામે તેના આત્મા ઉપર જે કાર્મણરજકણો ચોંટી, તેનો સ્વભાવ તે આત્માને ટાઈફોઈડનો તાવ કરીને દુઃખ આપવાનો નક્કી થયો. તેણે મચ્છરને ત્રાસ આપ્યો, પીડા ઉપજાવી અને મારી નાંખ્યો તેના પરિણામે તેને પણ દુઃખ જ મળે ને ? વળી તે કાર્મણરજકણોમાં ૧૦ વર્ષ સુધી શાન્ત રહેવાનો અને ત્યારબાદ ૩૫ દિવસ સુધી ટાઈફોઈડની પીડા આપવાનો એમ ૧૦ વર્ષ + ૩૫ દિવસ (શાન્તિકાલ + વિપાકકાળ)ની સ્થિતિનો (કાળનો) નિર્ણય થયો.

વળી આ કર્મ ઉદયમાં આવશે ત્યારે સતત દુઃખ આપશે, અસહ્ય દુઃખ આપશે, તેમ રસ સંબંધમાં નક્કી થયું.

વળી તે કર્મોની રજકણોનો અમુક પ્રમાણમાં જથ્થો (પ્રદેશ) તે આત્માને બંધાયો.

આ બંધનકરણ પ્રવર્ત્યા બાદ બંધાયેલી તે કાર્મણ રજકણો કર્મ તરીકે ઓળખાવા લાગી. તેનો ૧૦ વર્ષનો શાન્તિકાળ પસાર થઈ રહ્યો છે. તે દરમ્યાન તેમાં નીચેના કરણો પણ પ્રવર્તી શકે છે.

## (૨) સંક્રમણકરણ

બંધાઈ ગયેલા કર્મના સ્વભાવમાં આત્માના જે અધ્યવસાયથી પરિવર્તન આવે, તે અધ્યવસાયને સંક્રમણકરણ કહેવાય છે.

મચ્છર મારતી વખતે બંધાયેલા કર્મના શાન્તિકાળમાં જો તે આત્મા સામાયિક-પ્રતિક્રમણ વગેરે ધર્મારાધના કરે તો તે દ્વારા આ આત્મામાં પડેલા તે કર્મના સ્વભાવમાં પરિવર્તન આવી શકે છે. દુઃખ આપવાના નક્કી થયેલા સ્વભાવવાળું તે અશાતાવેદનીયકર્મ શાતાવેદનીયકર્મમાં ટ્રાન્સફર થઈ જાય. હવે આ કર્મ જ્યારે (૧૦ વર્ષ બાદ) ઉદયમાં આવશે ત્યારે તે ટાઈફોઈડનો તાવ નહિ લાવે, પરન્તુ આત્માને સુખની સામગ્રી લાવી આપશે.

ઘણી વાર એવું બને છે કે પોતાના સગા દીકરાને કે પત્નીને તેના હિતની, સાચી વાત પણ કહેવામાં આવે તો તેઓને ગમતી નથી. કારણ કે કહેનારના અનાદેય નામકર્મનો ઉદય ચાલી રહ્યો છે.

તેનાથી વિપરીત, કોઈકને તેના અહિતની કે કડવી વાત કરવામાં આવે તો પણ

તેને ઊલટી પડતી નથી. તેને ગમે છે. તેમાં વાત કરનારનો આદેય નામકર્મનો ઉદય કારણ છે.

તે જ રીતે કુટુંબીજનો માટે, ગામ માટે, સંઘ માટે, દેશ માટે, ગમે તેટલું કાર્ય કરવા છતાં, જાતે ઘસાઈ જવા છતાંય ઘણી વાર યશના બદલે અપયશ મળતો દેખાય છે, તેમાં તે કાર્ય કરનારના અપયશ નામકર્મનો ઉદય કારણ છે. તો ક્યારેક તેથી ઊલટું બને છે. કોઈના માટે કાંઈ જ ન કર્યું હોય છતાંય વણમાગ્યો યશ, યશને યશ જ મળ્યા કરે ! કારણ કે યશનામકર્મનો ઉદય ચાલી રહ્યો છે.

બંધનકરણ વખતે આપણા તેવા અવળા પુરુષાર્થ કે દોષોના કારણે અશાતા, અનાદેય કે અપયશ નામકર્મ બંધાયા હોય અને જો તેના શાન્તિકાળમાં આપણે ધર્મારાધના કરવા રૂપ સુંદર પુરુષાર્થ કરીએ તો તેના દ્વારા પ્રવર્તતા આ સંક્રમણકરણ દ્વારા તે અશાતાવેદનીયકર્મ શાતાવેદનીયકર્મમાં, અનાદેયનામકર્મ આદેયનામકર્મમાં અને અપયશનામકર્મ યશનામકર્મમાં ફેરવાઈ જાય છે.

તે જ રીતે, પરમાત્મભક્તિ, ગુરુની વૈયાવચ્ચ, સુપાત્રદાન, સામાયિક-પ્રતિક્રમણાદિ શુભક્રિયાઓ કરીને બંધનકરણ પ્રવર્તાવ્યું. અને તે વખતે શાતા-આદેય-યશ બાંધ્યા.

પણ પછી તેના શાન્તિકાળમાં, કરેલા તે ધર્મોનો પસ્તાવો કર્યો. પરમાત્માની આશાતના, ગુરુભગવંતોની નિંદા-ટીકા, ધર્મક્રિયાઓનો અનાદર વગેરે કર્યો તો તે વખતે પ્રવર્તતા સંક્રમણકરણ દ્વારા તે શાતાવેદનીય અશાતાવેદનીયકર્મમાં, આદેયનામકર્મ અનાદેયનામકર્મમાં અને યશનામકર્મ અપયશનામકર્મમાં ફેરવાઈ જાય છે.

આમ, અશુભકર્મોને શુભકર્મોમાં અને શુભકર્મોને અશુભકર્મોમાં ટ્રાન્સફર કરનારી ફેક્ટરી એટલે આ સંક્રમણકરણ.

સંક્રમણકરણને જાણ્યા પછી પ્રત્યેક સમયે સાવધાન બન્યા વિના આપણે રહી શકીએ નહિ. પરમપિતા પરમાત્માએ ગૌતમસ્વામીને કહેવા દ્વારા આપણને બધાને કહ્યું છે કે, 'સમયં ગોયમ મા પમાયએ !' હે ગૌતમ ! તું એક સમયનો પણ પ્રમાદ ન કરીશ.' તેનું રહસ્ય આપણને બરોબર સમજાઈ જશે.

જો સંક્રમણકરણમાં પૂર્વે બંધાઈ ગયેલા અશુભકર્મોને શુભકર્મોમાં ટ્રાન્સફર કરવાની શક્તિ છે અને બંધાઈ ગયેલા શુભ કર્મોને અશુભ કર્મોમાં ટ્રાન્સફર કરવાની તાકાત છે તો તેનો અર્થ એ થયો કે જો આપણે ધર્મારાધના વડે સતત શુભભાવોમાં રહીએ તો -

(૧) જેના ઉદયે આપણે અત્યંત દુઃખી દુઃખી થવાના છીએ, હેરાન, પરેશાન બનવાના છીએ તેવા ભયંકર અશુભકર્મો શુભકર્મોમાં ઝડપથી ટ્રાન્સફર થવા લાગશે, પરિણામે દુઃખોના બદલે આપણે સુખને પ્રાપ્ત કરી શકીશું.

(૨) જો આપણે શુભભાવમાં ન રહ્યા હોત તો અશુભભાવમાં જ રહેત. પરિણામે પૂર્વે બાંધેલાં શુભકર્મો પણ અશુભકર્મોમાં ટ્રાન્સફર થઈને આપણને સુખી કરવાના બદલે દુઃખી કરત. તેના બદલે, શુભભાવમાં રહ્યા હોવાના કારણે તે શુભકર્મો પોતાના શુભકર્મપણામાં ટકી રહ્યાં. દુઃખી બનતાં આપણે અટકી ગયા.

આમ, શુભભાવમાં સતત રહેવાથી ઉપરોક્ત બંને લાભ આપણને પ્રાપ્ત થાય છે.

પરન્તુ જો ટી.વી., વીડિયો, ફ્રીજ, એરકન્ડિશનર, ફિયાટ, ફેનમાં અટવાઈએ; દુરાચાર, અનાચારમાં લીન બનીએ, પાપ પ્રવૃત્તિઓમાં મશગૂલ બનીએ, તો તે વખતના અશુભભાવોને કારણે આપણને બે મોટાં નુકશાન થાય.

(૧) પૂર્વે ત્યાગ-તપ કરીને, ધર્મારાધનામાં જોડાઈને જે શુભકર્મ બાંધ્યા છે, તે હવે અશુભભાવમાં લીન બનવાના કારણે અશુભકર્મોમાં ટ્રાન્સફર થઈ જવાથી આપણે સુખી થવાના બદલે દુઃખી બનીશું.

(૨) વળી જો આપણે આ સમયે શુભભાવમાં હોત તો પૂર્વના અશુભકર્મો શુભકર્મોમાં ટ્રાન્સફર થઈને આપણને દુઃખ ન આપતાં સુખ આપત, પરન્તુ અશુભભાવ હોવાના કારણે હવે તે અશુભ જ રહેશે. પરિણામે તે દુઃખ જ આપશે. તેની શુભમાં ટ્રાન્સફર થઈને સુખ આપવાની જે શક્યતા હતી તે દૂર થઈ.

આમ, શુભભાવમાં રહેવાથી થતા બે મહાન લાભોને તથા અશુભભાવમાં રહેવાથી થતા બે ભયંકર નુકશાનોને જાણીને કયો બુદ્ધિશાળી માણસ એક સમય પણ અશુભભાવમાં રહી શકે ? હવે સતત શુભભાવમાં રહેવાનો પ્રયત્ન જે ન કરે તેને કેવો ગણવો ?

સંક્રમણકરણની વાત જાણ્યા પછી કો'ક બુદ્ધિજીવી માનવને મનમાં એમ થાય કે બસ ! હવે તો મજા પડી. આખી જિંદગી મોજ-મજા અને એશઆરામ કરવાના. અને પછી જ્યારે મરવાનો સમય આવે ત્યારે છેલ્લે ધર્મધ્યાન કરી દેવાનું. તેથી પૂર્વે બંધાયેલાં બધાં અશુભકર્મો શુભકર્મોમાં ટ્રાન્સફર થઈ જશે. પરિણામે દુર્ગતિઓના દુઃખોના ફંદામાંથી છટકી શકીશું. સદ્ગતિઓ પ્રાપ્ત થશે. સુખી બનીશું. નાહક આખી જિંદગી ધર્મારાધના કરવાની શી જરૂર ?

આવો સવાલ કરીને પોતાની બુદ્ધિનું બેહૂદું પ્રદર્શન કરાવનાર તે બદ્ધિજીવીને સૌપ્રથમ તો એ પૂછવાનું મન થાય છે કે ભાઈ ! બોલ તો ખરો કે તારે ક્યારે મરવાનું

છે ? શું તું ખાતરીપૂર્વક પુરાવા સાથે કહી શકે ખરો કે આજે હું નથી જ મરવાનો !

સોમવારે કે મંગળવારે, આજે કે કાલે, ઘરમાં કે બજારમાં, રસોડામાં કે સંડાસમાં, ગમે તે સ્થળે, ગમે તે સમયે મોત આવવાની, જો શક્યતા હોય અને તે મૃત્યુ સમયની જ્યારે આપણને જાણ જ નથી, ત્યારે મૃત્યુની પૂર્વક્ષણની પણ ખબર શી રીતે પડશે ? પરિણામે ધર્મારાધના તે ક્ષણે જો ન થઈ તો આખી જિંદગી મોજમજા કરીને જે પાપોનાં પોટલાં બાંધ્યાં છે તેનાં પરિણામો ભોગવવા દુર્ગતિમાં ગયા વિના નહિ ચાલે તે નિશ્ચિત હકીકત છે.

વળી કદાચ કોઈક જ્યોતિષીએ સાચી આગાહી કરી હોય, અને તેની બધી વાત સાચી પડતી હોય અને તેના કારણે મોત ક્યારે આવશે તેનો નિર્ણય થઈ શકતો હોય તો ય જેને આખી જિંદગી ધર્મારાધના કરવાનું મન નથી થયું તેને છેલ્લી ક્ષણે વળી ધર્મારાધના કરવાનું મન શી રીતે થશે ?

અરે ! કોઈ તે સમયે ધર્મારાધના કરાવશે તોપણ તે વખતે તે કરવી ગમશે ખરી ?

સવારે પેટ સાફ આવ્યા પછી, છાપું વાંચ્યા બાદ, ચા-નાસ્તો કરીને, ખુશનુમા પવનમાં, પલંગમાં બેઠાં બેઠાં પણ ૧૦૮ નવકાર ભાવવિભોર બનીને જે ગણી શકતા ન હોય; અરે ! એકાદ નવકારમાં પણ લીન જેનાથી બની શકાતું ન હોય તે વ્યક્તિ જ્યારે હૉસ્પિટલમાં હશે, નાક-મોં-પેટ ઉપર નળીઓ લગાડેલી હશે, સખ્ત પીડા અનુભવાતી હશે, સાડા ત્રણ કરોડ રૂંવાડાંમાંથી આત્મપ્રદેશો બહાર નીકળવા ખેંચાઈ રહ્યા હશે ત્યારે વેદનાની પારાવાર વ્યાકુળતામાં નવકારમાં લીન શી રીતે બની શકશે ? તે વખતે શુભભાવ શી રીતે ટકી શકશે ?

તેથી 'ઘડપણે ગોવિંદ ગાઈશું' વાતને કાયમ માટે ભૂલી જઈને વર્તમાનના પ્રત્યેક સમયને પરમાત્મભક્તિથી સભર બનાવવો જોઈએ. પ્રત્યેક પળ ધર્મારાધનાયુક્ત કરવી જોઈએ.

વળી, આપણા આત્મામાં ભૂતકાળમાં બાંધી દીધેલાં અનંત કર્મો છે, જેનો હજુ શાન્તિકાળ ચાલી રહ્યો છે.

મરવાની પૂર્વ ક્ષણે ધર્મારાધના કરીને, શુભભાવથી તેને શુભકર્મોમાં ટ્રાન્સફર કરી દઈશું એવું વિચારીને જો અત્યારે ભોગસુખોમાં બેફામ બનાય, ધર્મારાધનાની ઉપેક્ષા કરાય, અર્થ-કામના રસિયા બનાય, તો દુઃખી દુઃખી થયા વિના નહિ રહીએ. કારણ કે જે અશુભકર્મો આત્મા ઉપર જામ થઈને હાલ શાન્તિકાળમાં પસાર થઈ રહ્યા છે, તે બધાનો શાન્તિકાળ આપણા મૃત્યુ પહેલાં પૂર્ણ નહિ જ થાય તેની આપણને

શું ખાતરી છે ?

આ ભવના જીવનમાં જ બે-પાંચ વર્ષ બાદ, અરે ! કાલે જ તે અશુભકર્મનો શાન્તિકાળ પૂર્ણ કેમ ન થાય ? અને જો તેમ થાય તો દુઃખોના દાવાનળમાં ઝીંકાવા સિવાય કયો ઉપાય બાકી રહે ?

તેમ ન થવા દેવું હોય તો આજે જ, હમણાં જ, આ પળે જ ધર્મારાધનામાં લીન શા માટે ન થવું ?

ટૂંકમાં જો દુઃખો ન જ ગમતાં હોય, જો સુખો ખૂબ વહાલાં હોય તો અશુભકર્મોને શુભકર્મોમાં ટ્રાન્સફર કર્યા વિના નહિ ચાલે. તે માટે વર્તમાન પ્રત્યેક ક્ષણ ધર્મમાં પસાર થાય, પ્રમાદથી પાછી હટે, શુભભાવમાં રહે તેના માટેની કાળજી સતત રાખવા જેવી છે.

તે માટે ધર્મગુરુઓના સત્સંગને તથા સત્સાહિત્યના વાંચનને જીવનમાં સતત સ્થાન આપી દેવું અત્યંત આવશ્યક છે.

## (૩) ઉદીરણાકરણ

જે કર્મોનો શાંતિકાળ ચાલી રહ્યો છે, તેનો શાંતિકાળ પૂર્ણ થયા પહેલાં જ, તરત ઉદયમાં લાવીને, તે કર્મોનો વહેલો અનુભવ જે અધ્યવસાય કરાવે છે, તે અધ્યવસાયને ઉદીરણાકરણ કહેવાય છે.

મોડા ઉદયમાં આવનારાં કર્મો વહેલાં ઉદયમાં આવ્યાં તેને કર્મોની ઉદીરણા થઈ તેમ કહેવાય છે. આત્માના તેવા પ્રકારના પુરુષાર્થથી આ ઉદીરણાકરણ પ્રવર્તે છે.

અનુકૂળ પત્ની છે. આજ્ઞાંકિત બાળકો છે. અમીદૃષ્ટિવાળાં માતા-પિતા છે. ધંધો સુંદર ચાલે છે. ફ્રીજ, ફીયાટ, ફર્નિચર, ફ્લેટ, ફેન વગેરે ફર્સ્ટક્લાસ પ્રાપ્ત થયા છે. શરીરમાં આરોગ્ય પણ સારું છે. શાતાવેદનીયકર્મનો ઉદય ચાલતો હોય તેમ જણાય છે. કોઈ જ તકલીફ અનુભવાતી નથી.

આજે રજાનો દિવસ છે. પત્નીને મનગમતી રસોઈ બનાવવાનું કહ્યું છે. ડાઈનિંગ ટેબલ ઉપર ગોઠવાયા છો. તમારાં ભાવતાં મગની દાળનાં ભજિયાં પત્ની પીરસી રહી છે. અનાદિકાળની લાલસાએ પોતનો ભાગ ભજવવાનું શરૂ કર્યું છે. ઉપરાઉપરી ભજિયાં મુખમાં ધકેલાઈ રહ્યાં છે. વખાણ કરતાં કરતાં તમે તેને આરોગી રહ્યા છો. દાબી દાબીને ભજિયાં ખાવા લાગ્યા કારણ કે તેમાં આસક્તિ પૂરી પેદા થઈ છે.

આસક્તિ એવો શત્રુ છે કે જે માનવીની બુદ્ધિને ભ્રષ્ટ કરે છે. તેની સાચા-ખોટાને પારખવાની શક્તિને ખતમ કરે છે. સારા માણસને ખરાબ બનાવ્યા વિના તે

રહેતી નથી. તે કહે છે કે મારો આશ્રય લેનાર કદી સારો હોય નહીં, કદાચ સારો હોય તો તે કાયમ માટે સારો રહે નહિ. વળી તે આસક્તિ આગળ વધતાં કહે છે કે મારું શરણું સ્વીકારનાર સુખી હોય નહિ. કદાચ સુખી જણાતો હોય તો તે સુખી તરીકે લાંબો સમય ટકી શકે જ નહિ. તે દુ:ખી થયા વિના ન જ રહે.

આ આસક્તિના ફંદામાં ફસાઈને, આરોગ્યના નિયમોને ચાતરી જઈને, મસ્ત બનીને ચિક્કાર ભજિયાં પેટમાં પધરાવ્યાં.

પરિણામે, વારંવાર લોટા ભરવા પડ્યા. આખી રાત હેરાનપરેશાન થયા. ઝાડા થઈ ગયા. શરીરમાં અશક્તિ વરતાવા લાગી. નિદ્રા સાથે દુશ્મનાવટ ઊભી થઈ. પેટમાં દુખાવો ઊપડ્યો. અશાતાનો અનુભવ થવા લાગ્યો.

શું આ દુખાવો કર્મે ઊભો કર્યો ? જો આસક્ત બનીને પુષ્કળ પ્રમાણમાં ભજિયા ન ખાધા હોત, તો પણ દુખાવો થાત જ ? શારીરિક પ્રતિકૂળતા જે ઊભી થઈ, તેમાં પ્રધાનપણે કારણ તરીકે શું અવળા પુરુષાર્થને ન ગણી શકાય ?

કોઈપણ કાર્યની પાછળ કર્મ, નિયતિ, પુરુષાર્થ, કાળ અને સ્વભાવ - એ પાંચે કારણો કાર્ય કરતાં હોય છે. પણ તેમાં કોઈ કારણ મુખ્યપણે તો કોઈ કારણ ગૌણપણે કાર્ય કરતું હોય છે.

અહીં જે ઝાડા થયા તેમાં અશાતાવેદનીયકર્મ તો કારણ છે જ, પણ મુખ્યપણે તો વિચાર્યા વિના, પાગલ બનીને પુષ્કળ પ્રમાણમાં ભજિયા ખાવાનો જે અવળો પુરુષાર્થ કર્યો; તે કારણ છે.

જો આ અવળો પુરુષાર્થ ન કર્યો હોત તો ઝાડા ન થાત. આટલું બધું અશાતાવેદનીયકર્મ ઉદયમાં ન આવત. પરંતુ આ પુષ્કળ ભજિયા ખાવાના અવળા પુરુષાર્થે, જે અશાતાવેદનીયકર્મ ઘણા સમય પછી ઉદયમાં આવવાનું હતું, જેનો અત્યારે અબાધાકાળ (શાન્તિકાળ) ચાલતો હતો, તે અશાતાવેદનીયકર્મને ખેંચી તરત ઉદયમાં લાવી દીધું. એટલે કે તેણે અશાતાવેદનીયકર્મની ઉદીરણા કરી. પરિણામે મોડા ઉદયમાં આવવાની શક્યતા ધરાવનારું તે કર્મ વહેલા ઉદયમાં આવી ગયું. અને તેણે ઝાડા કરાવીને, અશક્તિ લાવીને, શરીરને માંદગીમાં પટકી નાંખીને પોતાનો વિપાક (પરચો) જલદીથી બતાવી દીધો.

જો પુષ્કળપણે ભજિયા ખાવાનો અવળો પુરુષાર્થ ન કરાયો હોત તો આ અશાતાવેદનીયકર્મની ઉદીરણા ન થાત. સ્વાભાવિક રીતે તેનો શાન્તિકાળ જ્યારે પૂરો થાત ત્યારે તેનો પરચો અનુભવવો પડત.

આપણા રોજિંદા જીવનમાં તો એવા અનેક અનુભવો આપણને થાય છે કે જેમાં

આપણે પુણ્ય કે પાપકર્મોની ઉદીરણા કરતાં હોઈએ છીએ.

ઘરમાં ખૂબ ઉકળાટ લાગતો હતો. ગરમીનો આંક ઘણો ઊંચો હતો. શરીર જાણે કે બફાઈ રહ્યું હતું. શાતાનો અનુભવ નહોતો. ત્યાં જ પંખો કે એ.સી. સ્ટાર્ટ કર્યું. ઠંડકનો અનુભવ થયો. શાતા પ્રાપ્ત થઈ. શું કર્યું જીવડાએ ? બેલેન્સમાં પડેલા, શાંતિકાળમાં રહેલાં શાતાવેદનીયકર્મને ખેંચીને ઉદયમાં લાવી દીધાં. શાતાવેદનીયની ઉદીરણા કરી.

કોઈપણ કર્મ પોતાનો વિપાક = પરચો બે રીતે બતાવે છે. કાં તો તે પોતાનો શાન્તિકાળ પૂર્ણ થતાં, સહજ રીતે ઉદયમાં આવે છે. અથવા તો શાન્તિકાળ પૂર્ણ થયા વિના જ, તેની ઉદીરણા થવાથી તે વહેલું ઉદયમાં આવી જાય છે.

ઉપરોક્ત બેમાંથી કોઈપણ રીતે જ્યારે કર્મ ઉદયમાં આવે છે, ત્યારે ભોગવાઈ ભોગવાઈને તે કર્મ આત્માથી છૂટું પડે છે. તે કાર્મણ રજકણો પાછી આકાશમાં ફેંકાઈ જાય છે. તે સમયે આત્માના જેવા ભાવો હોય તેવી નવી રજકણો ચોંટી પણ શકે છે.

તેથી જો પુણ્યકર્મની ઉદીરણા કરીએ તો વહેલું ઉદયમાં આવીને તે પુણ્યકર્મ ભોગવાઈ જાય. અને જો પાપકર્મની ઉદીરણા કરીએ તો જલદી ઉદયમાં આવીને તે પાપકર્મ પણ ભોગવાઈ જાય.

ઉદીરણાકરણની ઉપરોક્ત વાત જાણ્યા પછી ગંભીરપણે વિચારવાનું છે કે આપણે કયા કર્મની ઉદીરણા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ? અને કયા કર્મની ઉદીરણાનો થતો બિનજરૂરી પ્રયત્ન અટકાવવો જોઈએ ?

જ્યારે આપણું શરીર અનુકૂળ હોય, સશક્ત હોય, મન પણ સમાધિ સાચવી શકતું હોય ત્યારે દુઃખોને, પ્રતિકૂળતાઓને સામેથી નિમંત્રણ આપીને ઢગલાબંધ પાપકર્મોની ઉદીરણા કરવી જોઈએ. જેથી આપણી અનુકૂળ પરિસ્થિતિમાં, ઉદીરણા વડે ઉદયમાં લવાયેલાં તે પાપકર્મોને આપણે સમતાભાવથી ભોગવીને ખતમ કરી શકીએ.

તેથી તો પ્રભુ વીરે ૧૨ાા વર્ષના સાધનાકાળમાં ૧૧ાા વર્ષ કરતાંય વધારે ચોવિહારા ઉપવાસ કર્યા હતા ને ! શરીર મારું સારું છે ! તો લાવ સામેથી તે પાપકર્મોને ઉદયમાં આવવાનું, દુઃખો લાવવાનું આહ્વાન કરું. પ્રસન્નતાથી સહન કરું. પરિણામે નવા પાપકર્મો બંધાય નહિ, જૂનાં પાપકર્મો જથ્થાબંધ નાશ પામવા લાગે.

આવેલા ઉપસર્ગોને તો સહતા હતા, પણ સાથે સાથે સામે ચાલીને ઉપસર્ગોને વધાવતા હતા. લોકોની ના છતાંય ચંડકૌશિકને તારવા પરમાત્મા ત્યાં પહોંચ્યા.

પોતાનાં પાપકર્મોને ઝપાટાબંધ ખપાવી રહેલા શૂલપાણી કે સંગમના, ચંડકૌશિક

કે ગોવાળિયાના ઉપસર્ગો જાણે કે હજુ ઓછા લાગતા ન હોય, તેથી ભવિષ્યમાં ઉદયમાં આવનારા, હજુ જેનો શાન્તિકાળ ચાલી રહ્યો છે, તેવાં કર્મોની ઉદીરણા કરી કરીને, તેનો ખાત્મો બોલાવવા સામે ચાલીને અનાર્યદેશમાં ગયા.

ત્યાંના અનાર્ય લોકોના પથરા ખાધા. ગાળો સહન કરી. ભયાનક દુઃખો વેઠ્યા. અને તેના દ્વારા અનંત કર્મોની ઉદીરણા કરીને ખાત્મો બોલાવ્યો.

એક વાત નક્કી છે કે ભૂતકાળના અનાદિકાળમાં અનંતાભવો આપણે કરીને આવ્યા છીએ. તે તે ભવોમાં અનંતાં પાપકર્મો પણ બાંધ્યાં છે. તેમાંનાં ઘણાં કર્મોનો હાલ શાન્તિકાળ ચાલી રહ્યો છે. તેથી આપણે સુખી છીએ. સ્વસ્થ છીએ, નીરોગી છીએ, પ્રસન્ન છીએ.

પરન્તુ જ્યારે તે કર્મોનો શાન્તિકાળ પૂર્ણ થશે ત્યારે તો તે કર્મના ઉદયે જીવનમાં હેરાન-પરેશાન થવું જ પડશે. તેમાંથી શી રીતે છટકી શકાશે ? જો તે સમયે શારીરિક કે માનસિક અનુકૂળતા નહિ હોય તો તે દુઃખો સમતા ભાવે સહન તો નહિ થઈ શકે. પણ આર્તધ્યાનમાં ફસાઈ જઈને નવા અનંતા પાપકર્મોનો બંધ થશે. જેના ઉદયે ફરી દુઃખો—ફરી નવાં કર્મોનો બંધ વગેરે ચાલ્યા જ કરશે.

તેના કરતાં જો અત્યારે શારીરિક-માનસિક ધૃતિ પ્રાપ્ત થઈ છે, બધી અનુકૂળતા છે તો સામેથી દુઃખોને વધાવીને, પાપકર્મોની ઉદીરણા કરવાનું શરૂ કરીએ. તે માટે શક્ય તેટલો વધુ તપ કરીએ. જીવનને ત્યાગથી ભરપૂર બનાવીએ. ખુલ્લા પગે પ્રસન્નતાથી ચાલવાની પ્રેક્ટીસ કરીએ. વાયુકાયની સતત કતલ કરતાં ત્રણ પાંખડાના કતલખાનારૂપ પંખાના પવનને તિલાંજલિ આપીએ. શક્ય હોય તો સાધુજીવન જ સ્વીકારી લઈએ. 'Invite Difficulties' ને જીવન સૂત્ર બનાવીએ.

પ્રતિકૂળતાને વધાવવાના અનેક લાભો છે. તેમ કરવાથી પાપ કર્મો ઉદીરણાથી ભોગવાઈને નાશ પામે છે. પ્રતિકૂળતામાં શક્તિઓ ખીલી ઊઠે છે. સત્ત્વ પ્રગટે છે. સાત્ત્વિકતા વધે છે. શૌર્ય પ્રગટ થાય છે. જીવન જીવવાનો ઉલ્લાસ પેદા થાય છે.

જેમ પાપકર્મોની ઉદીરણા કરવા તપ-ત્યાગ અને તિતિક્ષાનું જીવન જીવવાનું છે, તેમ પુણ્ય કર્મની ઉદીરણા થતી અટકાવવા ફેશન અને વ્યસનથી મુક્ત સાદગી ભરેલું જીવન જીવવાનું શરૂ કરવાનું છે.

જેમ ભૂતકાળના ભવોમાં બંધાયેલાં ઘણાં પાપકર્મોનો શાન્તિકાળ ચાલી રહ્યો છે, તેમ ત્યારે બંધાયેલાં ઘણાં પુણ્યકર્મોનો પણ શાન્તિકાળ ચાલી રહ્યો છે.

જો તેને પરાણે-ઉદીરણા કરાવીને-ઉદયમાં નહિ લાવીએ તો બેલેન્સમાં પડેલા તે પુણ્યકર્મો શાન્તિકાળ પૂર્ણ થતા ઉદયમાં આવીને સુખ આપવાના જ છે.

જો અત્યારે સહજ ઉદયમાં આવતાં પુણ્યથી આપણી બધી અનુકૂળતા સચવાતી હોય, શાન્તિથી જીવન જીવી શકાતું હોય તો શા માટે ભવિષ્યમાં ઉદયમાં આવનારા પુણ્યને અત્યારે જ ખેંચી લાવવું ?

દુનિયામાં પણ સારી રીતે જીવન પસાર થતું હોય તો ફોગટનો ખર્ચ ન વધારતાં બચત કરવામાં આવે છે. જેથી જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરી શકાય.

તે જ રીતે, જરૂર ન હોય તો પુણ્યકર્મની ઉદીરણા કરવાની શી જરૂર ? જો પડી રહ્યું હશે, તો જરૂર પડશે ત્યારે તેનો ઉપયોગ થઈ શકશે.

પણ જો અત્યારે ઉદીરણા કરીને પુણ્યકર્મ ભોગવી દીધું, તો જ્યારે દુઃખના ડુંગરો તૂટી પડશે ત્યારે હાયવોય સિવાય નસીબમાં શું રહેશે ? ત્યારે જે જે પ્રયત્ન કરશું, તેમાં નિષ્ફળતા સિવાય કાંઈ જ નહિ મળે કારણ કે પુણ્યકર્મ તો ફેશન-વ્યસનોમાં અને મોજમજા કરવામાં ખલાસ કરી દીધું હશે.

માટે જ અનુકૂળતાઓ ઈચ્છવા જેવી નથી. અનુકૂળતાઓમાં માનવની નબળી કડીઓ બહાર આવે છે. પુણ્યના સહજ ઉદયે અનુકૂળતા મળે તે વાત જુદી. પણ ખૂબ પ્રયત્નો કરીને જે અનુકૂળતાઓ સામેથી મેળવી હોય તે અનુકૂળતાઓ પુણ્યની ઉદીરણા કરીને મેળવી હોય. કેમકે તે સિવાય તો તે અનુકૂળતાઓ શી રીતે મળે ? આમ ઉદીરણા કરીને પુણ્ય ભોગવી નાખ્યું. હવે જ્યારે જરૂર હશે ત્યારે તે પુણ્ય જ નહિ હોય તો શું થશે ?

માટે જ એક શાક મળે તો બીજા શાકની અપેક્ષા ન રાખવી જોઈએ. બે જોડી કપડાંમાં મસ્ત રહેવું જોઈએ. સૂવા જેટલી જગ્યા મળી જાય તો હવે નિશ્ચિંત બનીને ધર્મધ્યાનમાં પરોવાઈ જવું જોઈએ.

ફેશનો અને વ્યસનોનો તો સંપૂર્ણ ત્યાગ કરી દેવો જોઈએ. અરે ભાઈ, હિન્દુસ્તાનના કરોડો લોકો ગરીબી રેખાની નીચે જીવતા હોય, તેમને એક ટંક પણ ભોજન ન મળતું હોય, ત્યારે તેમની સામે ફેશનો અને વ્યસનોનું સેવન કરવું તે આ કરોડો હિન્દુસ્તાનીઓની કારમી મશ્કરી કરવા રૂપ જણાતું નથી શું ?

ખરેખર તો હિન્દુસ્તાનની એકાદ વ્યક્તિ પણ જ્યાં સુધી ભૂખી રહેતી હોય ત્યાં સુધી તમામ પ્રકારની ફેશનો અને વ્યસનોનો સંપૂર્ણ ત્યાગ કરવાની દરેક જણે પ્રતિજ્ઞા કરી દેવી જોઈએ. ઈમ્પોર્ટેડ ચીજો, સગવડભર્યાં સાધનો, મોજશોખના પદાર્થો, સૌંદર્યનાં પ્રસાધનો વગેરેનો ઉપયોગ કરીને પુણ્યને વગર ફોગટનું ખર્ચી તો રહ્યાં નથી ને ? તે ગંભીરતાથી વિચારવાનો સમય પાકી ગયો છે.

ઉદીરણાકરણને સમજ્યા પછી વગર ફોગટના ખેંચીને કરાતા પુણ્યના ઉદયને

(ઉદીરણાને) અટકાવવાના પ્રયત્નો કરવા સાથે દુઃખોને સામેથી વધાવીને પાપકર્મોની ઉદીરણા કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

સાત સાત દીકરાની મા હોવા છતાંય એકે ય દીકરો પોતાના ખોળે ખૂંદનાર બની શક્યો નહોતો, તેથી દેવકી દુઃખી હતી. છેલ્લે ખોળે ખૂંદનાર મળ્યો તેને આઠમો દીકરો ગજસુકુમાલ. ખરેખર અત્યંત સુંવાળી તેની કાયા હતી. માનો એ લાડકવાયો હતો. શ્રીકૃષ્ણનો તે લાડલો નાનો ભાઈ હતો. દોમ દોમ સાહ્યબીમાં તે ઊછર્યો હતો.

પણ પરમાત્મા નેમીનાથના સમવસરણમાં તે જઈ ચડ્યો. સંસારની અસારતાનું તેને ભાન થયું. સળગતા આ સંસારમાં એક ક્ષણ પણ રહી ન શકાય તે વાત સમજાઈ. અત્યંત નિષ્ઠુર અને ક્રૂર હોય તે જ વ્યક્તિ છકાય જીવોની કત્લેઆમ ચલાવતા આ સંસારમાં ક્ષણ માટે રહી શકે. તેની તો ઇચ્છા થઈ મોક્ષને પ્રાપ્ત કરવાની. સર્વ દુઃખો અને સર્વ કર્મોમાંથી મુક્ત બનવાની. તે માટે સર્વવિરતિ જીવન સિવાય કયો માર્ગ હોઈ શકે ? ભાવના જાગી દીક્ષા લેવાની. સાધુ જીવન જીવીને કર્મોનો બુકડો બોલાવવાની. માતા દેવકી પાસે આરઝુ કરી રજા માંગી. સંયમપંથે જવાની અનુમતિ આપવા કાકલૂદી કરી.

માતાએ અનેકવિધ સવાલો કરીને તેના વૈરાગ્યની કસોટી કરી. કારણ કે વૈરાગ્ય વિના ત્યાગ લાંબો સમય ટકી શકતો નથી. ગજસુકુમાલના વૈરાગ્ય નિતરતા જવાબો સાંભળીને જૈન શાસનને પામેલી માતા દેવકી આનંદવિભોર બની ગઈ. ગજસુકુમાલને અંતરના આશિષ આપ્યા. તેના મોઢામાંથી જાણે કે શબ્દો સરી પડ્યા,

*'મુજને તજીને વીરા,અવર માત મત કીજે રે*
*કર્મનું ઈંધણ બાળીને, મુક્તિ વહેલી લીજે રે....'*

હે બેટા ! આ સંસારમાં તું મને છેલ્લી મા બનાવજે. તમામ કર્મોને બાળી નાંખીને જલદી આ જ ભવમાં મોક્ષ પામજે. જેથી તારે ફરી જન્મ લેવો ન પડે. ફરી મા બનાવવી ન પડે. અને તારા જેવા મોક્ષગામી આત્માની છેલ્લી મા બનવાનું સદ્ભાગ્ય મને મળે.

મા હો તો આવી હોજો. જે દીકરાના આત્મકલ્યાણની ચિંતા કરે. આત્મકલ્યાણમાં સહાયક બને. તે માટે અંતરના ય અંતરથી આશિષ પાઠવે. પણ ધર્મારાધનામાં કદીય અટકાયત તો ન જ કરે.

પરમાત્મા નેમીનાથ ભગવાનના ચરણોમાં ગજસુકુમાલે જીવનને સમર્પિત કરી દીધું. પરમાત્માને કહે છે, હે પરમાત્મન્ ! મને એવી સાધના બતાવો કે જેથી મારો મોક્ષ થાય.

પરમાત્માએ સુંદર સાધના બતાવી.

''પ્રભો ! આ સાધનાથી મારો મોક્ષ ક્યારે થશે ?''

''પ્રભુ : ૭ થી ૮ ભવમાં.''

''પ્રભુ ! આટલા બધા ભવ...? ના....ના....મારે તો જલદી મોક્ષ જોઈએ.''

પ્રભુ : ''લે આ સાધના કર....''

''હે પ્રભુ ! તેનાથી ક્યારે મોક્ષ થશે ?''

પ્રભુ : ''આ જ ભવમાં મોક્ષ.....''

મોક્ષ મેળવવાની તીવ્ર લગન ગજસુકુમાલને એવી જોરદાર હતી કે આ ભવમાં પણ ગમે ત્યારે મોક્ષ થાય તે તેમને પાલવે તેમ નહોતું.

''પ્રભુ ! આ ભવમાં પણ ક્યારે ?''

''૨૫-૫૦ વર્ષે મળી જાય.''

''ના પ્રભુ ના, આટલાં બધાં વર્ષ ? બીજી કોઈ સાધના બતાવો.''

''લે આ સાધના ! એક જ વર્ષમાં મોક્ષ.''

''ના, પ્રભો ! એટલી બધી વાટ હું જોઈ શકું તેમ નથી. હજુ ઊંચી સાધના દેખાડો.''

''તો પછી આ સાધનાથી ચાર મહિનામાં આત્મકલ્યાણ ! બસ હવે ?''

''ચાર મહિના ! ઘણા ગણાય પ્રભુ ! હું એટલો બધો સમય પણ સંસારમાં શી રીતે રહી શકું ? મારી માએ તો મને વહેલી મુક્તિ મેળવવાનું કહ્યું છે.''

''તો પછી આ સાધના કર, એક મહિનામાં મોક્ષ.

''પ્રભો ! મારે એક મહિનામાં નહિ, આજે જ મોક્ષ જોઈએ. હમણાં જ મોક્ષ જોઈએ. પ્રભુ ! ઉપકાર કરો આ પામર ઉપર.''

અને પ્રભુએ એવી કોઈ સાધના આપી. ગજસુકુમાલ ગયા સ્મશાને. કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહ્યા છે. કર્મોને ખેંચી ખેંચીને ઉદયમાં લાવીને ભોગવી રહ્યા છે. (હકીકતમાં પ્રત્યેક સમયે અનેક કરણો આત્મામાં પ્રવર્તી રહ્યાં છે. અહીં ઉદીરણાકરણની સાથે અન્ય કરણો પણ ચાલુ જ છે. ઉદીરણાકરણનું વર્ણન હોવાથી તેની મુખ્યતા જણાવીને આ લખાયું છે, તેની દરેક વાચકે નોંધ લેવી)

ધડાધડ કર્મો તૂટી રહ્યાં છે, ત્યાં તો તેમના સોમીલ નામના સસરાએ સ્મશાને ધ્યાન ધરતા જમાઈ મુનિવરને નિહાળ્યા. દીક્ષા લેવાના કારણે પોતાની દીકરીના

સુખને સળગાવી દેનાર આ જમાઈ ઉપર ચડ્યો ગુસ્સો. ગજસુકુમાલના મસ્તક ઉપર ચારે બાજુ ગોળ ફરતી માટીની પાળ રચી. તેની વચ્ચે ખેરના સળગતા અંગારા સ્મશાનમાંથી લાવીને ભર્યા. માથા ઉપર આગ સળગી રહી છે. છતાં ગજસુકુમાલ મુનિ તો ધ્યાનમાં તલ્લીન છે. સાધનામાં લીન છે. સમતામાં મસ્ત છે.

અરે ! અપકારી સોમીલ ઉપર ગુસ્સો કરવાની વાત તો જવા દો, તેમનો પણ ઉપકાર માની રહ્યા છે. 'મારા સસરાએ તો મારા માથે મોક્ષની પાઘડી બાંધી છે' એવા વિચારો દ્વારા સસરાના પણ ઉપકારને ચિંતવતા ધ્યાનની ધારામાં આગળ વધી રહ્યા છે.

પરમાત્મા પાસેથી સ્મશાનમાં સામે ચાલીને જઈને તેમણે કર્મોની જોરદાર ઉદીરણા કરી દીધી છે. અને ઉપસર્ગ આવતા ધ્યાનમાં આગળ વધી રહ્યા છે. ચપોચપ કર્મો તૂટવા લાગ્યાં. ચાર ઘાતી અને ચાર અઘાતી, આઠે કર્મોનો ક્ષય થયો. કેવળજ્ઞાન-કેવળદર્શન પામીને, વીતરાગી ગજસુકુમાલ ભગવાન મોક્ષમાં સીધાવ્યા.

કૌંચપક્ષીએ જવલા ચણી જતાં, સોનીએ જ્યારે પૂછ્યું, ત્યારે કૌંચપક્ષીની રક્ષા કરવા સામેથી સોનીનો ઉપસર્ગ વધાવીને મેતારજ મુનિએ પણ કર્મોની જોરદાર ઉદીરણા કરી હતી.

આવા તો શાસ્ત્રોમાં વર્ણવેલા અનેક પ્રસંગોને સાંભળીને, વાંચીને જીવનમાં જે દુ:ખ પ્રત્યેનો કારમો દ્વેષ અને સુખ પ્રત્યેનો કારમો રાગ મજબૂતાઈથી ડેરા-તંબૂ તાણીને જામ થયેલો છે, તેને દૂર કરવાનો છે. પ્રતિકૂળતામાં પ્રસન્નતા માનીને અનુકૂળતાનાં આકર્ષણોને દૂર કરવાનાં છે. પ્રતિકૂળતા અને દુ:ખો પ્રત્યેના અણગમાના સ્થાને જીવનમાં સતાવતા કામ, ક્રોધ, નિંદા, ઈર્ષ્યા, લાલસા વગેરે દોષો પ્રત્યે અણગમો પેદા કરવાની જરૂર છે. તથા સુખ પ્રત્યેની કારમી લાલસા અને અનુકૂળતાઓના આકર્ષણને દૂર કરીને ગુણોની લાલસા પેદા કરવાની જરૂર છે.

## (૪-૫) ઉદ્વર્તનાકરણ - અપવર્તનાકરણ

બાંધેલા કર્મોનો જ્યાં સુધી શાંતિકાળ ચાલતો હોય છે, ત્યાં સુધી જેમ કર્મોના સ્વભાવમાં ફેરફાર (સંક્રમણકરણથી) થાય છે, તેમ કર્મોના સમયમાં પણ વધારો કે ઘટાડો થઈ શકે છે.

એટલે કે જે કર્મો પૂર્વે ૫૦ વર્ષ સુધી માંદગી આપીને દુ:ખ લાવવાના સ્વભાવવાળા હતા, તે કર્મો હવે ૫૦ વર્ષના બદલે ૨૫ વર્ષ કે ૧૦૦ વર્ષ સુધી દુ:ખ આપવાના સ્વભાવવાળા પણ બની શકે છે.

તે જ રીતે જે કર્મો તીવ્રપણે પોતાનો પરચો બતાડવાના સ્વભાવવાળા છે, તે કર્મોની તીવ્રતામાં પણ ઘટાડો શાંતિકાળ દરમ્યાન થઈ શકે છે. તો ક્યારેક તે તીવ્રતામાં વધારો પણ થઈ શકે છે.

આત્મામાં પ્રત્યેક સમયે જુદા જુદા ભાવો (અધ્યવસાયો) પેદા થાય છે તેમાંના કેટલાક ભાવો એવા છે કે જે શાંતિકાળમાં રહેલાં કર્મોના સમયમાં અને તેની તીવ્રતામાં વધારો કરવાનું કામ કરે છે. તે (અધ્યવસાયોને) શાસ્ત્રમાં (૪) **ઉદ્વર્તનાકરણ** નામ આપેલ છે.

વળી જે ભાવો શાંતિકાળમાં રહેલા કર્મોના સમયમાં અને તેની તીવ્રતામાં ઘટાડો કરવાનું કામ કરે છે, તે અધ્યવસાયો **(૫) અપવર્તનાકરણ** તરીકે ઓળખાય છે.

સાધુ ભગવંતને વહોરાવવાનું કે પરમાત્માની સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારીપૂજા કરવાનું સુંદર કાર્ય કર્યું. તે કરવાથી પાંચ વર્ષ પછી ૨૫ વર્ષ સુધી લાખોપતિ બનાવે તેવું પુણ્ય બંધાયું. હજુ પાંચ વર્ષ સુધીનો શાંતિકાળ ચાલી રહ્યો છે. તે દરમ્યાન તે આત્મા પોતે કરેલા આ સુંદર ધર્મકાર્યની ભરપેટ અનુમોદના કરે છે. વારંવાર આવા સુંદર કાર્યો કરવાની ભાવના ભાવે છે.

તેનાથી શાંતિકાળમાં રહેલા તે કર્મનો વિપાકકાળ ૨૫ વર્ષના બદલે ૫૦ વર્ષનો થઈ ગયો. અને તેના ઉદયે લાખોપતિ બનવાના બદલે તેને કરોડપતિ કે અબજોપતિ બનાવવાનું નક્કી થયું.

આમ, આ કિસ્સામાં તેના પુણ્યના ઉદયનો સમય જેમ વધ્યો તેમ તેની તીવ્રતા પણ વધી.

શાલિભદ્ર પૂર્વભવમાં સંગમ હતો. તે ભવમાં તેણે ગુરુભગવંતને ખીર ભાવથી વહોરાવી. તેમ કરવાથી તેણે શાતાવેદનીયકર્મ (શુભકર્મ) બાંધ્યું. પછી તેણે પોતે કરેલી-આ ગુરુભગવંતને ખીર વહોરાવવા રૂપ-ભક્તિની ભરપેટ અનુમોદના કરી.

અનુમોદનાના તેના ભાવ એટલા બધા ઊછળવા લાગ્યા કે જેના પરિણામે તેના પુણ્યકર્મની સમય અને તીવ્રતા વધતી જ ગઈ, વધતી જ ગઈ.

પરિણામે પછીના ભવમાં તે શાલિભદ્ર બન્યો. રૂપ રૂપની અંબાર, અપ્સરા સમાન ૩૨ કન્યાઓ સાથે તેનાં લગ્ન થયાં.

તે તથા તેની ૩૨ પત્નીઓ એમ કુલ ૩૩ વ્યક્તિઓ માટે ૩૩ પેટી ભોજનની, ૩૩ પેટી વસ્ત્રોની તથા ૩૩ પેટી આભૂષણોની; એમ રોજ ૯૯-૯૯ પેટીઓ દેવલોકથી આવવા લાગી. આજે વાપરેલાં વસ્ત્રો કે આભૂષણો કાલે નહિ વાપરવાના, પણ ગટરમાં ફેંકી દેવાનાં. કાલ માટે બધું જ નવું આવે.

આ શાલિભદ્રને પોતાને માથે પ્રભુ વીર સિવાય પણ અન્ય સ્વામી છે; તેવું જાણીને વૈરાગ્ય જાગ્યો. અસાર સંસારને છોડીને તે સાધુ બન્યા. આત્મસાધનામાં લીન બનીને માનવજીવનને સફળ બનાવ્યું.

જેમ ધર્મારાધના કર્યા પછી તેની વારંવાર અનુમોદના કે પ્રશંસા કરવામાં આવે તો પુણ્ય વધી જાય છે એટલે કે વધુ સમય માટેનું તથા વધુ તીવ્ર પરિણામ આપનારું બને છે, તેમ પાપ કર્યા પછી, તેના શાન્તિકાળ દરમ્યાન તે પાપની પણ પ્રશંસા કરવામાં આવે તો પાપ પણ વધી જાય છે; એટલે કે વધારે સમય સુધી ભોગવવું પડે અને તીવ્રતાપૂર્વક ભોગવવું પડે તેવું બને છે.

કોઈકને છેતર્યા પછી, 'તે તો એ જ લાગનો હતો, તેની સાથે તો આમ જ કરવું જોઈએ' વગેરે રીતે પોતાના પાપનો બચાવ કરવાપૂર્વક પ્રશંસા કરવામાં આવે તો તે પાપ વધી જાય છે.

માટે જ દરેક ધર્મકાર્ય કર્યા પછી, પોતે કરેલા તે સુંદર સુકૃતની વારંવાર હાર્દિક અનુમોદના કરવી જોઈએ, તે પણ અહંકાર ન આવી જાય તેની કાળજીપૂર્વક. 'મેં આ કેવું સુંદર કાર્ય કર્યું !' તેવા વિચારો અહંભાવને લાવનારા છે. તેના બદલે 'મને આ કેવો સુંદર લાભ મળ્યો ! આવો સુંદર લાભ વારંવાર મળ્યા કરે તો સારું.' વગેરે નમ્રતાભરેલી રીતે-કરેલાં તે કાર્યોની-અનુમોદના કરવી જોઈએ.

તે જ રીતે જીવનમાં કોઈપણ પાપ સેવાઈ જાય તો તેની પ્રશંસા - અનુમોદના ભૂલમાં પણ ન થઈ જાય, તેની કાળજી રાખવી જોઈએ. કેમ કે તેમ કરવાથી તે પાપ વધુ તીવ્ર બની જાય છે.

જેમ પાપ અને પુણ્યના સમય અને તીવ્રતામાં વધારો તેમની પ્રશંસા કરવાથી થાય છે, તેમ જો તેમની નિંદા કરવામાં આવે, તેનો પશ્ચાત્તાપ કરવામાં આવે તો તેના સમય-તીવ્રતા વગેરેમાં ઘટાડો પણ થઈ શકે છે.

પરમાત્માની બે કલાક ભાવવિભોર બનીને પૂજા કરી, પણ ત્યારબાદ ઘરે જતાં ખબર પડી કે રાહ જોઈને ઘરાક ચાલ્યા ગયા છે. તેથી સોદો થતો રહી ગયો છે. તે જાણી જલદી આવી ગયો હોત તો સારું. આજે પૂજામાં ઘણો સમય ક્યાં લગાડ્યો ! તેવો અફસોસ કરીએ તો પૂજા કરતી વખતે બંધાયેલા તે પુણ્યકર્મની તીવ્રતા અને સમયમાં ઘટાડો થઈ શકે છે....

તે જ રીતે તપ વગેરે કર્યા પછી વિશિષ્ટ પ્રભાવના ન મળી અને તેથી તે તપ કર્યાનો પશ્ચાત્તાપ કરીએ તો પુણ્યમાં શું ઘટાડો ન થાય ?

વળી જો પાપ કર્યા પછી તે પાપનો તીવ્ર પશ્ચાત્તાપ કરીએ તો તે પણ નાશ

પામવા લાગે છે. જો નાશ ન પામે તો છેવટે તેના સમય અને તેની તીવ્રતામાં ઘટાડો થાય છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ સૂર્ય સામે નજર લગાડીને, બાહુ બે ઊંચા કરીને ધ્યાનમાં લીન હતા.

તે વખતે શ્રેણિક મહારાજા પ્રભુવીરની પાસે દેશના સાંભળવા જતા હતા. તેમના એક દૂતે બીજા દૂતને કહ્યું કે, આ રાજર્ષિ ધ્યાન ધરે છે, પણ તેના દીકરા પાસેથી રાજય પડાવી લેવાના પ્રયત્ન તેનો મંત્રી કરી રહ્યો છે વગેરે.

આ શબ્દો સાંભળતાં, રાજર્ષિની કાયા ધ્યાનમુદ્રામાં રહી પણ મનમાં તે મંત્રી પ્રત્યે રોષ પેદા થયો. મનમાં જ તેમણે મંત્રીની સાથે યુદ્ધનો આરંભ કર્યો.

રાજર્ષિ પ્રસન્નચંદ્રની ધ્યાનસાધનાથી પ્રભાવિત બનેલા રાજા શ્રેણિકે ભગવાન મહાવીરને સવાલ પૂછ્યો કે, ''હે ભગવંત ! આ રાજર્ષિ હમણાં મરે તો કઈ ગતિમાં જાય ?'' અને ભગવાને જવાબ આપ્યો કે, ''૭મી નરકે !''

મંત્રીની સાથે માનસિક યુદ્ધ કરતાં આ રાજર્ષિના કષાયના ભાવોએ ૭મી નરકમાં લઈ જનારાં કર્મો બાંધ્યાં હતાં. પણ ધ્યાનમાં લીન બનેલા રાજર્ષિ ૭મી નરકે જવાના છે, તેવું શ્રેણિક શી રીતે માની શકે ?

તેમણે ફરી પ્રભુને પૂછ્યું, 'ભગવાન ! હમણાં મરે તો ક્યાં જાય ?'

અને ભગવાન બોલ્યા, ''સર્વાર્થસિદ્ધવિમાન !''

આમ કેમ ? ક્ષણવારમાં એવું તે શું બન્યું ? કે જેથી ૭મી નરકમાંથી સર્વાર્થસિદ્ધવિમાન તરફ આગેકૂચ થઈ !

માનસિક યુદ્ધમાં, મંત્રીથી હાર પામતાં રાજાએ જ્યારે રથ અને શસ્ત્રો પણ ગુમાવ્યા, ત્યારે મંત્રીને ખતમ કરવા પોતાનો મુગટ લેવા રાજર્ષિનો હાથ પોતાના મસ્તકે પહોંચ્યો, પણ મુગટના બદલે માથાનું મુંડન જણાતાં પોતાનું મુનિપણું ધ્યાનમાં આવ્યું. પશ્ચાત્તાપનો અગ્નિ પ્રગટી ઊઠ્યો. જેમ જેમ પાપનો પશ્ચાત્તાપ થતો ગયો તેમ તેમ કર્મોના દળીયાનો સમય અને તીવ્રતા ઘટવા લાગ્યા. ૭મી નરકથી છઠ્ઠી, પાંચમી, ચોથી, ત્રીજી, બીજી યાવત્ પહેલી નરક નક્કી થવા લાગી. હજુ પશ્ચાત્તાપ આગળ વધ્યો. સાથે શુભભાવ પણ જોડાવા લાગ્યો. પરિણામે દેવલોક પહોંચાડનારું પુણ્યકર્મ બંધાવા લાગ્યું. જેમ જેમ ભાવ વધવા લાગ્યા તેમ તેમ તે કર્મોના સમય અને તીવ્રતા વધવા લાગ્યા.

પહેલા દેવલોકથી, બીજો, ત્રીજો યાવત, બારમો દેવલોક, તેને વટાવીને નવ ગ્રૈવેયક, છેલ્લે પાંચમા નંબરના અનુત્તર સુધી પહોંચાડે તેટલી તીવ્રતા અને સમયમાં

વૃદ્ધિ થઈ ગઈ.

પણ ભગવાનના મુખે એક વાર સાતમી નરક અને બીજી વાર સર્વાર્થસિદ્ધવિમાન; આમ જુદા જુદા જવાબો સાંભળીને સંદિગ્ધ બનેલા શ્રેણિક હજુ કાંઈ પૂછે તે પહેલાં તો આકાશમાં દેવદુંદુભી વાગી. દેવો નીચે આવ્યા. કારણ કે પ્રસન્નચંદ્રરાજર્ષિ કેવળજ્ઞાન પામ્યા હતા. શુક્લધ્યાનની ધારામાં આગળ વધીને તેઓએ ઘાતી કર્મોને ભસ્મીભૂત કરી દીધાં હતાં.

પુણ્ય કે પાપની પ્રશંસા કરવાથી જ તેના સમય-તીવ્રતામાં વધારો થાય છે ને પશ્ચાત્તાપ કરવાથી જ તેમાં ઘટાડો થાય છે, તેમ ન સમજવું. પણ પાછળથી પણ કોઈ સુંદર પુરુષાર્થ કરાય તો પુણ્યના સમય-તીવ્રતામાં વધારો અને પાપના સમય-તીવ્રતામાં ઘટાડો થાય છે. તથા આત્મા જો કોઈ અવળો-અશુભ પુરૂષાર્થ કરે તો પુણ્યકર્મના સમય-તીવ્રતામાં ઘટાડો અને પાપકર્મના સમય-તીવ્રતામાં વધારો થાય છે.

માટે જીવનમાં કોઈપણ પાપ થઈ જાય તો તેના સમય અને તીવ્રતામાં વધારો ન થાય તેની કાળજી કરવી જોઈએ. તે માટે તેના શાંતિકાળ દરમ્યાન ધર્મની વિશેષ આરાધના કરવી જોઈએ અને તે પાપની પ્રશંસા કે તેનો બચાવ ન થાય તેની કાળજી રાખવી જોઈએ. સાથે સાથે થઈ ગયેલાં તે પાપો બદલ તીવ્ર પશ્ચાત્તાપ પેદા કરીને, ગુરુભગવંત પાસે તેની આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ તથા ફરીથી તે પાપ ન કરવાનો તીવ્ર સંકલ્પ કરવો જોઈએ.

શ્રીકૃષ્ણ મહારાજાથી ૭મી નરકમાં જવું પડે તેવું કર્મ બંધાઈ ગયું હતું. પણ તેનો હજુ શાન્તિકાળ ચાલતો હતો. શાન્તિકાળ એટલે કે ગોલ્ડનપીરિયડ ચાલતો હતો, જે સમય દરમ્યાન પુરુષાર્થ કરીને આત્મા બાંધેલાં કર્મોમાં ધરખમ ફેરફાર કરી શકવાની શક્યતા ધરાવે છે.

અને ખરેખર તેમનો આ ૭મી નરકમાં લઈ જનારા કર્મોના શાન્તિકાળ દરમ્યાન ધરખમ ફેરફાર થયો પણ ખરો જ. અપવર્તનાકરણ લાગ્યું. જેના જોરે તે કર્મના સમય અને તીવ્રતામાં મોટો કડાકો બોલાયો.

બન્યું એવું કે બાવીસમા તીર્થપતિ શ્રી નેમીનાથ ભગવંત પધાર્યા. તેમના અઢાર હજાર સાધુઓને અપ્રમત્તપણે શ્રી કૃષ્ણ વાસુદેવે વંદન કર્યા. ગુરુભગવંત પ્રત્યે કેટલો બધો અહોભાવ તેમના હૃદયમાં ઊછળતો હશે કે જેના પ્રભાવે તેમને તમામ સાધુઓને વંદન કરવાની ઇચ્છા થઈ. તે ઇચ્છા પણ વાંઝણી નહોતી. તેમણે તેનો અમલ કર્યો. તે પણ વેઠ વાળીને નહિ. ઊભા ઊભા અપ્રમતપણે ઊછળતા બહુમાનભાવ સાથે. પરિણામે પૂર્વે બંધાયેલા તે ૭મી નરકમાં લઈ જનારા કર્મના સમય અને તીવ્રતામાં જોરદાર કડાકો બોલાયો.

જે કર્મ ૭મી નરકમાં લઈ જઈને ૨૨થી ૩૩ સાગરોપમ સુધી તીવ્ર દુઃખો આપવાની શક્યતા ધરાવતાં હતાં. તે કર્મો હવે માત્ર ત્રીજી નરક (૭થી ૧૦ સાગરોપમ સુધી)ના મધ્યમ દુઃખો આપવાની તાકાતવાળા થઈ ગયા !

સમય અને તીવ્રતામાં જોરદાર ઘટાડો થયો. સાથે તેમણે ક્ષાયિક સમકિત અને તીર્થંકરનામકર્મની પ્રાપ્તિ પણ કરી.

ગુરુ ભગવંતને વંદન કરવાનો લાભ કેવો અચિન્ત્ય છે, તે આ દૃષ્ટાંતમાં જોવા મળે છે. સાથે સાથે આપણો આત્મા, પરમાત્માએ બતાવેલી આરાધનાઓ કરે તો કર્મોના સમય અને તીવ્રતામાં કેટલો બધો ઘટાડો લાવી શકાય છે ! તે વાત સમજવા મળે છે

## (૬) ઉપશમનાકરણ

કર્મોના શાંતિકાળ દરમ્યાન આત્માના અધ્યવસાયો પ્રમાણે તેમાં સતત ફેરફારો થયા જ કરે છે. પરંતુ આત્મા પોતે પોતાના વિશિષ્ટ અધ્યવસાયો દ્વારા બંધાયેલા કર્મની કેટલીક રજકણોમાં એવી પરિસ્થિતિ પેદા કરે છે કે જેનાથી તેનો સ્વભાવ બદલાઈ શકે અથવા તેના સમય કે તીવ્રતામાં કદાચ ઘટાડો કે વધારો થઈ શકે પણ તે સિવાય તેમાં અન્ય કોઈ ફેરફાર થઈ શકે નહિ. એટલે કે સંક્રમણકરણ, ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણ સિવાય કોઈપણ કરણ લાગે નહિ. અરે ! તે કર્મનો ઉદય પણ અમુક સમય દરમ્યાન થઈ ન શકે. આ અધ્યવસાયોને ઉપશમનાકરણ કહેવાય છે. તેનાથી કર્મદલિકોમાં જે આ અપરિવર્તનશીલ અવસ્થા પેદા થઈ તેને 'ઉપશમના થઈ' એમ કહેવાય છે.

આત્મા પોતાના સમગ્ર સંસાર કાળમાં સૌથી પહેલી વાર જે સમ્યગ્દર્શન પામે છે, તે ઉપશમ સમકિત તરીકે ઓળખાય છે. ત્યારે મિથ્યાત્વને લાવનારું જે મિથ્યાત્વ મોહનીયકર્મ છે તેની એક અંતર્મુહૂર્ત જેટલા કાળ માટે આત્માએ ઉપશમના કરી હોય છે. એટલે કે તેટલા સમય સુધી તેનામાં રહેલું મિથ્યાત્વમોહનીયકર્મ ઉદયમાં આવી શકતું નથી. તે આત્મા તેટલા કાળ સુધી મિથ્યાત્વી બની શકતો નથી. આ ઉપશમનાકરણ માત્ર મોહનીયકર્મમાં અસર કરે છે.

## (૭) નિદ્ધત્તિકરણ

બંધાતી વખતે કે બંધાઈ ગયા પછી તેના શાંતિકાળ દરમ્યાન આત્મામાં એવા પ્રકારના ભાવો પેદા થાય છે કે જેના કારણે તે કર્મના સમય અને તીવ્રતામાં વધારો કે ઘટાડો થઈ શકે પણ તેના સ્વભાવમાં હવે સંક્રમણકરણથી કોઈ ફેરફાર થઈ શકે

નહિ. અર્થાત્ ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણ એ બે જ કરણ લાગે પરન્તુ તે સિવાયના અન્ય કોઈપણ કરણ લાગે નહિ. નિદ્ધત્તિકરણમાં ઉદ્વર્તના અને અપવર્તના; એ બે જ કરણ લાગે છે જ્યારે ઉપશમનાકરણમાં તે બે કરણ ઉપરાંત સંક્રમણકરણ પણ લાગી શકે છે. આ ઉપશમનાકરણ અને નિદ્ધત્તિકરણ વચ્ચેનો તફાવત છે.

## (૮) નિકાચનાકરણ

કરેલાં કર્મો તો ભોગવવાં જ પડે. ભોગવ્યા વિના તો કર્મ થોડાં છૂટે ? આવું જે કાંઈ સંભળાય છે, તે નિકાચિત કર્મો માટે સમજવું. એટલે કે બંધાતી વખતે જ કે બંધાઈ ગયા પછી જ્યારે બંધાયેલા તે કર્મોનો શાંતિકાળ ચાલતો હોય ત્યારે આત્મામાં અમુક પ્રકારના ભાવો પેદા થાય તો તે વખતે તે કર્મ નિકાચિત થઈ જાય. એટલે કે હવે કદીય તેમાં ફેરફાર ન થઈ શકે. તેનો સ્વભાવ તેવો જ રહે. તેના સમય તથા તીવ્રતામાં પણ જરાય વધઘટ હવે ન થઈ શકે. આ નિકાચનાકરણથી કર્મ નિકાચિત થઈ જાય એટલે ખલાસ ! બસ હવે તો તે જ રીતે ભોગવવું જ પડે. ત્યાર પછી ગમે તેટલો પશ્ચાત્તાપ કરીએ તોપણ તે નાશ ન પામે. તેમાં ફેરફાર ન થાય. ગમે તેટલી ધર્મારાધના કરીએ તોપણ તેનાથી પૂર્વના નિકાચિત કર્મમાં કાંઈ ફેરફાર ન થાય. હા ! કરેલી તે નવી આરાધના કે કરેલો તે પશ્ચાત્તાપ કાંઈ નિષ્ફળ જતો નથી. તેનાથી નવું પુણ્યકર્મ બંધાય છે કે અન્ય અનિકાચિત અશુભકર્મ નાશ પણ પામે છે. પરન્તુ નિકાચિત થયેલા કર્મમાં કાંઈ ફેરફાર થતો નથી. (ક્ષપકશ્રેણીમાં ધ્યાનની ધારામાં આ નિકાચિત કર્મો પણ નાશ પામી શકે છે.)

પ્રભુ મહાવીરે ત્રીજા મરિચી તરીકેના ભવમાં, પોતાના કુળનું અભિમાન કરીને નીચગોત્રકર્મ નિકાચિત બાંધ્યું હતું, તો તેમણે તે ભોગવવું જ પડ્યું. તે માટે ૨૭મા ભવમાં ૮૨ દિવસ સુધી દેવાનંદા નામની બ્રાહ્મણીના પેટમાં રહેવું પડ્યું. બે માતા કરવાનું કલંક સ્વીકારવું પડ્યું. ૨૫મા નંદનરાજર્ષિ તરીકેના તેમના ભવમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ તેમણે કર્યાં, છતાંય તેમનું તે કર્મ નાશ ન પામ્યું. કારણ કે તે નિકાચિત થયેલું હતું.

તે જ રીતે અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકેના ભવમાં તેમણે સંગીતના સૂરો બંધ ન કરનાર શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું તીવ્ર દુષ્ટ ભાવથી નંખાવ્યું તો તે વખતે નિકાચિત કર્મ બંધાયું. પછીની તેમની સાધનાઓએ તેમાં કોઈ ફેરફાર ન કર્યો. છેલ્લા ભવમાં તે નિકાચિત કર્મ ઉદયમાં આવ્યું જ અને પ્રભુવીરના કાનમાં ખીલા ભોંકાયા.

અરે ! પ્રભુવીર કેવળજ્ઞાન નહોતા પામ્યા ત્યારની આ બધી વાત કરી. પણ પ્રભુવીર કેવળજ્ઞાન પામીને ભગવાન બની ગયા તો ય નિકાચિત કર્મે તેમને છોડ્યા નહિ. કેવળજ્ઞાન પછી લગભગ ૧૪ વર્ષ વીતી ગયા હતા અને મોક્ષે જવાના હજુ સોળ વર્ષ બાકી હતાં, ત્યારે પ્રભુ ઉપર ગોશાળાએ તેજોલેશ્યા છોડી. જેનાથી પ્રભુવીરને છ મહિના સુધી લોહીના ઝાડા-ઊલટી થયા. (જોકે આ અનંતકાળે બની ગયેલું એક આશ્ચર્ય છે.) નિકાચિત કર્મે ભગવાન બની ગયેલા મહાવીરને પણ ન છોડ્યા.

જે કર્મો ભગવાનની પણ લાજ-શરમ નથી રાખતા તે કર્મો શું આપણી લાજ-શરમ રાખશે ? માટે જ કર્મ બાંધતી વખતે ખૂબ જ વિચાર કરવો જોઈએ.

જ્યારે આપણે સારું કે ખરાબ કાર્ય કરીએ ત્યારે જો આપણે તેમાં તલ્લીન બની જઈએ, એકરસ થઈએ, તો તે વખતે તે કર્મ નિકાચિત બની શકે.

અથવા તો કોઈ શુભ કે અશુભ કાર્ય કર્યા પછી, તેની પુષ્કળ પ્રશંસા કરીએ તોપણ શાંતિકાળમાં રહેલું તે કર્મ નિકાચિત થઈ શકે.

તેથી કોઈપણ પાપ કરવું જ નહિ પણ કદાચ કરવું જ પડે તેમ હોય તો તે પાપ રાચી-માચીને તો ન જ કરવું, તેમાં પોતાનું મન ભળવા ન દેવું.

જ્યાં સુધી શરીર જ પાપ કરે ત્યાં સુધી તે નિકાચિત ન થાય, પણ જો તેમાં મન પણ અત્યંતપણે ભળે તો તે કર્મ નિકાચિત થવાની પૂરેપૂરી શક્યતા છે.

જેમ પાપ કરવાનું જ નથી, કરવું પડે તો તીવ્રભાવથી કરવાનું નથી, તેમ તે પાપ થઈ ગયા પછી તે પાપની પ્રશંસા પણ નથી કરવાની.

પરમાત્મા મહાવીરદેવનો કહેવાતો દુશ્મન ગોશાળો બારમા દેવલોકમાં ગયો અને તેમના પરમ ભક્ત શ્રેણિકરાજા પહેલી નરકમાં ગયા ! આશ્ચર્ય લાગે છે ને !

ભગવાનનો ભક્ત અને નરકમાં !

ભગવાનનો શત્રુ અને ૧૨મા દેવલોકમાં !

પણ કર્મવિજ્ઞાન સમજ્યા પછી આમાં આશ્ચર્ય લાગવા જેવું કાંઈ જ નથી. કારણ કે કર્મવિજ્ઞાન કહે છે કે ગોશાળો ભગવાનનો શત્રુ હતો માટે બારમા દેવલોકમાં નથી ગયો પણ ભગવાનની આશાતનાનું ભયંકર પાપ થઈ ગયા પછી તેણે અત્યંત તીવ્રપણે તેનો પશ્ચાત્તાપ કરેલો. છેલ્લે છેલ્લે તે સમકિત પામી ગયેલો. આ પશ્ચાત્તાપના તીવ્ર ભાવે તેને ૧૨મા દેવલોકની ભેટ ધરી.

અને શ્રેણિકરાજા ભગવાનના ભક્ત હતા માટે કાંઈ નરકમાં ગયા નથી. પણ

પાપની પ્રશંસાએ તેમને નરકમાં મોકલ્યા છે.

પ્રભુવીર જ્યારે તેમને મળ્યા નહોતા ત્યારે શિકારનો તેમને અત્યંત શોખ હતો. શિકાર કરવા ગયેલા તેમણે તે વખતે એક હરણીને તીર માર્યું. હરણીનું પેટ ફાટી ગયું. તીરથી વીંધાયેલું બચ્ચું પણ પેટમાંથી તરફડતું બહાર નીકળીને મરી ગયું. હરણી અને તેનું બચ્ચું; બે ય મરણને શરણ થયાં.

બે જીવોની હિંસાના થઈ ગયેલા આ પાપનો પસ્તાવો કરવાની વાત તો દૂર રહો, શ્રેણિકરાજા પોતાની મૂછો મરડતા પોતાની જાતને શાબાશી આપે છે, અને જાણે કે મનોમન બોલે છે : 'છું ને હું મહાન બાણાવળી ! એક જ તીરથી બેયને ખતમ કર્યાં ! છે મારા જેવી શક્તિ કોઈનામાં ? વગેરે...'

પોતાના આ પાપની પ્રશંસા કરવાથી તેમણે નરકમાં લઈ જનારું નિકાચિત કર્મ બાંધ્યું.

પાછળથી તેમને પ્રભુવીર મળ્યા. તેમના તેઓ પરમભક્ત બન્યા. પૂર્વે સેવાઈ ગયેલા પાપનો તીવ્ર પશ્ચાત્તાપ પણ કર્યો. તેનાથી ઘણાં કર્મો ખપાવ્યાં પરન્તુ બંધાયેલા (નરકમાં લઈ જનારા) તે કર્મમાં કોઈ જ ફેરફાર ન થઈ શક્યો. કારણ કે તે કર્મ નિકાચિત હતું.

માટે જ પાપ કરતી વખતે પણ સાવધાન રહેવું જરૂરી છે. ખાતી વખતે ભોજનની, પહેરતી વખતે વસ્ત્રોની, મોજશોખ કરતી વખતે મળેલી તે ચીજોની ભૂલમાં ય પ્રશંસા ન થઈ જાય તેની કાળજી રાખવી. ખંધક મુનિવરે પૂર્વના ભવમાં ચીભડાની છાલ ઉતારીને તેની પ્રશંસા કરી તો પછીના ભવમાં સાધુ બન્યા તો ય ચામડી ઊતરડાઈ. તે વાત કદી ય ભૂલવી નહિ

## આઠે કરણને એકી સાથે સમજાવતું દૃષ્ટાંત

એક નગરમાં રમેશ, મહેશ, સુરેશ, નરેશ અને પરેશ નામના પાંચ મિત્રો રહેતા હતા.

એક વાર તે જ નગરમાં પરિમલશેઠના પુત્ર જયેશ સાથે પૈસાની બાબતમાં તેમને દુશ્મનાવટ પેદા થઈ.

ખરેખર પૈસા જેવી ખરાબ ચીજ આ દુનિયામાં કોઈ નથી. પૈસાના કારણે જ ચોરી, દગો, વિશ્વાસઘાત-પ્રપંચ વગેરે પાપો આ દુનિયામાં થાય છે ને ? પૈસો સગા બાપ ઉપર પણ વિશ્વાસ મૂકવા દેતો નથી. ભાઈ-ભાભી વચ્ચેનો વર્ષોનો સ્નેહ પૈસા જેવી સાવ તુચ્છ અને મામૂલી ચીજના કારણે કકડભૂસ થઈને તૂટી જાય છે.

પાંચે મિત્રોએ ભેગા થઈને જયેશને પરલોક પહોંચાડી દેવાનું નક્કી કર્યું. ખરેખર તો દુશ્મનાવટને ખતમ કરવી જોઈએ. દુશ્મનને ખતમ કરવાથી શું વળે ?

પણ જૈન શાસનના તત્ત્વજ્ઞાનને નહિ સમજેલા તે પાંચે મિત્રોએ પરસ્પર વિચારણા કરીને, પોતાની રીતે એક યોજના ઘડી કાઢી.

પરિણામે જયેશ ખરેખર યમસદન પહોંચી ગયો.

કોર્ટમાં કેસ ચાલ્યો. જજે જજમેન્ટ આપ્યું, જેમાં તેમણે રમેશ તથા મહેશને છ વર્ષની જેલ સહિત ફાંસીની સજા ફરમાવી તથા સુરેશ, નરેશ અને પરેશને રોજ ૧૦૦-૧૦૦ હન્ટરના ફટકા સહિત બે વર્ષની જેલની સજા ફરમાવી.

પરંતુ કોર્ટના આ ચુકાદાથી તેમને સંતોષ ન થયો. ઉપલી કોર્ટમાં જવાનું નક્કી કર્યું.

ઉપલી કોર્ટમાં લાંબા સમય સુધી કેસ ચાલ્યો બંને પક્ષની વાતો સાંભળ્યા પછી, નીચે પ્રમાણે ચુકાદો આવ્યો.

(૧) સુરેશની રોજ ૧૦૦-૧૦૦ હેન્ટરના ફટકા સહિતની બે વર્ષની જેલની સજા નીચલી કોર્ટે જે ફટકારી હતી, તે કેન્સલ કરીને તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો

(૨) પરેશનો ગુનો વધારે જણાતાં, નીચલી કોર્ટે તેને જે રોજ ૧૦૦-૧૦૦ ફટકા સહિતની બે વર્ષની સજા કરી હતી, તે વધારીને ૨૦૦-૨૦૦ ફટકા સહિત પાંચ વર્ષની જેલની સજા જાહેર કરવામાં આવી.

(૩) નરેશનો વાંક ઓછો લાગતાં, નીચલી કોર્ટે તેને જે ૧૦૦-૧૦૦ ફટકા સહિતની બે વર્ષની સજા કરી હતી, તે ઘટાડીને ૫૦-૫૦ ફટકા સહિતની છ માસની જેલની સજા જાહેર કરી.

(૪) રમેશ અને મહેશ મુખ્ય ગુનેગાર તરીકે ફરી સાબિત થતાં, તેમની છ વર્ષની જેલ સહિત ફાંસીની સજા ઉપલી કોર્ટે પણ ચાલુ રાખી.

પરંતુ રમેશ અને મહેશને આ સજા માન્ય નહોતી. તેઓ હાઈકોર્ટમાં ગયા. હાઈકોર્ટ પૂર્વેની કોર્ટના ચુકાદામાં ફેરફાર કરી શકવાની શક્તિ ધરાવતી હોવા છતાંય પુરાવાને આધારે તે બંને ગુનેગાર સાબિત થતા હોવાથી હાઈકોર્ટે તેમની તે સજામાં કોઈ જ ફેરફાર ન કર્યો.

છ મહિનાની જેલની સજા ભોગવતા નરેશનું સુંદર વર્તન જોતાં, તેણે કરેલી અરજી સ્વીકારીને કોર્ટે તેને પેરોલ ઉપર વચ્ચે એક મહિના માટે છૂટો કર્યો. એક

મહિના બાદ ફરી તે જેલમાં ગયો. જોતજોતામાં બીજા ચાર મહીના પસાર થતાં તે મુક્ત બન્યો. આમ, નરેશ માત્ર પાંચ મહિના જ જેલમાં રહ્યો હોવા છતાં તેની છ મહિનાની સજા પૂર્ણ જાહેર થઈ.

જેલમાં રહેલો રમેશ જંપીને બેસે તેમ નહોતો. એક વર્ષ બાદ તેણે ત્યાં રહેલા પહેરેગીર ઉપર એકવાર જોરદાર હુમલો કર્યો. ઝપાઝપીમાં તેના હાથે પહેરેગીરનું મોત થયું; જેનો કેસ કોર્ટમાં ચાલ્યો. ફરી ફાંસીની સજા જાહેર થઈ.

પરંતુ એક જ વ્યક્તિને બે વાર ફાંસી શી રીતે આપી શકાય ? તેથી જે હવેથી પાંચ વર્ષ પછી ફાંસી આપવાની હતી, તે તરત જ આપવાનો કોર્ટે આદેશ કર્યો. પરિણામે રમેશને તરત ફાંસીના માંચડે ચડવું પડ્યું.

હાઈકોર્ટ વડે પણ ફાંસીની સજા કાયમ રહેતા મહેશે સુપ્રીમકોર્ટમાં અરજી કરી હતી. પણ તેના કમનસીબે સુપ્રીમકોર્ટે પણ તેની તે સજા માન્ય રાખી. હવે ઉપર તો કોઈ કોર્ટમાં અરજી કરી શકે તેમ નહોતો. કારણ કે સુપ્રીમકોર્ટનો ચુકાદો અંતિમ ગણાય છે.

છેવટે સ્નેહીજનોની સલાહથી તેણે રાષ્ટ્રપતિને દયાની અરજી કરી. જો રાષ્ટ્રપતિ ધારે તો તેને ફાંસીની સજામાંથી મુક્ત કરી શકે. બાકી તે સિવાય તો હવે ઊગરવાનો તેની પાસે કોઈ જ રસ્તો નથી.

દયાળુ રાષ્ટ્રપતિએ તેની સજાને માફ કરી. પરિણામે ફરી આવી ભૂલ કદી ન કરવાનો સંકલ્પ કરીને તે નવી જિંદગી ધર્મારાધનામય પસાર કરવા લાગ્યો.

ઉપરના દૃષ્ટાંત આધારે હવે આઠે કરણો આપણને બરોબર સમજાઈ જશે.

પાંચે મિત્રોએ ખૂન કરતાં નીચલી કોર્ટે જે સજા જાહેર કરી તે (૧) **બંધનકરણને** જણાવે છે. જ્યારે આપણો આત્મા કોઈ સારાં કે ખરાબ કાર્ય કરે છે ત્યારે કર્મ બંધાય છે, તે વખતે તે કર્મનો ઉદય થતાં જે પરચો અનુભવવાનો છે તે નક્કી થાય છે, કર્મનાં સ્વભાવ-સ્થિતિ-રસ-પ્રદેશ વગેરે નક્કી થાય છે. તે કોર્ટમાં જાહેર થયેલી સજા બરોબર છે. નીચલી કોર્ટ એટલે **બંધનકરણ.**

પરંતુ નીચલી કોર્ટના ચુકાદા બાદ તે મિત્રો ઉપલી કોર્ટમાં ગયા અને તેમનામાંથી કેટલાકની સજામાં ફેરફાર થયો, તેમ આપણો આત્મા પણ સારાં-નરસાં કાર્ય કર્યા પછી, કર્મ બાંધ્યા પછી જો તેની પ્રશંસા/પશ્ચાત્તાપ વગેરે કરે તો તેના કર્મોનો ઉદય થતાં પેદા થનારી પરિસ્થિતિમાં પણ ફેરફાર થાય છે.

જેમકે : નીચલી કોર્ટે દોષિત જાહેર કરેલ સુરેશને ઉપલી કોર્ટે નિર્દોષ જાહેર કર્યો. દોષિત નિર્દોષમાં ટ્રાન્સફર થયો. તેમ (૨) **સંક્રમણકરણ** લાગતાં

અશાતાવેદનીયકર્મ શાતાવેદનીયકર્મમાં ટ્રાન્સફર થઈ શકે છે.

રમેશ શાંત ન બેસી રહ્યો અને તેણે બીજો ગુનો કર્યો તો તે બીજા ગુનાની ફાંસીની સજાની સાથે જ પહેલા ગુનાની ફાંસીની સજા ભોગવાઈ ગઈ. પાંચ વર્ષ પછી મળનારી ફાંસી વહેલા મળી ગઈ. તેમ (૩) **ઉદીરણાકરણ** લાગે ત્યારે જે કેટલાંક કર્મો મોડાં ઉદયમાં આવવાનાં હોય તે વહેલા ઉદયમાં આવીને ભોગવાઈ જાય છે.

પરેશની ૧૦૦-૧૦૦ ફટકા સહિતની બે વર્ષની સજામાં વધારો થયો અને તેને ૨૦૦-૨૦૦ ફટકા સાથે પાંચ વરસની સજા થઈ, તેમ જો (૪) **ઉદ્‌વર્તનાકરણ** લાગે તો કર્મનો સ્થિતિ (સમય) અને રસ (ફટકા-તીવ્રતા)માં વધારો થાય છે.

નરેશનો વાંક ઓછો જણાતાં તેની સજામાં ૧૦૦ ફટકામાંથી ૫૦ ફટકા અને બે વર્ષમાંથી માત્ર છ મહિનાની સજા રૂપ જે ઘટાડો થયો, તે (૫) **અપવર્તનાકરણને** જણાવે છે. અર્થાત્ આત્મામાં બંધાયેલાં કર્મોની સ્થિતિ (સમય) અને રસ (તીવ્રતા)માં આ કરણથી ઘટાડો થઈ શકે છે.

નરેશનો પેરોલ ઉપર જ્યારે છુટકારો થયો ત્યારે જેલમાં રહેવા રૂપ કે ફટકા ખાવા રૂપ સજા હકીકતમાં તે સહન ન કરતો હોવા છતાંય તેનો પેરોલનો તે એક મહિનો તેની છ માસની સજામાં જ ગણાઈ ગયો. તેમ (૬) **ઉપશમનાકરણ** લાગે ત્યારે તે કર્મોના ઉદયનો વિપાક અનુભવ્યા વિના જ તેનો સમય પસાર થઈ જાય છે.

હાઈકોર્ટનો ચુકાદો એટલે (૭) **નિદ્ધત્તિકરણ.** જેમ હાઈકોર્ટના ચુકાદામાં ફેરફાર કરવાનો અધિકાર માત્ર સુપ્રીમકોર્ટને જ છે, તેમ નિદ્ધતિકરણથી નક્કી થયેલ સ્થિતિ અને રસમાં (૮) **નિકાચનાકરણ** જ લાગી શકે છે.

પણ મહેશે સુપ્રીમકોર્ટમાં અરજી કરી છતાં છૂટકારો ન થયો. જોકે સુપ્રીમકોર્ટ હાઈકોર્ટના ચુકાદામાં ફેરફાર કરી શકતી હતી. જો તેણે ફેરફાર કર્યો હોત તો પછીથી કોઈ જ તેમાં સુધારો ન કરી શકત. સુપ્રીમકોર્ટનો વિરુદ્ધનો કે તરફેણનો ચુકાદો અંગીકાર કરવો જ પડે. તેમ (૮) **નિકાચનાકરણ** લાગે એટલે તે કર્મ ભોગવવું જ પડે. તેમાં કોઈ ફેરફાર થઈ શકે નહિ.

પરંતુ રાષ્ટ્રપતિ પાસે અરજી કરવાથી જેમ સુપ્રીમકોર્ટના ચુકાદારૂપ ફાંસીની સજામાંથી મુક્ત થઈ શકાય છે, તેમ શુક્લધ્યાનની ધારામાં નિકાચિત કર્મો પણ ખલાસ થઈ શકે છે. પણ તે સિવાય નિકાચિત કર્મોને ઉદયમાં આવતા કોઈ અટકાવી શકતું નથી.

## ૧૮ ચાર પ્રકારનો કર્મબંધ

આઠ કરણોની વિચારણા કરવાથી આપણને એ વાત બરોબર સમજાઈ ગઈ હશે કે કર્મના સ્વભાવ-કાળ-બળ વગેરેમાં ઘણા ફેરફારો કર્મના શાંતિકાળમાં થઈ શકે છે.

પરન્તુ તમામે તમામ કર્મોના શાંતિકાળમાં આવા ફેરફાર થાય જ છે તેવું નથી. હા ! મોટા ભાગનાં કર્મોમાં ચોક્કસ ફેરફાર થાય છે. પણ એક લાખ કર્મમાં એકાદ કર્મ એવું પણ હોય છે કે જેમાં શાંતિકાળમાં પણ કોઈ ફેરફાર થઈ શકતા નથી કારણ કે તે કર્માણુઓ જીવ ઉપર સખત રીતે ચોંટી ગયા હોય છે

આત્મા જ્યારે સારા કે ખરાબ વિચારો, ઉચ્ચારો કે વ્યવહારો કરતો હોય છે ત્યારે તેની ઉપર જે કર્માણુઓ ચોંટે છે, તે બધા એકસરખી રીતે ચોંટતા નથી. તે કર્માણુઓ આત્મા ઉપર જુદી જુદી ચાર રીતે ચોંટી શકે છે.

તેમાંની પહેલી ત્રણ રીતે જે કર્માણુઓ ચોંટ્યા હોય છે, તે કર્માણુઓના શાન્તિકાળમાં પૂર્વે જણાવેલા ફેરફારો થઈ શકે છે, પણ જે કર્માણુઓ આત્મા ઉપર ચોથી રીતે ચોંટ્યા હોય છે, તેમાં કોઈપણ જાતનો ફેરફાર તેના શાન્તિકાળમાં પણ થઈ શકતો નથી.

લોખંડના ટુકડાને અને સોયને ભેગાં કરવાં હોય તો તે અનેક રીતે થઈ શકે.

(૧) કોઈક વ્યક્તિ સોયને હાથમાં લઈને નીચે પડેલા લોખંડના ટુકડાની ઉપર મૂકી દે. આમ કરવાથી તે બંને ભેગાં થયાં તો કહેવાય ને ?

(૨) પણ બીજી વ્યક્તિને એમ લાગે કે સોય અને લોખંડના ટુકડાને ભેગાં કરવાની આ રીત બરોબર નથી. કારણ કે આમાં તો કદાચ પવન આવે અને સોય નીચે પડી જાય તોય બે છૂટા પડી જાય. માટે તે બીજી વ્યક્તિ લોખંડના ટુકડાને અને સોયને ભેગા કરીને દોરડાથી કચકચાવીને બાંધી દે, જેથી તેઓ સહેલાઈથી છૂટા ન પડી શકે.

(૩) પણ ત્રીજી વ્યક્તિને આ રીતથી સંતોષ નથી. સોય અને લોખંડનો ટુકડો કોઈ છૂટો ન પાડી જાય તે માટે તે વ્યક્તિ લોખંડના ટુકડા ઉપર સોય મૂકીને હથોડાથી ટીપી ટીપીને તેને લોખંડના ટુકડામાં જડી દે છે.

(૪) પણ ચોથી વ્યક્તિને થાય છે કે ભલેને આ સોયને લોખંડના ટુકડામાં જડી

દીધી ! વધારે પ્રયત્ન કરતાં તે પણ છૂટી પડી શકે તેમ તો છે જ.

હું તો એવું કરું કે ગમે તેટલી મહેનતથી પણ તે સોય લોખંડથી છૂટી જ ન પડે. તે માટે તેણે તે લોખંડના ટુકડાને અને સોયને સાથે ગાળી દીધાં અને તે બંનેના ભેગા થયેલા રસમાંથી એક નવો જ મોટો લોખંડનો ટુકડો બનાવી દીધો. હવે ગમે તેટલી મહેનત કરો તો પણ તે બંને છૂટાં પાડી ન શકાય.

સોય અને લોખંડના ટુકડાને ભેગા કરવાની જે ચાર રીતો હમણાં આપણે વિચારી, તેવી ચાર રીતો વડે આત્મા અને કર્મ ભેગાં થાય છે, ચોંટે છે. તે આ રીતે :

(૧) કેટલાંક કર્મો આત્માને એવી રીતે ચોંટે છે કે જાણે તે માત્ર આત્માને સ્પર્શીને રહ્યાં હોય. બહુ સહેલાઈથી તે કર્મો આત્માથી છૂટાં પડી શકે. આ રીતે કર્મો ચોંટે ત્યારે તેને **સ્પૃષ્ટબંધ** થયો કહેવાય.

(૨) કેટલાંક કર્મો આત્માની સાથે મજબૂત રીતે ચોંટ્યાં હોય છે, જે થોડા વિશેષ પ્રયત્નથી છૂટાં પડી શકે છે. આ રીતે કર્મ ચોંટે ત્યારે તેને **બદ્ધબંધ** થયો કહેવાય.

(૩) કેટલાંક કર્મો આત્માની સાથે ગાઢ રીતે ચોંટેલાં હોય છે. પુષ્કળ પુરુષાર્થ વિના તે છૂટાં પડી શકતાં નથી. આ **નિદ્ધત્તબંધ** તરીકે ઓળખાય છે.

(૪) જ્યારે કેટલાંક કર્મો તો આત્માની સાથે એકરસ થવાની જેમ ચોંટે છે. તેમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. આને **નિકાચિતબંધ** કહેવાય છે.

ઉપર જણાવેલી ચાર રીતમાંથી જે કર્મપરમાણુઓ પહેલી ત્રણ રીતે બંધાય છે, તેમના શાંતિકાળમાં ફેરફારો થઈ શકે છે. એટલે કે સ્પૃષ્ટ, બદ્ધ અને નિદ્ધત્તબંધથી બંધાયેલા કર્માણુમાં ફેરફાર થઈ શકે છે. પણ ચોથી રીતના નિકાચિતબંધથી બંધાયેલા કર્માણુમાં તેના શાંતિકાળમાં પણ કોઈ જાતનો ફેરફાર થઈ શકતો નથી. તેનાં સ્વભાવ-સ્થિતિ (કાળ) અને બળ તેવાં ને તેવાં જ રહે છે. તેમાં આઠમાંના કોઈપણ કરણ લાગતા નથી. તેથી બંધાતી વખતે જો તેમાં સારો સ્વભાવ નક્કી થયો હોય તો તે સ્વભાવ સારો જ રહે, જો ૧૦૦ વર્ષની સ્થિતિ નક્કી થઈ હોય તો તે ૧૦૦ વર્ષની જ રહે. અને જેવું બળ નક્કી થયું હોય તેટલું જ રહે. જ્યારે પૂર્વના ત્રણ પ્રકારના કર્મબંધના શાંતિકાળમાં, કર્મ બંધાતી વખતે જે સ્વભાવ-સ્થિતિ-બળ નક્કી થયાં હતાં, તેમાં ફેરફાર થઈ શકે છે.

જુદી જુદી ચાર રીતે કર્માણુઓ બંધાવાનું કારણ એ છે કે આત્મા જ્યારે આ કર્માણુઓને બાંધે છે, ત્યારે તેના મનમાં ઊછળતા સારા કે ખરાબ ભાવો સદા સરખા હોતા નથી પણ તેમાં વધઘટ હોય છે.

તેથી કર્માણુઓ બાંધતી વખતે તેના ભાવોમાં જેવો વધારો-ઘટાડો હોય તે પ્રમાણે કર્માણુઓની બંધાવાની રીતમાં પણ ફેરફાર હોય છે.

એક કલાકમાં પાંચ માણસો દ્વારા પાંચ મચ્છર મર્યા. મચ્છર મરવાની દૃષ્ટિએ ભલે પાંચે જણને સરખા દોષિત ઠેરવીએ, છતાં ય પાંચે જણ દ્વારા મચ્છર મારવાની પદ્ધતિમાં શું ફરક ન હોઈ શકે ?

એક છોકરાએ રૂમમાં મચ્છરને ઊડતા જોયા ને તેને ત્રાસ થયો. ખચાક કરતાં હાથમાં પકડીને મચ્છર મારી દીધો. બીજી એક વ્યક્તિએ જ્યારે મચ્છર ઊડતો હતો ત્યારે કાંઈ ન કર્યું. પણ જેવો તે મચ્છર તેના હાથ ઉપર બેઠો કે તરત જ ઘસી કાઢ્યો. ત્રીજી વ્યક્તિએ હાથ ઉપર મચ્છર બેઠો તો ય કાંઈ ન કર્યું. પણ જ્યારે તે મચ્છર લોહી પીવા લાગ્યો ત્યારે તેણે મચ્છરને ચપટીમાં ચોળી નાંખ્યો. ચોથી વ્યક્તિએ સહન થાય ત્યાં સુધી તે મચ્છરને લોહી પીવા દીધું. પણ જ્યારે સહનશક્તિની હદ આવી ત્યારે તે મચ્છરને ઘસી કાઢ્યો. મચ્છર મરી ગયો. પાંચમી વ્યક્તિએ મચ્છરને લોહી તો પીવા દીધું, પણ જ્યારે તેનાથી તે દુઃખ સહન ન થયું ત્યારે સાચવીને રૂમાલથી મચ્છરને તે દૂર કરવા લાગ્યો. પણ તેમ કરતાં મચ્છર મરી ગયો. આમ પાંચે વ્યક્તિ વડે જુદા જુદા પાંચ મચ્છર મર્યા હોવા છતાંય દરેક વ્યક્તિના તે તે વખતના ભાવોમાં ફરક હતો, તેમ આપણે ચોક્કસ કહી શકીએ. અને આ જુદા જુદા ભાવોના કારણે જ કર્મો ચોંટવાની રીતમાં પણ ફરક પડે છે.

તે જ રીતે ધારો કે દસ માણસો એક દિવસમાં દસ વ્યક્તિઓનાં ખૂન કરે છે. છતાં દરેકને ખૂનની સરખી સજા ન કરાય. કારણ કે ખૂનના ય ઘણા પ્રકારો હોય છે. કોઈએ ગળું દાબીને ખૂન કર્યું, કોઈએ ખંજર મારીને ખૂન કયુ, તો કોઈએ બૉમ્બ વિસ્ફોટ કરીને ખૂન કર્યું, તો કોઈએ અંગે અંગના ટુકડે ટુકડા કરીને કરપીણ હત્યા કરી. કોઈએ માથું છૂંદી કાઢ્યું તો કોઈથી પોતાનો જાતબચાવ કરતાં સામેવાળાનું ખૂન થઈ ગયું ! ખૂનની જુદી જુદી રીતો ઉપરથી આપણે ખૂની માણસોના મનના જુદા જુદા ભાવોની કલ્પના કરી શકીએ છીએ.

જેમ ખરાબ કાર્યો કરતી વખતે ભાવોમાં તફાવત હોય છે તેમ સારું કાર્ય કરવામાં પણ જુદા જુદા ભાવો આવી શકે છે. જેમકે આઠ વ્યક્તિઓ પૂજા કરે છે. પૂજા કરવા રૂપ શુભકાર્ય એક જ હોવા છતાં, એક વ્યક્તિને પરાણે પૂજા કરવા જવું પડે છે. બીજી વ્યક્તિ શરમથી પૂજા કરે છે. ત્રીજી વ્યક્તિ પત્નીના કહેવાથી પૂજા કરે છે. ચોથી વ્યક્તિ પોતાની ઇચ્છાથી ચંદનપૂજા કરે છે. પાંચમી વ્યક્તિ અષ્ટપ્રકારી પૂજા કરે છે. છઠ્ઠી વ્યક્તિ પોતાના ઘરેથી દ્રવ્યો લઈ જઈને ભક્તિથી પૂજા કરે છે. સાતમી વ્યક્તિ પૂજા સાથે ભવ્ય આંગી પણ કરે છે. આઠમી વ્યક્તિએ ઘેર દેરાસર બનાવ્યું છે. અને

પ્રભુને લઈને ભક્તિભાવથી પૂજા કરવામાં રોજ કલાકો સુધી તે મગ્ન રહે છે.

આ આઠે વ્યક્તિઓ પૂજા કરતી હોવા છતાં, તે વખતે તેમના મનમાં ઊછળતા ભાવોમાં ઘણો તફાવત છે.

આમ, નક્કી થયું કે સારું કે ખરાબ, કોઈપણ કાર્ય કરતી વખતે મનમાં જુદા જુદા પ્રકારનો ભાવાવેશ હોય છે. જેના મનમાં જેવો ભાવ હોય તે પ્રમાણે તે વખતે આત્માને ચોંટતા કર્માણુનો પ્રકાર નક્કી થાય.

સામાન્ય ભાવાવેશ કર્માણુઓને માત્ર ચોંટાડે. વિશેષ ભાવાવેશ મજબૂતીથી ચોંટાડે. તો સારા કામમાં રહેલો અતિભાવોલ્લાસ કે ખરાબ કાર્યમાં રહેલો ભયંકર મનોભાવ તે વખતે ચોંટતા કર્માણુઓને આત્માની સાથે એકરસ બનાવી દે.

આવા એકરસ બનતા કર્માણુઓના શાંતિકાળમાં આપણે ગમે તેટલો પુરુષાર્થ કરીએ તોપણ કાંઈ ફેરફાર કરી શકતા નથી. તે કર્માણુઓનો ટાઈમબૉમ્બ શાંતિકાળ પૂર્ણ થતાં ફૂટવાનો જ અને પોતાનો બંધાતી વખતે નક્કી થયેલો સ્વભાવ બતાડવાનો જ.

દુઃખ ન જોઈતું હોવાથી કેટલાકો દુઃખને દૂર કરવાના અનેક પ્રયત્નો કરે છે. તેનાથી ભાગી છૂટે છે. છતાં દુઃખ તેમનો કેડો કોઈપણ રીતે છોડતું નથી.

કોઈકને માન-સન્માન જોઈતાં હોતાં નથી. તેથી તેઓ માન-સન્માનથી દૂર ભાગતા રહે છે. છતાંય પરિસ્થિતિ એવી સર્જાય છે કે જેમાં તેમણે ફરજિયાત માન-સન્માન સ્વીકારવાં પડે છે

કોઈકને સંસારની અસારતા બરોબર સમજાઈ ગઈ છે. સંસારના સંબંધોમાંથી નીકળતી સ્વાર્થની બદબૂ તેની નાકે પહોંચી ગઈ છે. દગાબાજી, વિશ્વાસઘાત અને પ્રપંચોને જોઈને તે સંસાર છોડવાની તીવ્ર તમન્ના ધરાવે છે. તેનો વૈરાગ્ય માઝા મૂકી રહ્યો છે. છતાં પણ તે વ્યક્તિ એવા સંજોગોમાં મુકાઈ જાય કે જેના કારણે તે સાધુજીવન તો ન સ્વીકારી શકે પણ સંસારના પુષ્કળ વૈભવોનો ભોગવટો તેણે કરવો જ પડે !

આવા બધા પ્રસંગો માટે આપણે એવી કલ્પના કરીએ તો કદાચ ખોટું નહિ ગણાય કે આ જીવોને જ્યારે તેવાં દુઃખ, માન-સન્માન કે વૈભવ ભોગવવા માટેનાં કર્મો બાંધ્યાં હશે ત્યારે તેઓ તીવ્ર ભાવાવેશમાં હશે. પરિણામે તે વખતે ચોંટેલાં કર્મો તેના આત્મામાં એકરસ થઈ ગયા હશે. જેથી તે આત્મા તેમાં કાંઈ ફેરફાર કરી શક્યો નહિ.

પણ આવા એકરસ થઈને બંધાતા કર્માણુઓ તો ઘણા ઓછા હોય છે. મોટા ભાગના કર્માણુઓ તો પહેલી ત્રણ રીતે બંધાતા હોય છે. એટલે કે બંધાયેલા તે

કર્માણુઓ જીવાત્માને (૧) અડેલા (૨) મજબૂત ચોંટેલા કે (૩) ગાઢ બંધાયેલા હોય છે, જેના શાન્તિકાળમાં અનેક પ્રકારનો ફેરફાર આપણે કરી શકીએ છીએ. હા ! એ કર્માણુઓનો શાંતિકાળ પણ પૂર્ણ થઈ જાય તો આપણે તેમાં કાંઈ ફેરફાર કરી શકીએ નહિ.

જૈન શાસનના આ કર્મવાદને સમજ્યા પછી આપણા મનમાં હવે એ વાત બરોબર ફીટ થઈ ગઈ હશે કે જૈન ધર્મનો કર્મવાદ એ ભવ્ય પુરુષાર્થવાદ છે. એ કાંઈ રડારોળ કરીને બેસી રહેવાનું જણાવતો વાદ નથી. કે વાતવાતમાં ''કર્મમાં લખ્યું હોય તે જ થાય'' એવી નિષ્ક્રિયતાની વાત કરતો વાદ નથી.

જૈન શાસનનો કર્મવાદ તો નિષ્ક્રિયતાની પછેડીને ફેંકી દઈને સક્રિય બનાવનારો વાદ છે. કર્મોની સામે યુદ્ધનો મોરચો માંડવાની તાકાત બક્ષનારો વાદ છે. ગામડાની ડોસીઓનો કર્મના નામે રોદણાં રોવાનો વાદ નથી પણ ધગધગતા શૌર્યને પેદા કરવાનો અને મર્દાનગી પ્રગટાવવાનો ભવ્ય પુરુષાર્થવાદ છે.

જૈન ધર્મનો કર્મવાદ તો આપણને જીવન જીવવાની સાચી કળા શીખવે છે. દુઃખમાંથી બચવાનો અને સુખ પામવાનો રસ્તો ચીંધે છે. વિનાશની ખાઈમાંથી નીકળીને વિકાસના એવરેસ્ટ શિખરને સર કરવામાં સહાય કરે છે. કર્મવાદ આપણને શીખવે છે કે, ''હે આતમ ! તારે ગભરાવાની કે મૂંઝાવાની જરાય જરૂર નથી. જ્યાં સુધી બંધાયેલા કર્માણુઓનો શાંતિકાળ ચાલે છે, ત્યાં સુધી બાજી હજુ તારા હાથમાં છે. તું ધારે તેવું તારું ભાવિ નિર્માણ કરી શકીશ. તારા જીવનનો ભાગ્યવિધાતા તું પોતે જ છે !

તારા જીવનના અણસમજના કાળમાં, ખરાબ મિત્રોની સોબતે ચડી જવાથી ભલેને ગમે તેટલી ખરાબ પ્રવૃત્તિઓ તારાથી થઈ ગઈ ! ભલેને પાપાચારમાં તેં જીવન રગદોળી નાખ્યું ! ઢગલાબંધ દુઃખો લાવીને ત્રાહીમામ પોકારાવનારા કર્માણુઓ સાથે ભલેને તેં તારા આત્માને ચોંટાડી દીધો.

હજુ તેનો શાંતિકાળ ચાલે છે ! દોસ્ત ! ગભરાઈશ નહિ. તારા માટે આ શુકનવંતો સમય છે. તું ધારે તો આ સમય દરમ્યાન તે કર્માણુઓમાં ધરમૂળથી ફેરફાર કરી શકે છે.

હે આત્મન્ ! જો તું હવે 'જાગ્યા ત્યારથી સવાર' સમજીને તારા બાકીના જીવનને વ્યવસ્થિત બનાવી દઈશ, હવે પછીના જીવનમાં સદાચારનું પાલન કરવા લાગીશ, દુર્બુદ્ધિને તિલાંજલિ આપીને સન્મતિના સહારે આગળ વધીશ તો ઢગલાબંધ દુઃખો ખડકી દેવાના સ્વભાવવાળા તે કર્માણુઓ તને દુઃખના બદલે ઢગલાબંધ સુખ

આપવાના સ્વભાવવાળા બની જશે !

દુઃખ દેવાના સ્વભાવવાળા કેટલાક કર્માણુઓ જો તારી સદાચારિતાના ઝપાટામાં પૂરેપૂરા ન આવી જાય તો તેનો દુઃખ આપવાનો સ્વભાવ ભલે ઊભો રહે, પરન્તુ તારા જીવનની સુંદર આરાધનાના પ્રતાપે તેની સ્થિતિમાં તો ફરક પડી જશે, વીસ વર્ષ સુધી દુઃખ આપવાના બદલે હવે તે કર્માણુઓ કદાચ બે જ વર્ષ દુઃખ આપીને અટકી જશે.

વળી ધર્મની આરાધનાનો પ્રભાવ જ એવો વિશિષ્ટ છે કે જેના કારણે તે કર્માણુઓ જોરદાર ચીસો પડાવનારું દુઃખ લાવવાને બદલે હવે હળવું દુઃખ આપીને ચાલ્યા જશે.''

આમ, કર્મવાદ ખરાબ કામ કરનારની થઈ ગયેલી ઘણીબધી ભૂલોને ધોઈ નાંખવાનો અને ઘણું સુંદર સદ્ભાગ્ય પામવાનો સરળ રસ્તો બતાવે છે.

તે કહે છે કે, ''સુખ દેવાના સ્વભાવવાળા કર્માણુના શાંતિકાળમાં જો જીવ ધર્મારાધનાનો ભવ્યપુરુષાર્થ આદરે તો તે શુભ કર્માણુઓ વધુ બળવાન બને. લાખોપતિના જીવનનું સુખ આપવાનો તેનો સ્વભાવ હવે સંભવ છે કે અબજોપતિના જીવનનું સાત્ત્વિકતાપૂર્ણ સુખ આપે.''

તે જ રીતે જીવનના પૂર્વકાળમાં જેણે સદાચારિતાભરેલું જીવન જીવ્યું છે, પણ હવે પૈસો આવતાં કે ખરાબ મિત્રોની સોબતે જેનું જીવન વિલાસી અને દુરાચારી બન્યું છે, તેને આ કર્મવાદ ગાલ ઉપર તમાચો મારે છે.

કર્મવાદ કહે છે કે ''ભૂતકાળના શુભ કર્માણુઓનો શાંતિકાળ પૂર્ણ થયો હોવાથી આજે તું મોજમજા કરી રહ્યો છે. પણ યાદ રાખજે કે ભૂતકાળમાં ધર્મમય જીવન અને સદાચારિતાના કારણે તે જે સુંદર કર્માણુઓ બાંધ્યાં છે, તેમાંના જેમનો શાંતિકાળ હાલ ચાલી રહ્યો છે, તેમાં તારી વર્તમાનકાળની દુષ્ટકરણીથી ધરખમ ફેરફાર થઈ જશે. જે સુખ આપવાના સ્વભાવવાળા કર્માણુઓ છે તે તારી વર્તમાનની દુષ્ટકરણીથી દુઃખ આપવાના સ્વભાવાળા બની જશે. વળી એવું પણ બને કે જો તારાં દુષ્ટ કાર્યોમાં તને વધુ આનંદ આવે તો તે કર્માણુઓ વધુ સમય સુધી, વધુ ચીસો પડાવે તેવું દુઃખ આપનારા બની જાય.

ભૂતકાળના તે શુભ કર્માણુઓ કદાચ તેનો સુખ આપવાનો સ્વભાવ ચાલુ રાખે તો ય હવે ખૂબ જ સામાન્ય પ્રકારનું ઓછા કાળનું સુખં આપીને અટકી જશે.''

આમ, જૈન શાસનનો કર્મવાદ કહે છે કે ''સારા કર્માણુઓના શાંતિકાળમાં થતી આત્માની એકાદ ભૂલ, જીવનની ધરખમ કમાણીને ધૂળમાં મેળવી દે.

તો....દુઃખ આપનારા ખરાબ કર્માણુઓના શાંતિકાળમાં કરેલું એકાદ સુંદર કાર્ય પણ કદાચ ભાવિમાં જાગનારી ભયંકર આપત્તિઓને ચિનગારી ચાંપીને ખતમ કરી નાંખે.''

જૈન શાસનના કર્મવાદને બરોબર સમજીને : સદાચારના પંથે પ્રયાણ કરવાનું. તપ-જપની સાધના કરવાની. બ્રહ્મચર્યનું પાલન કરવાનું. સદ્ગુરુની સેવામાં પરાયણ રહેવાનું. પરમાત્માની ભાવભરી ભક્તિ કરવાની. સર્વજીવો સુખી થાય તેવી સતત ભાવના ભાવવાની.

ભૂતકાળમાં જે અગણિત ભૂલો થઈ ગઈ છે, અને તે વખતે જે કર્માણુઓ આત્મા ઉપર ચોંટ્યાં છે, તેનો જ્યાં સુધી શાન્તિકાળ ચાલે છે, ત્યાં સુધીમાં તે કર્માણુઓ દ્વારા આવનારી ભયાનક હોનારતને દૂર કરવા કે છેવટે તેને હળવી બનાવવા માટે મળેલા આ માનવજીવનની પ્રત્યેક પળને ઉત્તમ વૃત્તિ-પ્રવૃત્તિથી ભરી દેવી જોઈએ

શાંતિકાળમાં ફેરફાર ન કરી શકાય તેવા કર્માણુઓ બહુ ઓછા હોય છે. કારણ કે તેવા કર્માણુઓ બંધાવનારા તીવ્ર ભાવો આપણને ક્વચિત્ જ આવતા હોય છે. બાકીના મોટા ભાગના કર્માણુઓના શાન્તિકાળમાં ફેરફાર શક્ય હોવાથી આજથી જ તેવો ફેરફાર કરાવનારો પુરુષાર્થ સતત કરવાનું શરૂ કરી દેવું જોઈએ.

જૈન શાસનના કર્મવાદને જેઓ બુદ્ધિસાત્ કરે છે, તેને પુરુષાર્થવાદ આત્મસાત્ થાય છે.

# કર્મોનું બળ

પ્રત્યેક સમયે જીવ જે કાંઈ સારા કે ખરાબ વિચારાદિ કરે છે, તે સમયે તેને કર્માણુઓ ચોંટે છે. તે કર્માણુઓમાં તેના તે વખતના ભાવોને અનુરૂપ સ્વભાવ, કાળ (સમય), બળ અને પ્રદેશ નક્કી થાય છે. તેમાંના સ્વભાવ તથા કાળ અંગે આપણે વિચારણા કરી. હવે તેના બળનો વિચાર કરીએ.

દુનિયાની અંદર જુદી જુદી જડ કે ચેતન વસ્તુના બળમાં ફરક હોય છે. સૂતરના તાંતણા કરતાં લોખંડની સાંકળમાં બળ વધારે હોય છે. કીડી કરતાં હાથીમાં બળ વધારે હોય છે. ગામના સરપંચ કરતાં દેશના વડાપ્રધાનમાં બળ વધારે હોય છે. આ બળો જુદી જુદી અપેક્ષાએ છે, પણ તે બળોમાં વધારો-ઘટાડો અનુભવાય છે. તેવી જ રીતે કર્માણુઓમાં પણ એક વિશિષ્ટ પ્રકારનું બળ નક્કી થાય છે.

જે જીવાત્માઓએ જીવનમાં વિશિષ્ટ આરાધના સાધના કરીને, પોતાની ઉપર ચોંટેલા કર્માણુઓને સદંતર દૂર કરી દીધાં છે, તેઓ તો મોક્ષમાં પહોંચી ગયા છે. તેઓ સદા પોતાના શુદ્ધસ્વરૂપમાં રમણ કરે છે.

પણ જેઓ હજુ સુધી મોક્ષે નથી પહોંચ્યા, તેવા આત્માઓ ઉપર તો પુષ્કળ કર્માણુઓ ચોંટીને રહેલાં છે, એટલું જ નહિ; પ્રત્યેક સમયે નવા નવા પણ ઢગલાબંધ કર્માણુઓ તેમને ચોંટતાં રહે છે.

સાથે સાથે, જે જૂનાં કર્માણુઓ તેને ચોંટીને રહ્યાં છે, તેમાંનાં જેમનો જેમનો સમય પૂરો થતો જાય છે, તે તે કર્માણુઓ પોતાના સ્વભાવાનુસાર પરચો બતાવી બતાવીને તે આત્મા ઉપરથી છૂટાં પડીને આકાશમાં વિખરાઈ જાય છે. પણ તે તે સમયે જે નવાં નવાં કર્માણુઓ ચોંટે છે, તેમાં સ્વભાવ-સમયની સાથે તેનું ચોક્કસ બળ પણ નક્કી થાય છે.

કર્માણુઓમાં પેદા થતા બળનો આધાર, તે કર્માણુઓ ચોંટતી વખતે આત્માના ભાવો કેવા હતા ? તેની ઉપર છે. જેવા ભાવ હોય, તે પ્રમાણે બળનો નિર્ણય થાય.

કર્માણુઓમાં જુદું જુદું અનેક જાતનું બળ નક્કી થઈ શકે છે, છતાં તેને ચાર વિભાગમાં વહેંચી નાંખવામાં આવેલ છે. (૧) ખૂબ મંદબળ (૨) ઓછું મંદબળ (૩) તીવ્રબળ (૪) વધારે તીવ્રબળ.

ચાર વ્યક્તિને તાવ આવ્યો. તેમાં એકને ૧૦૦°, બીજાને ૧૦૨°, ત્રીજાને ૬°નો મેલેરિયાને ચોથાને ઝેરી મેલેરિયા. ચારેને તાવ હોવા છતાં તેની તીવ્રતા-

મંદતામાં ફરક છે, તેનું શું કારણ ?

તાવ લાવનારું અશાતાવેદનીયકર્મ ચારેને (સ્વભાવની અપેક્ષાએ) એકસરખું હોવા છતાં, તે કર્મ જુદા જુદા બળવાળું હોવાના કારણે તે તે જીવની પીડામાં ફરક છે.

ચાર વ્યક્તિ કરોડપતિ બની પણ તેમાં એક વ્યક્તિને પસીનાનું જરાય ટીપું પાડ્યા વિના, વગર મહેનતે લોટરી લાગી જતાં એક જ ધડાકે એક કરોડ રૂ. મળી ગયા.

બીજાએ ધંધાને વિકસાવ્યો. રાતોરાત ધંધામાં તેજી આવી અને સામાન્ય મહેનતે કરોડ રૂપિયાની કમાણી તેને થઈ ગઈ.

ત્રીજાએ ગામો ગામ પેઢીઓ ખોલી અને માણસો દ્વારા વેપાર વધાર્યો. બધી પેઢી ઉપર વ્યવસ્થિત દેખરેખ રાખી. દસ વર્ષની મહેનત બાદ તેની પાસે કરોડ રૂ. ભેગા થયા.

જ્યારે ચોથી વ્યક્તિના ઘરના તમામ સભ્યોએ વરસો સુધી કાળી મજુરી કરી પસીનાના રેલા નિતાર્યા, ખૂબ દોડધામ કરી, પાઈ-પાઈનો હિસાબ રાખ્યો ત્યારે કરોડપતિ બનવાનું સુખ તેમને મળ્યું.

કરોડ રૂપિયા તો ચારેયને મળ્યા પણ તે મેળવવાની પ્રક્રિયામાં ફરક પડ્યો. તેમાં તે રૂપિયા પ્રાપ્ત કરાવનારાં કર્માણુઓના બળમાં રહેલો ફરક પણ કારણ હોઈ શકે છે.

કર્માણુમાં જુદા જુદા પ્રકારનું બળ નક્કી થવાનું કારણ તે કર્માણુઓ બાંધતી વખતનો જીવનો જુદા જુદા પ્રકારનો ભાવ (અધ્યવસાય) છે.

ધારો કે સફેદ બાસ્તા જેવાં કપડાંને ધારણ કરતો અને દુનિયામાં ધર્મી તરીકે પોતાની જાતને ઓળખાવતો કોઈ માણસ અંદરખાને લોકોને ભયંકર રીતે ઠગે છે. ખૂબ જ ચાલાકીથી સામેવાળાને શીશામાં ઉતારી દે છે. મીઠી જબાનથી સામેની વ્યક્તિને વશ કરી દઈને તેને ઉલ્લુ બનાવે છે. ગમે તે રીતે બેફામપણે લોકોને છેતરીને ધંધો કરવા દ્વારા તે ધૂમ પૈસા કમાય છે.

''ધંધાને અને ધર્મને કાંઈ લાગે વળગતું નથી, ધર્મ તો દેરાસર ને ઉપાશ્રયમાં કરવાનો. ધંધામાં ધર્મની વિચારણા પણ ન કરાય.'' આવી વિચિત્ર, તદ્દન ખોટી માન્યતા ધરાવનારો તે પોતાની કમાવાની અન્યાયભરી રીતનો ગર્વ લઈને ફરે છે. તેવી અનીતિની કમાણીથી ભોગવિલાસમાં ચકચૂર બને છે. પોતે કાંઈ ખોટું કરી રહ્યો છે, તેવું માનવા પણ તે તૈયાર નથી. તેનું દુઃખ તો પછી તેને હોય જ શાનું ?''

આવી વ્યક્તિ તે સમયે જે કર્માણુઓ બાંધે, તેમાં સ્વભાવ તો પોતાને દુઃખ પ્રાપ્ત કરાવવાનો જ નક્કી થાય ને ? (કારણ કે બીજાને ત્રાસ આપીને કમાણી કરી છે !) અને તે દુઃખ પણ બે-ચાર દિવસે ચાલ્યાં જાય તેવાં નહિ, પણ લાંબા સમય સુધી હેરાન કરાવનારાં ગરીબીનાં દુઃખો-તેના જીવનમાં તેનાં આ કાળાં કરતૂતોના પ્રતાપે-મળે ને ?

ભલે તે કર્માણુઓનો સ્વભાવ અને કાળ દુઃખ આપવાનો ને દીર્ઘ સમયનો નક્કી થાય, પણ સાથે સાથે, આ કર્માણુઓ બાંધતી વખતે તેનો ઉગ્ર લાગણીપૂર્વકનો જે દુષ્ટ મનોભાવ છે, તે થોડો તેને છોડશે ? તેનાથી તે કર્માણુઓમાં કદાચ સૌથી તીવ્ર કક્ષાનું બળ પેદા થશે. પરિણામે તેને માત્ર લાંબા સમય સુધીની ગરીબી જ નહિ આવે, પણ ચીસો પડાવી દે તેવા ભૂખમરા અને રોગોની પીડાપૂર્વકની લાંબા કાળની ગરીબી આવશે.

સ્વભાવ તેને ગરીબી આપશે. સ્થિતિ તેને લાંબોકાળ ગરીબીમાં રાખશે, પણ તેમાં નક્કી થયેલું બળ તે ગરીબીમાં રોગ અને ભૂખમરાથી ભયાનક પીડા આપશે.

કર્મો બાંધતી વખતની લાગણીઓ, તે કર્મ ઉદયમાં આવશે ત્યારે તેની તીવ્રતા-મંદતામાં વધારો-ઘટાડો નક્કી કરવાનું કાર્ય કરશે.

માટે જ જીવનમાં પાપો કરવાં પડે તો ય તે સમયે તેમાં લાગણી તીવ્ર ન બની જાય, તેની કાળજી લેવાની જરૂર છે.

કહેવાયું છે ને કે, ''જેને પાપમાં મજા નહિ, તેને પાપની સજા નહિ'' તેનું કારણ આ જ છે. જેને પાપ કરતી વખતે મજા ન આવી અર્થાત્ પાપ કરવામાં જેણે વેઠ ઉતારી, નાછૂટકે પાપ કરવું પડ્યું, માટે કરી દીધું પણ તેમાં જે રાચ્યો માચ્યો નહિ, તેની મજા જેણે લૂંટી નહિ, તે વ્યક્તિ તે પાપ કરવા છતાંય બચી ગયો. તે પાપકર્મનું બળ ઘણું ઓછું નક્કી થશે તે પાપકર્મ ઉદયમાં આવશે ત્યારે તેની જે તકલીફ તેને આવશે તે તકલીફ જેવી લાગશે જ નહિ.

વળી તે જ રીતે, ધર્મનાં કાર્યો ખૂબ રસપૂર્વક કરવાં જોઈએ. જેટલી વિશેષ રુચિ અને ઉલ્લાસથી ધર્મારાધના કરીશું, તેટલું વધારે બળ તે વખતે બંધાતાં કર્માણુઓમાં પેદા થશે. પરિણામે તેવું વિશિષ્ટ પ્રકારનું સુખ-તેના પ્રભાવે-પ્રાપ્ત થશે.

આનાથી હવે એ વાત નક્કી થાય છે કે જો આપણને દુઃખો ગમતાં ન હોય તો આપણે પાપો જ ન કરવાં જોઈએ. તે માટે સંસાર ત્યાગીને સાધુ-સાધ્વી જ બનવું જોઈએ. પરન્તુ, તેવી કક્ષા ન પામ્યા હોઈએ અને તેથી સંસારમાં રહેવું જ પડે, તો ડગલે ને પગલે પાપો તો કરવાં જ પડવાનાં. પણ તે વખતે તેમાં પોતાનું મન નહિ

પરોવવાનું. મનને તેનાથી સાવ અલિપ્ત રાખવાનું. જો મન તેમાં પરોવાયું. મજા પડી. તેમાં આનંદ આવ્યો. કરેલા તે પાપની પાછી પ્રશંસા કરી. તો ખેલ ખલાશ ! તે કર્માણુઓમાં એવું જોરદાર બળ પેદા થશે કે જેના ઉદયમાં માત્ર દુઃખો જ નહિ આવે, પણ રાડો પડાવે તેવી ભયંકર અસહ્ય વેદના પેદા થશે. તે આપણાથી સહન થઈ શકશે ? જરાક નાનકડી ટાંચણી આંગળીના ટેરવા ઉપર લગાડી જુઓ ને ! ચીસ પડી જાય છે ને ? જો આટલું નાનું અમથું દુઃખ પણ સહન કરવાની શક્તિ નથી તો રાડો પાડી દે તેવાં દુઃખો તો શી રીતે સહન થશે ? માટે આજથી જ કોઈપણ પાપ કરતી વખતે તેમાં તીવ્રતા ન આવે, પોતાની લાગણી ન ભળે તેવી કાળજી લેવાનું શરૂ કરીએ.

શું આપણે હજુ એ વાત નથી જાણતા કે જે વસ્તુ જેને મળી, તે વસ્તુનો તે વ્યક્તિ જો સદુપયોગ ન કરે તો અમુક સમય બાદ તે વસ્તુ તે વ્યક્તિ પાસેથી ઘણા મોટા સમય સુધી છીનવાઈ જાય છે !

આપણને આંખો મળી છે, ત્રણ લોકના નાથ દેવાધિદેવનાં દર્શન કરવા. ગરીબોની આંખનાં આંસુઓને જોવા. પરન્તુ આ જીવડો પ્રભુદર્શન કે ગરીબોનાં દુઃખો જોવાને બદલે વિજાતીય (પરસ્ત્રી કે પરપુરુષ)ના સૌન્દર્યને જોવામાં મસ્ત બને, સિનેમા-ટીવી-વિડિયો દ્વારા સેક્સી દૃશ્યો કે ફાઈટિંગના પ્રસંગો નિહાળવામાં તે આનંદ મેળવે તો તે જીવાત્માને કીડી, માંકડ કે ઝાડના અવતાર લેવા પડે કે જેને આંખ જ નથી.

મળેલા કાનનો, પ્રભુભજન કે સજ્જનપ્રશંસા સાંભળવામાં ઉપયોગ કરવાના બદલે અશ્લીલ ગીતો કે બીજાની નિંદા-ટીકા સાંભળવામાં ઉપયોગ કર્યો તો જેને કાન જ નથી તે મચ્છર, વીંછી, માખી કે તીડના જન્મારા લેવા પડે !

પોતાને પૂર્વના પુણ્યના ઉદયે સુંદર રૂપ-સૌન્દર્ય મળ્યું પણ તેનો ભારે સટ્ટો ખેલી નાંખ્યો, શીલ-સદાચારના ફના-ફાતિયા ઉડાવી દીધા તો જેને રૂપ જ નથી, જેનાં અઢારે વાંકાં છે તેવા ઊંટના ખોળિયે જન્મ લેવો પડે, જ્યાં સતત ભાર વેંઢારવા સિવાય અન્ય કાર્ય નહિ મળે !

મળેલી સત્તાનો સદુપયોગ પરહિતનાં કાર્ય કરવામાં ન કર્યો, મળેલી સત્તા દ્વારા બીજાને શાંતિ ન પહોંચાડી, પણ અક્કડ બની રહ્યા, સત્તાના ઘમંડે અનેકોને કચડી નાંખ્યા તો તાડનું ઝાડ બનવું પડે, જે સદા અક્કડ જ રહે. નમવા ધારે તો ય નમી ન શકે !!

કીડી-મંકોડાનો અવતાર લેવાનું કે ઊંટ બનીને ભાર વેંઢારવાનું; તાડનું ઝાડ બનવાનું કે નરકનું ત્રાસદાયક જીવન જીવવાનું; આવું જે કાંઈ દુઃખ આવે છે તે બધું

આપણે જ આપણી ભૂલોથી ઊભું કરીએ છીએ.

આ જીવનમાં પુણ્યાઈથી મળેલી સમૃદ્ધિમાં છકી જઈને આપણે જે ભૂલો કરીએ છીએ, તે ભૂલો આપણા આત્મા ઉપર કર્માણુઓને ચોંટાડે છે. તે ભૂલો કરતી વખતના આપણા મનોભાવો તે કર્માણુના કાળનો અને બળનો નિર્ણય કરાવે છે. તેથી તે દુઃખો માટે કદી કોઈનેય દોષ દેવાની જરૂર નથી. આપણા વાંકે જ દુઃખ આવે છે. તે ન લાવવાં હોય તો ગમે તેવા વૈભવો કે સમૃદ્ધિ મળે તો તેમાં છકવાનું નહિ; ગમે તેવાં દુઃખો આવે તો તેમાં ડગવાનું નહિ

તમામ પરિસ્થિતિને સમતાભાવથી અનુભવવાની. દુઃખમાં અદીન બનવાનું, તો સુખમાં અલીન બનવાનું. તેમ કરવાથી જ ગમે તેવી પરિસ્થિતિમાં ય મુખ ઉપરની મસ્તી જળવાઈ રહેશે. મુખ કરમાઈ જવાને બદલે પ્રસન્ન રહેશે; જીવન જીવવા જેવું લાગશે; અકાળે આપઘાત કરવાના મનોભાવો પેદા નહિ થાય.

કાર્યો કરતી વખતે મનના અતિ ઉગ્રકક્ષાના શુભ ભાવો કે અતિ ઉગ્રકક્ષાના અશુભ ભાવો તે વખતે ચોંટતાં શુભાશુભ કર્માણુમાં ચોથા પ્રકારનું બળ પેદા કરે છે; પણ આવા અત્યુગ્ર શુભાશુભ ભાવોમાં જેટલી ઓછાશ, તેટલું બળ ઓછું પેદા થાય. પરિણામે ત્રીજા, બીજા કે ક્યારેક પહેલા પ્રકારનું બળ પેદા થાય.

સામાન્યતઃ કોઈપણ કામ અત્યંત ઉલ્લાસભેર, રાચી-માચીને હરખભેર કરવામાં આવે તો તે વખતે ચોંટતાં કર્માણુઓમાં ચોથા પ્રકારનું બળ પેદા થાય છે, જ્યારે કેટલીકવાર એવું બને છે કે, માનવનો અંતરાત્મા તેને અમુક ખોટાં કાર્યો કરવાની ના પાડતો હોય છે, છતાં પરિસ્થિતિ જ એવી નિર્માણ થાય છે કે જેમાં તે માનવને તે કાર્ય અનિચ્છાએ પણ કરવાની ફરજ પડે છે. તે કાર્ય કરતી વખતે તેનું મન રડતું હોય છે, દિલ દુભાતું હોય છે, આત્મા નાખુશ હોય છે.

આવી રીતે નાછૂટકે અશુભકાર્ય રડતા દિલે કરતી વખતે જે કર્માણુઓ બંધાવાના, તે કર્માણુઓનો સ્વભાવ તો દુઃખ દેવાનો નક્કી થવાનો. (કારણ કે અશુભ કાર્ય તે કરી રહ્યો છે.) પરન્તુ તેના અંતરાત્માની તેમાં અસંમતિ, તેનું મન તેમાં જે નથી ભળતું, તેના કારણે તે કર્માણુઓનો કાળ ખૂબ ઓછો નક્કી થવાનો, તથા બળ પણ ચાર નંબરના બદલે પહેલા કે બીજા પ્રકારનું જ પેદા થવાનું. એટલે જ્યારે આ અશુભ સ્વભાવવાળા કર્માણુઓના ટાઈમબૉમ્બ ફૂટશે ત્યારે તને કેન્સર, ટાઈફોઈડ કે ઝેરી મેલેરિયા થવાને બદલે માત્ર ૧૦૦° તાવ આવે, અને તે પણ એકાદ કલાક પછી ઊતરી જાય ! તેનું દુઃખ સાવ મામૂલી બની જાય ! કારણ કે તેણે તે અશુભ કાર્ય રસપૂર્વક નહોતું કર્યું.

આ બધી વિચારણા ઉપરથી હવે એ વાત નક્કી થઈ કે, બંધાતા કર્માણુઓનો સ્વભાવ : દુઃખ દેવાનો કે સુખ દેવાનો; જ્ઞાની બનવા દેવાનો કે મૂરખ બનાવવાનો; આંધળા કે લંગડા બનાવવાનો; સુખમાં પાગલ બનાવવાનો કે અસ્વસ્થ ન બનવા દેવાનો; પુરુષ બનાવવાનો કે સ્ત્રી બનાવવાનો; વગેરે ભલેને ગમે તે નક્કી થાય, એ બહુ મોટી કે ગંભીર વાત નથી.

ખૂબ મહત્ત્વની અને ગંભીર વાત તો એ બંધાતા કર્માણુઓના કાળનિર્ણયની અને બળનિર્ણયની છે.

દુઃખ આવે પણ અલ્પકાળ માટે મામૂલી અસ્વસ્થ બનાવીને તરત જ ચાલ્યું જવાનું હોય તો તે દુઃખ ભલેને આવ્યું. તેટલા માત્રથી ગભરાઈ જવાની જરૂર નથી.

તે જ રીતે સુખ આવ્યું, પણ તે સુખ ટૂંક સમયમાં હાથતાળી દઈને ચાલ્યું જવાનું હોય અને તે સુખમાંય ખાસ કાંઈ દમ ન હોય તો તેવા તુચ્છ અલ્પકાલીન સુખમાં રાજી થવાનોય શો અર્થ ?

પણ તેને બદલે, દુઃખ માત્ર પાંચ જ મિનિટ માટે આવે પણ ભયંકર ચીસ નંખાવી દે તેવી વેદનાથી ભરપૂર હોય તો ? હેરાન જ થઈ જવાય ને ?

સુખ ભલે મધ્યમ કક્ષાનું હોય, પણ આખી જિંદગી સુધી નિરંતર રહેવાનું હોય તો ? મજા પડી જાય ને ?

માટે જેટલું મહત્ત્વ કાળ અને બળનું છે, તેટલું મહત્ત્વ તેના સ્વભાવનું નથી. આ કાળ અને બળનો નિર્ણય તે તે કાર્ય કરતી વખતે જીવાત્માના તીવ્ર-મંદ મનોભાવો ઉપર અવલંબે છે. માટે આપણે ડગલે ને પગલે દુષ્ટ મનોભાવો તીવ્ર ન બની જાય અને શુભ મનોભાવો મંદ ન રહી જાય તેની કાળજી લેવી જોઈએ.

હવે પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, દાન, વ્યાખ્યાનશ્રવણ, બ્રહ્મચર્યાદિનું પાલન વગેરે જે કાંઈ ધર્મારાધના કરીએ તેમાં ભાવોને પણ ખૂબ ઉમરીએ. તેમાં તલ્લીન બની જઈએ. આપણા આત્માનું તે તે ધર્મારાધનામાં માત્ર એટેચમેન્ટ ન રહે, પણ ઇન્વોલ્વમેન્ટ પણ રહે, તેની કાળજી કરીએ

અને જ્યારે પાપકાર્યો કરવાના આવે ત્યારે આપણો આત્મા તેમાં ભૂલેચૂકે ય ઇન્વોલ્વ ન થાય તેની કાળજી રાખીએ. નાછૂટકે તે તે ક્રિયાઓમાં એટેચમેન્ટ રાખવું પડે તો ભલે, પણ તેમાં લીનતા તો નથી જ લાવવી. તેમાં ઇન્વોલ્વ તો નથી જ થવું.

કોઈના લગ્નમાં જવું જ નથી, પણ સંબંધો ન બગડે માટે ગયા વિના ચાલે તેમ નથી; તો તેમના તે પાપની અનુમોદનાના પ્રસંગમાં મનને તો નથી જ જોડવું. તેમાં રાચી-માચીને ભાગ નથી લેવો. અંતરમાં તે વખતે સતત ત્રાસ અનુભવવો છે.

અરે ! પેલી વાંદરીની જેમ કાળજું ઝાડ ઉપર મૂકીને જ - પાપોની ક્રિયામાં - નાછૂટકે જોડાવાનું છે.

યાદ છે ને પેલી વાંદરીની વાત !

તળાવના કિનારે જાંબુના ઝાડ ઉપર રહેનારી તે વાંદરી રોજ જાંબુ ખાય. તળાવમાં રહેતા મગર સાથે તેને મૈત્રી બંધાઈ. ક્યારેક ઝાડ ઉપરથી જાંબુ તોડીને મગરને પણ આપે.

જાંબુની મીઠાશનો અવાર-નવાર અનુભવ કરતો મગર સ્વાર્થી થોડો બને ? ક્યારેક થોડાંક જાંબુ લઈ જઈને પોતાની પત્નીને પણ તે આપતો. મગરની પત્નીને જાંબુ ખૂબ ભાવ્યાં. જાંબુની મીઠાશ તેની દાઢને સ્પર્શી ગઈ. વારંવાર જાંબુ મંગાવે છે ને તેની મજા માણે છે.

તેવામાં એકવાર મગરબાઈને વિચાર આવ્યો કે જો આ જાંબુ આટલાં બધાં મીઠાં છે, તો તે મીઠાં જાંબુ રોજ ખાનારી વાંદરીબાઈનું કાળજું તો કેટલું બધું મીઠું હશે ! મને તે કાળજું ખાવા મળે તો લહેર થઈ જાય !

તેણે મગરને વાત કરી કે, ''મને વાંદરીબાઈનું કાળજું લાવી આપો.''

સ્ત્રીહઠની સામે કોનું ચાલ્યું છે કે મગરનું ચાલે ? બધા બૈરીના ગુલામ ! નાછૂટકે મગરબાઈની વાત સ્વીકારીને મગરભાઈ પહોંચ્યા વાંદરી પાસે.

પણ કાળજાની માંગણી કરવી શી રીતે ? મળી ગયો રસ્તો. વાંદરીબાઈને પોતાની પીઠ ઉપર બેસીને તળાવમાં સહેલગાહ કરવાની ઑફર કરી દીધી. વાંદરી મગરભાઈના આગ્રહને તરછોડી ન શકી. કૂદકો મારીને બેસી ગઈ મગરની પીઠ ઉપર. મગરે વાંદરીને તળાવની સહેલગાહ માણવા દીધી.

પછી એકાએક તળાવની બરોબર મધ્યભાગમાં લઈ જઈને વાંદરી પાસે તેના કલેજાની માંગણી કરી દીધી !

મગરે કરેલો વિશ્વાસઘાત વાંદરીથી અજાણ્યો ન રહ્યો. તળાવના મધ્યભાગમાંથી છટકી શકાય તેમ નહોતું. પોતાની ફસામણી સમજાતાં જ વાંદરી વિચારમાં પડી ગઈ. જાતને બચાવવાનો રસ્તો તેને સૂઝી આવ્યો.

''મગરભાઈ ! મગરભાઈ ! તમારી વાત સાચી છે કે જો જાંબુ મીઠાં છે તો તે ખાનારી મારું કાળજું તો તેથી અનેક ગણું મીઠું જ હોય ને ! તમારી મૈત્રીના દાવે મારે તમને તે કાળજું આપવું જ રહ્યું. પરન્તુ તમારે મને પહેલાં વાત કરવી જોઈએ ને ? તમે પહેલાં વાત કરી હોત તો હું કાળજું અહીં સાથે લઈને આવત !!! બન્યું એવું છે ને કે મારું તે મીઠું કાળજું હું ઝાડ ઉપર લટકાવીને આવી છું !!!''

હવે તો તમે મને પાછા ઝાડ પાસે લઈ જાઓ તો તેની ઉપર પહોંચીને તમને મારું કાળજું આપું.

મગરભાઈએ વાંદરીની આ વાત માની લીધી. પહોંચાડી વાંદરીને ઝાડ પાસે. છલાંગ મારીને વાંદરી પહોંચી ઝાડ ઉપર અને ડિંગો બતાવતી મગરભાઈને કહે છે કે, ''અરે ! ઓ મગરભાઈ ! કાળજું તે કદી ઝાડ ઉપર લટકાવીને અવાતું હશે ? કાળજું તો સદા સાથે જ હોય. બાય બાય ! ટાટા !''

ભલે વાંદરી હકીકતમાં કાળજું ઝાડ ઉપર મૂકીને નહોતી આવી, કાળજું તો તેના શરીરમાં જ હતું, છતાં તેણે વર્તન એવું કર્યું કે જાણે તેનું કાળજું ઝાડ ઉપર ન હોય ! અને તેમ કરવાથી તે મોતમાંથી ઊગરી ગઈ.

બસ ! આપણે પણ વાંદરી પાસેથી આ જ કળા શીખવાની છે. જ્યારે જ્યારે પાપ કરવાનો અવસર આવે ત્યારે મન, હૃદય, આત્મા હકીકતમાં શરીરમાં હાજર હોવાના જ પરન્તુ તે પાપો એવી રીતે કરવાં કે જાણે મન કે આત્મા તે વખતે ત્યાં હાજર છે જ નહિ ! જો આ રીતે મનને તે પાપોથી દૂર ઊંચકી લીધું હશે તો અનંત મોતો લાવનાર સંસારપરિભ્રમણમાંથી આપણે પણ ઊગરી જઈશું. તે વખતે પાપકર્માણુઓ બંધાશે તો પણ તેનું બળ ખૂબ જ ઓછું નક્કી થશે; જેનાથી ભયાનક દુ:ખોમાંથી ઊગરી જઈશું.

## (૨૦) ગોલ્ડન પીરીયડ

આત્મા ઉપર ચોંટેલા કર્માણુઓનો શાંતિકાળ એ એવો ભવ્ય આશાસ્પદ કાળ છે કે જો તે કાળ દરમ્યાન આપણે ધારીએ તો આપણા ભયંકર અંધકારમય ભાવિને તદ્દન બદલી શકીએ અને પ્રકાશમય નવા જીવનનું સર્જન પણ કરી શકીએ. આપણા માટે તે ગોલ્ડન પીરીયડ ગણાય.

એ માટે આપણે શાંતિકાળ દરમ્યાન તે કર્માણુઓના દુઃખદ સ્વભાવને સુખદ સ્વભાવમાં ફેરવી નાંખવો જોઈએ. તેના લાંબા કાળને એકદમ ઘટાડી દેવો જોઈએ. કદાચ તે ય ન બને તો છેવટે તે અશુભ કર્માણુઓમાં ચોથા કે ત્રીજા પ્રકારનું જે બળ નક્કી થયેલું હોય તે તો તોડી જ નાંખવું જોઈએ.

મનમાં શુભ ભાવોમાં જો જોરદાર વૃદ્ધિ લાવી દઈએ તો તેની તાકાત એટલી બધી જોરદાર છે કે તેના પ્રભાવે પૂર્વીય અશુભ કર્માણુઓનું બળ તુટ્યા વિના ન રહે. આ રીતે બળને પણ જો તોડી નાંખવામાં આવે; અત્યંત ઓછું કરી દેવામાં આવે તો આવા દૂબળા-પાતળા અશુભ કર્માણુઓ તેનો શાન્તિકાળ પૂર્ણ થતાં જીવને ભયંકર રાડો પડાવે તેવાં દુઃખો તો નહિ જ આપી શકે.

ભયંકર અજગરને મહિનાઓ સુધી ભૂખ્યો રાખવામાં આવે તો શું થાય ? તેની ઘણી તાકાત તૂટી જ જાય ને ? પછી કદાચ એને છૂટો પણ મૂકવામાં આવે તો ય તે શું કરી શકે ? દેખાવનો રહેશે તે અજગર ! બાકી તો માખીને ય ન ઉડાવી શકે તેવો હશે તે નિર્બળ ! બરોબર ને ? ગમે તેવો ભયંકર તે અજગર; પણ આજે તો સાવ અશક્ત જ ને ? મહાભરાડી માનવને ડરાવનારા તે અજગરને હવે નાનો છોકરો પણ હાથમાં પકડીને રમાડે ને ?

બસ, તેવી સ્થિતિ આપણે કરવાની છે તે ભયંકર અજગર જેવા વિકરાળ કર્માણુઓની !

ભૂતકાળમાં થઈ ગઈ ભૂલ ! અને તેનાથી ભયાનક ચીસ પડાવી દે, તેવાં વિકરાળ દુઃખો આપનારા કર્માણુઓ રૂપી અજગરો ચોંટ્યા.

પણ હવે તે કર્માણુઓને અશુભ ભાવો રૂપી ભોજન આપવાનું ટાળીએ. સદા શુભ ભાવો ઊભરાવ્યા કરીએ. શુભભાવોમાં પણ વધારો કરતા રહીએ તો તેનાથી તે કર્માણુઓનું બળ તૂટી જશે. કર્માણુઓ રૂપી તે અજગર થઈ જશે સાવ નિર્બળ !

હવે તે દેખાવમાં થોડું ઘણું દુઃખ આપશે ખરા પણ તે દુઃખ કદાચ હસતાં હસતાં સહી લેવાય તેવા હશે.

ટાઈમબૉમ્બ તેનો સમય થતાં જયારે ફૂટે ત્યારે આજુબાજુના અનેક વિસ્તારોને ખેદાનમેદાન કરી નાંખે; જોરદાર ધડાકો થાય; મોટી જાનહોનારત પણ થાય.

પરન્તુ, જો તેના ફૂટવાના સમય પહેલાં જ - જાણકારી મળી જવાના કારણે - તે ટાઈમબોમ્બની શક્તિને ખલાસ કરી દેવામાં આવે તો શું થાય ? સમય થતાં ટાઈમબોમ્બ ફૂટે ખરો. પણ તેનાથી નુકશાન કાંઈ ન થાય. સામાન્ય નાનો અવાજ થાય. આ ટાઈમબૉમ્બને ફૂટ્યો થોડો કહેવાય ? ફૂસ થઈ ગયો જ કહેવાય ને ?

બસ, આ રીતે જ સાધના દ્વારા શાન્તિકાળ દરમ્યાન, જે કર્માણુઓના બળને તોડી નાંખવામાં આવે છે, તે કર્માણુઓ રૂપી ટાઈમબૉમ્બ શાંતિકાળ પૂર્ણ થતાં, ફૂટવા છતાં નહિ ફૂટવા જેવા જ રહે છે. પોતાનો પૂરેપૂરો પરચો નહિ બતાડી શકવાના કારણે તેઓ ફૂટવાના બદલે ફૂસ થઈ જાય છે, તેમ કહીએ તો ય ખોટું નથી.

આપણા સુખઃદુખના અનુભવ દરમ્યાન ઘણા બધા કર્માણુઓ રૂપી ટાઈમબૉમ્બ ફૂટવાના બદલે ફૂસ થઈ જઈને ખતમ થઈ જતા હોય છે. કેમકે તેમનું બળ આપણે પૂર્વે જ તોડી નાંખ્યું હોય છે.

સુખને દેનારા કર્માણુઓનો ઉદય થાય, પરન્તુ સુખનો તો પડછાયો ય જોવા ન મળે ! સુખનું સપનું ય ન આવે ! કારણ ? જે કર્માણુઓનો ઉદય થયો, તેનું બળ આપણે તેના શાંતિકાળ દરમ્યાન અશુભ ભાવો પેદા કરી કરીને તોડી દીધું હતું. હવે બળ રહિત તે કર્માણુઓ ફૂટવાના બદલે ફૂસ જ થાય ને ? પછી શી રીતે પોતાનો પરચો બરોબર બતાડી શકે ?

તે જ રીતે ક્યારેક દુઃખ દેનારા કર્માણુઓનો ઉદય થાય છે ખરો, પરન્તુ આપણને લેશમાત્ર દુઃખનો અનુભવ નથી થતો ! કહેવાય દુઃખ દેનારા કર્માણુઓ પરન્તુ દુઃખનું તો નામનિશાન નહિ ! આમ થવાનું કારણ એ છે કે આ દુઃખ દેનારા કર્માણુઓનો જ્યારે શાન્તિકાળ ચાલતો હતો ત્યારે પુષ્કળ શુભ ભાવો લાવી લાવીને આપણે તેનું બળ તોડી નાંખ્યું હતું, તેથી સાવ દૂબળા બનેલા તે કર્માણુઓ તેનો શાન્તિકાળ પૂર્ણ થતાં ફૂટવાના બદલે ફૂસ થઈ ગયા !

આપણને સુખ-દુઃખના જે વિશિષ્ટ અનુભવો થાય છે, તેતો જેનાં બળ સંપૂર્ણ તૂટ્યાં નથી તેવા કર્માણુઓથી થાય છે કેમકે તે કર્માણુઓ એવા ટાઈમબૉમ્બ છે, કે જેમનો ટાઈમ (શાન્તિકાળ) પૂર્ણ થતાં તેઓ ફૂટે જ છે પણ ફૂસ થતા નથી.

આ વાતને વ્યવસ્થિત સમજવા વ્યાવહારિક પ્રસંગ વિચારીએ : ઉનાળામાં એક

વ્યક્તિએ લાલસાથી કેરીનો રસ ખૂબ પીધો. પીતાં તો રસ પિવાઈ ગયો પણ થોડોક સમય પસાર થતાં આફરો ચડ્યો. વાયુ પેદા થતાં અજીર્ણ થયું. તેનાથી ન સહન થઈ શકે તેવો દુખાવો શરૂ થયો. તે પુષ્કળ રડવા લાગ્યો. આનું નામ ટાઈમબૉમ્બ ફૂટ્યો !

પણ જો કેરીનો રસ પીધા બાદ, જ્યાં સુધી વાયુ પેદા થયો નથી ત્યાં સુધીના શાન્તિકાળમાં કોઇ બીજા માણસે અગમચેતી વાપરીને સૂંઠનો એક ફાકો લઈ લીધો હોય તો !

તો કેરીનો રસ વાયુ પેદા ન કરી શકત. કેરીના રસના લોચા તો પેટમાં રહે, પણ તેમાંથી જે અજીર્ણ થવાની શક્યતા હતી, તે અજીર્ણ ન થાય. બરોબર ને ! બસ ! ટાઈમબૉમ્બ ફૂસ થયો તે આનું નામ.

સૂંઠ ન લીધી તે વ્યક્તિના અને સૂંઠ લીધી તે વ્યક્તિના, બંનેના પેટમાં પુષ્કળ કેરીનો રસ પીધા બાદ રસના લોચા તો રહ્યા જ છે પરન્તુ જેણે સૂંઠ નથી લીધી તેના પેટમાં ગયેલા તે રસે વાયુનું અજીર્ણ કરીને ભયંકર પીડા પેદા કરી; કિન્તુ જેણે શાંતિકાળમાં સૂંઠ લઈને તે રસમાં વાયુ પેદા કરનારું બળ તોડી નાંખ્યું હતું તેના પેટમાં ગયેલો રસ તેને વાયુનું અજીર્ણ કરીને હેરાન કરી શક્યો નહિ. પણ એક વાત તો બંનેમાં સરખી જ છે કે રસના લોચા પછી મળમાં રૂપાન્તર પામ્યા અને છેવટે બહાર નીકળી પણ ગયા.

તે જ રીતે જે કર્મોના શાંતિકાળમાં ભારે પુરુષાર્થ કરીને, તેના બળને અત્યંતપણે તોડી દેવાય છે, તે કર્માણુઓ શાંતિકાળમાં પોતાનો પરચો બતાડી શકતા નથી. તેઓ ફૂસ થઈ ગયા હોય છે. પણ જેમણે ધર્મારાધના રૂપી સૂંઠ લેવા દ્વારા, કર્માણુઓના બળને શાંતિકાળમાં તોડ્યાં નથી, તેમણે તો શાંતિકાળ પસાર થયા બાદ ટાઈમબૉમ્બ ફૂટતાં દુઃખો ભોગવવાં પડશે.

આમ, કેટલાક કર્માણુઓ ફૂટવા દ્વારા આપણે વ્યવસ્થિત અનુભવવા પડે છે, જ્યારે કેટલાક કર્માણુઓ બળહીન બની જતાં ફૂસ થવા રૂપે પસાર કરી દેવાં પડે છે. પણ બધા જ કર્માણુઓમાં એક વાત તો સમાન છે કે તેમણે કાં ફૂટવા દ્વારા કાં ફૂસ થવા દ્વારા ભોગવવા તો પડે જ. માટે ગીતાજીમાં કહેવાયું છે કે ચોંટેલું કર્મ ભોગવ્યા વિના તો નાશ પામતું નથી જ. (''નાભુક્તં ક્ષીયતે કર્મ, કલ્પકોટિશતૈરપિ'')

અને આ રીતે કેટલાક કર્માણુઓ ફૂટવા દ્વારા, તો ઘણા કર્માણુઓ ફૂસ થવા દ્વારા અનુભવાતા હોવાથી જ આત્માનો ક્યારેક પણ મોક્ષ સંભવી શકે છે. જો બધાં કર્મો ફૂટવા દ્વારા જ અનુભવાતાં હોય અને કર્મોને કદી ફૂસ કરી શકાતાં ન હોય તો કોઈ પણ આત્માનો કદી પણ મોક્ષ જ ન થઈ શકે. કારણ કે એક આત્મા એક ભવમાં

ફૂટવા દ્વારા કેટલા કર્મોનો અનુભવ કરી શકે ? તેના કરતાં અનેકગણા વધારે કર્માણુઓ તે આત્માને તે ભવમાં નવા બંધાઈ જાય. તે નવા બંધાયેલા કર્માણુઓને ફૂટવા દ્વારા ખલાસ થવા અનેક ભવો લેવા પડે. પણ તે અનેક ભવોમાં બીજા અનેકાનેકગણા કર્માણુઓ નવા બંધાય. પરિણામે આત્માનો સર્વ કર્માણુઓથી કદી પણ છુટકારો જ ન થઈ શકે. તો મોક્ષ શી રીતે થાય ?

પણ કર્મો જેમ ફૂટવા રૂપે અનુભવાઈને ખલાસ થાય છે તેમ ફૂસ થવા રૂપે અનુભવાઈને પણ ખલાસ થાય છે !

તેથી એવા પણ ભવો આપણને મળે છે કે જેમાં ફૂટવા દ્વારા અનુભવાઈને ભલે ઓછા કર્માણુઓ ખલાસ થાય પણ તેના કરતાં અનેક ગણા કર્માણુઓ (બંધાયેલા + નવા બંધાતા) ફૂસ થવા રૂપે અનુભવાઈને ખલાસ થઈ જાય છે. પરિણામે બધા કર્માણુઓ દૂર થતાં, તે આત્માનો મોક્ષ થઈ શકે છે.

આ વાત જાણ્યા પછી આપણે પાપ કર્મોના શાંતિકાળમાં તેના બળને તોડવાનો પુષ્કળ પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી તેનો ઉદય ફૂટવા રૂપે નહિ, પણ ફૂસ થવા રૂપે થાય. અર્થાત્ વગર પીડા અનુભવે તે કર્માણુઓ આપણા આત્માથી છૂટા પડી જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય. આ શાંતિકાળ એ આપણા માટે પુરુષાર્થના પ્રચંડ જંગનો કાળ છે તે ન ભૂલવું.

કર્મ સંબંધિત અત્યાર સુધીની વાતો જો આપણને બરોબર સમજાઈ જશે તો જૈન દર્શનનું નિગૂઢ તત્ત્વજ્ઞાન આપણા હાથમાં આવી જશે. આપણામાં અને આપણી આજુબાજુમાં બનતી ઘટનાઓ પાછળ કામ કરતું કર્મનું ગણિત સમજાઈ જશે. અને જો કર્મના ગણિતને ઉકેલવાની સૂઝ આપણને પ્રાપ્ત થઈ તો જીવનમાં જબરું પરિવર્તન આવ્યા વિના નહિ રહે ! સદ્વિચાર, સદુચ્ચાર અને સદાચાર દ્વારા જીવન સંતપુરુષનું બન્યા વિના નહિ રહે. પછી તો મોક્ષ પણ નજીક આવી ગયો સમજવો.

મેતારજ મુનિ, ખંધકમુનિ, અર્ણિકાપુત્ર આચાર્ય, ઢંઢણમુનિ, સીતાસતી, કલાવતી, સુભદ્રાસતી વગેરેની વાતો સાંભળીએ તો ખબર પડે કે તેઓએ આ કર્મના તત્ત્વજ્ઞાનને કેટલું બધું આત્મસાત્ કર્યું હતું કે જેથી આવેલાં ભયંકર આક્રમણોમાં પણ તેઓ અતિશય સમતાને ધારણ કરી શક્યાં હતાં.

આપણે પણ કર્મવિજ્ઞાનને સમજીને જીવનમાં સમતાને આત્મસાત્ કરવાનો પ્રયત્ન આદરીએ.

# તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો તપોવનમાં મૂકો જ દર જૂન માસથી શરૂ થતું સત્ર


ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની - દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. ગંદુ કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિ પ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. **સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમનાં સંતાનો ગણાય. જો તેમનું જ જીવન ગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાંખવો ?**


પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી. વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયાં હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ - સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું - શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઉંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય મુખ્યપણે નજરમાં રખાય છે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ અને તપોવનનુ મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને. એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ કાર્યકર - ગણનું મંતવ્ય છે.


જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) **કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ.** બાળકો તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ **માબાપોએ બાળકોને સમગ્ર જીવનના હિતમાં તેને ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.**

**યાદ રાખો :** લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં એવું મોટું નુકશાન થઈ જશે જે જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે. ના... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કૉન્વેન્ટ સ્કૂલમાં આપણાં બાળકો જાય ? ધો. ૪ સુધી કૉન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે. હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.


મધલિપ્ત તલવાર જેવું
વેદનીય કર્મ


બેડી જેવું
આયુષ્ય કર્મ


ચિતારા જેવું
નામકર્મ


કુંભારના ઘડા જેવું
ગોત્ર કર્મ